# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.
અસ્તુ!


**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**સમાજકાર્યમાં સ્નાતક (Bachelor of Social Work - BSW)**

**BSWR-401 સમાજકાર્યમાં સંશોધન પદ્ધતિઓ (Research Methods in Social Work)**

**વિભાગ – 1 સામાજિક વિજ્ઞાન સંશોધનની મૂળભૂત બાબતો**

---

**નિદર્શન (Direction)**

**પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય** *નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

**સંપાદક (Editor)**

**ડૉ. સંજય પટેલ** BSW & MSW *કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**સહ-સંપાદક (Co-Editor)**

**શ્રી આશિષ વસાવા** *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. જયેશ પરમાર** *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. શિલ્પા રાજ્યગુરુ** *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**શ્રી કરણસિંહ પરમાર** *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**વિષય સમિતિ (Subject Committee)**

**પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. સંજય પટેલ** BSW & MSW *કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**પ્રો.(ડૉ.) મગનભાઈ પરમાર** *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, પારુલ યુનિવર્સિટી, વડોદરા*

**પ્રો.(ડૉ.) ભાવના મહેતા** *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા*

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**વિષય પરામર્શન (Subject Review)**

**પ્રો. (ડૉ.) જે. સી. પટેલ** *અધ્યક્ષ (નિવૃત્ત), સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*

**લેખન (Writing)**

**શ્રી આશિષ વસાવા** *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. સંજય પટેલ** *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**શ્રી કરણસિંહ પરમાર** *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

ભાષા પરામર્શન (**Language Review**)

**પ્રિ. ઘનશ્યામ ગઢવી** *નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા*

પ્રકાશક (**Publisher**)

**કુલસચિવ** *ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**પ્રકાશન વર્ષ :** 2024 (*પ્રથમ આવૃત્તિ*)

**ISBN NO:** 978-93-5598-549-1

978-93-5598-549-1

**: સર્વાધિકાર સુરક્ષિત :**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

BSWR-401 સમાજકાર્યમાં સંશોધન પદ્ધતિઓ

વિભાગ – 1 સામાજિક વિજ્ઞાન સંશોધનની મૂળભૂત બાબતો

વિભાગીય પરિચય

વિદ્યાર્થીમિત્રો, સમાજકાર્યના આ પાઠ્યક્રમમાં સામુદાયિક સંગઠન અને ક્રિયા અંગેની બાબતો જુદા-જુદા BSWR-401 પાઠ્યક્રમને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં પ્રથમ વિભાગ (સામાજિક વિજ્ઞાન સંશોધનની મૂળભૂત બાબતો )માં એકમ – 1 થી 9 નો સમાવેશ કરવામાં આવ્યો છે.એકમ એકમાં વિજ્ઞાનનો અર્થ અને લક્ષણો અંગે ચર્ચ કરવામાં આવી છે જેમાં વિજ્ઞાન એ જ્ઞાન પ્રાપ્ત કરવાની એક પદ્ધતિ છે, જે અનુભવ, પરિખડ અને તાર્કિક વિચારો દ્વારા સત્યને શોધવા માટેનું મિશન ધરાવે છે. વિજ્ઞાન અર્થ છે "વિજ્ઞાન" અથવા "જ્ઞાન" ને કારણે અથવા "વિજ્ઞાનિક" વિચારના આધારે સમાજમાં ઉપયોગી જ્ઞાન મેળવવું. વિજ્ઞાન પ્રકૃતિના ગૂઢતા અને નિયમોને સમજવા માટે એક પદ્ધતિ છે, જે આલોકિક રીતે અને સંશોધનની પદ્ધતિઓ દ્વારા પ્રગટાવવામાં આવે છે. અને આ અંગે રજૂઆત બાદ તેની ખાસિયતો પણ રજુ થઈ છે.એકમ બેમાં સામાજિક સંશોધનનો અર્થ, હેતુઓ અને મહત્વ સામાજિક સંશોધન એ માનવીય સમાજ અને તેના વિવિધ પાસાઓનો અભ્યાસ કરવાનો પદ્ધતિશીલ પ્રયાસ છે. આ સંશોધનમાં સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, રાજકીય અને પરિસ્થિતિઓ સાથે સંકળાયેલા વિવિધ પરિપ્રેક્ષ્યોની તપાસ કરવામાં આવે છે. સામાજિક સંશોધન દ્વારા સમાજમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓ, પ્રવૃત્તિઓ, ખામીઓ અને મૌલિક સમસ્યાઓની સમજણ પ્રાપ્ત કરવામાં આવે છે.જયારે પ્રકરણ ત્રણમાં ખ્યાલનો અર્થ, કાર્યો, લક્ષણો અને મહત્વ જેમાં સમાજકાર્યમાં ખ્યાલો તેની પરિભાષાઓ,તેની ખાસિયતો અને ખ્યાલ નું વિજ્ઞાનમાં મહત્વ રજુ કરવામાં આવ્યું છે.પ્રકરણ ચારમાં ઉપકલ્પનાનો અર્થ અને લક્ષણો ઉપકલ્પનાનો અર્થ એ છે, જ્યારે મૌખિક, લખાણ અથવા દ્રષ્ટિ સાથે કેટલીક એવી વાતો, બાબતો અથવા પરિસ્થિતિઓને ઘડવામાં આવે છે જે આજના યથાર્થમાં અસ્તિત્વમાં નથી, પરંતુ તે કલ્પના, વિચાર અને છબી દ્વારા ઘડવામાં આવે છે. ખ્યાલ અને વિચારધારા માંથી જે કલ્પનાઓ ઊભી થાય છે તે "ઉપકલ્પનાઓ" ગણાતી છે. આ એ પરિસ્થિતિઓ, વ્યક્તિઓ અથવા ચીજો હોઈ શકે છે જે નકલી છે, પરંતુ માનવીને આલંકારિક રીતે, કલાત્મક રીતે કે સાહિત્યિક રીતે સત્ય લાગતી હોય છે.આ બાબતો પ્રકરણમાં રજુ કરવામાં આવી છે.પ્રકરણ પાંચમાં ઉપકલ્પનાના સ્રોતો, ઉપયોગીતા અને મર્યાદાઓ અને સ્પષ્ટતા કરવામાં આવી છે તેમજ સંશોધક માટે ઉપકલ્પનાઓ અંગેનું મહત્વ અને તેની મર્યાદાઓ અંગે સ્પષ્ટતા છે.પ્રકરણ છમાં માહિતીનો અર્થ અને માહિતીના સ્રોતો અંગે સમ્પૂર્ણ માહિતી આપવામાં આવી છે તેમજ આગળ પ્રકરણ સાતમાં વાત કરી એતો માહિતીના સ્રોતોનું સંશોધનમાં મહત્વ જેમાં વાત કરીએતો સામાજિક અને વૈજ્ઞાનિક સંશોધનમાં માહિતી એ આધારભૂત તત્વ છે. સંશોધકોએ સચોટ અને વિશ્વસનીય માહિતી મેળવવા માટે વિવિધ સ્રોતો પર આધાર રાખવું પડે છે. માહિતીના સ્રોતો એ તે માધ્યમો અથવા સ્ત્રોતો છે, જેમાથી સંશોધક માહિતી મેળવે છે, જે સંશોધનના નિર્ણયો, વિશ્લેષણ અને પરિણામોને સુસ્તી આપતી હોય છે. આ સ્રોતોને યોગ્ય રીતે ઓળખવું અને પસંદ કરવું એ સંશોધનની સફળતા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. પ્રકરણ આઠમાં સંશોધનમાં ગ્રંથાલયનો ઉપયોગ જેમાં સમગ્ર સંશોધન દરમિયાન પુસ્તકાલય અને તેનો માહિતી મેળવવા માટેના ઉપયોગની સંપૂર્ણ બાબતો આપવામાં આવી છે.પ્રકરણ નવમાં ગ્રંથાલયમાં સામગ્રીની ગોઠવણી અને મુલાકાત જેમાં એકત્ર કરેલ માહિતી અને તેની ગોઠવણ કે પૃથાક્કણ કરવામાં કાઈ પદ્ધતિ અને મુલાકાત ની માહિતી એકત્રિ કરણ અંગેની બાબતો નો સમાવેશ સમાજકાર્યની દ્રષ્ટિએ કરવામાં આવે છે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**BSWR-SEM-4**
**BSWR – 401 : સમાજકાર્યમાં સંશોધન પદ્ધતિઓ**

## વિભાગ – 1 : સામાજિક વિજ્ઞાન સંશોધનની મૂળભૂત બાબતો


| | | | |
|---|---|---|---|
| 1. | **એકમ - 1** | *સામાજિક સંશોધન અને સમાજકાર્ય સંશોધન* | **1** |
| 2. | **એકમ - 2** | *વિજ્ઞાનનો અર્થ અને લક્ષણો, સામાજિક વિજ્ઞાન સંશોધનમાં પગલાં (સોપાનો)* | **12** |
| 3. | **એકમ -3** | *ખ્યાલ (વિભાવના)નો અર્થ, કાર્યો, લક્ષણો અને મહત્વ* | **27** |
| 4. | **એકમ - 4** | *ઉપકલ્પના (અર્થ, લક્ષણો, ઉપકલ્પનાના સ્રોતો, ઉપયોગીતા અને મર્યાદાઓ)* | **40** |
| 5. | **એકમ - 5** | *માહિતીનો અર્થ અને માહિતીના સ્રોતો; માહિતીના સ્રોતોનું સંશોધનમાં મહત્વ* | **49** |
| 6. | **એકમ - 6** | *સંશોધનમાં ગ્રંથાલય* | **59** |
| 7. | **એકમ - 7** | *ગુણાત્મક અને માત્રાત્મક સંશોધનઃ ગુણાત્મક સંશોધનની રચનાઃ પગલાં* | **68** |

| એકમ - 1 | સામાજિક સંશોધન અને સમાજકાર્ય સંશોધન |
|---|---|

-: રૂપરેખા :-

**1.0 હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 સામાજિક સંશોધન અર્થ લક્ષણો**

**1.3 સમાજકાર્ય સંશોધનનો અર્થ લક્ષણો**

**1.4 તમારી પ્રગતિ ચકાસો**

**1.5 સારાંશ**

**1.6 ચાવીરૂપ શબ્દો**

**1.7 તમારી પ્રગતિ તપાસોના જવાબ**

**1.8 સ્વાધ્યાય**

**1.9 સંદર્ભસૂચિ**

## 1.0 હેતુઓ

*વિદ્યાર્થી મિત્રો આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે…*

- *સામાજિક સંશોધન વિશે જાણી શકશો.*
- *સમાજકાર્ય સંશોધનનો અર્થ લક્ષણો સમજી શકશો.*

## 1.1 પ્રસ્તાવના

*સમાજકાર્ય એક વ્યાવસાયિક સેવા આપનાર વ્યવસાય છે. સમાજકાર્ય એ એક એવો વ્યવસાય છે. જેના દ્વારા સમાજને વધુમાં વધુ મદદ કરવાનો અને વિકાસ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. સમાજકાર્ય એક વ્યવસાય હોવાના કારણે વ્યવસાયને વિકસાવવા માટે નવા-નવા સંશોધનો કરવાની જરૂરિયાત ઊભી થાય છે. નવી-નવી હકીકતો કે તથ્યોની શોષ કરવામાં આવે છે. જૂની હકીકતો કે તથ્યોની ચકાસણી કરી નવી હકીકતો કે તથ્યોને સ્થાપિત કરવામાં આવે છે. સમાજકાર્યકરો સમાજના અનેક ક્ષેત્રમાં લોકોને સીધી કે આડકતરી રીતે મદદ આપવાનો અને વિકાસની પ્રક્રિયાને આગળ વધારવાનો પ્રયાસ કરે છે. સમાજકાર્યકર પોતાના ક્ષેત્રમાં લોકોને મદદ કરવા માટે જુદી-જુદી પદ્ધતિઓ કે પ્રયુક્તિઓનો પોતાની સમજ અનુસાર ઉપયોગ કરે છે. ક્યારેક સમાજની એવી જટિલ સમસ્યાનો પણ સામનો તેને કરવો પડતો હોય છે. આ જટિલ પ્રકારની સમસ્યાના ઉકેલ માટે સમાજકાર્યના ચિત્રોમાં સંશોધનો કરવામાં આવે છે.*

*પોતાના વ્યવસાયની નબળાઈઓ દૂર કરવા અને થયેલી ભૂલનું પુનરાવર્તન ન થાય તે માટે નવા જ્ઞાનનું સર્જન કરવું પડે છે. સમાજકાર્ય સંશોધન એ વૈજ્ઞાનિક પદ્ધતિની મદદથી નવા જ્ઞાનની શોધ કરવાની એક પદ્ધતિ છે. આ સંશોધનમાં એવો પ્રયાસ કરવામાં આવે છે કે વ્યક્તિ, જૂથ કે સમુદાયની સમસ્યા ઉકેલવા માટે જે પદ્ધતિઓ, પ્રયુક્તિઓ કે કુશળતાઓનો ઉપયોગ કરવામાં આવે*

*છે તે કેટલી અને ક્યાં સુધી ઉપયોગી નીવડે છે. તેની અસરકારકતા શોષવામાં આવે છે. દા.ત. વ્યક્તિ, જૂથ કે સમુદાય સાથે સંદેશાવહન કરવાનું હોય ત્યારે મોટાભાગે લોકો સાથે વાતચીત કે જૂથચર્ચા કે વ્યાખ્યાનનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિ જ્યારે, અસરકારક ન નીવડતી હોય ત્યારે વ્યક્તિ, જૂથ કે સમુદાય સાથે સંદેશાવહન કરવા શું કરવાથી લોકોનો કે જૂથનો રસ જળવાઈ રહે છે તે લોકો સાથે પરામર્શન કરી શોધી કાઢવામાં આવે છે. અને સંદેશાવહનની નવી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે, એટલે કે લોકોની સહભાગિતા તેમની સાથે પરામર્શન કરી અસરકારક સંદેશવહનની પદ્ધતિ શોધી કાઢવામાં આવી આ પ્રકારની પ્રક્રિયા સમાજકાર્ય સંશોધન દ્વારા સમસ્યાના ઉકેલ માટે કરવામાં આવે છે.*

## 1.2 સામાજિક સંશોધન અર્થ

*સામાજિક સંશોધન એ એક વિધિ છે. જેનાથી જુદી-જુદી સામાજિક ઘટનાઓ અથવા સમસ્યાઓના કારણો, આંતરસંબંધો અને તેમાં પ્રક્રિયાઓનો અભ્યાસ, નિદાન, વિશ્લેષણ કરવામાં આવે છે. સામાજિક સંશોધનમાં નવીન તથ્યોની જ ચકાસણી નથી કરવામાં આવતી; પરંતુ, જૂના તથ્યો અને સિદ્ધાંતોને પણ ચકાસવામાં આવે છે. સામાજિક સંશોધનના મહત્ત્વને, સંશોધનની યથાર્થતા અને તેની વ્યવહારું ઉપયોગિતા વડે માપી શકાય છે.*

- *નવું જ્ઞાન મેળવવાનો પદ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન.* **-રેડમન અને મોરી**
- *વસ્તુલક્ષી અને ચકાસણીજન્ય પદ્ધતિઓ દ્વારા હકીકતો શોધવા માટેની, હકીકતો વચ્ચેનો સંબંધ શોધવા માટેની અને તેનાં આધારે નિયમો કે સિદ્ધાંતો તારવવા માટેની વ્યવસ્થિત તપાસને સંશોધન કહેવાય.* **- પ્રો. ગોપાલ**
- *સંશોધનમાં સમસ્યાને વ્યાખ્યાયિત કરવાની, સમસ્યા ઉકેલ માટે ઉપકલ્પનાનું ઘડતર કરવાની, ઉપકલ્પનાની ચકાસણી કરવા માટે માહિતી એકત્ર કરવાની, એ માહિતીને પદ્ધતિસર રીતે ગોઠવવાની અને તેની સમીક્ષા કરવાની, એકત્ર કરેલી માહિતી પરથી તારણો તારવવાની તથા એ તારણો શરૂઆતમાં ઘડેલી ઉપકલ્પના સાથે બંધબેસતા છે કે કેમ તેની ચકાસણી કરવાની વૈજ્ઞાનિક પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.* **-પ્રો.ક્લીફોર્ડ મૂડી**
- *સામાજિક સંશોધન એક વૈજ્ઞાનિક સાહસ છે. જે તાર્કિક અને પદ્ધતિસરની પ્રવિધિઓની મદદ વડે નવી હકીકતો શોધવાનું કે જૂની હકીકતોની ચકાસણી અને પરીક્ષણ કરવાનું, આ હકીક્તોની ક્રમબદ્ધતા તેમની વચ્ચેના પારસ્પરિક સંબંધો અને કાર્યકારણની સમજૂતી આપવાનું તેમજ માનવવર્તનનો વિશ્વસનીય અને યથાર્થ અભ્યાસ કરવાનું સુગમ બનાવતા નવા વૈજ્ઞાનિક ઉપકરણો, ખ્યાલો અને સિદ્ધાંત વિકસાવવાના ધ્યેયો ધરાવે છે.* **- પોલિન થંગ**
- *સામાજિક સંશોધનમાં નવા તથ્યોની શોધની સાથે સાથે જૂના તથ્યો અને સિદ્ધાંતોની સત્યતાની પણ ચકાસણી કરવામાં આવે છે. સામાજિક સંશોધન માનવીય ક્રિયાઓ અથવા સામાજિક સમસ્યાઓનું પ્રત્યક્ષ રીતે અવલોકન કરે છે અને વૈજ્ઞાનિક પદ્ધતિના આધારે તેના કાર્યકારી સંબંધો સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે.* **- યંગ અને મેજર**

*દુનિયામાં અનેક પ્રાણી છે પરંતુ માનવ જ એક એવું પ્રાણી છે સામાજિક છે, તે જિજ્ઞાસુ છે. સતત શોધ કરે છે, કઈ પરિસ્થિતિમાં કયા કારણોથી કયા પરિણામ નીકળે છે. વિભિન્ન કારણે કઈ સમસ્યાઓને વિકસિત કરે છે અને સમસ્યાઓનું નિવારણ કેવી રીતે લાવી શકાય તેના પ્રયાસ કરે છે. સમાજમાં લગ્નની કઈ કઈ પદ્ધતિઓ છે ? સમાજમાં કયાં કયાં રીત- રિવાજ, રૂઢિ પરંપરા છે ? સમૂહોનું નિર્માણ કેવી રીતે થાય છે ? વગેરે પ્રશ્નોના જવાબ આ પ્રકારના પ્રશ્નોના જવાબ જાણવાનો પ્રયાસ કરે છે. તેને સંશોધક કહેવામાં આવે છે. પ્રાકૃતિક વિજ્ઞાનોની શોખ કરનારને પ્રાકૃતિક સંશોધક કહે છે જ્યારે સમાજના સંબંધમાં શોધ કરનારને સામાજિક સંશોધક કહે છે. સામાજિક સંશોધકનો મુખ્ય હેતુ સામાજિક વ્યવસ્થાના નિયમોનો શોધ કરવાનો છે. જેના દ્વારા આ વ્યવસ્થા નિયંત્રિત અને સંચાલિત થાય છે. આ રીતે સામાજિક ક્ષેત્રમાં પ્રશ્નોના જવાબ શોધવાનું કામ અવિરત ચાલુ રહે છે. તો આ જ સંશોધનનું રૂપ ધારણ કરી લે છે.*

*સામાજિક સંશોધનો હકીકતોને લગતું વૈજ્ઞાનિક જ્ઞાન પૂરું પાડે છે તે માનવ સંબંધો અને વર્તન અંગેની વિશ્વસનીય અને યથાર્થ માહિતી પુરી પાડવા ઉપરાંત તેની વૈજ્ઞાનિક સમજૂતી આપે છે અથવા પુરી પાડવા ઉપરાંત તેની વૈજ્ઞાનિક સમજૂતી આપે છે અથવા સામાજિક જીવનની વૈજ્ઞાનિક તપાસ કરવાનું અને તેની વૈજ્ઞાનિક સમજૂતી આપવાનું ધ્યેય ધરાવે છે. આવું જ્ઞાન સામાજિક જીવનના સિદ્ધાંતો રચવામાં તેમજ વ્યાવહારિક જીવનની સમસ્યાના નિવારણમાં બની શકે છે. જુદા જુદા સામાજિક સંશોધનો હેતુની દષ્ટિથી એકબીજાથી જુદા પડતા તોય છે. કેટલાક સંશોધનો સામાજિક જીવન અંગેનું જ્ઞાન પ્રાપ્ત કરવા સાથે સંકળાયેલા હોય છે. કેટલાક સંશોધનો સૈદ્ધાંતિક હેતુથી થતા હોય છે. કેટલાક સંશોધનો વ્યાવહારિક હેતુથી સંશોધનો થતા હોય છે. સંશોધનો સામાજિક નીતિ અને સામાજિક આયોજન ઘડવામાં તેમજ સામાજિક સમસ્યાઓ નિવારવામાં અને સામાજિક પુનઃ નિર્માણ કરવાના કાર્યમાં ઉપયોગી બની શકે છે.*

## 1.3 સમાજકાર્ય સંશોધનનો અર્થ લક્ષણો :

*સમાજકાર્ય એક વ્યાવસાયિક સેવા આપનાર વ્યવસાય છે. સમાજકાર્ય એ એક એવો વ્યવસાય છે જેના દ્વારા સમાજને વધુમાં વધુ મદદ કરવાનો અને વિકાસ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. સમાજકાર્ય એક વ્યવસાય હોવાના કારણે વ્યવસાયને વિકસાવવા માટે નવા નવા સંશોધનો કરવાની જરૂરિયાત ઊભી થાય છે, નવી નવી હકીકતો કે તથ્યોની શોપ કરવામાં આવે છે. જૂની હકીકતો કે તથ્યોની ચકાસણી કરી નવી હકીકતો કે તથ્યોને સ્થાપિત કરવામાં આવે છે. પ્રયત્ન*

*સમાજકાર્ય સંશોધન પદ્ધતિએ સમાજકાર્યની ગૌણપદ્ધતિ છે. જેની મદદથી સામાજિક કાર્યકર્તા વ્યક્તિ, જૂથ કે સમુદાયની મુશ્કેલીઓને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. જેનાથી વ્યક્તિ, જૂથ અને સમુદાય, ટૂંકમાં સેવાર્થી પોતે પોતાની મુશ્કેલી દૂર કરી શકે અને સ્વામાનથી જિંદગી જીવી શકે. આ રીતે, સમાજકાર્ય સંશોધન ક્રમબદ્ધ અને તાર્કિક રીતે નવા તથ્યો કે હકીકતોની શોષ કરે છે, જૂના તથ્યો કે હકીકતોની તેના સત્યાપનની ચકાસણી કરે છે, જેનો હેતુ શાનને વિકસાવવાનો હોય છે. મનુષ્ય સ્વભાવથી જ જિજ્ઞાસાવૃત્તિ ધરાવે છે. સમાજમાં ઊભી થતી ઘટનાઓના સંબંધમાં જુદાં-જુદાં પ્રશ્નો ઊભા કરે છે. અને પોતે જ તેનો ઉકેલ શોધવાનો પ્રયાસ છે. જ્યારે, સંશોધન સમાજકાર્યમાં ક્ષેત્રમાં કરવામાં આવે છે ત્યારે તેને સમાજકાર્ય સંશોધન તરીકે ઓળખવામાં આવે છે. આ સંશોધનમાં સમસ્યાથી અસરગ્રસ્ત સેવાર્થીની સમસ્યાનો અભ્યાસ કરી તેને ઉકેલવાનો પ્રયાસ*

*કરવામાં આવે છે. દા.ત. સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં જે ખેડૂતોની જમીન સંપાદિત કરવામાં આવી છે તેમને જમીન સંપાદનના નિયમો પ્રમાણે વળતર આપવામાં આવેલ છે કે કેમ ? તેનો અભ્યાસ કરવામાં આવે છે અને જો ખેડૂતોને યોગ્ય વળતર મળ્યું નથી તે અભ્યાસનાં અંતે સાબિત થાય તો તેમને નિયમો મુજબ વળતર આપવા માટેનો પ્રયાસ વકીલાત કરી સમાજકાર્યકર દ્વારા કરવામાં આવે છે. સમાજકાર્ય સંશોધનની વધુ સ્પષ્ટતા નીચેની વ્યાખ્યાઓ પરથી વિશેષ રીતે મળી શકશે.*

- *સમાજકાર્યમાં કાર્યો અને તેની પદ્ધતિઓની પ્રમાણિકતા, તેની જરૂરિયાતની ચકાસણી કરવી એટલે સમાજકાર્ય સંશોધન. -ફ્લેચર*
- *સમાજકાર્યનું જ્ઞાન, કુશળતાઓ, પદ્ધતિઓ, વિભાવનાઓ, સિદ્ધાંતોની તપારા, સામાન્યીકરણ અને તેનો વિસ્તાર કરવા માટે સમાજકાર્યની પદ્ધતિઓની વૈહિકતાની, ટીકાત્મક તપાસ અને વૈજ્ઞાનિક પરીક્ષણ એટલે સમાજકાર્ય સંશોધન.* - **ફ્રિડલેન્ડર**
- *સમાજકાર્ય સંશોધન એ વ્યવસ્થિત પદ્ધતિસરની હેતુપૂર્ણ તપાસ છે. જેમાં વ્યક્તિ, જૂથ કે સમુદાયની સમસ્યાઓને ઉકેલવામાં અને તેની પ્રત્યય કે વ્યવહાર કરવામાં નવા જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે. જીનેલ*
- *"સમાજકાર્ય સંશોધનમાં પ્રશ્નો, સમસ્યાઓ કે તથ્યોની તપાસ કરવામાં આવે છે કે, જે સમાજકાર્યની પ્રક્રિયા દરમ્યાન ઊભી થાય છે. જે સંશોધનનાં માધ્યમથી ઉકેલવા યોગ્ય હોય છે."* - **નેશનલ એસોશિએશન ઓફ સોશ્યલ વર્ક**
- *"સમાજકાર્ય સંશોધન એવી સમસ્યાઓ હાથ પરાવામાં આવે છે કે, જે સમાજકાર્યની પ્રક્રિયા દરમ્યાન ઊભી થાય છે. જેને સંશોધનોના માધ્યમથી ઉકેલવામાં આવે છે તેમજ સમાજકાર્યના મૂળતત્ત્વો સાથે તેનું વિશ્લેષણ, અન્વેષણ અને પૃથ્થકરણ કરવામાં આવે છે."* -**મેકડોનાલ્ડ**
- *"સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્ય વ્યવસાય દ્વારા કરવામાં આવતી કામગીરી દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતી સહાયક પદ્ધતિ છે, જે સમાજકાર્યની અન્ય પદ્ધતિઓની અસરકારકતા વધારવા માટે, સમાજકાર્ય સંબંધી માન્યતાઓ, ધારણા સંબંધિત માહિતીને ઉપકલ્પનાના રૂપમાં અને ત્યારબાદ પરીક્ષણ કરેલ જ્ઞાનના રૂપમાં સતત પરિવર્તીત કરવાનો પ્રયાસ કરે છે અને પરિવર્તન કરે છે."* -**ડૉ. સુરેન્દ્રસિંહ**
- *"સમાજકાર્ય સંશોધન વ્યાવહારિક સમસ્યાઓથી શરૂ થાય છે જેનો હેતુ એવા જ્ઞાનનો વિકાસ કરવાનો જેનાથી સામાજિક કાર્યકર્તા આયોજન અને અમલીકરણમાં ઉપયોગ કરી શકાય."* - **રિમલ**

- **સમાજકાર્ય સંશોધનની લાક્ષણિકતાઓ :**

*સમાજકાર્યનો મૂળ ઉદ્દેશ સમસ્યાગ્રસ્ત સેવાર્થીને સમસ્યામાંથી બહાર લાવવાનો છે. સમાજકાર્યકર સમાજકાર્યની પદ્ધતિઓની મદદથી સેવાર્થીને એવી રીતે મદદ કરે છે કે, સમસ્યાગ્રસ્ત વ્યક્તિ પોતાની સમસ્યા સમજે અને તેને જાતે દુર કરવાનો પ્રયત્ન કરે. તેમજ ભવિષ્યમાં આવી સમસ્યાને તે ભોગવે અને અને જો સંજોગોવસાત્ સેવાથી સમસ્યાગ્રસ્ત બને તો તે હિંમતભેર તેનો સામનો કરી શકે અને સમસ્યા દૂર કરી સમાજમાં સ્વમાન અને ગૌરવભેર જીવન જીવી શકે, તે રીતે તેને તૈયાર કરવા માટે સામાજિક કાર્યકર્તા, સમાજકાર્યની જુદી-જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. આ પદ્ધતિઓની વધારે અસરકારકતા વધારવા માટે સમાજકાર્યકર સંશોધનને મદદરૂપ થાય છે,*

*એટલે વિદ્યાર્થીઓએ સમાજકાર્ય સંશોધનની ઓળખ મેળવવી જોઈએ. નીચેની બાબતો પરથી વિદ્યાર્થીઓ સમાજકાર્ય સંશોધનની ઓળખ મેળવી શકશે. સમાજકાર્ય સંશોધનની પ્રક્રિયા આ મુજબ છે,*

**(1) સમાજકાર્યની પદ્ધતિઓની અસરકારકતા વધારવા માટે તેને સબંધિત જ્ઞાનનું સતત પરીક્ષણ કરવું. :**

*સમાજકાર્યનો મુખ્ય હેતુ સેવાર્થીની સમસ્યા દૂર કરી સમાજમાં તે સ્વમાન અને ગૌરવાભેર જિંદગી જીવતો થાય તેમ કરવાનો છે. સેવાર્થીને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે સમાજકાર્યકર જુદી-જુદી સમાજકાર્યની પદ્ધતિનો ઉપયોગ કરે છે. જેમ કે, વ્યક્તિની સમસ્યા દૂર કરવા માટે વૈયક્તિક સેવાકાર્ય પદ્ધતિ, જૂથની સમસ્યા દૂર કરવી માટે જૂથકાર્ય પદ્ધતિ અને સમુદાયની સમસ્યા દૂર કરવા માટે સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત, સહાયક પદ્ધતિ તરીકે સામાજિક ક્રિયા, સમાજકાર્ય સંશોધન અને સમાજકલ્યાણ વહીવટ પદ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવે છે. સેવાથી કોઈપણ હોઈ શકે છે. વ્યક્તિ, જૂથ કે સમુદાય. સેવાર્થીને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે ક્યારેક બધી જ પદ્ધતિઓનો પણ સાથે ઉપયોગ કરવાની જરૂરિયાત ઊભી થાય છે. આથી સમાજકાર્યની પદ્ધતિની અસરકારક્તા વધારવા અને તેમાં શાનના ઉમેરા માટે સમાજકાર્ય સંસોધન પદ્ધતિ ખૂબ જ ઉપયોગી નીવડે છે. એટલે સમાજકાર્ય સંશોધનમાં નવી-નવી પટનાઓ કે પ્રસંગોના કારવો ઊભી થતી સમસ્યાઓને દૂર કરવા માટે નવી હકીકતો શોધે છે, જૂની હકીકતોના પરીવણ દ્વારા પ્રાપ્ત થયેલ નવું જ્ઞાન સમાજકાર્યની પદ્ધતિઓને પ્રાપ્ત થાય છે. આથી સમાજકાર્ય સંશોધન અન્ય સમાજકાર્યની પદ્ધતિઓની અસરકારકતા વધારવા મદદ કરે છે, એ તેની ઓળબ છે.*

**(2) સમાજકાર્ય સંશોધન પદ્ધતિ વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરી માહિતી એકત્રિત કરે છે અને સેવાર્થી મદદ કરે છે. :**

*સમાજકાર્ય વ્યવસાયમાં કાર્યકર અને સેવાર્થી વચ્ચે સીધી આંતરક્રિયા થાય છે. સીધી આંતરક્રિયા થવાના કારણે કાર્યકર્તા તેની જ્ઞાનેન્દ્રિયોનો ઉપયોગ કરી સાચી માહિતી મેળવવાનો પ્રયાસ કરે છે. સાથે સાથે તેના નિવારણની પ્રક્રિયા પણ સતત ચાલતી હોય છે. દા.ત, માનસિક તણાવ અનુભવતી વ્યક્તિને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે કાર્યકર્તા વૈયક્તિક અધ્યયન પદ્ધતિની મદદ લે છે. સેવાર્થી સાથે આંતરક્રિયા દરમ્યાન કાર્યકર્તાને જણાય છે કે, સેવાર્થીને માનસિક તણાવમાંથી બહાર લાવવા માટે તેના પરિવાર અને આસપાસના વાતાવરણમાં બદલાવ લાવવાની જરૂરિયાત છે, આથી કાર્યકર્તા જૂથકાર્ય પદ્ધતિની મદદથી તેના પરિવારના સભ્યો સાથે કામ કરે છે અને સેવાર્થીની આસપાસના વાતાવરણમાં બદલાવ લાવવાનો પ્રયાસ કરે છે. જરૂર જણાય ત્યાં કાર્યકર્તા સેવાર્થી અને તેના પરિવારને પરામર્શનની સેવાઓ પણ પૂરી પાડે છે. એટલે કે કાર્યકર્તા સેવાર્થીના સંદર્ભમાં જે માહિતી એકત્રિત કરે છે તેમાં તે વૈજ્ઞાનિક દષ્ટિકોણનો ઉપયોગ કરે છે. જેમ કે, કેટલીક અંગત બાબતો સેવાર્થી કાર્યકર્તાને કહેવા ન માંગતો હોય પણ કાર્યકર માટે તે બાબતો જાણવી ઘણી જરૂરી હોય ત્યારે કાર્યકર્તા સેવાર્થી સાથે વિશ્વાસ સંપાદન કરે. સેવાર્થી કાર્યકરને જે કંઈ માહિતી આપશે તે માહિતીની ગોપનીયતા રાખશે તેવું આશ્વાસન આપે છે. ત્યારે સેવાર્થી તેની અંગત માહિતી કાર્યકર્તાને આપવા સહમત થાય છે. એટલે કે અહીં કાર્યકતા વૈજ્ઞાનિક પદ્ધતિથી માહિતી એકત્રિત કરે છે અને સેવાર્થીને મદદ કરે છે.*

**(3) સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્યના જ્ઞાન, પદ્ધતિઓ અને સિદ્ધાંતોની વૈશ્વિકતા અને પ્રમાણિક્તાની તપાસ કરે છે અને પ્રમાણિત કરે છે. :**

*આ સમાજકાર્ય સંશોધનની મહત્ત્વની ઓળખ છે. આપણે જોયું તેમ માનસિક તણાવગ્રસ્ત સેવાર્થીને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે કાર્યકરે વૈયક્તિક સેવાકાર્ય અને જૂથ સેવાકાર્ય પદ્ધતિની મદદ લીધી. સાથે-સાથે ખૂબ જ મહત્ત્વની ભાભત એ કે સેવાર્થી ખરેખર શા કારણે માનસિક તણાવ અનુભવે છે. તેની સાચી માહિતીના હોવાના કારલે કાર્યકર યોગ્ય નિદાન કરી શક્તો નથી. ત્યારે કાર્યકરે ગોપનીયતાના સિદ્ધાંતનો ઉપયોગ કરી સેવાર્થી પાસેથી માહિતી મેળવી. સેવાર્થી દ્વારા પોતાની અંગત માહિતી, જે કાર્યકરને આપી છે તે માહિતીનો કાર્યકર દુરુપયોગ નથી કરતો ભવિષ્યમાં તેની પોતાના વ્યક્તિગત પ્રતિષ્ઠા માટે ઉપયોગ કરે તેવું જણાતું નથી ને કે તેની ચકાસણી સમાજકાર્ય સંશોધન દ્વારા કરી શકે છે. આવું ન બને તે માટે સમાજકાર્ય વ્યવસાયમાં કાર્યકર્તા-સેવાર્થી સાથેના વ્યવહારની આચારસંહિતા ઘડી કાઢવામાં આવી છે. જેનાથી કાર્યકર્તાને પણ કામ કરવા અંગે દિશા-નિર્દેશ મળી રહે છે. ક્યારેક સેવાર્થીની માનસિક તણાવની સમસ્યા બાહ્ય કારણોના લીધે પણ હોઈ શકે છે. જેમ કે, ખેડૂત પોતે પોતાની જમીન આપવા માંગતો નથી તેમ છતાં, જબરદસ્તીથી તેની જમીન સંપાદિત કરવામાં આવે છે. તેવા સમયે કાર્યકર માત્ર વૈયક્તિક સેવાકાર્ય કે જૂથ સેવાકાર્ય પદ્ધતિથી કામ કરે તો સમસ્યા ઉકેલવામાં સહાયતા મળી શકતી નથી. આથી સમાજકાર્ય સંગોપન કાર્યકરને એ દિશા-નિર્દેશ પુરો પાડે છે કે, સેવાર્થીની સમસ્યા બાહ્ય પરિબળોના કારણે હોવાના કારણે તેને દુર કરવા માટે સામાજિક ક્રિયા પદ્ધતિની મદદની જરૂરિયાત છે. ટૂંકમાં કહી શકાય કે, સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્યમાં જ્ઞાન, પદ્ધતિઓ અને સિદ્ધાંતોની વિશ્વસનીયતા અને પ્રામાણિકતાની ચકાસણી કરે છે. અને પ્રામાણિત કરે છે,*

**(4) સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્યની સેવાઓનું આયોજન, પ્રક્રિયા અને વહીવટ દરમ્યાન ઉદ્દભવતા પ્રશ્નો કે સમસ્યાની તપાસ કરે છે અને વિશ્લેષણ કરી સમસ્યા ઉકેલવાનો પ્રયાસ કરે છે. :**

*સમાજકાર્યમાં સેવાર્થી અને કાર્યકર્તા સાથે સીધી આંતરક્રિયા થતી હોય છે. વિકાસ અને કલ્યાણના કામો મોટાભાગે સમાજકાર્યકરો દ્વારા આયોજિત અને ક્રિયાન્વિત કરવામાં આવતા હોય છે. વિકાસ કે કલ્યાણની કોઈ યોજનાને ક્રિયાન્વિત કરવામાં કાર્યકરને મુશ્કેલી પડતી હોય તેવા સમયે સમાજકાર્ય સંશોધન પદ્ધતિ કાર્યકરને ખૂબ જ ઉપયોગી નીવડે છે. ટૂંકમાં, સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્યની સેવાઓના આયોજન અને અમલીકરણ દરમ્યાન ઊભા થતા પ્રશ્નો કે સમસ્યાની તપાસ કરે છે અને યોગ્ય ઉકેલ પણ શોધી આપે છે.*

**(5) સમાજકાર્ય સંશોધન એ સામાજિક ઘટનાઓ, સમસ્યાઓ, તેનાં તથ્યો, હકીકતો અને તેના કારણોની શોધ કરે છે અને ઉકેલો સુચવે છે. :**

*સમાજકાર્યનું મુખ્ય કામ એ સેવાની  સ્વમાનભેર જિંદગી જીવતા કરવાનો છે. જ્યારે, કાર્યકર્તા સેવાર્થી પાસે જાય કે સેવાર્થી કાર્યકર્તા પાસે આવે ત્યારે આ બાબતોથી  કાર્યકર સારી રીતે અવગત હોય છે. સમાજકાર્ય સંશોધન એ સામાજિક ઘટનાઓ, સમસ્યાઓ, તેના તથ્યો અને કારણોની શોધ કરે છે અને ઉકેલો સૂચવે છે. ટૂંકમાં કાર્યકર્તાએ સમગ્ર ઘટનાનો ઊંડાણપૂર્વક અભ્યાસ*

*કર્યો અને સાચાં-તથ્યોને શોધી કાઢવા, સત્ય આ શોધ બાદ તેના વ્યવહારૂ ઉકેલ પક્ષ સહભાગિતા કરવામાં આવે. જે સમાજકાર્ય સંશોધનથી શક્ય બન્યું.*

**(6) સમાજકાર્ય સંશોધન એ વધુ સારી રીતે વૈશાનિક પદ્ધતિઓથી સેવા આપવા માટે નવીન પદ્ધતિઓની શોધ કરે છે. :**

*સમાજકાર્ય સંશોધન એ સેવાર્થીને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે નવીન પદ્ધતિઓની શોધ કરવામાં મદદરૂપ થાય છે. જેમ કે, જૂથ રચના કરવા અને જૂથના સભ્યોને પ્રોત્સાહિત કરવા માટે કાર્યકર્તા દ્વારા સ્થાનિક સાથે અલગ-અલગ પ્રવાસો કરવામાં આવે છે. જેવા છે. ફળિયા બેઠકો, સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે બેઠકો, સ્થાનિક મહિલા કે યુવક મંડળો સાથે વાર્તાલાપ, દશ્ય-શ્રાવ્ય માધ્યમોથી આદાન-પ્રદાનની ક્રિયાઓ વગેરે પ્રકારની પ્રયુક્તિઓ દ્વારા લોકો સુધી યોજનાકીય માહિતી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ પ્રયુક્તિઓ વખતો વખત લોકો સાથે કે સેવાર્થીઓ સાથે કરવા છતાં કાર્યકર્તાને જોઈએ તેવું પરિણામ પ્રાપ્ત થતું નથી. આવા સમયે સમાજકાર્ય સંશોધન કાર્યકર્તાને નવી પ્રયુક્તિ શોધી આપે છે. જેથી સેવાર્થીઓને યોજનાકીય બાબતોમાં રસરૂચિ અને ખાસ કરીને આત્મવિશ્વાસ ઊભો થાય.*

**(7) સમાજકાર્ય સંશોધન સમાજકાર્યકર્તાને પ્રત્યક્ષ કાર્ય માટે નવીન જ્ઞાન, પદ્ધતિઓ અને કુશળતાઓ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. :**

*સમાજકાર્ય સંશોધન કાર્યકતાને નવું જ્ઞાન પદ્ધતિઓ અને કુશળતા પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે. દા.ત. આપણે દરેક ગામોમાં જોઈએ છીએ કે જે, ઘટકો સરકાર દ્વારા કોન્ટ્રાક્ટરોના માધ્યમથી તૈયાર થયા હોય છે તેના પ્રત્યે ગામના લોકોમાં પોતાપણાંની ભાવના જોવા મળતી નથી. પછી તે ઘટકોમાં શાળા હોય, આંગણવાડી હોય, આરોગ્યકેન્દ્ર હોય કે પીવાના પાણીની વ્યવસ્થાના ઘટકો હોય, જ્યારે ગામનાં જ કોઈ ધાર્મિક સ્થળ હશે તેમાં કોઈ સહેજ પણ નુકસાન કરશે તો, તેને કોઈ રોકનાર કે ટોકનાર, હશે જ આવું કેમ ? ક્ષેત્રકાર્ય દરમ્યાન કાર્યકર સંશોધનના માધ્યમથી આવા સવાલોના જવાબો શોધવાનો પ્રયાસ કરે છે.*

## 1.4 તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન 1 : સામાજિક સંશોધનનો મુખ્ય હેતુ શું છે ?**

A. *નવું જ્ઞાન મેળવવું*

B. *ફક્ત મનોરંજન માટે*

C. *લોકોની મનોરંજન જરૂરિયાતો પૂર્ણ કરવી*

D. *ગેરસમજ ઊભી કરવી*

*પ્રશ્ન 2 : નિમ્નમાંથી કયું સંશોધન એક માળખાકીય સંશોધનનું ઉદાહરણ છે ?*

A. *કેસ સ્ટડી*

B. *સર્વે*

C. *નીતિ વિશ્લેષણ*

D. *પાયલોટ સ્ટડી*

*પ્રશ્ન 3 : સમાજકાર્યમાં નિરીક્ષણ પદ્ધતિ શું છે ?*

A. *પરીક્ષણ અને ભૂલ*

B. વ્યક્તિગત આડિટિંગ

C. દસ્તાવેજોનો અભ્યાસ

D. સીધી રીતે લોકોને નિહાળવું

પ્રશ્ન 4 : સામાજિક સંશોધનમાં કયા તત્વ જરૂરી છે ?

A. શાસ્ત્રોની સમજ

B. અનુમાન પર આધાર

C. નિરીક્ષણ

D. બધા

પ્રશ્ન 5 : કયો તબક્કો સમાજકાર્ય સંશોધનમાં અંતિમ છે ?

A. હિપોથિસિસ બનાવવું

B. રિપોર્ટ તૈયાર કરવો

C. સંકલન

D. ડેટા વિશ્લેષણ

પ્રશ્ન 6 : સમાજકાર્ય સંશોધનનો મુખ્ય લક્ષ્ય શું છે ?

A. સામાજિક મૂલ્યમાં વધારો

B. સમાજ માટે નીતિઓ બનાવવી

C. પ્રયોગો કરવાં

D. માનસિક સ્વાસ્થ્યમાં સુધારો કરવો.

## 1.5 સારાંશ

સંશોધનનો મુખ્ય સૈદ્ધાંતિક હેતુ વિભિન્ન સામાજિક વિજ્ઞાનોમાં અભ્યાસનું ક્ષેત્ર, વિષયવસ્તુ અભ્યાસનો દષ્ટિકોણ વગેરેને નિશ્ચિત કરે છે. સામાજિક સંશોધનનો સૈદ્ધાંતિક હેતુ જ્ઞાનનું સંક્ષિપ્તીકરણ કરે છે. વિજ્ઞાનમાં તથ્યોનું પૂર્વઅનુમાન રજૂ કરે છે. તથ્યોનું વર્ગીકરણ કરવામાં આવે છે. સૈદ્ધાંતિક સંશોધન સામાન્ય જ્ઞાનથી વધુ દૂરથી જાણકારી આપે છે. સિદ્ધાંતોના વિકાસ દ્વારા અનેક વ્યવહારિક સમસ્યાઓનું સમાધાન કરે છે. સંશોધન દ્વારા વહીવટને વ્યવસ્થિત રીતે ચલાવવામાં મદદ મળે છે. સમાજ પરિવર્તનશીલ છે. આ કારણથી જૂના સિદ્ધાંત નવી પરિસ્થિતિઓ અને કારણોના સંદર્ભમાં ખરા અને વિશ્વસનીય રહી શકતા નથી. સંશોધન સમાજનું માળખું અને તેના કાર્યોની વ્યાખ્યા અને વર્ણન કરે છે.

સામાજિક વ્યવસ્થાને સમજવા માટે સંબંધિત તથ્યોના ગુણ અને પ્રભાવનો અભ્યાસ જરૂરી છે. વ્યાવહારિક સંશોધન તથ્યોના આધાર ઉપર તેના પરસ્પર સંબંધોના કથનના રૂપમાં રજૂ કરે છે. નવા તથ્યોના સંદર્ભમાં જૂના ખ્યાલોની પુનઃ વ્યાખ્યા કરવી, સ્પષ્ટીકરણ કરવું વગેરે કાર્ય સામાજિક સંશોધન કરવાનું જરૂરી થઈ જાય છે. સમાજની અનેક ખામીઓનું મૂળ અંધવિશ્વાસ અને અજ્ઞાનતા છે. જે સામાજિક સંશોધન દ્વારા દૂર કરી શકાય છે. સામાજિક સંશોધનો દ્વારા નવા સંશોધકોને વૈજ્ઞાનિક તાલીમ મળે છે. સામાજિક સંશોધન દ્વારા સામાજિક સમસ્યાઓનું નિષ્પક્ષ વિશ્લેષણ કરી શકાય છે. અને સમસ્યાના ઉકેલ માટેના પ્રયાસો થઈ શકે છે.

## 1.6 ચાવીરૂપ શબ્દો :

**સામાજિક સંશોધન** : *સામાજિક સંશોધન સામાજિક જીવનના સંબંધમાં શોધ કરવાનો એક વૈજ્ઞાનિક પ્રયાસ છે. જેનો હેતુ નવું જ્ઞાન પ્રાપ્ત કરવું અને પ્રાપ્ત જ્ઞાનની ચકાસણી કરવાનો છે.*

**કાર્યાત્મક વિશ્લેષણ** : *કાર્યાત્મક વિશ્લેષણ માનવસમાજ કે તેના રચનાતંત્ર અથવા ભાગોનું વિશ્લષણ કરવા માટે કાર્ય, વિકાર્ય, પ્રગટ કાર્ય, પ્રચ્છન્ન કાર્ય વગેરે ભાગો પાડીને જે તે તંત્રના વ્યાપક વ્યવસ્થા માટેના કાર્યો સ્પષ્ટ કરે છે.*

**સિદ્ધાંત** : *સિદ્ધાંત એ ખ્યાલો, વ્યાખ્યાઓ અને કથનોની નિગમનાત્મક અને વ્યાપ્તિલક્ષી તાર્કિક વ્યવસ્થા છે. ઘટનાઓ વચ્ચે સંબંધ રજૂ કરે છે તેના ઉપરથી કસોટી થઈ શકે તેવી ઉપકલ્પના મેળવી શકાય છે.*

**વર્ગીકરણ** : *વર્ગીકરણ એટલે વિવિધ ગુણધર્મો ધરાવતી વિસ્તૃત માહિતીને સામ્ય અને વિરોધ દર્વિતા જુદા જુદા વર્ગોમાં ગોઠવવાની એવી પ્રક્રિયા, જેના દ્વારા માહિતીની અંદર રહેલા સમાન ગુણધર્મોને સાથે દર્શાવી શકાય છે. તથા અલગ ગુણધર્મોને અલગ વર્ગમાં દર્શાવી શકાય છે.*

## 1.7 તમારી પ્રગતિ તપાસોના જવાબ

1. A. *નવું જ્ઞાન મેળવવું*

2. B. *સર્વે*

3. D. *સીધી રીતે લોકોને નિહાળવું*

4. D. *બધા*

5. B. *રિપોર્ટ તૈયાર કરવો*

6. D. *માનસિક સ્વાસ્થ્યમાં સુધારો કરવો.*

## 1.8 સ્વાધ્યાય

1. *સામાજિક સંશોધન શું છે ? તેની વ્યાખ્યા આપો.*

   ................................................................................
   ................................................................................
   ................................................................................
   ................................................................................
   ...........................................................................

2. *સામાજિક સંશોધનના મુખ્ય લક્ષ્યો શું છે ?*

...................................................................
...................................................................
...................................................................
...................................................................
................................................................

3. *સામાજિક સંશોધનના મુખ્ય પ્રકારો કયા છે ?*

...................................................................
...................................................................
...................................................................
...................................................................
................................................................

4. *સમાજકાર્ય સંશોધન શું છે ? તેની વ્યાખ્યા આપો.*

...................................................................
...................................................................
...................................................................
...................................................................
................................................................

5. *સમાજકાર્ય અને સામાજિક સંશોધનમાં શું તફાવત છે ?*

...................................................................
...................................................................
...................................................................
...................................................................
................................................................

6. *સમાજકાર્ય સંશોધનના તબક્કા કયા છે ?*

...................................................................
...................................................................
...................................................................
...................................................................
................................................................

## 1.9 સંદર્ભસૂચિ


1. *'સામાજિક સંશોધન પદ્ધતિઓ' - ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી* - 2022
2. *'સમાજકાર્ય સંશોધન અને આંકડાશાસ્ત્ર' - ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી* - 2022.
3. *'સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર'* - Dr.R.S.Patel - *અમદાવાદ જય પબ્લિકેશન*- 2015.

4. *'સંશોધન પદ્ધતિ' – પ્રા.ડૉ.એલ.આર.યાજ્ઞિક, પ્રા. ડૉ.બી.ડી.ઢીલા, પ્રા.ડૉ.કે.બી.ચોથાણી – અમદાવાદ અક્ષર પબ્લિકેશન* – 2004
5. सामाजिक अनुसंधान एव सर्वेक्षण, प्रकाश नारायण नाटाली – पॉइंन्टर पबलिशर-२००७
6. *'સંશોધન પદ્ધતિ શાસ્ત્ર'* - Dr.R.S. Patel - *જય પબ્લિકેશન.* 2015
7. रिशर्च मेथोड़ोलोजी – डॉ.बी.एम्.जेन – रिसर्च पब्लिकेशन .
8. शोध प्रविधि,डॉ गणेश पायुडे, अरुला प्पुन्दे – राधा पब्लिकेशन – 2007

**એકમ - 2** **વિજ્ઞાનનો અર્થ અને લક્ષણો, સામાજિક વિજ્ઞાન સંશોધનમાં પગલાં**

**-: રૂપરેખા :-**

**2.0.** **હેતુઓ**

**2.1.** **પ્રસ્તાવના**

**2.2.** **વિજ્ઞાનનો અર્થ**

**2.3.** **વિજ્ઞાનના લક્ષણો**

**2.4.** **સામાજિક વિજ્ઞાન સંશોધનમાં પગલાં (સોપાનો)**

**2.5.** **સારાંશ**

**2.6.** **તમારી પ્રગતિ ચકાસો**

**2.7.** **ચાવીરૂપ શબ્દો**

**2.8.** **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**2.9.** **સંદર્ભસૂચિ**

## 2.0 હેતુઓ

*વિદ્યાર્થી મિત્રો, આ એકમને સમજ્યા બાદ તમે,*

- *વિજ્ઞાનનો અર્થ અને લક્ષણો વિશે માહિતી મેળવી શકશો.*
- *સામાજિક વિજ્ઞાન સંશોધનમાં પગલાં (સોપાનો)ની સમજૂતી મેળવશો.*

## 2.1 પ્રસ્તાવના

*વિજ્ઞાન, માનવજાતની અત્યાર સુધીની સૌથી મહત્ત્વપૂર્ણ અને પ્રભાવશાળી શોધ છે. તેણે માનવ જીવનને સરળ અને સુખદ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. વિજ્ઞાનની મદદથી આપણે પ્રકૃતિના રહસ્યોને ઉકેલવામાં સફળ થયા છીએ અને નવી-નવી શોધો કરી છે. વિજ્ઞાનની અસર આપણા રોજબરોજના જીવનના દરેક પાસા પર જોવા મળે છે. આપણે જે ટેકનોલોજીનો ઉપયોગ કરીએ છીએ તે બધી વિજ્ઞાનની જ ઉપજ છે. વિજ્ઞાન એ માત્ર કુદરતી ઘટનાઓનો અભ્યાસ નથી કરતું, પરંતુ તે માનવ વર્તન અને સમાજનો પણ અભ્યાસ કરે છે. આ જ કારણ છે કે વિજ્ઞાનની એક શાખા તરીકે સામાજિક વિજ્ઞાનનો ઉદ્દભવ થયો. સામાજિક વિજ્ઞાન માનવ સમાજ અને તેની સંસ્થાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ કરે છે. આ અભ્યાસ દ્વારા આપણે સમાજના વિવિધ પાસાઓ જેવા કે, માનવ વર્તન, સંબંધો, સંસ્થાઓ, સમાજના પરિવર્તન વગેરેને સમજી શકીએ છીએ. સામાજિક વિજ્ઞાન સંશોધન એક વ્યવસ્થિત પ્રક્રિયા છે જેમાં વિવિધ પગલાં હોય છે. આ પગલાંને અનુસરીને આપણે સમાજ વિશે નવી જાણકારી મેળવી શકીએ છીએ અને સમાજની સમસ્યાઓના ઉકેલો શોધી શકીએ છીએ. આ એકમનો હેતુ વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને સામાજિક સંશોધનના મૂળભૂત સિદ્ધાંતોથી પરિચિત કરવાનો છે. આ જ્ઞાન તેમને ભવિષ્યમાં સમાજસેવાના ક્ષેત્રમાં કાર્ય કરવા માટે*

*સક્ષમ બનાવશે. આ એકમના અંતે, વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને સામાજિક સંશોધનના મહત્ત્વને સમજશે અને તેમના પોતાના સંશોધન પ્રોજેક્ટ્સ હાથ ધરવા માટે સક્ષમ બનશે.*

## 2.2 વિજ્ઞાનનો અર્થ

*વિજ્ઞાનનો ઉપયોગ આપણા રોજિંદા જીવનમાં અનેક રીતે થાય છે. દવાઓથી લઈને મોબાઈલ ફોન સુધી, વિજ્ઞાનની ભેટો આપણને સુવિધાઓ પૂરી પાડે છે. પરંતુ, વિજ્ઞાનનો ઉપયોગ સકારાત્મક કે નકારાત્મક હોઈ શકે છે. તેનો ઉપયોગ માનવતાના હિતમાં કે નુકસાનમાં થઈ શકે છે. વિજ્ઞાન એક સતત વિકાસશીલ પ્રક્રિયા છે. જેમ જેમ આપણે વધુને વધુ જાણીએ છીએ, તેમ તેમ આપણા પ્રશ્નો પણ વધુ જટિલ બને છે. પરંતુ આ જ જટિલતા વિજ્ઞાનને રસપ્રદ બનાવે છે. વિજ્ઞાન આપણને આપણી આસપાસની દુનિયાને સમજવામાં મદદ કરે છે, અને આ સમજ આપણને નવી શોધો કરવા અને નવી સમસ્યાઓ હલ કરવામાં મદદ કરે છે.*

*વિજ્ઞાન એટલે પ્રશ્નો પૂછવાની, નિરીક્ષણ કરવાની, પ્રયોગ કરવાની અને સમજણ મેળવવાની પદ્ધતિ છે. આ પદ્ધતિ દ્વારા આપણે કુદરતી દુનિયા અને તેના કામ કરવાના રીત-રિવાજોને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. વિજ્ઞાન એટલે જિજ્ઞાસા, શંકા, અને સત્ય શોધવાની ભાવના.*

*કોઠારી કમિશન મુજબ, "વિજ્ઞાન સાર્વત્રિક છે અને તેથી તેના ફાયદા પણ હોઈ શકે છે. તેના ભૌતિક લાભો કૃષિનું પુષ્કળ અને દૂરગામી ઔદ્યોગિકીકરણ અને પરમાણુ ઉર્જાનું પ્રકાશન છે, બે ઉદાહરણોનો ઉલ્લેખ કરવા માટે - પરંતુ તેનાથી પણ વધુ ગહન સંસ્કૃતિમાં તેનું યોગદાન છે".*

**જેમ્સ બી. કોનન્ટ અનુસાર,** *"વિજ્ઞાન એ વિભાવનાઓ અને વૈચારિક યોજનાઓની એકબીજા સાથે જોડાયેલી શ્રેણી છે જે પ્રયોગો અને નિરીક્ષણના પરિણામે વિકસિત થઈ છે અને વધુ પ્રયોગો અને અવલોકન માટે ફળદાયી છે"*

**આઈન્સ્ટાઈન (Einstein)** *વિજ્ઞાનને "આપણા સંવેદના અનુભવની અસ્તવ્યસ્ત વિવિધતાને તાર્કિક રીતે સમાન વિચાર પ્રણાલીને અનુરૂપ બનાવવાનો પ્રયાસ" તરીકે વ્યાખ્યાયિત કરે છે.*

**કોલંબિયા શબ્દકોશ (Columbia dictionary)** *અનુસાર "વિજ્ઞાન એ એક સંચિત અને વ્યવસ્થિત શિક્ષણ છે, જેનો સામાન્ય ઉપયોગ કુદરતી ઘટના સુધી મર્યાદિત છે."*

**'સાયન્સ મેનપાવર પ્રોજેક્ટ' (Science Manpower Project)** *અનુસાર, "વિજ્ઞાન એ પ્રયોગમૂલક અવલોકનોની એક સંચિત અને અનંત શ્રેણી છે જે વિભાવનાઓ અને સિદ્ધાંતોની રચનામાં પરિણમે છે, બંને વિભાવનાઓ અને સિદ્ધાંતો વધુ પ્રયોગમૂલક અવલોકનના પ્રકાશમાં ફેરફારનો વિષય છે. વિજ્ઞાન એ જ્ઞાનનું શરીર અને જ્ઞાન પ્રાપ્ત કરવાની અને શુદ્ધ કરવાની પ્રક્રિયા બંને છે."*

**ગ્રિગ્સ (Griggs)***ના મતે, "શાબ્દિક અર્થમાં વિજ્ઞાનનો અર્થ જ્ઞાનની શોધ છે પરંતુ તે આપણા હેતુ માટે વ્યાપક અર્થ ધરાવે છે, અને તેનો અર્થ શક્ય તેટલા વ્યાપક સ્વરૂપમાં પ્રકૃતિનું જ્ઞાન કહી શકાય."*

*આમ, વિજ્ઞાન એટલે જિજ્ઞાસા, શંકા, પ્રયોગ, અને સમજણની સંયુક્ત પ્રક્રિયા છે. તે આપણને કુદરતને સમજવામાં મદદ કરે છે અને આપણા જીવનને સરળ અને સારું બનાવે છે.*

## 2.3 વિજ્ઞાનના લક્ષણો

*ફ્રાન્સિસે આપેલ વિજ્ઞાનની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે :*

1. **અનુભવજન્ય :** *વિજ્ઞાન એ માત્ર એક વિષય નથી, પરંતુ એક વિચારસરણી છે. આ વિચારસરણીનું મુળભૂત લક્ષણ છે 'અનુભવજન્યતા'. અનુભવજન્ય શબ્દ સૂચવે છે કે વિજ્ઞાન કોઈપણ નિષ્કર્ષ પર પહોંચવા માટે પ્રત્યક્ષ અથવા પરોક્ષ અનુભવો પર આધાર રાખે છે. આ અનુભવો વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા એકત્રિત કરવામાં આવે છે, જેમાં નિરીક્ષણ, પ્રયોગ, માપન અને વિશ્લેષણ જેવી પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. આ અનુભવજન્યતાનું લક્ષણ વિજ્ઞાનને અન્ય જ્ઞાનના ક્ષેત્રોથી અલગ પાડે છે. ઉદાહરણ તરીકે, ધર્મ કે ફિલસૂફી જેવા ક્ષેત્રોમાં, વિશ્વાસ અને તર્ક પર વધુ ભાર મૂકવામાં આવે છે, જ્યારે વિજ્ઞાનમાં અનુભવ અને પુરાવા પર વધુ ભાર મૂકવામાં આવે છે. આ જ કારણ છે કે વિજ્ઞાન સતત વિકસતું રહે છે. નવા અનુભવો અને પ્રયોગોના આધારે, વૈજ્ઞાનિક સિદ્ધાંતોમાં સુધારો થતો રહે છે અથવા નવા સિદ્ધાંતો રજૂ થતા રહે છે. ગુરુત્વાકર્ષણનો નિયમ સૌપ્રથમ ન્યૂટને જોયો હતો જ્યારે સફરજન ઝાડ પરથી પડીને જમીન પર આવ્યું હતું. આ નિરીક્ષણને આધારે તેણે ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત રજૂ કર્યો. ઉપરાંત જીવોના વિકાસ અને વર્તનને નિરીક્ષણ કરીને જીવવિજ્ઞાનીઓ જીવનના રહસ્યોને ઉકેલવાનો પ્રયત્ન કરે છે. સમાજ કાર્યમાં પણ અનુભવજન્યતાનું ખૂબ મહત્ત્વ છે.*

   *સમાજ કાર્યકરો સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. આ પદ્ધતિઓની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા માટે તેઓ અનુભવજન્ય પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. ઉદાહરણ તરીકે, કોઈ ચોક્કસ સમુદાયમાં કામ કરતી વખતે, સમાજ કાર્યકરો તે સમુદાયની જરૂરિયાતોને ઓળખવા માટે સર્વેક્ષણો, મુલાકાતો અને અન્ય પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. આ માહિતીના આધારે તેઓ સમુદાયની જરૂરિયાતોને પહોંચી વળવા માટે કાર્યક્રમો બનાવે છે. આ કાર્યક્રમોની સફળતાનું મૂલ્યાંકન કરવા માટે પણ તેઓ અનુભવજન્ય પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.*

2. **હકીકતલક્ષી :** *વિજ્ઞાનમાં કોઈ પણ સિદ્ધાંત કે નિયમને સ્વીકારવા માટે તેને પ્રાયોગિક પુરાવાઓ દ્વારા સાબિત કરવું જરૂરી હોય છે. કલ્પનાઓ, અનુમાનો કે વ્યક્તિગત અનુભવો પર આધારિત નિષ્કર્ષોને વિજ્ઞાનમાં કોઈ સ્થાન નથી. વિજ્ઞાનની હકીકતલક્ષી પદ્ધતિમાં નિરીક્ષણ, પ્રશ્ન ઉઠાવવા, પરિકલ્પના બનાવવી, પ્રયોગ કરવો, ડેટાનું વિશ્લેષણ કરવું અને નિષ્કર્ષ કાઢવા જેવા પગલાં શામેલ હોય છે. આ પદ્ધતિ દ્વારા વૈજ્ઞાનિકો કુદરતી ઘટનાઓને સમજવા માટે કારણો અને પરિણામો વચ્ચેના સંબંધોને શોધી કાઢે છે. વિજ્ઞાનની હકીકતલક્ષી પ્રકૃતિના કારણે જ તે સતત વિકાસ પામતું રહે છે. નવા પ્રયોગો અને નવા પુરાવાઓ મળતાં જ પહેલાના સિદ્ધાંતોમાં ફેરફાર થતા રહે છે. આનો અર્થ એ નથી કે વિજ્ઞાનમાં કંઈ જ સ્થિર નથી, પરંતુ એનો અર્થ એ છે કે વિજ્ઞાન એક ખુલ્લા મનથી નવા વિચારો અને નવી શોધોને સ્વીકારવા તૈયાર રહે છે.*

*સમાજ કાર્યના ક્ષેત્રમાં વિજ્ઞાનની હકીકતલક્ષી પદ્ધતિનો ઉપયોગ ખૂબ જ મહત્ત્વનો છે. સમાજ કાર્યકરોએ સમાજમાં થતી વિવિધ સમસ્યાઓના નિરાકરણ માટે વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરીને સંશોધન કરવું જોઈએ. આમ કરવાથી તેઓ સમસ્યાઓના મૂળ કારણોને ઓળખી શકશે અને તેના માટે વધુ સારા ઉકેલો શોધી શકશે. ઉદાહરણ તરીકે, જો કોઈ સમાજ કાર્યકર કોઈ ગામમાં ગરીબીની સમસ્યાનો અભ્યાસ કરી રહ્યો છે, તો તેણે સૌપ્રથમ ગામના લોકો સાથે વાતચીત કરીને, તેમના જીવનધોરણ વિશે માહિતી એકત્રિત કરવી જોઈએ. પછી તેણે આ માહિતીનું વિશ્લેષણ કરીને ગરીબીના કારણો શોધવા જોઈએ. આ માહિતીના આધારે તેણે ગરીબીનાબૂદ કરવા માટે કોઈ યોજના બનાવી શકે છે.*

3. **તર્કબદ્ધ :** *તર્કબદ્ધતા એટલે કોઈપણ દાવાને યોગ્ય તર્ક અને પુરાવાઓના આધારે સાબિત કરવાની પ્રક્રિયા. વિજ્ઞાનમાં દરેક સિદ્ધાંત, નિયમ કે તારણને પ્રયોગો, અવલોકનો અને તાર્કિક વિચારણા દ્વારા ચકાસવામાં આવે છે. આ પ્રક્રિયામાં કોઈપણ પ્રકારના અંધશ્રદ્ધા, ભ્રમ કે અતિશયોક્તિને સ્થાન નથી. વિજ્ઞાનમાં દરેક દાવાને પુરાવાઓ દ્વારા સાબિત કરવો જરૂરી છે. આ પુરાવાઓ પ્રયોગો, અવલોકનો, આંકડાકીય માહિતી વગેરેના સ્વરૂપમાં હોઈ શકે છે. વિજ્ઞાનના નિષ્કર્ષો એકબીજા સાથે તાર્કિક રીતે સુસંગત હોવા જોઈએ. કોઈપણ વિરોધાભાસ કે અસંગતિને સ્વીકારવામાં આવતી નથી. વિજ્ઞાનના દાવાઓને પરીક્ષણ કરી શકાય તેવા હોવા જોઈએ. એટલે કે, આપણે તેમને સાચા કે ખોટા સાબિત કરવા માટે પ્રયોગો કરી શકીએ. વિજ્ઞાનના પરિણામો પુનરાવર્તિત હોવા જોઈએ. એટલે કે, જો કોઈ પ્રયોગ અલગ-અલગ સંજોગોમાં અને અલગ-અલગ વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવે તો તેના પરિણામો સમાન હોવા જોઈએ.*

*સમાજ કાર્યના સંદર્ભમાં જોઈએ તો, તર્કબદ્ધતા આપણને સમાજના વિવિધ મુદ્દાઓને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે. આપણે સમાજમાં થતી વિવિધ ઘટનાઓના કારણો અને પરિણામોને તર્કબદ્ધ રીતે વિશ્લેષણ કરી શકીએ છીએ અને તેના આધારે સમાજસેવાના કાર્યક્રમો બનાવી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, જો આપણે કોઈ ગામડામાં ગરીબીનું કારણ શોધવા માંગીએ તો આપણે માત્ર અનુમાન નહીં કરીએ, પરંતુ આપણે તે ગામડાની આર્થિક સ્થિતિ, શિક્ષણનું સ્તર, રોજગારની તકો વગેરે પર ડેટા એકત્ર કરીશું અને તેનું વિશ્લેષણ કરીશું. આના આધારે આપણે ગરીબીના મૂળ કારણો શોધી શકીશું અને તેના નિરાકરણ માટેના ઉપાયો સૂચવી શકીશું.*

4. **ચકાસણીજન્ય :** *ચકાસણીજન્ય એટલે કે કોઈપણ વૈજ્ઞાનિક સિદ્ધાંત કે તારણને અન્ય વૈજ્ઞાનિકો દ્વારા સ્વતંત્ર રીતે તપાસી શકાય અને તેની પુષ્ટિ કરી શકાય. આ માટે વૈજ્ઞાનિકો પ્રયોગો કરે છે, નિરીક્ષણો કરે છે અને આંકડાકીય વિશ્લેષણ કરે છે. જો કોઈ સિદ્ધાંત વારંવારના પ્રયોગોમાં સાચો સાબિત થાય તો જ તેને વૈજ્ઞાનિક સિદ્ધાંત તરીકે સ્વીકારવામાં આવે છે. ચકાસણીજન્યતાને કારણે જ વિજ્ઞાન સતત વિકાસ પામતું રહે છે. જૂના સિદ્ધાંતોને નવા પ્રયોગો અને નિરીક્ષણોના આધારે સુધારવામાં આવે છે અથવા તો નવા સિદ્ધાંતો બનાવવામાં આવે છે. આ પ્રક્રિયામાં ભૂલો સુધારવાની અને નવી જ્ઞાન મેળવવાની તક મળે છે. વિશ્વ વિશે વધુને વધુ જાણી શકીએ છીએ અને આ જ્ઞાનનો ઉપયોગ આપણા જીવનને સુધારવા માટે કરી*

*શકીએ છીએ. ઉદાહરણ તરીકે, રોગોના કારણો શોધીને દવાઓ બનાવવી, નવી ટેક્નોલોજી વિકસાવવી અને પર્યાવરણની સમસ્યાઓના ઉકેલો શોધવા જેવી બાબતો શક્ય બની છે.*

*સમાજકાર્ય એ એક વ્યાવસાયિક ક્ષેત્ર છે જેમાં વ્યક્તિઓ, જૂથો અને સમુદાયોને તેમની સમસ્યાઓના ઉકેલો શોધવામાં મદદ કરવામાં આવે છે. સમાજકાર્યમાં વિજ્ઞાનની ચકાસણીજન્યતાનો ખૂબ મહત્ત્વનો ભાગ છે. સમાજકાર્યના સિદ્ધાંતો અને પદ્ધતિઓનું પણ સતત મૂલ્યાંકન કરવામાં આવે છે અને જરૂર પડ્યે તેમાં ફેરફાર કરવામાં આવે છે. આનાથી સમાજકાર્યમાં નવીનતમ જ્ઞાન અને પદ્ધતિઓનો ઉપયોગ થાય છે અને વધુ અસરકારક સેવાઓ પૂરી પાડી શકાય છે.*

5. **નિવારણકારક :** *વિજ્ઞાને આપણને કુદરતી દુનિયાને સમજવા અને તેના નિયમોને શોધવામાં મદદ કરી છે. આ સમજણના આધારે આપણે વિવિધ પ્રકારની સમસ્યાઓનું નિરાકરણ લાવી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, રોગચાળાને રોકવા માટે વેક્સિન અને દવાઓ વિકસાવવા, કુદરતી આફતોની આગાહી કરવા અને તેનાથી થતા નુકસાનને ઘટાડવા, અને ખાદ્ય સુરક્ષા અને પાણીની અછત જેવી સમસ્યાઓનો સામનો કરવા માટે વિજ્ઞાનનો ઉપયોગ થાય છે. સિંચાઈની વ્યવસ્થાથી દુષ્કાળની સમસ્યા હળવી થઈ છે, અને આધુનિક ટેકનોલોજીની મદદથી કુદરતી આફતોના નુકસાનને ઘટાડવામાં આવ્યું છે. વિજ્ઞાને આપણને નવી દવાઓ, નવી ટેક્નોલોજી, અને નવી ઉર્જાના સ્ત્રોતો આપ્યા છે. આનાથી આપણું જીવન સરળ અને સુખદ બન્યું છે. વિજ્ઞાનની સર્જનાત્મક શક્તિને કારણે આપણે અવકાશમાં જઈ શકીએ છીએ, સમુદ્રની ઊંડાઈમાં ઉતરી શકીએ છીએ, અને અણુની દુનિયાને સમજી શકીએ છીએ.*

*સમાજ કાર્યમાં વિજ્ઞાનની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. સમાજ કાર્યકર્તાઓ વિજ્ઞાનના જ્ઞાનનો ઉપયોગ કરીને સમાજની વિવિધ સમસ્યાઓનું નિરાકરણ શોધી શકે છે. ઉદાહરણ તરીકે, મનોવિજ્ઞાનના સિદ્ધાંતોનો ઉપયોગ કરીને માનસિક બીમારીઓનો ઉપચાર કરી શકાય છે, સમાજશાસ્ત્રના સિદ્ધાંતોનો ઉપયોગ કરીને સમાજમાં થતી અસમાનતાને દૂર કરવાના ઉપાયો શોધી શકાય છે, અને આરોગ્ય વિજ્ઞાનના સિદ્ધાંતોનો ઉપયોગ કરીને રોગચાળાને રોકવામાં મદદ કરી શકાય છે.*

6. **વિજ્ઞાન એ જાહેર બાબત :** *વિજ્ઞાન એ માત્ર પ્રયોગશાળાઓ અને સંશોધન કેન્દ્રોની દુનિયા સુધી સીમિત નથી; તે આપણા દૈનિક જીવનનો એક અભિન્ન ભાગ છે. આપણે જે રીતે રહીએ છીએ, જે રીતે વિચારીએ છીએ અને જે રીતે સમાજનું નિર્માણ કરીએ છીએ, તે બધું વિજ્ઞાનના વિકાસ અને પ્રગતિ પર આધારિત છે. આથી જ કહેવાય છે કે, વિજ્ઞાન એ જાહેર બાબત છે. જ્યારે આપણે સ્માર્ટફોનનો ઉપયોગ કરીએ છીએ, ઇન્ટરનેટ પર સર્ફિંગ કરીએ છીએ, કાર ચલાવીએ છીએ અથવા તો ડૉક્ટર પાસે જઈએ છીએ ત્યારે આપણે વિજ્ઞાનની અસરોનો અનુભવ કરીએ છીએ. વિજ્ઞાનના વિકાસથી આપણું જીવન વધુ સરળ અને સુખદ બન્યું છે. દવાઓથી લઈને ખાદ્ય પદાર્થો સુધી, ઊર્જાના સ્ત્રોતોથી લઈને પરિવહનના સાધનો સુધી, વિજ્ઞાન આપણા જીવનના દરેક પાસાને સ્પર્શે છે. વિજ્ઞાનના વિકાસથી સમાજમાં મોટા પાયે પરિવર્તન આવે છે. નવી તકનીકો, નવી શોધો અને નવા વિચારો સમાજના સામાજિક, આર્થિક અને રાજકીય પાસાઓને પ્રભાવિત કરે છે. સરકારોને નીતિ નિર્માણ કરવા માટે,*

*કંપનીઓને નવા ઉત્પાદનો વિકસાવવા માટે, અનેનાગરિકોને જીવનના મહત્ત્વના નિર્ણયો લેવા માટે વિજ્ઞાનની જરૂર પડે છે. વિશ્વમાં ઘણી બધી સમસ્યાઓ છે, જેમ કે ગરીબી, ભૂખમરો, રોગચાળો અને પર્યાવરણીય પ્રદૂષણ. વિજ્ઞાન આ સમસ્યાઓનું નિરાકરણ શોધવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.*

7. **અમૂર્ત :** *વિજ્ઞાનને અમૂર્ત કહેવાનું કારણ એ છે કે તેને આપણે સ્પર્શી શકતા નથી, જોઈ શકતા નથી. વિજ્ઞાન એ એક વિચાર છે, એક ખ્યાલ છે. ઉદાહરણ તરીકે, ગુરુત્વાકર્ષણ. આપણે ગુરુત્વાકર્ષણને જોઈ શકતા નથી, પરંતુ તેની અસર આપણે રોજબરોજ અનુભવીએ છીએ. એ જ રીતે, ઊર્જા, સમય, અવકાશ જેવા ખ્યાલો પણ અમૂર્ત છે. આપણે તેમને માપી શકીએ છીએ, તેમના વિશે સૂત્રો લખી શકીએ છીએ, પરંતુ તેમને આપણે સ્પર્શી શકતા નથી. કણો, પરમાણુ, અણુ જેવા સૂક્ષ્મ કણોને આંખે જોઈ શકાતા નથી, પરંતુ આપણે તેમના અસ્તિત્વ વિશે પ્રયોગો અને ગણિતના મોડેલોના આધારે જાણીએ છીએ. વિજ્ઞાનની અમૂર્તતાને સરળ શબ્દોમાં સમજાવવા માટે એક ઉદાહરણ લઈએ. આપણે બધા જાણીએ છીએ કે પાણી ગરમ કરવાથી તે બાષ્પ બને છે. આ એક સાદો વૈજ્ઞાનિક નિયમ છે. પરંતુ શું આપણે પાણીના અણુઓના સ્તરે આ પ્રક્રિયાને સમજી શકીએ છીએ ? આ માટે આપણને વિશિષ્ટ જ્ઞાન અને સાધનોની જરૂર પડશે. આ દર્શાવે છે કે વિજ્ઞાનના ઘણા ખ્યાલો આપણી દ્રષ્ટિથી દૂર રહે છે.*

*સમાજ કાર્યના સંદર્ભમાં, વિજ્ઞાનની અમૂર્તતાને સમજવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કારણ કે સમાજ કાર્યમાં આપણે માનવીય વર્તણૂક, સંબંધો, અને સમાજના વિવિધ પાસાઓનો અભ્યાસ કરીએ છીએ. આ બધું જ વિજ્ઞાનના સિદ્ધાંતો અને ખ્યાલો પર આધારિત છે. ઉદાહરણ તરીકે, માનવ વિકાસનો સિદ્ધાંત, સમાજીકરણનો સિદ્ધાંત, આ બધા જ સિદ્ધાંતો વિજ્ઞાનના અમૂર્ત ખ્યાલો પર આધારિત છે. માનસિક સ્વાસ્થ્ય, સમાજીક ન્યાય, અને સંબંધો જેવી વિભાવનાઓ અમૂર્ત છે પરંતુ આપણે તેમને સમજવાનો પ્રયાસ કરીએ છીએ જેથી આપણે વ્યક્તિઓ અને સમુદાયોને વધુ સારી રીતે મદદ કરી શકીએ.*

8. **વ્યવસ્થાત્મક :** *વિજ્ઞાન એ માનવજાતિની જિજ્ઞાસા અને અનુભૂતિને પ્રેરિત કરીને નવનવી માહિતી મેળવવાની પ્રક્રિયા છે. વિજ્ઞાન વ્યવસ્થા તરીકે કાર્ય કરે છે, જે ક્યારેય ઊંડાણપૂર્વકના અને તર્કસંગત અભ્યાસ વિના ઉદ્દભવતું નથી. તેનું મુખ્ય લક્ષ્ય છે વિશ્વના રહસ્યોને ઉકેલવા અને નિયમિતતાઓ અથવા સિદ્ધાંતોના આધારે વિવિધ ઘટનાઓને સમજવા. વિજ્ઞાનમાં દરેક તથ્ય કે સિદ્ધાંત વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરીને પરીક્ષણ થવા જેવી ખાસિયત છે. વિજ્ઞાન એક વૈકલ્પિક અનુમાનથી શરૂ થાય છે, જે પછી સચોટ અભ્યાસ, પ્રયોગો અને પ્રમાણિક પરિણામોથી સમર્થિત થાય છે. વિજ્ઞાન એક વ્યવસ્થિત પ્રક્રિયા છે, જેમાં માહિતી એકત્રિત કરવા માટે દેખાવ, માપન, પ્રયોગ અને વિશ્લેષણનો ઉપયોગ થાય છે. વિજ્ઞાનમાં કોઈપણ સમસ્યાનો ઉકેલ લાવવા માટે એક ચોક્કસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં સમસ્યાનું નિરીક્ષણ, ધારણાઓ બનાવવી, પ્રયોગો કરવા, ડેટાનું વિશ્લેષણ અને તારણો કાઢવાનો સમાવેશ થાય છે. વૈજ્ઞાનિક વ્યવસ્થાનો મુખ્ય આધાર 'કારણ અને પરિણામ'ના સંબંધો પર આધારિત છે. આ વ્યવસ્થા પદ્ધતિશીલ વિચારશીલતા, નિરીક્ષણની સ્પષ્ટતા, અને સાબિતી પર દબાણ કરે છે. તે માત્ર ભૌતિક વિજ્ઞાન અથવા રસાયણ વિજ્ઞાનમાં જ નહીં, પરંતુ માનસશાસ્ત્ર, સામાજશાસ્ત્ર અને સમાજકાર્ય જેવા ક્ષેત્રોમાં પણ પોતાનું મહત્ત્વ ધરાવે છે.*

*વિજ્ઞાનનો પ્રભાવ સમાજ પર અત્યંત ઊંડો છે, કારણ કે તે માનવ જીવનને સઘન બનાવીને તેની ગુણવત્તા સુધારવા માટે નિત નવિનતમ ઉપકરણો અને પ્રણાલીઓ વિકસાવે છે. તે આરોગ્યસંરક્ષણ, આર્થિક વિકાસ, અને શૈક્ષણિક ક્ષેત્રોમાં નવી ઊંચાઈઓ પર પહોંચવામાં મદદરૂપ થાય છે.*

## 2.4 સામાજિક વિજ્ઞાન સંશોધનમાં પગલાં (સોપાનો)

*સામાજિક વિજ્ઞાન સંશોધન એ માનવ વર્તન, સંસ્થાઓ અને સમાજના વિવિધ પાસાઓને સમજવા માટેની વૈજ્ઞાનિક પદ્ધતિ છે. આ પ્રક્રિયામાં સંશોધક એક ચોક્કસ પ્રશ્ન અથવા સમસ્યાને ઓળખીને શરૂઆત કરે છે અને પછી તેના જવાબો શોધવા માટે વ્યવસ્થિત પગલાં લે છે. આ પગલાં એકબીજા સાથે જોડાયેલા હોય છે અને સંશોધન પ્રક્રિયાને એક સુસંગત માળખું પ્રદાન કરે છે.*

- **કેનેથ ડી. બેઈલી અનુસાર**, *સામાજિક વિજ્ઞાન સંશોધન માટે 5 મૂળભૂત બાબતો છે.*
    1. *સમસ્યાની પસંદગી અને અનુમાનની રચના*
    2. *સંશોધન ડિઝાઈનની તૈયારી*
    3. *ડેટા સંગ્રહ*
    4. *ડેટા એન્કોડિંગ અને વિશ્લેષણ*
    5. *પરિણામો વિશ્લેષણ*
- **માર્ટિન બલ્મરના મતે**, *સામાજિક વિજ્ઞાન સંશોધનમાં છ મૂળભૂત વિષયો છે.*
    1. *સંશોધન ડિઝાઈન : સમસ્યા પસંદગી 6 વૈચારિક સંસ્કરણ, અનુમાન રચના અને એકંદર ટાઈપિંગ*
    2. *નમૂના : એકમ નિર્ધારિણ અને વિશ્લેષણના નમૂના.*
    3. *પ્રશ્નપત્રોની તૈયારી : પ્રશ્નપત્રો અથવા સમયપત્રકની તૈયારી અને પૂર્વ ચકાસણી.*
    4. *માહિતી સંગ્રહ : પ્રશ્નપત્રો અથવા સમયપત્રક દ્વારા માહિતીનો સંગ્રહ.*
    5. *કોડિંગ, માપન અને ડેટા વિશ્લેષણ.*
    6. *ડેટા વિશ્લેષણ અને અહેવાલ લેખન.*
- **નાન લિન અનુસાર,** *સંશોધન માટે 7 મૂળભૂત બાબતો છે.*
    1. *સંશોધન મુદ્દાઓ,*
    2. *સંશોધન સમસ્યાઓ,*
    3. *સેમ્પલિંગ,*
    4. *માપન,*
    5. *માહિતી સંગ્રહ,*
    6. *ડેટા વિશ્લેષણ,*
    7. *ડેટા વિશ્લેષણ અને અહેવાલની તૈયારી.*

**સામાજિક વૈજ્ઞાનિકોના અભિપ્રાયોને આધારે સામાજિક સંશોધનના મૂળભૂત તબક્કાઓ દર્શાવી શકાય :**

1. **સંશોધન વિષયની પસંદગી કરવી :** *સામાજિક વિજ્ઞાન સંશોધનમાં સૌથી મહત્ત્વનું પગલું એ છે સંશોધન વિષયની પસંદગી. આ એક એવી પ્રક્રિયા છે જે સંશોધનના સમગ્ર માર્ગને નિર્ધારિત*

*કરે છે. એકવાર વિષય નક્કી થઈ જાય પછી, સંશોધક તેના આધારે સંશોધનના પ્રશ્નો, ઉદ્દેશો, પદ્ધતિઓ અને અન્ય તમામ પાસાઓ નક્કી કરી શકે છે. શરૂઆતમાં, સંશોધકે વિવિધ વિચારોની શોધ કરવી જોઈએ. આ માટે તે પુસ્તકો, લેખો, સામયિકો, ઇન્ટરનેટ વગેરેનો ઉપયોગ કરી શકે છે. સંશોધન વિષયની પસંદગી એ એક વિચારપૂર્વક અને કાળજીપૂર્વક લેવાયેલ નિર્ણય હોવો જોઈએ. એક સારો સંશોધન વિષય એવો હોવો જોઈએ જે મૂળ હોય, અન્ય લોકોને રસપ્રદ લાગે અને જેના પર સંશોધન કરવા માટે પૂરતી માહિતી ઉપલબ્ધ હોય. સંશોધકે એવા વિષયની પસંદગી કરવી જોઈએ જેમાં તેને રસ હોય અને જેમાં તેની કુશળતા હોય. જ્યારે સંશોધકને વિષયમાં રસ હોય છે, ત્યારે તે સંશોધન કાર્યને વધુ ઉત્સાહથી પૂર્ણ કરી શકે છે.*

- *સંશોધન વિષય સમાજ માટે મહત્ત્વનો હોવો જોઈએ. તે એવી સમસ્યા અથવા પ્રશ્ન પર કેન્દ્રિત હોવો જોઈએ જે સમાજ માટે ઉપયોગી હોય.*
- *સંશોધન વિષય નવો અને મૂળ હોવો જોઈએ. તે પહેલા થયેલા સંશોધન પર આધારિત હોઈ શકે છે, પરંતુ તેમાં કંઈક નવું અને અલગ હોવું જોઈએ.*
- *સંશોધન વિષય વ્યવહારિક હોવો જોઈએ. એટલે કે, તેના પર સંશોધન કરવા માટે પૂરતી માહિતી અને સંસાધનો ઉપલબ્ધ હોવા જોઈએ.*
- *સંશોધન પૂર્ણ કરવા માટે ઉપલબ્ધ સમયને ધ્યાનમાં રાખીને વિષય પસંદ કરવો જોઈએ.*
- *આપણી આસપાસના સમાજનું નિરીક્ષણ કરીને સંશોધન વિષય શોધી શકાય છે.*

*સંશોધન વિષયની પસંદગી એ સંશોધન પ્રક્રિયાની સૌથી મહત્ત્વની કડી છે. એકવાર વિષય નક્કી થઈ જાય પછી, સંશોધન પ્રક્રિયા સરળ બની જાય છે.*

2. **સંશોધનના ઉદ્દેશો નક્કી કરવા :** *સંશોધનનો ઉદ્દેશ એટલે આપણે આ સંશોધન દ્વારા શું પ્રાપ્ત કરવા માંગીએ છીએ ? આ ઉદ્દેશો ખૂબ જ સ્પષ્ટ, ચોક્કસ અને માપી શકાય તેવા હોવા જોઈએ. ઉદાહરણ તરીકે, આપણે કદાચ કોઈ ચોક્કસ સમાજીક સમસ્યાનું કારણ શોધવા માંગતા હોઈએ, કોઈ નવી નીતિની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા માંગતા હોઈએ અથવા કોઈ ચોક્કસ સમાજીક જૂથ વિશે વધુ જાણવા માંગતા હોઈએ. સંશોધનના ઉદ્દેશો નક્કી કરવા માટે, આપણે સૌપ્રથમ સંશોધનના વિષયને કાળજીપૂર્વક પસંદ કરવો જોઈએ. પછી, આપણે આ વિષય વિશે જે જાણવા માંગીએ છીએ તેના વિશે વિચારવું જોઈએ. આપણા પ્રશ્નો જેટલા વધુ ચોક્કસ હશે, તેટલા આપણા ઉદ્દેશો સ્પષ્ટ હશે. સ્પષ્ટ ઉદ્દેશો હોવાથી, આપણે અન્ય બિનજરૂરી માહિતી એકત્રિત કરવાનો સમય બચાવી શકીએ છીએ. તેમજ એકત્રિત કરેલા ડેટાનું વિશ્લેષણ કરીને નિષ્કર્ષ કાઢવાનું સરળ બને છે.*

3. **ઉપકલ્પ્રાનું નિર્માણ :** *ઉપકલ્પના એ એક અનુમાન કે ધારણા છે, જેને આપણે સંશોધન દ્વારા સાબિત કરવા અથવા નકારવાનો પ્રયત્ન કરીએ છીએ. ઉપકલ્પનાનું નિર્માણ એ એક કળા અને વિજ્ઞાન બંને છે. એક તરફ, તે સંશોધકની જિજ્ઞાસા અને અગાઉના જ્ઞાન પર આધારિત હોય છે. બીજી તરફ, તે વૈજ્ઞાનિક પદ્ધતિના નિયમોને અનુસરવી જોઈએ. એક સારી ઉપકલ્પના સ્પષ્ટ, ચકાસી શકાય તેવી અને સંશોધનના પ્રશ્ન સાથે સંબંધિત હોવી જોઈએ. ઉપકલ્પનાનું નિર્માણ કરવા માટે, આપણે સૌપ્રથમ સંશોધનના પ્રશ્નને કાળજીપૂર્વક વિચારવું જોઈએ. આ*

*પ્રશ્ન એવો હોવો જોઈએ જેનો જવાબ આપણે સંશોધન દ્વારા શોધી શકીએ. પછી આપણે સંબંધિત સાહિત્યનો અભ્યાસ કરીને અને નિષ્ણાતો સાથે ચર્ચા કરીને ઉપકલ્પના વિકસાવી શકીએ. ઉપકલ્પના એટલી સરળ હોવી જોઈએ કે તેને સમજવા અને પરીક્ષણ કરવામાં મુશ્કેલી ન પડે. ઉદાહરણ તરીકે, જો આપણો સંશોધનનો પ્રશ્ન છે કે "શું શહેરી વિસ્તારોમાં રહેતા બાળકો ગ્રામીણ વિસ્તારોમાં રહેતા બાળકો કરતાં વધુ તણાવ અનુભવે છે ?", તો આપણી ઉપકલ્પના હોઈ શકે છે કે "શહેરી વિસ્તારોમાં રહેતા બાળકો ગ્રામીણ વિસ્તારોમાં રહેતા બાળકો કરતાં વધુ તણાવ અનુભવે છે." આ ઉપકલ્પના સ્પષ્ટ, પરીક્ષણક્ષમ અને સંશોધનના પ્રશ્ન સાથે સંબંધિત છે. ઉપકલ્પનાનું નિર્માણ એ સંશોધન પ્રક્રિયાનો એક મહત્ત્વનો ભાગ છે. એક સારી ઉપકલ્પના આપણને સંશોધનને વધુ સચોટ અને કાર્યક્ષમ બનાવવામાં મદદ કરે છે.*

4. **સંશોધન સાહિત્યિક સમીક્ષા :** *સંશોધન સાહિત્યિક સમીક્ષા એ એક વ્યવસ્થિત પ્રક્રિયા છે જેમાં સંશોધક પોતાના સંશોધન વિષયને લગતા અગાઉના સંશોધનોનું વિશ્લેષણ કરે છે. આ સમીક્ષા દ્વારા સંશોધકને પોતાના સંશોધનના ક્ષેત્રમાં અગાઉ શું થયું છે, શું જાણીતું છે અને શું અજ્ઞાત છે તે સમજવામાં મદદ મળે છે. સંશોધન સાહિત્યિક સમીક્ષા દ્વારા સંશોધકને પોતાના સંશોધન વિષયની ઊંડી સમજ મળે છે. આ સમજ દ્વારા સંશોધક પોતાના સંશોધનના પ્રશ્નોને વધુ સ્પષ્ટ અને સંક્ષિપ્ત રીતે ઘડી શકે છે. સંશોધન સાહિત્યિક સમીક્ષા દ્વારા સંશોધકને પોતાના સંશોધન માટે યોગ્ય પદ્ધતિઓની પસંદગી કરવામાં મદદ મળે છે. અગાઉના સંશોધનોમાં કઈ પદ્ધતિઓ સફળ રહી છે અને કઈ નિષ્ફળ રહી છે તે જાણીને સંશોધક પોતાના સંશોધન માટે શ્રેષ્ઠ પદ્ધતિઓનો ઉપયોગ કરી શકે છે. આનાથી સંશોધક પોતાના સંશોધનને અન્ય સંશોધનોથી અલગ પાડવામાં સક્ષમ બને છે. સાહિત્યિક સમીક્ષા દ્વારા સંશોધક પોતાના સંશોધનના પરિણામોને અગાઉના સંશોધનોના પરિણામો સાથે સરખાવી શકે છે. આ સરખામણી દ્વારા સંશોધનના પરિણામોને વધુ સારી રીતે સમજવામાં મદદ મળે છે.*

5. **માહિતીના સ્ત્રોતની પસંદગી :** *સંશોધનના વિષય અને હેતુ અનુસાર માહિતીના સ્ત્રોત અલગ અલગ હોઈ શકે છે. કોઈક વખત પ્રાથમિક માહિતી જેવી કે સર્વે, મુલાકાત, નિરીક્ષણ વધુ ઉપયોગી થાય છે, તો કોઈક વખત ગૌણ માહિતી જેવી કે પુસ્તકો, લેખો, અહેવાલો વધુ મહત્ત્વના બને છે. સંશોધનના વિષયને ધ્યાનમાં રાખીને માહિતીના સ્ત્રોતોનું નિર્ધારણ કરવું જરૂરી છે. જેમ કે, ઐતિહાસિક સંશોધન માટે પ્રાથમિક દસ્તાવેજો, પુસ્તકો અને જર્નલો ઉપયોગી થઈ શકે છે, જ્યારે સમકાલીન સમાજના અભ્યાસ માટે સર્વેક્ષણ, મુલાકાત અને નિરીક્ષણ જેવાં સાધનો વધુ ઉપયોગી સાબિત થઈ શકે છે. માહિતીની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. માહિતીના સ્ત્રોતની વિશ્વસનીયતા, વાસ્તવિકતા અને પક્ષપાતરહિતતા ચકાસવી જોઈએ. ઉદાહરણ તરીકે, કોઈ પણ વેબસાઈટ પરની માહિતીને વિશ્વાસપાત્ર માની લેવી જોઈએ નહીં. તેના લેખક, પ્રકાશક અને માહિતીના સ્ત્રોતની પુષ્ટિ કરવી જરૂરી છે. માહિતીના સ્ત્રોતોની સંખ્યા અને વિવિધતા પર ધ્યાન આપવું જોઈએ. એક જ સ્ત્રોત પર આધાર રાખવાને બદલે, વિવિધ સ્ત્રોતોમાંથી માહિતી એકત્રિત કરવી જોઈએ. આમ કરવાથી સંશોધનની વિશ્વસનીયતા વધશે. માહિતીના સ્ત્રોતોની પસંદગી સંશોધનના હેતુ અને પ્રકાર પર આધારિત હોવી જોઈએ. ઉદાહરણ તરીકે, જો સંશોધનનો હેતુ કોઈ ચોક્કસ ઘટનાનું વર્ણન*

*કરવાનો હોય તો પ્રાથમિક સ્ત્રોતો વધુ ઉપયોગી થઈ શકે છે. જ્યારે જો સંશોધનનો હેતુ કોઈ સિદ્ધાંતનું પરીક્ષણ કરવાનો હોય તો ગૌણ સ્ત્રોતો વધુ ઉપયોગી થઈ શકે છે.*

6. **સંશોધન ક્ષેત્રની પસંદગી :** *સંશોધન ક્ષેત્ર એ એક વિશિષ્ટ જગ્યા, સમુદાય, સંસ્થા અથવા વસ્તી છે જેના પર સંશોધન કરવામાં આવશે. આ ક્ષેત્રની પસંદગી ઘણા પરિબળો પર આધારિત હોય છે, જેમ કે :*

   - **સંશોધકનું વ્યક્તિગત રસ :** *સંશોધકને કયો વિષય સૌથી વધુ રસપ્રદ લાગે છે ? તે કઈ સમસ્યાનું નિરાકરણ લાવવા માંગે છે ?*
   - **સામાજિક મહત્ત્વ :** *સંશોધન ક્ષેત્રની પસંદગી એવી હોવી જોઈએ કે જેના પરિણામો સમાજ માટે ઉપયોગી થાય. ઉદાહરણ તરીકે, કોઈ ગામમાં સ્ત્રીઓની શિક્ષણની સ્થિતિ અંગેનું સંશોધન સમાજને સુધારવા માટે ઉપયોગી થઈ શકે.*
   - **સંશોધન પ્રશ્ન :** *સંશોધકે જે પ્રશ્નનો જવાબ શોધવાનો છે તે પ્રશ્ન કઈ રીતે સંશોધન ક્ષેત્ર સાથે સંબંધિત છે ?*
   - **સંસાધનો :** *સંશોધક પાસે ઉપલબ્ધ સમય, પૈસા અને અન્ય સંસાધનો કયા પ્રકારના સંશોધનને સમર્થન આપી શકે છે ?*
   - **પ્રાપ્યતા :** *સંશોધક શું સરળતાથી સંશોધન ક્ષેત્ર સુધી પહોંચી શકે છે અને ત્યાં ડેટા એકત્ર કરી શકે છે ?*
   - **નૈતિક મુદ્દાઓ :** *સંશોધન ક્ષેત્રમાં રહેતા લોકોની ગોપનીયતા અને સુરક્ષાનું રક્ષણ કરવું એ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.*

*સંશોધન ક્ષેત્ર પસંદ કરતી વખતે, સંશોધકે વિવિધ પ્રકારના ક્ષેત્રોને ધ્યાનમાં લઈ શકે છે, જેમ કે ;*

- **ભૌગોલિક ક્ષેત્ર :** *ગામ, શહેર, રાજ્ય, દેશ અથવા કોઈ ચોક્કસ ભૌગોલિક વિસ્તાર.*
- **સામાજિક ક્ષેત્ર :** *કુટુંબ, શાળા, કાર્યસ્થળ, સમુદાય, સંસ્થા વગેરે.*
- **વસ્તી :** *કોઈ ચોક્કસ વય જૂથ, લિંગ, જાતિ, ધર્મ અથવા સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા લોકો.*

*સંશોધન ક્ષેત્રની પસંદગી એ સંશોધન પ્રક્રિયાનો એક મહત્ત્વપૂર્ણ નિર્ણય છે. એકવાર સંશોધન ક્ષેત્ર પસંદ થઈ જાય પછી, સંશોધક સંશોધન પ્રશ્ન નક્કી કરી શકે છે અને ડેટા એકત્ર કરવાની યોજના બનાવી શકે છે.*

7. **ઉત્તરદાતાઓની પસંદગી :** *ઉત્તરદાતાઓ એવા વ્યક્તિઓ, જૂથો અથવા સંસ્થાઓ છે જેમ પાસેથી સંશોધન માટે જરૂરી માહિતી એકત્રિત કરવામાં આવે છે. ઉત્તરદાતાઓની યોગ્ય પસંદગી માટે સંશોધકે સંશોધન પ્રશ્ન, સંશોધનના હેતુ અને સંશોધનના ક્ષેત્રને ધ્યાનમાં રાખવું જરૂરી છે. સંશોધક સૌપ્રથમ તે જૂથને નિર્ધારિત કરે છે જેના પર સંશોધન કરવાનું છે. આ જૂથને લક્ષ્ય જૂથ કહેવાય છે. લક્ષ્ય જૂથના ગુણધર્મો જેવા કે ઉંમર, લિંગ, શિક્ષણ, વ્યવસાય, વગેરેને ધ્યાનમાં લેવામાં આવે છે. લક્ષ્ય જૂથ ખૂબ મોટું હોઈ શકે છે, તેથી સંશોધક લક્ષ્ય જૂથમાંથી એકનાનું પ્રતિનિધિ જૂથ પસંદ કરે છે. આ પ્રતિનિધિ જૂથને સંશોધન નમૂનો કહેવાય છે. નમૂના એટલો મોટો અને વિવિધ હોવો જોઈએ કે તે લક્ષ્ય જૂથનું પ્રતિનિધિત્વ કરી શકે.*

*સંશોધક વિવિધ પ્રકારની નમૂના પસંદગીની પદ્ધતિઓનો ઉપયોગ કરી શકે છે જેમ કે યાદચ્છિક નમૂના પસંદગી, સ્તરીકરણ નમૂના પસંદગી, ક્લસ્ટર નમૂના પસંદગી વગેરે. નમૂના પસંદગીની પદ્ધતિ સંશોધનના પ્રકાર અને હેતુ પર આધારિત હોય છે. નમૂનાનું કદ એટલું મોટું હોવું જોઈએ કે તે પરિણામોની વિશ્વસનીયતાને સુનિશ્ચિત કરી શકે. નમૂનાનું કદ સંશોધનના પ્રકાર, લક્ષ્ય જૂથના કદ અને સંશોધનના હેતુ પર આધારિત હોય છે. ઉત્તરદાતાઓની યોગ્ય પસંદગી સંશોધનના પરિણામોની ગુણવત્તાને નિર્ધારિત કરે છે. જો ઉત્તરદાતાઓની પસંદગી યોગ્ય રીતે ન કરવામાં આવે તો સંશોધનના પરિણામો પક્ષપાતી અને અવિશ્વસનીય હોઈ શકે છે.*

**8. માહિતીનું એકત્રીકરણ :** *સામાજિક વિજ્ઞાન સંશોધનમાં માહિતી એકત્રીકરણ એ એક મહત્ત્વપૂર્ણ પગલું છે જે સંશોધન પ્રશ્નનો જવાબ શોધવા માટે આવશ્યક છે. આ પગલામાં સંશોધક વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરીને ડેટા એકત્ર કરે છે જે સંશોધન પ્રશ્નને સંબોધિત કરે છે. માહિતી એકત્રીકરણની પદ્ધતિઓ સંશોધનના પ્રકાર, હેતુ અને સંસાધનો પર આધારિત હોય છે.*

- **માહિતી એકત્રીકરણની મુખ્ય પદ્ધતિઓ :**

**(1) પ્રશ્નાવલિ :** *પ્રશ્નાવલિ એ એક સામાન્ય પદ્ધતિ છે જેમાં સંશોધક પ્રશ્નોની એક સૂચિ તૈયાર કરે છે અને સહભાગીઓને તે પ્રશ્નોના જવાબ આપવા માટે કહે છે. પ્રશ્નાવલિ બંધ પ્રકારની અથવા ખુલ્લા પ્રકારની હોઈ શકે છે. બંધ પ્રકારની પ્રશ્નાવલિમાં સહભાગીઓને પૂર્વનિર્ધારિત જવાબોમાંથી પસંદ કરવાનું હોય છે, જ્યારે ખુલ્લા પ્રકારની પ્રશ્નાવલિમાં સહભાગીઓને પોતાના શબ્દોમાં જવાબ આપવાની મંજૂરી મળે છે.*

**(2) સાક્ષાત્કાર :** *સાક્ષાત્કાર એ એક વ્યક્તિગત અથવા ટેલિફોન દ્વારા થતી વાતચીત છે જેમાં સંશોધક સહભાગીઓને પ્રશ્નો પૂછે છે અને તેમના જવાબોનોંધે છે. સાક્ષાત્કાર પ્રશ્નાવલિ કરતાં વધુ લાંબો સમય લે છે પરંતુ તે સહભાગીઓને વધુ વિગતવાર જવાબ આપવાની તક આપે છે.*

**(3) નિરીક્ષણ :** *નિરીક્ષણ એ એક પદ્ધતિ છે જેમાં સંશોધક સહભાગીઓને કુદરતી પરિસ્થિતિમાં અથવા નિયંત્રિત પરિસ્થિતિમાં નિરીક્ષે છે. નિરીક્ષણ ગુણાત્મક અથવા માત્રાત્મક હોઈ શકે છે. ગુણાત્મક નિરીક્ષણમાં સંશોધક સહભાગીઓના વર્તન અને વાતચીતનું વર્ણન કરે છે, જ્યારે માત્રાત્મક નિરીક્ષણમાં સંશોધક નિર્દિષ્ટ વર્તનોની આવૃત્તિને માપે છે.*

**(4) દસ્તાવેજોનું વિશ્લેષણ :** *દસ્તાવેજોનું વિશ્લેષણ એ એક પદ્ધતિ છે જેમાં સંશોધક પહેલેથી જ અસ્તિત્વમાં રહેલા દસ્તાવેજોનું વિશ્લેષણ કરે છે. આ દસ્તાવેજોમાં સરકારી રેકોર્ડ, અખબારના લેખો, પુસ્તકો, વગેરેનો સમાવેશ થઈ શકે છે.*

*માહિતી એકત્રીકરણ એ સામાજિક વિજ્ઞાન સંશોધનનો એક મહત્ત્વપૂર્ણ તબક્કો છે. સંશોધક જે પદ્ધતિઓનો ઉપયોગ કરે છે તે તેના સંશોધન પ્રશ્ન અને સંસાધનો પર આધારિત હોય છે.*

9. **માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ :** *સંશોધનમાં એક મહત્ત્વપૂર્ણ પગલું એ છે કે જે માહિતી આપણે એકત્ર કરીએ છીએ તેનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરવું. આ પગલું આપણને આપણા સંશોધન પ્રશ્નના જવાબો મેળવવામાં મદદ કરે છે અને અર્થપૂર્ણ નિષ્કર્ષો કાઢવામાં સક્ષમ બનાવે છે.*

*માહિતીનું વર્ગીકરણ એટલે એકત્રિત કરેલી માહિતીને વિવિધ કેટેગરીમાં વહેંચવાની પ્રક્રિયા. આ વર્ગીકરણ વિવિધ માપદંડો પર આધારિત હોઈ શકે છે, જેમ કે લિંગ, વય, શિક્ષણ, આવક વગેરે. આ વર્ગીકરણ દ્વારા આપણે વિવિધ જૂથો વચ્ચેના તફાવતો અને સમાનતાઓને સમજી શકીએ છીએ.*

*માહિતીનું વિશ્લેષણ એટલે વર્ગીકૃત કરેલી માહિતીનું ગાણિતિક અને તાર્કિક રીતે અર્થઘટન કરવાની પ્રક્રિયા. આ વિશ્લેષણ દ્વારા આપણે માહિતીમાંથી પેટર્ન, સંબંધો અને વલણો શોધી શકીએ છીએ. આ વિશ્લેષણ માટે આપણે વિવિધ આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનો ઉપયોગ કરી શકીએ છીએ, જેમ કે મધ્યક, મધ્યસ્થ, બહુલક, સહસંબંધ વગેરે. આપણે આ માહિતીને ગ્રાફ, ચાર્ટ અથવા કોષ્ટકોમાં રજૂ કરી શકીએ છીએ જેથી તેને સરળતાથી સમજી શકાય. વિશ્લેષણ માટે આપણે ગુણાત્મક અને પરિમાણાત્મક બંને પ્રકારના ડેટાનો ઉપયોગ કરી શકીએ છીએ.*

*માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ એ સામાજિક વિજ્ઞાન સંશોધનનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. આ પ્રક્રિયા આપણને સમાજ અને તેના લોકો વિશે નવી જાણકારી મેળવવામાં અને સમસ્યાઓનું નિરાકરણ શોધવામાં મદદ કરે છે.*

10. **તારણો અને અર્થઘટન :** *એકત્રિત કરેલા ડેટાનું વિશ્લેષણ કર્યા પછી, આપણે આપણા સંશોધન પ્રશ્નોના જવાબ આપવા માટે તારણો કાઢીએ છીએ. આ તારણોને અર્થઘટન કરીને, આપણે સમાજ વિશે નવી સમજ મેળવી શકીએ છીએ અને આપણા સંશોધનના પરિણામોને વ્યાપક સમાજિક સંદર્ભમાં મૂકી શકીએ છીએ.*

*તારણો એ એકત્રિત કરેલા ડેટાના આધારે બનાવેલા નિષ્કર્ષો છે. આ નિષ્કર્ષોને ચોક્કસ અને સંક્ષિપ્ત રીતે રજૂ કરવા જોઈએ. ઉદાહરણ તરીકે, જો આપણે કોઈ ચોક્કસ સમુદાયમાં ગરીબીના કારણોનો અભ્યાસ કરી રહ્યા હોઈએ, તો આપણું તારણ એ હોઈ શકે કે ગરીબીનું મુખ્ય કારણ રોજગારની અછત છે. તારણો એવા હોવા જોઈએ જે ડેટા દ્વારા સમર્થિત હોય અને જે અન્ય સંશોધકો દ્વારા પુનઃ પરીક્ષણ કરી શકાય.*

*અર્થઘટન એ તારણોને વધુ ઊંડાણપૂર્વક સમજવાની પ્રક્રિયા છે. આમાં તારણોને સંદર્ભમાં મૂકવા, અન્ય સંશોધન સાથે સરખામણી કરવી અને તારણોના સમાજ પરના સંભવિત પ્રભાવોને ધ્યાનમાં લેવાનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, ઉપરના ઉદાહરણમાં, આપણે ગરીબી અને રોજગારની અછત વચ્ચેના સંબંધને અર્થઘટન કરવા માટે અન્ય સંશોધનનો ઉપયોગ કરી શકીએ છીએ. આપણે એ પણ વિચારી શકીએ કે રોજગારની અછતને દૂર કરવા માટે શું કરી શકાય.*

*તારણો અને અર્થઘટનમાં સાવચેતી : તારણો અને અર્થઘટન કરતી વખતે, આપણે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :*

- *ડેટાની મર્યાદાઓ : આપણે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે આપણો ડેટા સંપૂર્ણ નથી અને તેમાં પક્ષપાત હોઈ શકે છે.*
- *કારણ અને અસર : આપણે કારણ અને અસર વચ્ચેના સંબંધને કાળજીપૂર્વક વિશ્લેષણ કરવું જોઈએ.*
- *સામાજિક સંદર્ભ : આપણે આપણા તારણોને વ્યાપક સમાજિક સંદર્ભમાં મૂકવા જોઈએ.*
- *નૈતિક વિચારણાઓ : આપણે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે આપણા સંશોધનથી કોઈને નુકસાન ન થાય.*

*આમ, તારણો અને અર્થઘટન સંશોધન પ્રક્રિયાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે કારણ કે તે આપણને સમાજ વિશે નવી સમજ આપે છે. આ સમજનો ઉપયોગ સામાજિક સમસ્યાઓના ઉકેલો શોધવા અને સમાજને સુધારવા માટે કરી શકાય છે.*

**11. અહેવાલ લેખન :** *સંશોધનનો અંતિમ તબક્કો એટલે અહેવાલ લેખન. અહેવાલમાં સંશોધનના તમામ પાસાઓને સમાવિષ્ટ કરવા જોઈએ. જેમ કે, સંશોધનનો વિષય, હેતુ, સંશોધન પ્રશ્નો, પરિકલ્પનાઓ, પદ્ધતિ, ડેટા, વિશ્લેષણ અને પરિણામો. અહેવાલ સરળ, સ્પષ્ટ અને સમજી શકાય તેવો હોવો જોઈએ. અહેવાલમાં પરિણામોનું વિશ્લેષણ કરીને તેમને સંદર્ભમાં મૂકવા જોઈએ અને ભવિષ્યના સંશોધન માટેના સૂચનો આપવા જોઈએ.*

*આ સંપૂર્ણ પ્રક્રિયામાં, નૈતિક મુદ્દાઓનું ધ્યાન રાખવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. સંશોધકે સંશોધનમાં ભાગ લેનારા લોકોના અધિકારોનું રક્ષણ કરવું જોઈએ અને ગોપનીયતા જાળવવી જોઈએ. સામાજિક વિજ્ઞાન સંશોધન એ એક જટિલ અને સમય માંગી લેતી પ્રક્રિયા છે. પરંતુ તે માનવ વર્તન અને સમાજને સમજવા માટે એક શક્તિશાળી સાધન છે.*

## 2.5 સારાંશ

*વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. વિજ્ઞાન આપણને સમાજને સમજવા માટે જરૂરી સાધનો અને પદ્ધતિઓ પૂરી પાડે છે, જ્યારે સામાજિક વિજ્ઞાન આ સાધનોનો ઉપયોગ માનવ સમાજ અને તેના વર્તનને સમજવા માટે કરે છે. સમાજ વિજ્ઞાન સંશોધન એ એક મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા છે જે આપણને સમાજમાં થતી વિવિધ ઘટનાઓના કારણો અને પરિણામોને સમજવામાં મદદ કરે છે. આ સંશોધનના પરિણામોનો ઉપયોગ સમાજની સમસ્યાઓના નિરાકરણ અને સમાજના વિકાસ માટે કરી શકાય છે. ઉદાહરણ તરીકે, ગરીબી, અસમાનતા અને અપરાધ જેવી સમસ્યાઓને સમજવા અને તેના નિરાકરણ માટેની નીતિઓ બનાવવા માટે સમાજ વિજ્ઞાન સંશોધન ખૂબ જ ઉપયોગી થઈ શકે છે. આમ, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન સંશોધન એ એક સતત ચાલતી પ્રક્રિયા છે.*

## 2.6 તમારી પ્રગતિ ચકાસો

❖ **વિસ્તારપૂર્વક ઉત્તર લખો.**

1. *વિજ્ઞાનનો અર્થ અને લક્ષણો વિશે માહિતી આપો.*
2. *સામાજિક વિજ્ઞાન સંશોધનમાં પગલાં (સોપાનો)નું વર્ણન કરો.*

❖ **યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તરો આપો.**

1. ____ *અનુસાર, "વિજ્ઞાન એ વિભાવનાઓ અને વૈચારિક યોજનાઓની એકબીજા સાથે જોડાયેલી શ્રેણી છે.*

   *(અ) મેકાઈવર* *(બ) જેમ્સ બી. કોનન્ટ* *(ક) પેજ*

2. ________ *વિજ્ઞાનની લાક્ષણિકતાઓ આપેલ છે.*

   *(અ) ફ્રાન્સિસ* *(બ) દર્ખાઈમ* *(ક) માર્ક્સ*

3. ______ *એટલે કોઈપણ દાવાને યોગ્ય તર્ક અને પુરાવાઓના આધારે સાબિત કરવાની પ્રક્રિયા.*

   *(અ) વાદ-સંવાદ* *(બ) વાતચીત* *(ક) તર્કબદ્ધતા*

3. *કેનેથ ડી. બેઈલી અનુસાર, સામાજિક વિજ્ઞાન સંશોધન માટે ________ મૂળભૂત બાબતો છે.*

   *(અ)* 2 *(બ)* 5 *(ક)* 7

4. *નાન લિન અનુસાર, સંશોધન માટે ____________ મૂળભૂત બાબતો છે.*

   *(અ)* 7 *(બ)* 4 *(ક)* 2

## 2.7 ચાવીરૂપ શબ્દો

| | | |
|---|---|---|
| **1. વિજ્ઞાન (Science)** | : | *પ્રાકૃતિક અને સામાજિક ઘટનાઓને સમજવા અને સમજાવવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરીને જ્ઞાન મેળવવાની પ્રક્રિયા.* |
| **2. સંશોધન (Research)** | : | *કોઈ વિષય અંગે નવી માહિતી શોધવા, હાલની માહિતીનું મૂલ્યાંકન કરવા અને નવા સિદ્ધાંતો વિકસાવવા માટે વ્યવસ્થિત અને તાર્કિક અભિગમ.* |
| **3. સામાજિક વિજ્ઞાન (Social Science)** | : | *માનવ સમાજ અને તેના વર્તનનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરતું જ્ઞાનનું ક્ષેત્ર.* |
| **4. વૈજ્ઞાનિક પદ્ધતિ (Scientific Method)** | : | *કોઈ પ્રશ્નનો જવાબ શોધવા માટે વ્યવસ્થિત પગલાંની શ્રેણી જેમાં નિરીક્ષણ, પરિકલ્પના, પ્રયોગ, ડેટા એકત્રીકરણ અને નિષ્કર્ષ કાઢવાનો સમાવેશ થાય છે.* |
| **5. સામાજિક સંશોધનના પગલાં (Steps of Social Research)** | : | *સામાજિક સંશોધન કરવા માટે અનુસરવામાં આવતી વ્યવસ્થિત પ્રક્રિયા* |

## 2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (બ) જેમ્સ બી. કોનન્ટ
2. (અ) ફ્રાન્સિસ
3. (ક) તર્કબદ્ધતા
4. (બ) 5
5. (અ) 7

## 2.9 સંદર્ભસૂચિ


૧. ઉચાટ. ડી. એ.-2009 'શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર'

2. Bulmer, Martin. (1977). 'Sociological Research Methods', An Introduction. 2nd edition, London : Palgrave, 1-33

3. D. Bailey, Kenneth. (1982). 'Methods of Social Research', 2nd Edition, New York : The Free Press, 10.

4. Dr.K.S.Ramakrishnan & Dr.C Barathi (2009). 'Teaching of Science', TNOU B.Ed., course material, Chennai.

5. Imran Al (2021) 'Importance and Basic Steps of Social Science Research Process' DOI :10.13140/RG.2.2.17931.26403 https ://www.researchgate.nª/publication/373980550_Importance_and_Basic _Steps_of_Social_Science_Research_Process

6. Lin, Nan. (1976). Foundation of Social Research. Hill : McGraw.

7. Mathew.T.K &T.M Mollykutty (2006). Teaching of Science, TNOU B.Ed study material, Chennai.

8. Radha Mohan, (2010). 'Innovative Science Teaching', PHI Learning pvt. ltd, New Delhi.

9. UG B.Ed. Education; UNIT I NATURE AND SCOPE OF SCIENCE; https ://mis.alagappauniversity.ac.in/siteAdmin/dde-admin/uploads/2/__UG_B.Ed._Education_70123 D - Teaching of Science _9061.pdf

| એકમ - 3 | ખ્યાલ (વિભાવના)નો અર્થ, કાર્યો, લક્ષણો અને મહત્વ |
|---|---|

**-: રૂપરેખા :-**

**3.0.** ઉદ્દેશો

**3.1.** પ્રસ્તાવના

**3.2.** ખ્યાલ (વિભાવના)નો અર્થ

**3.3.** ખ્યાલ (વિભાવના)ના કાર્યો

**3.4.** ખ્યાલ (વિભાવના)ના લક્ષણો

**3.5.** ખ્યાલ (વિભાવના)નું મહત્ત્વ

**3.6.** સારાંશ

**3.7.** તમારી પ્રગતિ ચકાસો

**3.8.** ચાવીરૂપ શબ્દો

**3.9.** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**3.10.** સંદર્ભસૂચિ

## 3.0 ઉદ્દેશો

*વિદ્યાર્થીમિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,*

- *ખ્યાલ (વિભાવના)નો અર્થ વિશે માહિતી મેળવી શકશો.*
- *ખ્યાલ (વિભાવના)ના કાર્યોની સમજૂતી મેળવશો.*
- *ખ્યાલ (વિભાવના)ના લક્ષણો અને મહત્ત્વ જાણી શકશો.*

## 3.1 પ્રસ્તાવના

*ખ્યાલ એ માનવ મનમાં ઉદ્દભવતી એક અમૂર્ત સંકલ્પના છે, જે વાસ્તવિકતાને સમજવા અને વર્ણવવા માટે વપરાય છે. સમાજકાર્યના ક્ષેત્રમાં, ખ્યાલો આપણને માનવ વર્તનના જટિલ પેટર્નને સમજવા, સામાજિક સમસ્યાઓના મૂળ કારણોને ઓળખવા અને સમાજમાં પરિવર્તન લાવવા માટેની વ્યૂહરચનાઓ વિકસાવવામાં મદદ કરે છે. સમાજકાર્યના ક્ષેત્રમાં, ખ્યાલ એ માત્ર વિચારશક્તિનો સ્તોત્ર નથી, પરંતુ તે પ્રેરણા અને દિશાનિર્દેશનું શક્તિશાળી સાધન પણ છે. ખ્યાલો અને વિભાવનાઓને કારણે જ સમાજમાં નીતિગત પરિવર્તન, સશક્તિકરણ અને વિકાસ શક્ય બને છે. તદુપરાંત, ખ્યાલો વિવેકપૂર્ણ દ્રષ્ટિકોણ અને તર્કશીલ સંવાદ માટે પાયો પૂરો પાડે છે, જે સામાજિક સમસ્યાઓના ઉકેલ માટે એક મજબૂત માળખું ઊભું કરે છે. અત્રે કહેવું યોગ્ય છે કે ખ્યાલો માત્ર માનસિક પ્રવૃત્તિ નથી, પરંતુ તે લોકોના વર્તન અને વ્યવહારને પ્રભાવિત કરે છે, સમાજના ધોરણો અને મૂલ્યોને આકાર આપે છે અને માનવતાવાદી વિચારધારાને આગળ ધપાવે છે. ખ્યાલ માનવીને જીવનના વિવિધ પડકારો અને પ્રશ્નો પર વિચાર કરવા, નિર્માણાત્મક ઉકેલો શોધવા અને નવી શક્યતાઓ શોધવા માટે પ્રેરિત કરે છે. આની સાથે જ ખ્યાલોનું મૂલ્યાંકન અને વૈજ્ઞાનિક*

*અભિગમથી અવલોકન તે સમાજના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિકાસ માટે અત્યંત અગત્યનું બની રહે છે. વિભાવના, વ્યક્તિગત અને સામૂહિક સ્તરે, નવી વિચારોને જન્મ આપે છે, જે વિવિધ સામાજિક પરિબળોનું નિર્માણ અને પરિવર્તન કરે છે. સમાજ કાર્યકર્તાઓએ માનવ વર્તન, સમાજની રચના અને વિવિધ સામાજિક સમસ્યાઓને સમજવા માટે વિવિધ ખ્યાલો અને વિભાવનાઓનું ઊંડાણપૂર્વક અધ્યયન કરવું જરૂરી છે.*

## 3.2 ખ્યાલ (વિભાવના)નો અર્થ

*ખ્યાલ એટલે મનમાં રચાયેલું કોઈ ચોક્કસ વિચારસરણી કે સમજણ. આ વિચારસરણી કે સમજણ વસ્તુઓ, ઘટનાઓ, સંબંધો કે સિદ્ધાંતોને સમજાવવા માટે વપરાય છે. તે આપણને વિશ્વને સમજવામાં, અર્થઘટન કરવામાં અને તેની સાથે સંકળાવામાં મદદ કરે છે. ખ્યાલો એ સાંકેતિક રચનાઓ છે જે વાસ્તવિકતાના અમુક પાસાઓનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ શબ્દો, ચિત્રો, પ્રતીકો કે અન્ય માધ્યમો દ્વારા વ્યક્ત થાય છે.*

**મિચેલ અનુસાર,** *"ખ્યાલ એક વિવરણાત્મક ગુણના સંબંધની તરફ સંકેત કરનાર પદ છે"*

**ગુડ અને હટ મુજબ**, *"બધા ખ્યાલો અમૂર્ત હોય છે અને તે યથાર્થતાના કેટલાક વિશેષ પક્ષોનું પ્રતિનિધિત્વ કરે છે."*

**જહોડા દર્શાવે છે કે** *"ખ્યાલ એ નિરીક્ષણ કરેલી ઘટના ઉપરથી કરવામાં આવેલી તારવણી છે."*

**મેકલેલાન્ડ મુજબ,** *"ખ્યાલ એ વિવિધ હકીકતોને રજૂ કરતી ટૂંકાક્ષરી છે."*

*સમાજશાસ્ત્રીઓએ ખ્યાલોનો ઉપયોગ સમાજના વિવિધ પાસાઓને સમજાવવા માટે કર્યો છે. ઉદાહરણ તરીકે, એમિલ દુરખાઈમ* (Emile Durkheim) *એ સમાજશાસ્ત્રીય ખ્યાલો જેવા કે સામાજિક એકતા, સામાજિક વ્યવસ્થા અને સામાજિક તથ્યો વિકસાવ્યા છે. કાર્લ માર્ક્સ* (Karl Marx) *એ વર્ગ સંઘર્ષ, શ્રમ શોષણ અને પુનઃ રચનાવાદ જેવા ખ્યાલોનો ઉપયોગ કર્યો છે. મેક્સ વેબર* (Max Weber) *એ સત્તા, સત્તાવાર વ્યવસ્થા અને સંસ્કૃતિ જેવા ખ્યાલો વિકસાવ્યા છે. ખ્યાલો સમજવા માટે તેમના સંદર્ભને સમજવું મહત્ત્વપૂર્ણ છે. સમાજશાસ્ત્રીઓ વિવિધ સંદર્ભોમાં વિવિધ ખ્યાલોનો ઉપયોગ કરે છે. ઉદાહરણ તરીકે, 'વર્ગ' શબ્દનો ઉપયોગ સામાજિક સ્તરોનું વર્ણન કરવા માટે થઈ શકે છે, પરંતુ તેનો ઉપયોગ શાળામાં વિદ્યાર્થીઓના જૂથોનું વર્ણન કરવા માટે પણ થઈ શકે છે. સંદર્ભને સમજવાથી ખ્યાલોની વધુ સારી રીતે સમજૂતી મળે છે.*

## 3.3 ખ્યાલ (વિભાવના)ના કાર્યો

*ખ્યાલો એ સમગ્ર અધ્યયનનું પાયાનું ઘટક છે. આ ખ્યાલો સમાજને સમજવા, વિશ્લેષણ કરવા અને તેના વિશે નવા જ્ઞાનનું નિર્માણ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આપણે અહીં ખ્યાલોના મુખ્ય કાર્યોની ચર્ચા કરીશું :*

**1. સમાજનું વર્ણન :**

*ખ્યાલો સમાજના વિવિધ પાસાઓનું વર્ણન કરવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, 'સંસ્કૃતિ', 'સમાજીકરણ', 'સત્તા', 'અસમાનતા' જેવા ખ્યાલો સમાજની મૂળભૂત લાક્ષણિકતાઓનું*

*વર્ણન કરે છે. આ ખ્યાલોનો ઉપયોગ કરીને સમાજશાસ્ત્રીઓ સમાજના વિવિધ ઘટકોને વ્યાખ્યાયિત કરી શકે છે અને તેમની વચ્ચેના સંબંધોને સમજાવી શકે છે. ઉદાહરણ તરીકે, 'સંસ્કૃતિ' ખ્યાલનો ઉપયોગ કરીને સમાજના વિચારો, મૂલ્યો, નિયમો અને રીતરિવાજોનું વર્ણન કરી શકાય છે. આ રીતે, ખ્યાલો સમાજનું એક વ્યવસ્થિત અને સચોટ ચિત્ર રજૂ કરવામાં મદદ કરે છે.*

**2. સમાજનું વિશ્લેષણ :**

*ખ્યાલોનો ઉપયોગ સમાજનું વિશ્લેષણ કરવા માટે પણ થાય છે. સમાજશાસ્ત્રીઓ વિવિધ ખ્યાલોનો ઉપયોગ કરીને સમાજમાં થતી વિવિધ ઘટનાઓ અને પ્રક્રિયાઓનું કારણ અને પરિણામ સમજાવે છે. ઉદાહરણ તરીકે, 'વર્ગ', 'લિંગ', અને 'જાતિ' જેવા ખ્યાલોનો ઉપયોગ કરીને સમાજમાં અસમાનતા કેવી રીતે ઉત્પન્ન થાય છે અને જળવાઈ રહે છે તે સમજાવી શકાય છે. આ રીતે, ખ્યાલો સમાજમાં થતી વિવિધ ઘટનાઓ અને પ્રક્રિયાઓને સમજવા માટે એક માળખું પ્રદાન કરે છે.*

**3. સમાજની સરખામણી :**

*સમાજો એકબીજાથી અલગ હોય છે, પરંતુ કેટલાક મૂળભૂત પાસાઓમાં તેઓ સમાન પણ હોય છે. ખ્યાલો સમાજશાસ્ત્રીઓને વિવિધ સમાજોની સરખામણી કરવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, 'વર્ગ', 'લિંગ' અને 'ધર્મ' જેવા ખ્યાલોનો ઉપયોગ વિવિધ સમાજોમાં આ સંસ્થાઓ કેવી રીતે કાર્ય કરે છે તેની તુલના કરવા માટે કરી શકાય છે. આ સરખામણી દ્વારા સમાજશાસ્ત્રીઓ સાર્વત્રિક માનવ અનુભવોને ઓળખી શકે છે અને વિવિધ સંસ્કૃતિઓમાં સામાજિક વ્યવસ્થાના વિશિષ્ટ સ્વરૂપોને સમજી શકે છે.*

*સમાજની સરખામણી માટે ખ્યાલો કેવી રીતે ઉપયોગી થાય છે તે સમજવા માટે, આપણે વિવિધ દેશોમાં પરિવારની સંસ્થાની સરખામણી કરી શકીએ. 'પરિવાર' એક ખ્યાલ છે જેનો ઉપયોગ વિશ્વભરના તમામ સમાજોમાં થાય છે, પરંતુ પરિવારની રચના અને કાર્યો એક સમાજથી બીજા સમાજમાં અલગ હોય છે. કેટલાક સમાજોમાં વિસ્તૃત પરિવારો પ્રચલિત છે, જ્યારે અન્યમાં સંયુક્ત કુટુંબો પ્રચલિત છે. સમાજશાસ્ત્રીઓ આ વિવિધ પ્રકારના પરિવારોની સરખામણી કરીને પરિવારની સંસ્થાના સામાજિક અને સાંસ્કૃતિક પરિમાણોને સમજી શકે છે.*

**4. સંશોધન માટે સાધન :**

*ખ્યાલો સમાજશાસ્ત્રીય સંશોધન માટે મૂળભૂત સાધન છે. સંશોધન કરતી વખતે, સમાજશાસ્ત્રીઓ પહેલા તેઓ જે વિષયનો અભ્યાસ કરવા માંગે છે તેના માટે સંબંધિત ખ્યાલોને વ્યાખ્યાયિત કરે છે. પછી તેઓ આ ખ્યાલોને માપવા અને પરિક્ષણ કરવા માટે ડેટા એકત્ર કરે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ સમાજશાસ્ત્રી સમાજમાં વર્ગ અસમાનતાનો અભ્યાસ કરવા માંગે છે, તો તે પહેલા 'વર્ગ' શબ્દની વ્યાખ્યા કરશે અને પછી આવક, શિક્ષણ અને વ્યવસાય જેવા માપદંડોનો ઉપયોગ કરીને વર્ગને માપવા માટે ડેટા એકત્ર કરશે. ખ્યાલો સંશોધનને વધુ ચોક્કસ અને વ્યવસ્થિત બનાવવામાં મદદ કરે છે. તેઓ સંશોધકોને સમાન ધારણાઓ અને પદ્ધતિઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે, જેનાથી સંશોધન પરિણામોની તુલના કરવા અને સામાન્યકરણ કરવાનું સરળ બને છે.*

**5. સામાજીક સમસ્યાઓનું નિરાકરણ :**

*સમાજમાં વિવિધ પ્રકારની સમસ્યાઓ ઉદ્દભવતી હોય છે. આ સમસ્યાઓને સમજવા અને તેનું નિરાકરણ લાવવા માટે સમાજશાસ્ત્રીઓ ખ્યાલોનો ઉપયોગ કરે છે. ઉદાહરણ તરીકે, ગરીબી, અસમાનતા, ભેદભાવ જેવી સમસ્યાઓને સમજવા માટે સમાજશાસ્ત્રીઓ સામાજિક વર્ગ, આર્થિક પદ્ધતિ, સત્તા અને સંસાધનોના વિતરણ જેવા ખ્યાલોનો ઉપયોગ કરે છે. ગરીબીને માત્ર આર્થિક સમસ્યા તરીકે જ નહીં, પરંતુ સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક સમસ્યા તરીકે પણ જોવામાં આવે છે. આનાથી સમસ્યાના સંપૂર્ણ ચિત્રને સમજવામાં મદદ મળે છે અને વધુ અસરકારક ઉકેલો શોધવામાં મદદ મળે છે. આ ખ્યાલોની મદદથી તેઓ આ સમસ્યાઓના મૂળ કારણોને ઓળખી શકે છે અને તેના નિરાકરણ માટે યોગ્ય પગલાં સૂચવી શકે છે.*

**6. સંબંધોને સ્પષ્ટ કરવું :**

*સમાજ એ સંબંધોનું જટિલ જાળું છે. વ્યક્તિઓ, સમૂહો અને સંસ્થાઓ એકબીજા સાથે વિવિધ પ્રકારના સંબંધો બાંધે છે. આ સંબંધોને સમજવા માટે સમાજશાસ્ત્રીઓ સમાજીકરણ, ભૂમિકા, સત્તા, સંઘર્ષ જેવા ખ્યાલોનો ઉપયોગ કરે છે. આ ખ્યાલોની મદદથી તેઓ સમાજમાં થતી ક્રિયાપ્રતિક્રિયાઓને વધુ સારી રીતે સમજી શકે છે. સમાજશાસ્ત્રીય ખ્યાલો સંબંધોની ગતિશીલતાને સમજવામાં મદદ કરે છે. સમાજ એ સ્થિર નહીં પરંતુ સતત બદલાતી રહેતી વસ્તુ છે. સંબંધો પણ સમય સાથે બદલાતા રહે છે. સમાજશાસ્ત્રીય ખ્યાલો આ બદલાવોને સમજવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, સમાજીકરણનો ખ્યાલ વ્યક્તિઓ કેવી રીતે સામાજિક નિયમો અને મૂલ્યો શીખે છે અને તેમને અપનાવે છે તે સમજાવે છે.*

**7. વિજ્ઞાનના આધારે જ્ઞાનનો વિકાસ :**

*સમાજશાસ્ત્રીઓ ખ્યાલોનો ઉપયોગ કરીને સમાજને એક વૈજ્ઞાનિક દષ્ટિકોણથી સમજવાનો પ્રયાસ કરે છે. તેઓ સમાજીક ઘટનાઓને માપી શકાય તેવા અને પરીક્ષણ કરી શકાય તેવા નિયમો અને સિદ્ધાંતો શોધવા માટે પ્રયત્ન કરે છે. આ માટે તેઓ વિવિધ સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરે છે જેમ કે સર્વે, સાક્ષાત્કાર, દસ્તાવેજોનું વિશ્લેષણ અને પ્રયોગો. આ માહિતીના આધારે તેઓ સમાજ વિશે નવા જ્ઞાનનું નિર્માણ કરે છે અને અગાઉના જ્ઞાનને સુધારે છે. આમ, ખ્યાલો સમાજશાસ્ત્રીઓને સમાજ વિશે વધુ ઊંડાણપૂર્વક સમજવામાં મદદ કરે છે અને સમાજને સુધારવા માટેના નવા વિચારો પેદા કરવામાં મદદ કરે છે.*

**8. સંક્ષીપ્તિકરણ :**

*ખ્યાલો સમાજશાસ્ત્રીઓને જટિલ સમાજીક ઘટનાઓને સરળ અને સંક્ષિપ્તમાં સમજાવવામાં મદદ કરે છે. એક ખ્યાલ એક વિશાળ વિષયને સરળ શબ્દોમાં રજૂ કરી શકે છે. ઉદાહરણ તરીકે, 'સમાજીક સ્તર' એક ખ્યાલ છે જે સમાજમાં લોકોના વિવિધ સ્તરોને દર્શાવે છે. આ ખ્યાલ સમાજમાં અસમાનતા અને અધિકારોના વિતરણ જેવા જટિલ વિષયોને સમજવામાં મદદ કરે છે.*

**9. ભવિષ્યના અભ્યાસ માટે માર્ગદર્શિકા :**

*ખ્યાલો ભવિષ્યના સંશોધન માટે માર્ગદર્શન આપે છે. એક ખ્યાલ એક વિશિષ્ટ વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે અને સંશોધનના પ્રશ્નોને વધુ ચોક્કસ બનાવવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, 'સામાજિક મોબિલિટી' એક ખ્યાલ છે જે સમાજમાં લોકોના સામાજિક સ્તરમાં થતા ફેરફારોને દર્શાવે છે. આ ખ્યાલ સમાજશાસ્ત્રીઓને સામાજિક સ્તરમાં ફેરફાર કરવા માટે કયા પરિબળો જવાબદાર છે તેનો અભ્યાસ કરવા માટે પ્રેરિત કરે છે.*

*આમ, ખ્યાલો સમાજશાસ્ત્રના આધારસ્તંભ છે. તે સમાજને સમજવા, સમાજીક ઘટનાઓનું વિશ્લેષણ કરવા અને સામાજિક પરિવર્તનને સમજવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.*

## 3.4 ખ્યાલ (વિભાવના)ના લક્ષણો

*ખ્યાલો એ એવા બૌદ્ધિક સાધનો છે જેનો ઉપયોગ જટિલ સામાજિક વાસ્તવિકતાને સમજવા અને વર્ણવવા માટે થાય છે. આ ખ્યાલો સામાજિક ઘટનાઓ, સંસ્થાઓ અને સંબંધોને સરળ અને વ્યવસ્થિત રીતે સમજવામાં મદદ કરે છે. જો કે, આ ખ્યાલો કોઈ પણ પ્રકારના સ્થિર કે નિશ્ચિત નથી, પરંતુ તે સમાજના બદલાવ અને વિકાસ સાથે બદલાતા રહે છે. ખ્યાલોના કેટલાક મુખ્ય લક્ષણો નીચે મુજબ છે :*

**1. અભ્યાસની સરળતા :**

*ખ્યાલોની સૌથી મહત્ત્વની વિશેષતા એ છે કે તે જટિલ સામાજિક વાસ્તવિકતાને સરળ અને વ્યવસ્થિત રીતે સમજવામાં મદદ કરે છે. આ ખ્યાલો અમૂર્ત હોવા છતાં, તેઓ સામાજિક જીવનના ચોક્કસ પાસાઓને દર્શાવે છે. ઉદાહરણ તરીકે, 'સમાજીકરણ' જેવો ખ્યાલ બાળક કેવી રીતે સામાજિક નિયમો અને મૂલ્યો શીખે છે તે સમજાવે છે. આ રીતે, ખ્યાલો સંશોધકોને વિશાળ અને જટિલ સામાજિક ઘટનાઓનેનાના અને વ્યવસ્થિત ભાગોમાં વિભાજિત કરવામાં મદદ કરે છે. ખ્યાલોની અભ્યાસની સરળતા એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે સમાજશાસ્ત્રીઓને વિવિધ સમાજોની તુલના કરવાની અને સામાન્યતાઓ શોધવાની મંજૂરી આપે છે. ઉદાહરણ તરીકે, 'વર્ગ' જેવો ખ્યાલ વિવિધ સમાજોમાં આર્થિક અસમાનતાને સમજવામાં મદદ કરે છે. આ રીતે, ખ્યાલો સમાજશાસ્ત્રીઓને સમાજો વચ્ચેના સમાનતા અને તફાવતોને ઓળખવામાં મદદ કરે છે.*

**2. તર્કબદ્ધ :**

*ખ્યાલો તર્કબદ્ધ હોય છે, એટલે કે તેઓ તર્ક અને પુરાવા પર આધારિત હોય છે. આ ખ્યાલો અનુમાનો અને અનુભવો પર આધારિત હોય છે જે સંશોધન દ્વારા પરીક્ષણ કરી શકાય છે. ઉદાહરણ તરીકે, 'વર્ગ સંઘર્ષ' એ એક ખ્યાલ છે જે સમાજમાં અસમાનતા અને સંઘર્ષને સમજાવે છે. આ ખ્યાલ ઐતિહાસિક ડેટા, સામાજિક સર્વેક્ષણો અને અન્ય પુરાવાઓ દ્વારા સમર્થિત છે. ખ્યાલોની તર્કબદ્ધતા તેમને વૈજ્ઞાનિક પદ્ધતિ સાથે જોડે છે. સમાજશાસ્ત્રીઓ ખ્યાલોનો ઉપયોગ કરીને પરીક્ષણ કરી શકાય તેવા કારણો અને અસરો વિશેના દાવાઓ કરે છે. આનાથી સમાજશાસ્ત્રને એક વૈજ્ઞાનિક શિસ્ત બનાવવામાં મદદ મળે છે.*

**3. સ્પષ્ટ :**

*સ્પષ્ટ ખ્યાલ એવો હોય છે જેને સરળતાથી સમજી શકાય અને વ્યાખ્યાયિત કરી શકાય. એટલે કે, તેની સીમાઓ સ્પષ્ટ હોય અને અન્ય ખ્યાલો સાથે તેનો તફાવત સમજી શકાય. ઉદાહરણ તરીકે, 'સમાજ' એક ખ્યાલ છે. તેની વ્યાખ્યા આપતી વખતે આપણે કહી શકીએ કે સમાજ એ લોકોનું એક જૂથ છે જે એકબીજા સાથે સંબંધ ધરાવે છે અને સામાન્ય સંસ્કૃતિ અને મૂલ્યો શેર કરે છે. આ વ્યાખ્યા સ્પષ્ટ છે કારણ કે તે 'સમાજ' શબ્દનો અર્થ સમજવામાં મદદ કરે છે. સમાજશાસ્ત્રીઓ તેમના સંશોધનમાં જે ખ્યાલોનો ઉપયોગ કરે છે તે એવા હોવા જોઈએ કે જેના વિશે સંશોધનકારો અને અન્ય લોકો સહમત થઈ શકે. ઉદાહરણ તરીકે, 'સમાજીક વર્ગ' એક સ્પષ્ત ખ્યાલ છે કારણ કે તેની વ્યાખ્યા આર્થિક સ્થિતિ, શિક્ષણ અને સામાજિક દરજ્જા જેવા ચોક્કસ માપદંડોના આધારે કરી શકાય છે. જો કે, 'સંસ્કૃતિ' જેવો ખ્યાલ વધુ અમૂર્ત છે અને તેની વ્યાખ્યા કરવી થોડી મુશ્કેલ છે કારણ કે તેમાં ઘણા બધા પાસાઓ સામેલ હોય છે જેમ કે માન્યતાઓ, મૂલ્યો, રિવાજો અને વર્તન.*

**4. અમૂર્ત :**

*ખ્યાલોની બીજી એક મહત્ત્વની વિશેષતા એ છે કે તે અમૂર્ત હોય છે. અમૂર્તનો અર્થ એ થાય કે ખ્યાલને સ્પર્શી કે જોઈ શકાતો નથી. તે એક વિચાર છે, એક માનસિક રચના છે. ઉદાહરણ તરીકે, 'સમાજ' એક અમૂર્ત ખ્યાલ છે કારણ કે આપણે સમાજને હાથમાં લઈ શકતા નથી કે તેને જોઈ શકતા નથી. પરંતુ આપણે તેની અસરો જોઈ શકીએ છીએ, જેમ કે લોકોના વર્તન, સંસ્કૃતિ, અને સામાજિક સંસ્થાઓ. ખ્યાલોની અમૂર્તતા એ સમાજશાસ્ત્રને અન્ય વિજ્ઞાનોથી અલગ પાડે છે. કુદરતી વિજ્ઞાનોમાં વૈજ્ઞાનિકો મોટાભાગે દશ્યમાન વસ્તુઓ અને ઘટનાઓનો અભ્યાસ કરે છે. પરંતુ સમાજશાસ્ત્રીઓ અદશ્ય વિચારો, મૂલ્યો અને સંબંધોનો અભ્યાસ કરે છે. આ કારણે સમાજશાસ્ત્રીય સંશોધન વધુ જટિલ હોય છે.*

**5. ચોક્કસ અર્થ :**

*કોઈપણ સમાજશાસ્ત્રીય ખ્યાલને વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવા માટે તેનો અર્થ ચોક્કસ હોવો જરૂરી છે. એટલે કે, તેનો અર્થ એવો હોવો જોઈએ કે જેના પર વિવિધ સમાજશાસ્ત્રીઓ સહમત થાય. ઉદાહરણ તરીકે, 'સમાજીકીકરણ' એક ખ્યાલ છે. તેનો અર્થ એ છે કે વ્યક્તિ સમાજના નિયમો, મૂલ્યો અને ભૂમિકાઓ શીખે છે અને તેને અપનાવે છે. આ વ્યાખ્યા ચોક્કસ છે કારણ કે તે આ ખ્યાલની સીમાઓ સ્પષ્ટ કરે છે. ઉદાહરણ તરીકે, 'વર્ગ' એક ખ્યાલ છે. સમાજશાસ્ત્રમાં 'વર્ગ'નો અર્થ માત્ર આર્થિક સ્થિતિથી જ નહીં, પરંતુ સામાજિક શક્તિ, સંસાધનો અને જીવનશૈલીની દ્રષ્ટિએ પણ થાય છે. આમ, 'વર્ગ' શબ્દનો અર્થ સમાજશાસ્ત્રમાં એક ચોક્કસ અર્થ ધરાવે છે. ચોક્કસ અર્થ ધરાવતા ખ્યાલો સંશોધનને વધુ વૈજ્ઞાનિક બનાવે છે. જ્યારે સંશોધનકારો એક જ ખ્યાલને સમાન રીતે સમજે છે, ત્યારે તેમના પરિણામોની તુલના કરવી અને સામાન્ય નિષ્કર્ષ કાઢવા સરળ બને છે.*

**6. સંબંધિત :**

*ખ્યાલો એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા હોય છે. એક ખ્યાલ અન્ય ખ્યાલો સાથે સંબંધ ધરાવે છે અને તેના પર આધારિત હોય છે. ઉદાહરણ તરીકે, 'વર્ગ', 'સત્તા' અને 'અસમાનતા'*

*જેવા ખ્યાલો એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. એક વર્ગની સત્તા હોય છે, અને આ સત્તા અન્ય વર્ગોની તુલનામાં તેને વિશેષાધિકારો આપે છે, જે અસમાનતા તરફ દોરી જાય છે. આમ, આ ખ્યાલો એકબીજાને સમજવા માટે મદદરૂપ થાય છે. 'સંસ્કૃતિ' અને 'સમાજ' એ બે જુદા જુદા ખ્યાલો છે, પરંતુ તે એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. સંસ્કૃતિ એ સમાજના સભ્યો દ્વારા શેર કરવામાં આવતી વિચારો, મૂલ્યો અને વર્તનની પદ્ધતિ છે. આમ, સંસ્કૃતિને સમાજના સંદર્ભમાં સમજવું જરૂરી છે. ખ્યાલોની આ સંબંધિતતા સમાજશાસ્ત્રીઓને સમાજને એક સંપૂર્ણ તરીકે સમજવામાં મદદ કરે છે. જ્યારે સમાજશાસ્ત્રીઓ એક ખ્યાલનો અભ્યાસ કરે છે, ત્યારે તેઓ અન્ય સંબંધિત ખ્યાલોને પણ ધ્યાનમાં લે છે. આનાથી તેઓ સમાજના વિવિધ પાસાઓ વચ્ચેના જોડાણોને સમજી શકે છે.*

**7. ઐતિહાસિકતા :**

*કોઈપણ ખ્યાલ એક નિશ્ચિત સમય અને સ્થળની ઉત્પત્તિ છે. તે સમાજના ઈતિહાસ, સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તનોની અસરોનું પરિણામ હોય છે. ઉદાહરણ તરીકે, 'પરિવાર'નો ખ્યાલ વિવિધ સમાજોમાં અને વિવિધ સમયગાળામાં અલગ અલગ અર્થ ધરાવે છે. આજે આપણે જે પરિવારને ઓળખીએ છીએ તે આપણા પૂર્વજોના પરિવારથી અલગ છે. ખ્યાલો સમય સાથે બદલાતા રહે છે અને તેમનો અર્થ સંદર્ભને આધારે બદલાતો રહે છે. આમ, ખ્યાલો એ સમાજના ઈતિહાસનું પ્રતિબિંબ હોય છે.*

**8. સાંસ્કૃતિક વિવિધતા :**

*ખ્યાલો સાંસ્કૃતિક રીતે નિર્મિત હોય છે. એટલે કે, તેઓ એક ચોક્કસ સંસ્કૃતિના મૂલ્યો, વિચારો અને માન્યતાઓને પ્રતિબિંબિત કરે છે. ઉદાહરણ તરીકે, 'સમયની ભાવના'નો ખ્યાલ પશ્ચિમી અને પૂર્વીય સંસ્કૃતિઓમાં અલગ અલગ છે. પશ્ચિમમાં સમયને પૈસા જેવો માનવામાં આવે છે, જ્યારે પૂર્વમાં સમયને વધુ પ્રવાહી અને લચકદાર માનવામાં આવે છે. ઉપરાંત 'સન્માન' જેવો ખ્યાલ પશ્ચિમી અને પૂર્વીય સંસ્કૃતિઓમાં અલગ અલગ રીતે સમજાય છે. આમ, ખ્યાલો સાંસ્કૃતિક રીતે નિર્મિત હોય છે અને તેમના અર્થ સંસ્કૃતિના મૂલ્યો, માન્યતાઓ અને રિવાજો દ્વારા ઘડાય છે. એ જ રીતે 'સફળતા'નો ખ્યાલ પશ્ચિમી સંસ્કૃતિમાં ધન, કારકિર્દી અને સામાજિક દરજ્જા સાથે જોડાયેલો છે, જ્યારે પૂર્વીય સંસ્કૃતિમાં તે પરિવાર, સમાજ અને આધ્યાત્મિક વિકાસ સાથે જોડાયેલો હોઈ શકે છે. આમ, એક જ ખ્યાલ વિવિધ સંસ્કૃતિઓમાં અલગ અલગ અર્થ ધરાવી શકે છે.*

**9. સંશોધન માટેના સાધન :**

*ખ્યાલો એવા સાધનો છે જે સમાજશાસ્ત્રીઓને સમાજનું નિરીક્ષણ કરવા, તેના વિશે પ્રશ્નો પૂછવા અને તેના વિશે સિદ્ધાંતો વિકસાવવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, સમાજીકરણ', 'સંસ્કૃતિ', 'સત્તા', 'અસમાનતા' જેવા ખ્યાલોનો ઉપયોગ કરીને સમાજના વિવિધ પાસાઓનું વિશ્લેષણ કરી શકીએ છીએ. આ ખ્યાલો આપણને સમાજમાં થતી ઘટનાઓ અને પ્રક્રિયાઓને સમજવામાં મદદ કરે છે.*

❖ **સંશોધનમાં ખ્યાલોનો ઉપયોગ કેવી રીતે થાય છે ?**

- **પ્રશ્ન નિર્માણ :** *સંશોધનનો પ્રશ્ન બનાવતી વખતે આપણે ખ્યાલોનો ઉપયોગ કરીએ છીએ. ઉદાહરણ તરીકે, "શું શહેરીકરણ યુવાનોના સમાજીકરણને પ્રભાવિત કરે છે ?" આ પ્રશ્નમાં 'શહેરીકરણ' અને 'સમાજીકરણ' એ બે મહત્ત્વના ખ્યાલો છે.*
- **ડેટા એકત્રિત કરવા :** *ડેટા એકત્રિત કરવા માટે આપણે ખ્યાલોના આધારે પ્રશ્નો તૈયાર કરીએ છીએ. ઉદાહરણ તરીકે, જો આપણે સમાજીક સ્તરીકરણનો અભ્યાસ કરી રહ્યા છીએ, તો આપણે લોકોની આવક, શિક્ષણ અને વ્યવસાય જેવા ખ્યાલોને આધારે ડેટા એકત્રિત કરીશું.*
- **ડેટાનું વિશ્લેષણ :** *ડેટાનું વિશ્લેષણ કરતી વખતે આપણે ખ્યાલોનો ઉપયોગ કરીને તેનો અર્થ સમજીએ છીએ. ઉદાહરણ તરીકે, આપણે આપણા ડેટાના આધારે સમાજમાં અસમાનતા કેટલી છે તે નક્કી કરી શકીએ છીએ.*
- **સિદ્ધાંતોનું નિર્માણ :** *સંશોધનના અંતે આપણે આપણા પરિણામોના આધારે નવા સિદ્ધાંતો બનાવી શકીએ છીએ. આ સિદ્ધાંતોમાં આપણે વિવિધ ખ્યાલોનો ઉપયોગ કરીએ છીએ.*

**10 સમય અને સ્થાન આધારિત :**

**સમય આધારિતતા :** *સમાજ સતત બદલાતો રહે છે. તેમાં નવા વિચારો, તકનીકો, સંસ્કૃતિઓ અને સામાજિક વ્યવસ્થાઓનો ઉદય થાય છે. આ બદલાવો સાથે ખ્યાલો પણ બદલાતા રહે છે. જે કોઈ એક સમયે સામાજિક વાસ્તવિકતાને વર્ણવતું હતું તે જરૂરી નથી કે આજે પણ તે જ રીતે સંબંધિત હોય. ઉદાહરણ તરીકે, 'કુટુંબ'નો ખ્યાલ આજે એક સદી પહેલા કરતાં અલગ અર્થ ધરાવે છે. આજે સંયુક્ત કુટુંબ કરતાં એકલ કુટુંબ વધુ જોવા મળે છે.*

**સ્થાન આધારિતતા :** *સમાજો વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં વિવિધ રીતે વિકસે છે. વિવિધ સ્થળોએ રહેતા લોકોની સંસ્કૃતિ, વિચારો અને વર્તન અલગ હોય છે. ઉદાહરણ તરીકે, 'ગ્રામીણ સમાજ' અને 'શહેરી સમાજ' એ સ્થાન આધારિત ખ્યાલો છે. ગ્રામીણ અને શહેરી સમાજમાં લોકોના જીવનધોરણ, સામાજિક સંબંધો અને સંસ્કૃતિમાંનોંધપાત્ર તફાવત જોવા મળે છે. સમાજશાસ્ત્રીઓ સ્થાનની વિવિધ ધારણાઓનો ઉપયોગ કરીને સમાજનું વિશ્લેષણ કરે છે. જેમ કે, ભૌગોલિક સ્થાન, સામાજિક સ્થાન અને સાંસ્કૃતિક સ્થાન. ભૌગોલિક સ્થાન ભૌતિક પર્યાવરણને સંદર્ભિત કરે છે, જ્યારે સામાજિક સ્થાન સામાજિક વ્યવસ્થામાં વ્યક્તિની સ્થિતિને સંદર્ભિત કરે છે. સાંસ્કૃતિક સ્થાન સંસ્કૃતિના વિવિધ પાસાઓને સંદર્ભિત કરે છે.*

*સમાજશાસ્ત્રીઓ સમય અને સ્થાનને એકસાથે જોડીને સમાજનું વધુ સારું વિશ્લેષણ કરી શકે છે. ઉદાહરણ તરીકે, 'ઔદ્યોગિક ક્રાંતિ પછીનું શહેરી જીવન' એ સમય અને સ્થાન બંનેને સંદર્ભિત કરતો એક ખ્યાલ છે. આ ખ્યાલનો ઉપયોગ કરીને આપણે ઔદ્યોગિક ક્રાંતિ પછી શહેરોમાં રહેતા લોકોના જીવનમાં આવેલા પરિવર્તનોને સમજી શકીએ છીએ.*

## 3.5 ખ્યાલ (વિભાવના)નું મહત્ત્વ

*સમાજ કાર્યમાં, ખ્યાલોનો ઉપયોગ સેવાર્થીની સમસ્યાઓને સમજવા અને તેમને મદદ કરવા માટે થાય છે. ઉદાહરણ તરીકે, સમાજ કાર્યકરો પરિવાર, સમુદાય અને સામાજિક ન્યાય જેવા*

*ખ્યાલોનો ઉપયોગ કરે છે. આ ખ્યાલો સમાજ કાર્યકરોને સેવાર્થીની સમસ્યાઓને સમજવામાં અને તેમને મદદ કરવા માટે સૈદ્ધાંતિક માળખું પૂરું પાડે છે.*

**1. સંશોધન માટે આધારભૂત માળખું (Framework) :**

*ખ્યાલો એ સંશોધન માટે એક આધારભૂત માળખું પૂરું પાડે છે. તે સંશોધકને તેમના સંશોધનના લક્ષ્યોને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરવામાં અને સંશોધન પ્રશ્નોને વિકસાવવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ સમાજશાસ્ત્રી ગરીબીના કારણોનો અભ્યાસ કરવા માંગે છે, તો તેણે ગરીબી શબ્દનો અર્થ સ્પષ્ટ કરવાની જરૂર છે. તેણે ગરીબીને આર્થિક સ્થિતિ, સામાજિક અસમાનતા, આર્થિક અસમાનતા, સામાજિક વંચિતતા તરીકે વ્યાખ્યાયિત કરવી પડશે. એકવાર ખ્યાલ સ્પષ્ટ થઈ જાય પછી, સંશોધક સંશોધન પ્રશ્નો વિકસાવી શકે છે જેમ કે, "શા માટે કેટલાક લોકો અન્ય લોકો કરતાં વધુ ગરીબ છે ?" અથવા "ગરીબીના પરિણામો શું છે ?" ખ્યાલો સંશોધકને એ નક્કી કરવામાં મદદ કરશે કે કઈ બાબતો ગરીબી સાથે સંબંધિત હોઈ શકે છે અને કઈ બાબતોને ધ્યાનમાં લેવી જરૂરી છે.*

**2. સંશોધન પ્રશ્નોનું નિર્માણ :**

*ખ્યાલો સંશોધન પ્રશ્નોના નિર્માણમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સારા સંશોધન પ્રશ્નો સ્પષ્ટ, ચોક્કસ અને તપાસલાયક હોવા જોઈએ. ખ્યાલો સંશોધકને આવા પ્રશ્નો વિકસાવવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ સમાજશાસ્ત્રી સમાજીકરણના પ્રક્રિયાનો અભ્યાસ કરવા માંગે છે, તો તેણે સમાજીકરણ શબ્દનો અર્થ સ્પષ્ટ કરવાની જરૂર છે. તેણે સમાજીકરણને વ્યક્તિત્વના વિકાસની પ્રક્રિયા તરીકે વ્યાખ્યાયિત કરવી પડશે જે સમાજ સાથેની વ્યક્તિની ક્રિયાપ્રતિક્રિયા દ્વારા થાય છે. એકવાર ખ્યાલ સ્પષ્ટ થઈ જાય પછી, સંશોધક સંશોધન પ્રશ્નો વિકસાવી શકે છે જેમ કે, "બાળકો કેવી રીતે સમાજીકૃત થાય છે ?" અથવા "સમાજીકરણના પરિણામો શું છે ?"*

**3. સામાજિક વાસ્તવિકતાનું વર્ણન :**

*સમાજશાસ્ત્રીઓ સામાજિક વાસ્તવિકતાને સમજવા અને વર્ણવવા માટે વિવિધ ખ્યાલોનો ઉપયોગ કરે છે. આ ખ્યાલો સમાજના વિવિધ પાસાઓ જેવા કે સંસ્કૃતિ, સમાજીકરણ, સામાજિક સ્તર, ભૂમિકા, સંસ્થાઓ વગેરેનું વર્ણન કરવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, 'સંસ્કૃતિ' એક ખ્યાલ છે જેનો ઉપયોગ સમાજના સભ્યો દ્વારા શેર કરવામાં આવતી માન્યતાઓ, મૂલ્યો, ધોરણો અને રિવાજોનું વર્ણન કરવા માટે થાય છે. "સમાજીકરણ" એક ખ્યાલ છે જેનો ઉપયોગ વ્યક્તિઓ કેવી રીતે સમાજના સભ્ય બને છે અને સામાજિક નિયમો અને અપેક્ષાઓ શીખે છે તેનું વર્ણન કરવા માટે થાય છે. આ રીતે, ખ્યાલો સમાજશાસ્ત્રીઓને સામાજિક વાસ્તવિકતાને વધુ સચોટ અને વ્યવસ્થિત રીતે સમજવામાં મદદ કરે છે.*

**4. સંકલન અને વિશ્લેષણમાં સુગમતા :**

*સંશોધનમાં એકત્રિત કરવામાં આવેલા ડેટાનું વિશ્લેષણ કરવા માટે ખ્યાલો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ખ્યાલો સંશોધકને ડેટાને વધુ સારી રીતે સમજવા અને તેના આધારે તારણો કાઢવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ સમાજશાસ્ત્રી કોઈ ચોક્કસ સમુદાયમાં લોકોના સામાજિક દરજ્જાનો અભ્યાસ કરી રહ્યો હોય તો તે 'સામાજિક દરજ્જો', 'સામાજિક સ્તર', 'સામાજિક ગતિશીલતા' જેવા ખ્યાલોનો ઉપયોગ કરીને ડેટાનું વિશ્લેષણ કરશે. આ ખ્યાલો સંશોધકને એ*

*સમજવામાં મદદ કરશે કે સમુદાયમાં લોકોનો સામાજિક દરજ્જો કેવી રીતે નક્કી થાય છે અને તેમાં કઈ પરિવર્તન આવે છે.*

**5. વિષયની વ્યાખ્યા માટે મદદરૂપ :**

*ખ્યાલો વિષયની ચોક્કસ અને સ્પષ્ટ વ્યાખ્યા આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કોઈપણ વિષયને સમજવા માટે તેની વ્યાખ્યા જરૂરી છે. ખ્યાલો આપણને એ નક્કી કરવામાં મદદ કરે છે કે આપણે કઈ બાબતોનો અભ્યાસ કરી રહ્યા છીએ. ઉદાહરણ તરીકે, જો આપણે સમાજશાસ્ત્રમાં 'સમાજીક વર્ગ'નો અભ્યાસ કરી રહ્યા હોઈએ, તો આપણે સમાજીક વર્ગને વ્યાખ્યાયિત કરવા માટે વિવિધ ખ્યાલોનો ઉપયોગ કરી શકીએ જેમ કે આર્થિક સ્થિતિ, સામાજિક દરજ્જો, શિક્ષણ, વગેરે. આ ખ્યાલો આપણને સામાજિક વર્ગના વિવિધ પાસાઓને સમજવામાં મદદ કરશે અને આપણને સમાજીક વર્ગ વિશે વધુ સચોટ માહિતી મેળવવામાં મદદ કરશે.*

**6. નવા સાહિત્ય અને સિદ્ધાંત માટે માર્ગદર્શક :**

*ખ્યાલો નવા સાહિત્ય અને સિદ્ધાંતોના વિકાસ માટે માર્ગદર્શક તરીકે પણ કામ કરે છે. જ્યારે આપણે કોઈ નવા વિષયનો અભ્યાસ કરીએ છીએ, ત્યારે આપણે અગાઉના સંશોધકો દ્વારા ઉપયોગમાં લેવાયેલા ખ્યાલોનો અભ્યાસ કરીએ છીએ. આ ખ્યાલો આપણને નવા સંશોધન કરવા માટે એક માળખું પ્રદાન કરે છે. ઉદાહરણ તરીકે, જો આપણે સમાજશાસ્ત્રમાં 'સમાજીક પરિવર્તન'નો અભ્યાસ કરી રહ્યા હોઈએ, તો આપણે અગાઉના સંશોધકો દ્વારા ઉપયોગમાં લેવાયેલા સમાજીક પરિવર્તનના વિવિધ ખ્યાલોનો અભ્યાસ કરી શકીએ જેમ કે ક્રાંતિ, વિકાસ, આધુનિકીકરણ, વગેરે. આ ખ્યાલો આપણને સમાજીક પરિવર્તનના વિવિધ પાસાઓને સમજવામાં મદદ કરશે અને આપણને નવા સમાજીક પરિવર્તનના સિદ્ધાંતો વિકસાવવામાં મદદ કરશે.*

**7. અધ્યયન માટે કેન્દ્રિય ભુમિકા :**

*'સમાજશાસ્ત્રીય અધ્યયનમાં ખ્યાલો એક કેન્દ્રિય ભૂમિકા ભજવે છે. તેઓ સંશોધકને એક ચોક્કસ દિશા આપે છે અને અભ્યાસના વિષયને વધુ સ્પષ્ટ બનાવે છે. ખ્યાલો સંશોધકને એ નક્કી કરવામાં મદદ કરે છે કે કઈ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવું અને કઈ બાબતોને અવગણવી. ઉદાહરણ તરીકે, જો કોઈ સમાજશાસ્ત્રી સામાજિક અસમાનતાનો અભ્યાસ કરી રહ્યો હોય તો તે સામાજિક વર્ગ, જાતિ, લિંગ, આર્થિક સ્થિતિ જેવા ખ્યાલોનો ઉપયોગ કરશે. આ ખ્યાલો સંશોધકને એ નક્કી કરવામાં મદદ કરશે કે કઈ બાબતો સામાજિક અસમાનતા સાથે સંબંધિત હોઈ શકે છે અને કઈ બાબતોને ધ્યાનમાં લેવી જરૂરી છે. ખ્યાલો સંશોધકને એક સુસંગત અને વ્યવસ્થિત રીતે અભ્યાસ કરવામાં મદદ કરે છે અને અભ્યાસના પરિણામોને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે.*

**8. સમસ્યાઓની ઓળખ અને ઉકેલ માટે ઉપયોગી :**

*સમાજશાસ્ત્રીય ખ્યાલો સમાજમાં ઉદ્દભવતી વિવિધ સમસ્યાઓની ઓળખ અને તેના ઉકેલ માટે ખૂબ ઉપયોગી સાબિત થાય છે. ઉદાહરણ તરીકે, ગરીબી, બેરોજગારી, અપરાધ જેવી સમસ્યાઓને સમજવા માટે સમાજશાસ્ત્રીય ખ્યાલોનો ઉપયોગ કરવામાં આવે છે. આ ખ્યાલો સંશોધકને એ નક્કી કરવામાં મદદ કરે છે કે આ સમસ્યાઓના મૂળ કારણો શું છે અને તેને કેવી રીતે દૂર કરી શકાય. આ સમજણના આધારે સમાજશાસ્ત્રીઓ સરકાર અને અન્ય સંસ્થાઓને નીતિ*

*નિર્માણમાં મદદ કરી શકે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ સમાજશાસ્ત્રી ગરીબીના કારણોનો અભ્યાસ કરી રહ્યો હોય તો તે આર્થિક વિકાસ, સામાજિક સુરક્ષા, શિક્ષણ જેવા ખ્યાલોનો ઉપયોગ કરીને ગરીબી ઘટાડવા માટેના ઉપાયો સૂચવી શકે છે.*

**9. સામાજિક પરિબળોનું મૂલ્યાંકન :**

*સામાજિક પરિબળો એટલે કે જે પરિબળો વ્યક્તિઓ અને સમુદાયોના વર્તન, વિચારો અને અનુભવોને પ્રભાવિત કરે છે. આવા પરિબળોમાં સંસ્કૃતિ, સામાજિક વર્ગ, લિંગ, જાતિ, ધર્મ અને રાજકીય વ્યવસ્થાનો સમાવેશ થાય છે. ખ્યાલો આપણને આ પરિબળોને વધુ સારી રીતે વ્યાખ્યાયિત કરવામાં મદદ કરે છે અને તેમને એકબીજા સાથે કેવી રીતે સંબંધિત કરવા તે સમજવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, જ્યારે આપણે સામાજિક વર્ગના ખ્યાલનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે આપણે આર્થિક સ્થિતિ, શિક્ષણ, વ્યવસાય અને જીવનશૈલી જેવા વિવિધ પરિબળોને ધ્યાનમાં લઈ શકીએ છીએ. ખ્યાલો આપણને સંશોધન પ્રશ્નો વિકસાવવામાં પણ મદદ કરે છે. ઉદાહરણ તરીકે, જો આપણે સમાજિક વર્ગ અને આરોગ્ય વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવા માંગીએ, તો આપણે આવા પ્રશ્નો પૂછી શકીએ : "શું ઉચ્ચ સામાજિક વર્ગના લોકો નીચલા સામાજિક વર્ગના લોકો કરતાં વધુ સ્વસ્થ હોય છે ?", "શા માટે સામાજિક વર્ગ આરોગ્યને પ્રભાવિત કરે છે ?" આ પ્રશ્નોના જવાબ શોધવા માટે, આપણે સામાજિક વર્ગ અને આરોગ્યને માપવા માટે વિવિધ ખ્યાલોનો ઉપયોગ કરી શકીએ છીએ.*

*આમ, સમાજ કાર્યમાં ખ્યાલોનો ઉપયોગ સમાજમાં થતા ફેરફારોને સમજવા અને સમજાવવામાં પણ મદદ કરે છે. ઉદાહરણ તરીકે, સમાજ કાર્યકરો ગરીબી, ભેદભાવ, અન્યાય, સમાજિક ન્યાય, સમાનતા અને માનવ અધિકાર જેવા ખ્યાલોનો ઉપયોગ કરે છે. આ ખ્યાલો સમાજ કાર્યકરોને સમાજમાં થતા ફેરફારોને સમજવામાં અને સમજાવવામાં મદદ કરે છે.*

## 3.6 સારાંશ

*ખ્યાલ એ વિશ્વને સમજવા, વર્ગીકૃત કરવા અને અર્થઘટન કરવા સક્ષમ બનાવે છે. તે આપણને સંદેશાવ્યવહાર કરવા, સમસ્યાઓ હલ કરવા અને નવીન વિચારો વિકસાવવાની ક્ષમતા આપે છે. ખ્યાલો આપણને સમય અને અંતરને પાર કરીને અન્ય લોકો સાથે જોડે છે. તેઓ સંસ્કૃતિ, સમાજ અને વ્યક્તિગત વૃદ્ધિના આધારસ્તંભ છે. ખ્યાલો સતત વિકાસ પામતા રહે છે. સાંસ્કૃતિક, સામાજિક અને વ્યક્તિગત પરિપ્રેક્ષ્ય દ્વારા આકાર પામે છે. જેમ જેમ આપણું જ્ઞાન વધે છે અને સમાજ બદલાય છે, તેમ તેમ આપણા ખ્યાલો પણ બદલાય છે. આપણે નવા ખ્યાલો વિકસાવીએ છીએ અને જૂના ખ્યાલોને પુનર્વિચાર કરીએ છીએ. આ સતત વિકાસની પ્રક્રિયા સમાજકાર્યને સમય સાથે અનુકૂલન કરવા અને નવી પડકારોનો સામનો કરવામાં મદદ કરે છે. સમાજ કાર્યકર્તાઓ માટે ખ્યાલોને સમજવા અને તેનો ઉપયોગ કરવાની ક્ષમતા મહત્ત્વપૂર્ણ છે. આ ક્ષમતા તેમને વધુ અસરકારક અને સંવેદનશીલ સમાજ કાર્યકર્તા બનવામાં મદદ કરે છે.*

## 3.7 તમારી પ્રગતિ ચકાસો

- **વિસ્તારપૂર્વક ઉત્તર લખો.**

1. *ખ્યાલ (વિભાવના)નો અર્થ આપી, તેના કાર્યોની સમજૂતી આપો.*
2. *ખ્યાલ (વિભાવના)ના લક્ષણો વિગતવાર જણાવો.*
3. *ખ્યાલનું મહત્ત્વ સમજાવો.*

- **યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તરો આપો.**

1. _____________ *એટલે મનમાં રચાયેલું કોઈ ચોક્કસ વિચારસરણી કે સમજણ.*
   *(અ) પરિવર્ત્ય* *(બ) ખ્યાલ* *(ક) ઉપકલ્પના*
2. *દર્શાવે છે કે "ખ્યાલ એ નિરીક્ષણ કરેલી ઘટના ઉપરથી કરવામાં આવેલી તારવણી છે."*
   *(અ) મેક્સ વેબર* *(બ) રોબર્ટ મર્ટન* *(ક) જહોડા*
3. _____________ *ખ્યાલોના મુખ્ય કાર્યો છે.*
   *(અ) સામાજીક સમસ્યાઓનું નિરાકરણ* *(બ) સંશોધન માટે સાધન*
   *(ક) ઉપર્યુક્ત બંને*
4. *ખ્યાલ (વિભાવના)ના લક્ષણો* _____________ *છે.*
   *(અ) અમૂર્ત* *(બ) સાંસ્કૃતિક વિવિધતા*
   *(ક) ઉપરના તમામ*
5. _____________ *માટે ખ્યાલો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.*
   *(અ) સંશોધન પ્રશ્નોનું નિર્માણ* *(બ) સામાજિક પરિબળોનું મૂલ્યાંકન* *(ક) અ અને બ*

## 3.8 ચાવીરૂપ શબ્દો

| | | |
|---|---|---|
| **1. ખ્યાલ (Concept)** | : | *કોઈ પણ વસ્તુ, ઘટના કે વિચારને સંક્ષિપ્તમાં રજૂ કરતું માનસિક પ્રતિનિધિત્વ.* |
| **2. સંશોધન (Research)** | : | *કોઈ પણ વિષય અંગે નવી માહિતી અને જ્ઞાન મેળવવાની વ્યવસ્થિત પ્રક્રિયા. સમાજ કાર્યમાં સંશોધનનો ઉપયોગ સામાજિક સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે થાય છે.* |
| **3. સંશોધન પદ્ધતિ (Research Methodology)** | : | *સંશોધન દરમિયાન માહિતી એકત્ર કરવા અને વિશ્લેષણ કરવા માટે વપરાતી વિવિધ પદ્ધતિઓ.* |

## 3.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. *(બ) ખ્યાલ*
2. *(ક) જહોડા*
3. *(ક) ઉપર્યુક્ત બંને*
4. *(ક) ઉપરના તમામ*
5. *(ક) અ અને બ*

## 3.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો/સંદર્ભ


1. Good. W.J. & Hutt, P.K. (1952). Methods in Social Research. Tokyo : McGraw Hill
2. Young, P.V. (1988) Scientific Social Survery and Research. New Delhi : Prentice Hll
3. *પાંડર સુભાષ* (2018) *''સામાજિક સંશોધન પદ્ધતિ'; એકેડેમિક પ્રકાશન, અમદાવાદ*

| એકમ - 4 | સમાજકાર્ય સંશોધનમાં ઉત્કલ્પના |
|---|---|

-: રૂપરેખા :-

**4.0 હેતુઓ**

**4.1 પ્રસ્તાવના**

**4.2 સમાજકાર્ય સંશોધન**

**4.3 સમાજકાર્ય સંશોધનમાં ઉત્કલ્પના**

**4.5 તમારી પ્રગતિ ચકાસો**

**4.6 સારાંશ**

**4.7 ચાવીરૂપ શબ્દો**

**4.8 તમારી પ્રગતિ તપાસોના જવાબ**

**4.9 સ્વાધ્યાય**

**4.10 સંદર્ભસૂચિ**

## 4.0 હેતુઓ

*વિદ્યાર્થી મિત્રો આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે...*

- *સમાજકાર્ય સંશોધન વિશે જાણી શકશો.*
- *સમાજકાર્ય સંશોધનમાં ઉત્કલ્પના વિશે સમજી શકશો.*

## 4.1 પ્રસ્તાવના

*સમાજકાર્ય સંશોધનમાં, પૂર્વધારણા એ એક પરીક્ષણ કરવા યોગ્ય નિવેદન છે જે બે અથવા વધુ ચલો વચ્ચેના સંબંધની આગાહી કરે છે. પૂર્વધારણા ઘણીવાર સિદ્ધાંત, પૂર્વ સંશોધન અથવા ચોક્કસ વસ્તીમાં અવલોકનના આધારે ઘડવામાં આવે છે. તેઓ સંશોધન પ્રક્રિયાને માર્ગદર્શન આપે છે, સામાજિક કાર્યકરોને ચોક્કસ પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં અને સંભવિત પરિણામોની અપેક્ષા રાખવામાં મદદ કરે છે. સમાજકાર્ય સંશોધનમાં એ એક પરીક્ષણ કરવા યોગ્ય નિવેદન અથવા બે કે તેથી વધુ ચલો વચ્ચેના સંબંધ વિશેની આગાહી છે જે અભ્યાસ હાથ ધરતા પહેલા ઘડવામાં આવે છે. તે સંશોધન માટે માર્ગદર્શક માળખા તરીકે સેવા આપે છે, સંશોધકોને માનવ વર્તન, સામાજિક પ્રણાલીઓ અને સેવા દરમિયાનગીરીઓથી સંબંધિત સામાજિક ઘટનાઓનું અન્વેષણ, વિશ્લેષણ અને સમજવામાં મદદ કરે છે.*

## 4.2 સમાજકાર્ય સંશોધન

*સમાજકાર્ય સંશોધન એ વ્યક્તિઓ, પરિવારો, જૂથો અને સમુદાયો સંબંધિત સામાજિક સમસ્યાઓ, હસ્તક્ષેપો અને પરિણામોની પદ્ધતિસરની અને વૈજ્ઞાનિક તપાસ છે. તેનો ઉદ્દેશ જ્ઞાન ઉત્પન્ન કરવાનો છે જે સમાજકાર્ય પ્રથા, નીતિઓ અને સેવાઓની માહિતી આપે છે અને તેમાં સુધારો કરે છે. વિવિધ સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરીને, સમાજકાર્ય સંશોધન સામાજિક*

*સમસ્યાઓના કારણોને સમજવા, દરમિયાનગીરીઓની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા અને વિવિધ વસ્તીમાં સામાજિક ન્યાય અને સુખાકારીને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે.*

*"સમાજકાર્ય સંશોધન, સમાજકાર્ય જ્ઞાન, નિપુર્ણતમાટે સમાજકાર્ય અને સિદ્ધાંતોની તપાસ, સામાન્યીકરણ અને તેમનો વિસ્તાર કરવા માટે સમાજકાર્ય સંગઠન, કાર્ય તેમજ રીતોની પ્રમાણિકતાની આલોચનાત્મક પૂછપરછ તેમજ વૈજ્ઞાનિક પરીક્ષણ છે."* - **ફિલેન્ડર (1957)**

*સમાજકાર્ય સંશોધન અંતર્ગત એ પ્રશ્ન સમાવિષ્ટ હોય છે જે સમાજકાર્ય પ્રેક્ટીસ દરમ્યાન અથવા વહીવટ દરમ્યાને અથવા સમાજકાર્ય સેવાઓના આયોજન અથવા વહીવટ દરમ્યાન ઊભા થાય છે જે સંશોધનના માધ્યમથી ઉકેલવા યોગ્ય હોય છે.* - **નેશનલ એસોસિએશન ઓફ સોશ્યલ વર્કસ (1953)**

*સમાજકાર્ય સંશોધન એ એક પદ્ધતિસરની, વૈજ્ઞાનિક તપાસ છે જેનો હેતુ સમાજકાર્ય પ્રથા, કાર્યક્રમો અને નીતિઓને સુધારવા માટે જ્ઞાન વિકસાવવા માટે છે. તેમાં વ્યક્તિઓ, પરિવારો અને સમુદાયોની સુખાકારીને વધારવાના અંતિમ ધ્યેય સાથે સામાજિક સમસ્યાઓ, માનવ વર્તન અને સામાજિક હસ્તક્ષેપથી સંબંધિત ડેટા એકત્રિત, વિશ્લેષણ અને અર્થઘટનનો સમાવેશ થાય છે. આ સંશોધન પુરાવા-આધારિત પ્રેક્ટિસને સમર્થન આપે છે, નિર્ણય લેવાની માહિતી આપે છે, અને અસમાનતા, ગરીબી, માનસિક સ્વાસ્થ્ય અને સેવાઓની ઍક્સેસ જેવા મુદ્દાઓને સંબોધીને સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપે છે.*

*સમાજકાર્ય સંશોધન એ એક વૈજ્ઞાનિક અને વ્યવસ્થિત પ્રક્રિયા છે, જેનું મુખ્ય ઉદ્દેશ સામાજિક સમસ્યાઓને સમજવું, એમના ઉકેલ માટે વિચારવું, અને એ માટેની યોજનાઓ વિકસિત કરવા માટે માહિતી એકત્ર કરવી અને વિશ્લેષણ કરવું છે. આ સંશોધન લોકોને અને સમુદાયોને મદદ કરવા માટે નવી પદ્ધતિઓ શોધે છે અને પ્રત્યક્ષ કામમાં ઉપયોગ માટે વ્યવહારૂ ઉકેલો શોધે છે.*

## 4.3 સમાજકાર્ય સંશોધનમાં ઉત્કલ્પના

*કોઈ સમસ્યાની સંશોધન દ્વારા ઉકેલ મેળવવામાં ઉત્કલ્પના વૈજ્ઞાનિક સંશોધનનું આ ખુબ જ મહત્ત્વનું સોપાન છે. સામાજિક સંશોધનની કાર્ય-વિધિમાં ઉત્કલ્પનાનું નિર્માણ એ અત્યંત અગત્યનો તબક્કો છે. તે સંશોધન પ્રશ્નના પડતરનો નિર્દેશ કરે છે. વાસ્તવિક ઘટનાનાં તથ્યો વચ્ચેના સહસંબંધ અંગેનું કામચલાઉ વિધાન નક્કી કરતી વખતે સંશોધક પોતાના પૂર્વ અનુભવો અને બીજાઓના પૂર્વ અનુભવોને ધ્યાન ઉપર લે છે.*

*અંગ્રેજીમાં તેને* Hypothesis *કહે છે. આ શબ્દમાં ઉત્કલ્પનાનું સમગ્ર સાદે આવી જાય છે. ઉત્કલ્પનાને અંગ્રેજીમાં* Hypothesis *કહે છે.* Hypo *શબ્દનો અર્થ* Less than = *એટલે કેના કરતા ઉતરતું* (*કામચલાઉ*) *અને* Thesis *શબ્દનો અર્થ છ* Reasoned Theory *કે* Established fact *પ્રસ્થાપિત હકીકત. એવો થાય છે એટલે કે, ઉત્કલ્પનાનો શાબ્દિક અર્થ પ્રસ્થાપિત હકીકત કરતાં ઊતરતું કે કામચલાઉ વિધાન* (A Theory which is not fully reasoned) *એવો કરી શકાય. ઉત્કલ્પનાના નિર્માણમાં સંશોધકના પોતાના તેમજ બીજાના પૂર્વ અનુભવો ઉપયોગી બને છે. સંશોધન અભ્યાસનું શીર્ષક નક્કી કર્યા પછી સંશોધકની મુખ્ય બે તાંત્રિક જવાબદારીઓ છે. જેમાં પ્રથમ છે અભ્યાસના હેતુઓને અનુરૂપ ઉત્કલ્પના રચવી અને બીજું છે અભ્યાસમાં સમાયેલા ચલોને*

*ઓળખી તેમને વ્યાખ્યાયિત કરવા. સંશોધનમાં ઉત્કલ્પના અને ચળો એકબીજા સાથે ગાઢ રીતે વણાયેલા છે. આ એકમમાં ઉત્કલ્પના અને ચલો અંગેની વિસ્તૃત વિભાવના સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.*

**ઉત્કલ્પનાનો અર્થ :**

*ઉત્કલ્પના એ એવી તાત્કાલિક ધારણા છે, જેની ચકાસણી અને પુરવાર કરવા માટે સંશોધન કરવામાં આવે છે. તેને 'અનુમાન' કે 'ધારણા' પણ કહેવાય છે, જે પરીક્ષણ કરીને સાબિત અથવા અસ્વીકૃત કરી શકાય છે.*

*સંશોધનકાર્યમાં અભ્યાસના હેતુઓ અને શીર્ષક પસંદગી કર્યા પછી, સંશોધક પોતાની સમસ્યાના સંદર્ભમાં કામચલાઉ જવાબો કે ઉકેલો રચે છે. જેને ઉત્કલ્પના કે પરિકલ્પના તરીકે ઓળખવામાં આવે છે.*

❖ **ઉત્કલ્પનાની વ્યાખ્યાઓ :**

- *"ઉત્કલ્પના એ, બે કે તેથી વધારે ચલોના સંબંધમાં એક અનુમાનિત કે કલ્પનાત્મક વિધાન છે."* **F. N. Kerlinger (1996)**
- *"ઉત્કલ્પના એ એવી કામચલાઉ ધારણા છે કે અત્યાર સુધી શોધાયાં નથી તેવાં સત્યોને મેળવવા માટે માર્ગદર્શન પુરું પાડે છે."* **કે. એસ. સિદ્ધુ (1984)**
- *ઉત્કલ્પના એ એવાં ચકાસી શકાય તેવા વિધાનો છે કે જેનાથી સ્વતંત્રચલ અને આધારિત ચલ વચ્ચેના સંબંધની આગાહી કરી શકાય છે."* **Good and Hatt (1954)**
- *"ઉત્કલ્પના એક એવું વિધાન છે કે જેની યથાર્થતા તપાસવા માટે ચકાસણી પર મૂકી શકાય છે."* **વુડવર્થ (1943)**
- *"ઉત્કલ્પના એવું કામ ચલાઉ સમાન્યીકરણ છે, જેની યથાર્થતા ચકાસવાની હજી સુધી બાકી હોય છે."* **પી.વી. યંગ (2012)**
- *"ઉત્કલ્પના એક એવો કામચલાઉ કેન્દ્રીય વિચાર છે કે જે ફળદાયી સંશોધનનો આધાર બને છે."* **વેબસ્ટર ડીક્ષનેરી (2003)**
- *"ઉત્કલ્પના એક એવું વિધાન છે જે ચોક્કસ પણે સાચુ કે ખોટું છે તે આપણે જાણતા નથી પરંતુ તેની સત્યાર્થતા નિર્ધારિત કરવા માટે તેની ચકાસણી કરવાની હોય છે."* **બ્લેકોક (1971)**
- **લૂન્ડભર્ગ** *વ્યાખ્યા આપતાં કહે છે કે, ઉત્કલ્પના એક એવું કામ ચલાઉ સામાન્યીકરણ છે, જેની મથાર્થતા ચકાસવાની હજી બાકી હોય છે."*
- **બોક કહે છે કે, "ઉત્કલ્પના એવું વિધાન છે જે ચોક્કસ પણે સાચું છે કે ખોટું તે આપણે જાણતા નથી; પરંતુ, તેની સત્યતા** *નિર્ધારીત કરવા માટે તેની ચકાસણી કરવાની હોય છે."*

*ઉત્કલ્પના એક એવું વિધાન છે કે જેની યથાર્થતા તપાસવા માટે ચકાસણી પર મૂકી શકાય છે.*

*વધુ સ્પષ્ટ કરતાં આ લેખકો જણાવે છે કે, "ઉત્કલ્પના એવો એક પ્રશ્ન છે જેનો કોઈપણ પ્રકારનો જવાબ મેળવવાનો હજી બાકી હોય છે. ઉત્કલ્પના લોકોના સામાન્ય મતને અનુરૂપ પણ હોઈ શકે અને વિરુદ્ધની પણ હોઈ શકે. ચકાસણીના અંતે ઉત્કલ્પના સાચી પણ પુરવાર થાય અને ખોટી પણ પુરવાર થઈ શકે છે.*

*ઉત્કલ્પનાએ કોઈ ઘટના, પરિસ્થિતિ અથવા સંબંધ વિશેનો તાત્કાલિક અનુમાન છે, જેનું ચકાસણું સંશોધન દ્વારા કરવામાં આવે છે. તે એક પ્રકારની વિજ્ઞાનિક ધારણા છે, જેને અમે તપાસવા અથવા સાબિત કરવા પ્રયત્ન કરીએ છીએ. ઉત્કલ્પના સંશોધન પ્રશ્નનો જવાબ આપવા માટે તૈયાર કરવામાં આવે છે, અને તે તપાસની માર્ગદર્શિકા તરીકે કામ કરે છે.*

**ઉદાહરણ :**

1. **ઉત્કલ્પના :** *"ધુમ્રપાન અને ફેફસાંના કેન્સર વચ્ચે સકારાત્મક સંબંધ છે." આ અર્થમાં, સંશોધનકર્તા અનુમાન કરે છે કે વધુ ધુમ્રપાન કરનાર લોકોમાં ફેફસાંના કેન્સર થવાનો ખતરો વધુ છે. આ ઉત્કલ્પનાને ડેટા અને પરીક્ષણ દ્વારા ચકાસવામાં આવે છે.*
2. **ઉત્કલ્પના :** *"વિદ્યાર્થીઓમાં સમય સંચાલન અને પ્રદર્શન (પરફોર્મન્સ) વચ્ચે સકારાત્મક સંબંધ છે." આ ધારણા છે કે જે વિદ્યાર્થીઓ પોતાનો સમય સારા રીતે સંચાલિત કરે છે, તેઓ અભ્યાસમાં વધુ સારું પ્રદર્શન કરે છે.*

*અંગ્રેજીમાં,* 'Hypothesis' *શબ્દ ગ્રિક મૂળ* 'Hypo' (*નીચું*) *અને* 'Thesis' (*સ્થાપિત કરવા*) *પરથી આવ્યો છે, જેનો અર્થ છે "કોઈ બાબતના આધાર પરની ધારણા".*

*ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી ઉત્કલ્પના એ…*

- *સમસ્યાનો સૂચવાયેલો ઉકેલ છે.*
- *પ્રશ્નના જવાબરૂપે દર્શાવતો કામચલાઉ પ્રસ્તાવ છે.*
- *સમસ્યાના શક્ય ઉકેલ અંગેની બૌદ્ધિક ધારણા છે.*
- *એ સંશોધન સંભવિત પરિણામ સંબંધે તાર્કિક વિચારણા છે.*
- *કોઈ ચોક્કસ સંબંધ કે તફાવત શું હશે તે અંગેનું અનુમાનિત વિધાન છે.*
- *પ્રાપ્ત પુરાવાઓ પર આધારિત એવું અનુમાનિત વિધાન છે કે જેને સંશોધક પોતાના અભ્યાસ દ્વારા ચકાસે છે.*
- *અભ્યાસના હેતુઓને અનુરુપ સંશોધનના અંતે કેવા પરિણામો પ્રાપ્ત થશે તે અંગેના તાર્કિક અનુમાનો છે.*

*આમ, ઉત્કલ્પના એ સમસ્યાને વૈજ્ઞાનિક રીતે જોવાની આંખો છે. એક રીતે જોતાં ઉત્કલ્પનાઓ સમસ્યાના ઉકેલ માટેની ચાવી છે. ઉત્કલ્પના બાંધવાથી સંશોધનકારને કાર્યનો માર્ગ સૂઝે છે. સમસ્યા અંગે કઈ માહિતીની એકઠી કરવી, અને તે માહિતી વચ્ચે સંબંધો કેવી રીતે જોવા, તે ઉત્કલ્પનાનાને આધારે નક્કી થાય છે.*

*ઉત્કલ્પના એ સમસ્યા ઉકેલ અંગે ની બૌદ્ધિત ધારણાઓ છે. જેમ સંશોધનકારનો અનુભવ બહોળો અને વિશાળ, જેમ સંબંધિત સાહિત્યનો ઊંડો અભ્યાસ, જેમ તર્ક શક્તિ વધુ, જેમ બુદ્ધિકક્ષા ઉંચી, તેમ વધુ અદાણી ઉત્કલ્પનાઓ બાંધી શકાય છે. ઉત્કલ્પનાઓ બાંધવામાં ઉતાવળીયા નિર્ણય ન લેવો. અને જેમ બને તેમ વધુ ઉત્કલ્પનાઓ બાંધવી, એ સંશોધન માટે હંમેશાં હિતકર હોય છે*

**ઉત્કલ્પનાના લક્ષણો :**

*ઉત્કલ્પનાએ સંશોધનની આંખો છે. સંશોધનનો હેતુ સિદ્ધ કરવા માટે ઉત્કલ્પના બાંધતી વખતે ખૂબજ કાળજી રાખવામાં આવે તે જરૂરી છે. ઉત્કલ્પનાઓ જેટલી વધુ બાંધી શકાય તેવી વધુ સારી. વળી ઉત્કલ્પનાઓ સાચી પણ પડે કે ખોટી પણ પડે, કારણ કે તે માત્ર ધારણાઓ જ છે. આઈનસ્ટાઈને એક વાર એવું કહ્યુ હતુ કે તેની 100 ઉત્કલ્પનાઓમાંથી 99 ખોટી નિકળતી. ઉત્કલ્પનાઓ તરંગો છે અને તરંગો ખોટા પણ નિકળી શકે, છતાં પણ ઉત્કલ્પના બાંધતી વખતે કેટલીક કાળજી રાખવામાં આવે તો, સારી અને આદર્શ ઉત્કલ્પના બાંધી શકાય છે. સારી ઉત્કલ્પનાનાં લક્ષણો નીચે મુજબ છે.*

- *ઉત્કલ્પનાએ અવલોકન કરેલા સત્યોનું કરારનામું છે. ઉત્કલ્પના ખરી લાગે તેવી અને કલ્પી શકાય તેવી હોવી જોઈએ.*
- *ઉત્કલ્પનાઓ વિધેયાત્મક તેમજ નિષેધાત્મક અને બંને પ્રકારની હોવી જોઈએ.*
- *કુદરતના સનાતન સત્યો કે નિયમોનો વિરોષાભાષ થાય એવી ઉત્કલ્પનાઓ બાંધવી જોઈએ નહીં.*
- *ઉત્કલ્પના વૈજ્ઞાનિક ભાષામાં તથા સંશોધનની પરિભાષામાં અભિવ્યક્ત થવી જોઈએ.*
- *ઉત્કલ્પના તદ્દન સરળ ભાષામાં રજૂ થવી જોઈએ.*
- *ઉત્કલ્પના આગમનિક તર્ક પર આધારિત હોવી જોઈએ.*

**ઉત્કલ્પનાના પ્રકારો :**

- **વર્ણનાત્મક ઉત્કલ્પના :** *વસ્તીમાં અપેક્ષિત સંબંધો અથવા લાક્ષણિકતાઓનું વર્ણન કરો. ઉદાહરણ તરીકે, "જે યુવાનોએ આઘાતનો અનુભવ કર્યો હોય તેઓમાં ચિંતાનું પ્રમાણ વધુ હોય છે."*
- **સબંધાત્મક ઉત્કલ્પના :** *બે અથવા વધુ ચલો વચ્ચેના સંબંધોનું અન્વેષણ કરો. ઉદાહરણ તરીકે, "કૌટુંબિક સમર્થન અને માનસિક સ્વાસ્થ્યના પરિણામો વચ્ચે સકારાત્મક સંબંધ છે."*
- **કારણકારી ઉત્કલ્પના :** *કારણ-અને-અસર સંબંધ સૂચવો, ઘણીવાર પ્રાયોગિક અથવા અર્ધ-પ્રાયોગિક પદ્ધતિઓ દ્વારા પરીક્ષણ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, "જોબ પ્રશિક્ષણ કાર્યક્રમમાં સહભાગિતા તાજેતરમાં છૂટા કરાયેલા અપરાધીઓમાં પુનર્વિચાર દર ઘટાડે છે."*
- **વૈકલ્પિક ઉત્કલ્પના :** *સંબંધ અથવા અસર અસ્તિત્વમાં છે તે પ્રસ્તાવિત કરે છે અને સંશોધક તેને સમર્થન આપવાનું લક્ષ્ય રાખે છે. ઉદાહરણ તરીકે, "કાઉન્સેલિંગ સહભાગીઓમાં પદાર્થના દુરુપયોગના દરને ઘટાડે છે."*
- **દિશાસૂચક ઉત્કલ્પના :** *દિશાસૂચક ઉત્કલ્પનાઓમાં અપેલિત તફાવત કે સંબંપ અંગેની દિશા સ્પષ્ટ કરી શકાય છે. ઉત્કલ્પનાઓમાં જ્યારે કોઈ અપેલિત તફાવત કે સંબંધની દિશા સ્પષ્ટ કરી ન હોય ત્યારે તે મિનદિશાસૂચક ઉત્કલ્પના તરીકે ઓળખાય છે. પ્રશ્ન સ્વરૂપ ઉત્કલ્પના દ્વારા અપેક્ષિત પરિણામને સીધું વ્યક્ત કરવાને બદલે પરિણામ કેવું હશે તેવો પ્રશ્ન પૂછાય છે.*
- **શૂન્ય ઉત્કલ્પના :** *શૂન્ય ઉત્કલ્પના એ ધારણા છે કે સંશોધનમાં કોઈ સ્પષ્ટ સંબંધ, તફાવત, કે અસર નથી. શૂન્ય ઉત્કલ્પનાનો ઉપયોગ એ વાતને સમર્થન માટે થાય છે*

*કે જે પણ તફાવત દેખાય છે, તે માત્ર ચકાસણીના કારણે છે અને કોઈ વાસ્તવિક કારણ નથી. ઉદાહરણ : "શાળાના વિદ્યાર્થીઓના ગ્રેડ અને તેમના માતા-પિતાના શિક્ષણ સ્તર વચ્ચે કોઈ સંબંધ નથી."*

- **વૈકલ્પિક ઉત્કલ્પના :** *વૈકલ્પિક ઉત્કલ્પના એ શૂન્ય ઉત્કલ્પનાને નકારીને નિર્દિષ્ટ તફાવત અથવા સંબંધ દર્શાવતી ધારણા છે. વૈકલ્પિક ઉત્કલ્પનાનો ઉપયોગ સામાન્ય રીતે એનો પરીક્ષણ કરવા માટે થાય છે કે શું વાસ્તવમાં સંબંધ છે કે તફાવત છે. ઉદાહરણ : "શાળાના વિદ્યાર્થીઓના ગ્રેડ અને તેમના માતા-પિતાના શિક્ષણ સ્તર વચ્ચે સકારાત્મક સંબંધ છે.*
- **દિશાત્મક ઉત્કલ્પના :** *દિશાત્મક ઉત્કલ્પના તે હોય છે, જે સ્પષ્ટ કરે છે કે શું સંબંધ સકારાત્મક છે અથવા નકારાત્મક છે. ઉદાહરણ : "વિદ્યાર્થીઓની ઘણતરના વધતા અભ્યાસ કલાકોથી તેમના ગ્રેડમાં વધારો થાય છે."*
- **પ્રયોગાત્મક ઉત્કલ્પના :** *પ્રયોગાત્મક ઉત્કલ્પના એ રીતે રચવામાં આવે છે કે જે તે પરીક્ષણ કરી શકાય છે અને ડેટા દ્વારા સમર્થન મળે છે. ઉદાહરણ : "જો થેરાપી આપવામાં આવે છે, તો ડિપ્રેશનના લક્ષણો ઓછા થાય છે." આ પ્રકારની ઉત્કલ્પના સાક્ષાત ડેટા પર આધાર રાખે છે અને સંશોધન પરીક્ષણો માટે બનાવવામાં આવે છે.*

*આમ, સંશોધનમાં ઉત્કલ્પનાનું કાર્ય ખૂબ જ મહત્ત્વપુર્ણ છે. સમસ્યા અંગે કાળજીપૂર્વક ઉત્કલ્પના તૈયાર કરવાથી સંશોધન કાર્ય ખૂબ સરળ બને છે. સંશોધન અભ્યાસમાં હેતુઓ નક્કી થયા પછી સંશોધક પોતાની સમસ્યાને સમજવા કેટલાંક કામચલાઉ અનુમાનો કે પરિકલ્પનાઓ વિચારે છે. આવાં સાદા અર્થમાં જોવા મળેલ હકીકતોને સમજાવતાં વિધાન કે પ્રમેયને ઉત્કલ્પના કહે છે.*

### ❖ સમાજકાર્ય સંશોધનમાં ઉત્કલ્પનાનું મહત્ત્વ :

*ઉત્કલ્પના સંશોધનકારને ઉકેલ પ્રત્યે સજાગ અને સંવેદનશીલ બનાવે છે. તેથી સંશોધનમાં ઉત્કલ્પનાનું મહત્ત્વ સવિશેષ છે. ઉત્કલ્પનાનું મહત્ત્વ દર્શાવિતા મુદ્દાઓ નીચે મુજબ ગણાવી શકાય*

- *ઉત્કલ્પનાથી સમસ્યાનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે.*
- *ઉત્કલ્પનાથી સંશોધન કેન્દ્રિત બને છે.*
- *ઉત્કલ્પનાથી સંશોધન કાર્ય સરળ અને દિશાસૂચક બને છે.*
- *ઉત્કલ્પનાથી ચલોની પસંદગી કરવામાં માર્ગદર્શન મળે છે.*
- *ઉત્કલ્પનાને લીધે સંશોધન પદ્ધતિ અંગેનો ખ્યાલ મળે છે.*
- *ઉત્કલ્પનાથી માહિતી એકત્રીકરણનાં સાધનો અંગેની જાણકારી મળે છે.*
- *ઉત્કલ્પનાને આધારે યોગ્ય આંકડાશાસ્ત્રીય પદ્ધતિનું અનુમાન કરી શકાય છે.*
- *ઉત્કલ્પનાથી માહિતી પૃથક્કરણની પ્રયુક્તિ કેવી હોવી જોઈએ તેનો ખ્યાલ મળે છે.*

*સમાજકાર્ય સંશોધનમાં એક પૂર્વધારણા એ સ્પષ્ટ, પરીક્ષણ કરી શકાય તેવું નિવેદન છે જે સમાજકાર્ય પ્રથા, નીતિ અથવા માનવ વર્તન સાથે સંબંધિત ચલો વચ્ચેના સંબંધની આગાહી કરે છે. તે સંશોધકોને સમસ્યાઓની વ્યવસ્થિત તપાસ કરવા અને દરમિયાનગીરીઓ અથવા કાર્યક્રમોની અસરકારકતાનું મૂલ્યાંકન કરવાની મંજૂરી આપે છે.*

*સમાજકાર્ય સંશોધનમાં એક પૂર્વધારણા ઘડવાનું સુનિશ્ચિત કરે છે કે સંશોધન સંરચિત છે અને પરિણામો પર કેન્દ્રિત છે જે આખરે નીતિ, વ્યવહાર અને સમુદાય સુખાકારીને પ્રભાવિત કરી શકે છે. આ પૂર્વધારણા-સંચાલિત સંશોધન પુરાવા-આધારિત પ્રેક્ટિસમાં ફાળો આપે છે, સામાજિક કાર્યકરોને તેમના હસ્તક્ષેપો માટે શ્રેષ્ઠ ઉપલબ્ધ પુરાવા લાગુ કરવામાં મદદ કરે છે.*

*સમાજકાર્ય સંશોધનમાં, પૂર્વધારણા એ બે અથવા વધુ ચલો વચ્ચેના સંબંધ વિશે ચોક્કસ, પરીક્ષણ કરવા યોગ્ય અનુમાન છે. તે અભ્યાસ માટે સ્પષ્ટ ધ્યાન અને દિશા પ્રદાન કરીને સંશોધન પ્રક્રિયાને માર્ગદર્શન આપે છે. પૂર્વધારણાઓ સમાજકાર્ય સંશોધકોને જટિલ સામાજિક ઘટનાઓ, હસ્તક્ષેપોની અસરકારકતા અને સમુદાયો, પરિવારો અથવા વ્યક્તિઓમાં પરિણામોને પ્રભાવિત કરતા પરિબળોનું પરીક્ષણ અને સમજવામાં મદદ કરે છે.*

## 4.5 તમારી પ્રગતિ ચકાસો

**પ્ર 1. સમાજકાર્ય સંશોધનનો પ્રાથમિક હેતુ શું છે ?**

A. *નવીનોકરીઓનું સર્જન કરવું*
B. *નવા સામાજિક સિદ્ધાંતો વિકસાવવા*
C. *સમાજકાર્ય પદ્ધતિઓ સુધારવા માટે*
D. *પ્રેક્ષકોનું મનોરંજન કરવું*

*પ્ર 2. સમાજકાર્ય સંશોધનમાં કઈ પદ્ધતિનો સૌથી વધુ ઉપયોગ થાય છે ?*

A. *કેસ સ્ટડી*
B. *પ્રાયોગિક*
C. *ઐતિહાસિક*
D. *ક્ષેત્ર સંશોધન*

*પ્ર 3. સમાજકાર્ય સંશોધનમાં, પૂર્વધારણાને કઈ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે ?*

A. *એક રેન્ડમ અનુમાન*
B. *એક સાબિત હકીકત*
C. *એક પરીક્ષણ કરી શકાય તેવું નિવેદન*
D. *એક અપરિવર્તનશીલ સત્ય*

## 4.6 સારાંશ

*સમાજકાર્ય સંશોધન એ એક વિશિષ્ટ ક્ષેત્ર છે જે સમુદાયમાં પરિવર્તન અને કલ્યાણ લાવવાની પ્રક્રિયાને મજબૂત બનાવે છે. આ સંશોધનના લક્ષણો તેને બીજાં સંશોધનો કરતાં અલગ બનાવે છે, કારણ કે તે ખાલી પરિચ્છેદ નથી, પણ વ્યવહારમાં લાગુ કરી શકાય તેવી વ્યૂહરચનાઓ અને ઉકેલો પર આધાર રાખે છે. સમાજકાર્ય સંશોધન એ એક મહત્ત્વપૂર્ણ સાધન છે, જે સમાજમાં વર્તમાન અને ભૂતકાળની સમસ્યાઓને સમજીને નવીન અને ક્રિયાશીલ ઉકેલો પ્રદાન કરે છે. સંશોધન માટેના ક્ષેત્રો અને વિષયો જ્યાં નવી જાણકારી મેળવી શકાય, જતાં પ્રશ્નોનું ઉકેલ અને સુધારણા શક્ય બને. આ અવકાશો એવા વિષયોને કવર કરે છે જે હાલમાં અધ્યયન હેઠળ છે અથવા*

*સંશોધનની વધુ જરૂરિયાત છે. સામાજિક પરિવર્તનો અને નવી સમસ્યાઓને લઈને સમાજકાર્ય સંશોધનના ક્ષેત્રમાં ઘણી નવી તકેદારી અને પડકારો પણ છે.*

## 4.7 ચાવીરૂપ શબ્દો

**1. સમાજકાર્ય :** *સામાજકાર્ય એ એવી વ્યવસાયિક પ્રવૃત્તિ છે, જે વ્યક્તિઓ, જૂથો અને સમુદાયોને તેઓના જીવનની ગુણવત્તા સુધારવા માટે મદદ કરે છે. સામાજકાર્યમાં સમાજસેવીકો, પરિવારો, બાળકો, વૃદ્ધો અને અન્ય જરૂરિયાતમંદ લોકોની સેવા અને મદદ કરે છે. તે સમસ્યાઓના નિરાકરણ, સંબંધી સંસાધન પુરવઠો અને સામાજિક ન્યાયની સ્થાપનામાં ફોક્સ કરે છે.*

**2. સમાજકાર્ય સંશોધન :** *સમાજકાર્ય સંશોધન એ એવી ક્રિયા છે, જેમાં સામાજિક સમસ્યાઓ, જરૂરિયાતો, અને પ્રવૃત્તિઓ વિશે માહિતી અને ડેટા એકત્રિત કરવામાં આવે છે. આ સંશોધનનો ઉદ્દેશ સમજણ વધારવો, નવી સામાજિક નીતિઓ વિકસાવવી અને કાર્યક્ષમતા સુધારવી છે. તે ગુણાત્મક* (Qualitative) *અને પરિમાણાત્મક* (Quantitative) *બંને પ્રકારના ડેટા પર આધારિત હોઈ શકે છે.*

**3. સંશોધન :** *સંશોધન એ નવી માહિતી મેળવવા અથવા હાલની માહિતીની પુષ્ટિ કરવા માટેની વૈજ્ઞાનિક અને તર્કસંગત પ્રક્રિયા છે. સંશોધનમાં પ્રશ્નો પૂછવા, હિપોથિસિસ* (Hypothesis) *બનાવવા, ડેટા એકત્રિત કરવા, અને તારણો પર પહોંચવા સહિતની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. સંશોધનનો ઉદ્દેશ જ્ઞાનમાં વધારો કરવો અને સમસ્યાઓ માટે ઉકેલ શોધવો છે.*

**4. ઉત્કલ્પના :** *ઉત્કલ્પના એ સંશોધનમાં વિદ્વાન દ્વારા રચવામાં આવેલી એક તાત્કાલિક ધારણા* (Assumption) *છે, જેના આધારે આ અનુમાન કરવામાં આવે છે કે, વિશિષ્ટ પરિસ્થિતિઓમાં કયા પરિણામો મળે તેવું શક્ય છે. ઉત્કલ્પનાને તપાસવામાં આવે છે અને તેનું પ્રમાણન સંશોધન પ્રક્રિયામાં કરવામાં આવે છે. - "બેરોજગારી અને આત્મવિશ્વાસના સ્તર વચ્ચે નકારાત્મક સંબંધ છે." આ ઉત્કલ્પના છે, જેને સંશોધન દ્વારા ચકાસવામાં આવે છે.*

## 4.8 તમારી પ્રગતિ તપાસોના જવાબ

1. C) *સમાજકાર્ય પદ્ધતિઓ સુધારવા માટે*
2. A) *કેસ સ્ટડી*
3. C) *ટેસ્ટેબલ સ્ટેટમેન્ટ*

## 4.9 સ્વાધ્યાય

1. *સમાજકાર્ય સંશોધન અર્થ સમજાવો.*

   ...................................................................
   ...................................................................
   ...................................................................
   ...................................................................
   ...............................................................

2. *સમાજકાર્ય સંશોધનમાં ઉત્કલ્પનાનું મહત્ત્વ સમજાવો.*

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..............................................................................

3. *ઉત્કલ્પનાના લક્ષણો સમજાવો.*

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..............................................................................

## 4.10 સંદર્ભસૂચિ


1. *'સામાજિક સંશોધન અને તથ્ય' ડૉ. ચીમનભાઈ શાહ*
2. *'સંશોધન પદ્ધતિઓ' ડૉ. કે.જી. દેસાઈ*
3. *'સમાજકાર્ય પદ્ધતિઓ અને પ્રક્રિયાઓ' ડૉ. વિમલ શાહ*
4. *'સામાજિક સંશોધન પદ્ધતિઓ' ડૉ. જી. પી. પાઠક*

| એકમ - 5 | માહિતીનો અર્થ અને માહિતીના સ્રોતો |
|---|---|

-: રૂપરેખા :-

5.0. હેતુઓ

5.1. પ્રસ્તાવના

5.2. માહિતી (Data)નો અર્થ

5.3. માહિતી (Data)ના સ્ત્રોતો

5.4. માહિતી (Data)ના સ્ત્રોતોનું સંશોધનમાં મહત્ત્વ

5.5. સારાંશ

5.6. તમારી પ્રગતિ ચકાસો

5.7. ચાવીરૂપ શબ્દો

5.8. તમારી પ્રગતિ ચકાસોના જવાબો

5.9. સંદર્ભસૂચિ

## 5.0 હેતુઓ

*વિદ્યાર્થી મિત્રો, આ એકમને સમજ્યા બાદ તમે,*

- *માહિતીનો અર્થ જાણી શકશો.*
- *માહિતીના સ્ત્રોતો વિશે માહિતી મેળવી શકશો.*
- *માહિતીના સ્ત્રોતોનું સંશોધનમાં મહત્ત્વ વિશે ચર્ચા કરી શકશો.*

## 5.1 પ્રસ્તાવના

*કોઈપણ સંશોધન કાર્ય માહિતી એકત્ર કરવાથી જ શરૂ થાય છે અને તેના વિશ્લેષણથી પુર્ણ થાય છે. સમાજ કાર્ય જેવા ક્ષેત્રમાં તો માહિતીની અગત્ય વધુ જ છે. સમાજની વિવિધ સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે સચોટ અને વિશ્વસનીય માહિતી એક આવશ્યક સાધન છે.*

*સંશોધનમાં માહિતીનો અર્થ શું ? સંશોધનમાં માહિતી એટલે કોઈપણ વિષય અંગેના તથ્યો, આંકડા, વિચારો અને દલીલો જે સંશોધન પ્રશ્નનો જવાબ આપવામાં મદદ કરે છે. આ માહિતી વિવિધ સ્વરૂપમાં હોઈ શકે છે, જેમ કે શબ્દો, સંખ્યાઓ, ચિત્રો, ગ્રાફ વગેરે. સંશોધનમાં માહિતીનો ઉપયોગ સમસ્યાની ઓળખ, સિદ્ધાંતોનું પરીક્ષણ, નવા જ્ઞાનનું નિર્માણ અને નિષ્કર્ષ કાઢવા માટે કરવામાં આવે છે. સંશોધન માટે માહિતીના સ્ત્રોતો કયા હોય છે ? સંશોધન માટે માહિતીના સ્ત્રોતો અત્યંત વ્યાપક છે. આજના ડિજિટલ યુગમાં માહિતી મેળવવાના માર્ગોમાં ક્રાંતિ આવી છે. પહેલાના સમયમાં પુસ્તકો, મેગેઝિન અને અખબારો મુખ્ય માહિતીના સ્ત્રોત હતા. પરંતુ આજે ઈન્ટરનેટ, ડેટાબેઝ, સોશિયલ મીડિયા અને અન્ય ડિજિટલ ઉપકરણોના આગમનથી માહિતી મેળવવાના માર્ગોમાં વધુ વિવિધતા આવી છે. સમાજ કાર્યના સંશોધનમાં માહિતીના સ્ત્રોતોમાં સરકારી*

*દસ્તાવેજો, સમાજશાસ્ત્રીય સંશોધન, સમાચારપત્રો, મેગેઝિન, ઈન્ટરનેટ, સામાજિક સંસ્થાઓના અહેવાલો, સાક્ષાત્કાર, પ્રશ્નાવલિ, કેસ સ્ટડી વગેરેનો સમાવેશ થાય છે.*

*આ એકમમાં આપણે સંશોધનમાં માહિતીના વિવિધ પ્રકારો, માહિતીના સ્ત્રોતો, માહિતી એકત્રિત કરવાની પદ્ધતિઓ, માહિતીનું મૂલ્યાંકન અને સંશોધનમાં માહિતીના ઉપયોગ વિશે વિસ્તૃત ચર્ચા કરીશું. આ અધ્યાયના અંતે તમે સમાજ કાર્યના સંશોધનમાં માહિતીના મહત્ત્વને સમજી શકશો અને વિવિધ સ્ત્રોતોમાંથી માહિતી એકત્રિત કરવાની કુશળતા વિકસાવી શકશો.*

## 5.2 માહિતીનો અર્થ

*ડેટા* (Data) *એ લેટિન શબ્દ ડેટમ પરથી આવેલ છે. જેનો અર્થ 'કંઈક આપવું'* A Thing Given *એવો થાય છે. 'ડેટા' શબ્દનો પ્રથમ અંગ્રેજી ઉપયોગ* 1640*ના દાયકાનો છે. 'ડેટા' શબ્દનો સૌપ્રથમ ઉપયોગ* 1946*માં "ટ્રાન્સમિસિબલ અને સ્ટોર કરી શકાય તેવી કોમ્પ્યુટર માહિતી"ના અર્થ માટે કરવામાં આવ્યો હતો. "ડેટા પ્રોસેસિંગ" શબ્દનો સૌપ્રથમ ઉપયોગ* 1954*માં થયો હતો.*

*માહિતી એટલે કોઈપણ વસ્તુ, ઘટના કે વિચાર વિશેની કાચી, અસંગઠિત હકીકતો કે આંકડાઓનો સંગ્રહ છે. આ હકીકતો કોઈપણ સ્વરૂપમાં હોઈ શકે છે, જેમ કે શબ્દો, સંખ્યાઓ, ચિત્રો, અવાજો કે અન્ય સંકેતો. જ્યારે આ કાચી માહિતીને સંગઠિત, પ્રક્રિયા કરી અને સંદર્ભ સાથે રજૂ કરવામાં આવે છે, ત્યારે તે માહિતી* (Data) *માં પરિવર્તિત થાય છે. ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિનાનામ, ઉંમર, સરનામું, ફોન નંબર વગેરે એ કાચી માહિતી* (Data) *છે. જ્યારે આ માહિતીને સંગઠિત કરીને એક રીતે રજૂ કરવામાં આવે છે, ત્યારે તે વ્યક્તિ વિશેની માહિતી* (Data) *બને છે.*

**ઓક્સફર્ડ એનસાયક્લોપેડીક ઈંગ્લિશ ડિક્શનરી** *અનુસાર ડેટા "જાણીત હકીકતો અથવા વસ્તુઓ અનુમાન અથવા ગણતરી માટેના આધાર તરીકે વપરાય છે".*

**રોબર્ટ એ. આર્નોલ્ડ,** *તેમના 'આધુનિક ડેટા પ્રોસેસિંગ' (ઉંઙ્મીઅ,* 1972)*માં, વેપાર અને એકાઉન્ટિંગના કાર્ય તરીકે વાણિજ્યના સંદર્ભમાં શરતોને વ્યાખ્યાયિત કરી છે.*

**હિક્સ (Hicks - 1993 : 668)** *મુજબ, ડેટા એ "તથ્યો, વિભાવનાઓ અથવા સૂચનાઓનું પ્રતિનિધિત્વ એ ઔપચારિક રીતે સંચાર, અર્થઘટન અથવા મનુષ્યો દ્વારા અથવા સ્વચાલિત માધ્યમો દ્વારા પ્રક્રિયા માટે યોગ્ય છે".*

**ડિક્શનરી ઑફ મોર્ડન ઈકોનોમિક્સ** *ડેટાને "રાષ્ટ્રીય આવક, બેરોજગારી અથવા છૂટક કિંમત જેવી આર્થિક ઘટનાઓની સંખ્યાત્મક તીવ્રતા પરના અવલોકનો" તરીકે વ્યાખ્યાયિત કરે છે.*

**વિજ્ઞાન અને ટેકનોલોજીના** Mctlraw-Hill Encyclopaedia *માં ડેટાને 'વૈજ્ઞાનિક પ્રયોગોમાંથી મેળવેલા આંકડાકીય અથવા ગુણાત્મક મૂલ્યો' તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે.*

**સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી** *જોઈએ તો, માહિતી એ સામાજિક વાસ્તવિકતાનું પ્રતિનિધિત્વ કરે છે. તે સમાજના સંબંધો, સંસ્કૃતિ, વર્તન અને પરિવર્તનને સમજવા માટે મહત્ત્વપૂર્ણ છે. સમાજશાસ્ત્રીઓ માહિતીનો ઉપયોગ સંશોધન, વિશ્લેષણ અને સમજૂતી માટે કરે છે.*

## 5.3 માહિતીના સ્ત્રોતો

*માહિતી સ્ત્રોત એવા સ્થળો છે જ્યાંથી આપણને ડેટા મળે છે. આ સ્ત્રોતો વિવિધ સ્વરૂપમાં હોઈ શકે છે, જેમ કે પ્રકાશિત પુસ્તકો, સામયિકો, અખબારો, સરકારી દસ્તાવેજો, ઇન્ટરનેટ, સામાજિક સંસ્થાઓ, સર્વેક્ષણો, વ્યક્તિગત અનુભવો અને પ્રત્યક્ષ અવલોકન.*

*માહિતીના સ્ત્રોતો મુખ્યત્વે બે પ્રકારના છે : પ્રાથમિક સ્ત્રોતો અને દ્વિતીયિક (ગૌણ) સ્ત્રોતો*

**1. પ્રાથમિક સ્ત્રોતો :**

*પ્રાથમિક સ્ત્રોતો એવા સ્ત્રોતો છે જે સીધા અભ્યાસના વિષય સાથે સંકળાયેલા હોય છે. સમાજ કાર્ય સંશોધનમાં, પ્રાથમિક સ્ત્રોતો એવી માહિતીનો સંગ્રહ છે જે સંશોધકે પોતે એકત્રિત કરી હોય. આ માહિતીને સીધા સ્ત્રોતમાંથી મેળવવામાં આવે છે, જેમ કે વ્યક્તિઓ, જૂથો અથવા સંસ્થાઓ. પ્રાથમિક સ્ત્રોતો સમાજ કાર્ય સંશોધનમાં અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે કારણ કે તે સંશોધકને સીધી અને તાજી માહિતી પ્રદાન કરે છે જે અન્ય સ્ત્રોતોમાં ઉપલબ્ધ ન હોઈ શકે.*

❖ *પ્રાથમિક સ્ત્રોતોના કેટલાક મુખ્ય પ્રકારો નીચે મુજબ છે :*

i. **પ્રત્યક્ષ વ્યક્તિગત અવલોકન અથવા મુલાકાત :** *પ્રત્યક્ષ વ્યક્તિગત અવલોકન એ એક એવી પદ્ધતિ છે જેમાં સંશોધક પોતે કોઈ ચોક્કસ પરિસ્થિતિ અથવા વ્યક્તિનું નિરીક્ષણ કરે છે. આ નિરીક્ષણ દ્વારા સંશોધકને પ્રત્યક્ષ માહિતી મળે છે જે અન્ય કોઈ સ્ત્રોતમાંથી મળી શકતી નથી. ઉદાહરણ તરીકે, જો કોઈ સંશોધક કોઈ ગામમાં રહેતા લોકોના જીવનધોરણનો અભ્યાસ કરી રહ્યો હોય તો તે ગામની મુલાકાત લઈને લોકોની રહેણી-કહેણી, કામ કરવાની રીતો, સંબંધો વગેરેનું નિરીક્ષણ કરી શકે છે. મુલાકાત એ પ્રાથમિક માહિતી એકત્રિત કરવાની બીજી એક મહત્ત્વની પદ્ધતિ છે. મુલાકાતમાં સંશોધક કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથ સાથે સીધો સંપર્ક કરીને તેમના અનુભવો, વિચારો અને મંતવ્યો જાણે છે. મુલાકાતો વિવિધ પ્રકારની હોઈ શકે છે, જેમ કે સ્ટ્રક્ચર્ડ મુલાકાત, સેમિ-સ્ટ્રક્ચર્ડ મુલાકાત અને અનસ્ટ્રક્ચર્ડ મુલાકાત. સ્ટ્રક્ચર્ડ મુલાકાતમાં સંશોધક પાસે પહેલથી જ તૈયાર પ્રશ્નોની યાદી હોય છે અને તે તે જ પ્રશ્નો પૂછે છે. સેમિ-સ્ટ્રક્ચર્ડ મુલાકાતમાં સંશોધક પાસે કેટલાક મુખ્ય પ્રશ્નો હોય છે પરંતુ તે પ્રશ્નોની યાદીમાંથી બહાર પણ જઈ શકે છે. અનસ્ટ્રક્ચર્ડ મુલાકાતમાં સંશોધક પાસે કોઈ પૂર્વનિર્ધારિત પ્રશ્નો હોતા નથી અને તે મુલાકાત દરમિયાન જેમ જેમ વિષય આવતો જાય તેમ તેમ પ્રશ્નો પૂછે છે. આ પદ્ધતિઓ દ્વારા સંશોધકને ગહન અને વિગતવાર માહિતી મળે છે જે અન્ય કોઈ સ્ત્રોતમાંથી મળી શકતી નથી.*

ii. **પરોક્ષ મૌખિક મુલાકાત/તપાસ :** *પરોક્ષ મૌખિક મુલાકાત એવી મુલાકાત છે. જેમાં સંશોધક સીધા અભ્યાસના વિષય સાથે વાતચીત કરવાને બદલે કોઈ તૃતીય પક્ષ સાથે વાતચીત કરે છે. આ તૃતીય પક્ષ પાસે અભ્યાસના વિષય વિશેની પ્રત્યક્ષ અથવા પરોક્ષ માહિતી હોય છે. ઉદાહરણ તરીકે, જો કોઈ સંશોધક ગામડાના લોકોની આરોગ્ય સમસ્યાઓ અંગે અભ્યાસ કરી રહ્યો હોય તો તે ગામના આંગણવાડી કેન્દ્રની આશા વર્કર સાથે વાતચીત કરી શકે છે. આશા વર્કર ગામના લોકો સાથે નિયમિત સંપર્કમાં રહે છે અને તેમની આરોગ્ય સમસ્યાઓ વિશે વધુ જાણકારી ધરાવે છે. જ્યારે સંશોધનનો વિષય કઠિન-પહોંચનો હોય ત્યારે આ*

*પદ્ધતિ ખૂબ ઉપયોગી થાય છે. કેટલાક કિસ્સાઓમાં, લોકો સીધા સંશોધક સાથે વાત કરવામાં અસહજ અનુભવી શકે છે. પરોક્ષ મુલાકાત દ્વારા આ સમસ્યાનું નિરાકરણ લાવી શકાય છે. તેમજ સંશોધનના વિષય વિશે વિવિધ દ્રષ્ટિકોણ મેળવવામાં મદદ મળે છે.*

**iii. પોસ્ટ અથવા મેઈલ દ્વારા મોકલવામાં આવેલ પ્રશ્નાવલિ :** *સમાજ કાર્ય સંશોધનમાં, પ્રાથમિક માહિતી એકત્રિત કરવા માટે પ્રશ્નાવલિ એ એક અગત્યનું સાધન છે. આ પ્રશ્નાવલિઓને પોસ્ટ અથવા ઈમેઈલ દ્વારા વિશાળ જૂથ સુધી પહોંચાડી શકાય છે, જેનાથી સંશોધકને વિવિધ લોકોના અભિપ્રાયો અને અનુભવો મેળવવાની તક મળે છે. પોસ્ટ અથવા ઈમેઈલ દ્વારા મોકલવામાં આવેલ પ્રશ્નાવલિના ઘણા ફાયદા છે. સૌ પ્રથમ, તે સંશોધકને મોટા નમૂનાના લોકો સુધી પહોંચવામાં મદદ કરે છે. ભૌગોલિક રીતે વિખરાયેલા લોકો પાસેથી પણ માહિતી એકત્રિત કરવી સરળ બને છે. બીજું, પ્રશ્નાવલિઓ દ્વારા સંશોધક પ્રમાણિત અને માપી શકાય તેવી માહિતી એકત્રિત કરી શકે છે. પ્રશ્નો પહેલાથી જ નક્કી કરેલા હોવાથી, તમામ સહભાગીઓ પાસેથી સમાન પ્રકારની માહિતી મેળવી શકાય છે. ત્રીજું, પ્રશ્નાવલિઓ ભરવા માટે સહભાગીઓને સમય અને સ્થળની સ્વતંત્રતા આપે છે. જો કે, પોસ્ટ અથવા ઈમેઈલ દ્વારા મોકલવામાં આવેલ પ્રશ્નાવલિના કેટલાક ગેરફાયદા પણ છે. સૌ પ્રથમ, પ્રતિભાવ દર ઘણો ઓછો હોઈ શકે છે. ઘણા લોકો પ્રશ્નાવલિ ભરવા માટે સમય ન કાઢતા હોવાથી અથવા પ્રશ્નાવલિ ગુમ થઈ જતી હોવાથી, સંશોધકને ઈચ્છિત માહિતી મળવામાં મુશ્કેલી પડી શકે છે. બીજું, પ્રશ્નાવલિમાંના પ્રશ્નોને સહભાગીઓ ખોટી રીતે સમજી શકે છે. આવી સ્થિતિમાં મળતી માહિતી અચોક્કસ હોઈ શકે છે. ત્રીજું, પ્રશ્નાવલિમાં ખુલ્લા પ્રશ્નો હોય, તો તેના જવાબોનું વિશ્લેષણ કરવું મુશ્કેલ બની શકે છે. પોસ્ટ અથવા ઈમેઈલ દ્વારા મોકલવામાં આવેલ પ્રશ્નાવલિને સફળ બનાવવા માટે, સંશોધકે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. પ્રશ્નાવલિ ટૂંકી અને સરળ હોવી જોઈએ. પ્રશ્નો સ્પષ્ટ અને સમજી શકાય તેવા હોવા જોઈએ. પ્રશ્નાવલિમાં વિવિધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવો જોઈએ, જેમ કે બહુવિકલ્પિ પ્રશ્નો, ખાલી જગ્યા પૂરવાના પ્રશ્નો અને ખુલ્લા પ્રશ્નો. પ્રશ્નાવલિને આકર્ષક બનાવવા માટે તેમાં ચિત્રો અથવા ગ્રાફનો ઉપયોગ કરી શકાય છે.*

**iv. તપાસકર્તાઓ દ્વારા ભરવામાં આવેલ સમયપત્રક :** *આ સમયપત્રક એક પ્રકારનું માળખાગત સાધન છે જેના દ્વારા સંશોધનકર્તાઓ ચોક્કસ માહિતી એકત્ર કરે છે. આ સમયપત્રકમાં સામાન્ય રીતે પ્રશ્નોના એક સમૂહનો સમાવેશ થાય છે જે સંશોધનના ઉદ્દેશોને પૂરા કરવા માટે રચાયેલા હોય છે. તપાસકર્તાઓ દ્વારા ભરવામાં આવતું સમયપત્રક એક મહત્ત્વપૂર્ણ પ્રાથમિક માહિતીનો સ્ત્રોત છે કારણ કે તે સીધા સ્ત્રોતમાંથી માહિતી પ્રદાન કરે છે. આનો અર્થ એ છે કે માહિતી સીધી વ્યક્તિ પાસેથી મેળવવામાં આવે છે જેની પાસેથી માહિતી માંગવામાં આવી રહી છે. આમ, આ માહિતી વધુ વિશ્વસનીય અને ચોક્કસ માનવામાં આવે છે. સમયપત્રક દ્વારા વિવિધ પ્રકારની માહિતી એકત્ર કરી શકાય છે, જેમ કે વર્તન, વલણ, અભિપ્રાયો, જ્ઞાન અને અનુભવ. સમયપત્રકમાં પ્રશ્નો એક ચોક્કસ માળખામાં ગોઠવાયેલા હોય છે, જેનાથી સરળતાથી માહિતી એકત્ર કરી શકાય છે અને વિશ્લેષણ કરી શકાય છે. સમયપત્રક દ્વારા એકત્રિત કરવામાં આવેલી માહિતીને વિવિધ જૂથો અથવા સમયગાળાની તુલના કરવા માટે વાપરી શકાય છે. જો કે, તપાસકર્તાઓ દ્વારા ભરવામાં આવતા સમયપત્રકના કેટલાક ગેરફાયદા પણ છે. ઉદાહરણ તરીકે, સમયપત્રકમાં પ્રશ્નો એવા હોઈ શકે છે. જે*

*સહભાગીઓને સમજવામાં મુશ્કેલ હોય. આનાથી માહિતીની ગુણવત્તા પર પ્રતિકૂળ અસર પાડી શકે છે. વધુમાં, સમયપત્રકમાં સામાજિક ઈચ્છનીય જવાબો મળવાની શક્યતા હોય છે, જેનાથી માહિતીની વિશ્વસનીયતા ઘટી શકે છે.*

v. **કેસ સ્ટડી પદ્ધતિ :** *કેસ સ્ટડી એ એક ગાઢ અને વિગતવાર અભ્યાસ છે જેમાં એક વ્યક્તિ, કુટુંબ, સમુદાય અથવા સંસ્થાને તેની સમગ્ર જટિલતામાં અભ્યાસવામાં આવે છે. કેસ સ્ટડી માત્ર માત્રાત્મક માહિતી જ નહીં, પરંતુ ગુણાત્મક માહિતી પણ પ્રદાન કરે છે જે સમાજ કાર્યકર્તાને વ્યક્તિ અથવા સમુદાયની સમસ્યાઓને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે. યીન* (Yin - 1994) *નિર્દેશ કરે છે કે જ્યારે "કેવી રીતે" અને 'શા માટે' પ્રશ્નો પૂછવામાં આવે ત્યારે કેસ સ્ટડી એ પસંદગીની વ્યૂહરચના છે. કેસ સ્ટડીમાં, સમાજ કાર્યકર્તા વિવિધ માહિતી એકત્રિત કરે છે જેમ કે ઈન્ટરવ્યૂ, નિરીક્ષણ, દસ્તાવેજોનો અભ્યાસ વગેરે. આ માહિતીને એકત્રિત કરીને, સમાજ કાર્યકર્તા વ્યક્તિ અથવા સમુદાયની સામાજિક, આર્થિક, અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓને સમજી શકે છે. આ માહિતીનો ઉપયોગ કરીને, સમાજ કાર્યકર્તા વ્યક્તિ અથવા સમુદાયની સમસ્યાઓનું નિદાન કરી શકે છે અને તેના માટે ઉકેલો શોધી શકે છે. કેસ સ્ટડીમાં માહિતી સીધા સ્ત્રોત, જેમ કે વ્યક્તિ, કુટુંબ અથવા સમુદાય પાસેથી એકત્રિત કરવામાં આવે છે. આ માહિતી ગૌણ સ્ત્રોતો જેમ કે પુસ્તકો અથવા અખબારોમાંથી મળતી માહિતી કરતાં વધુ વિશ્વસનીય માનવામાં આવે છે. કેસ સ્ટડી વ્યક્તિ અથવા સમુદાયની સમસ્યાઓને ગહન રીતે સમજવામાં મદદ કરે છે. તે માત્ર સમસ્યાનું વર્ણન જ નહીં, પરંતુ તેના કારણો અને પરિણામોને પણ સમજાવે છે. કેસ સ્ટડી વ્યક્તિ અથવા સમુદાયની સમસ્યાઓને તેમના પોતાના દ્રષ્ટિકોણથી સમજવામાં મદદ કરે છે. આ માહિતી સમાજ કાર્યકર્તાને વ્યક્તિ અથવા સમુદાય સાથે વધુ સારી રીતે જોડાવામાં મદદ કરે છે. તેમજ નવી સમજ અને સિદ્ધાંતો વિકસાવવામાં મદદ કરે છે. તે સમાજ કાર્યના ક્ષેત્રમાં નવી સંશોધન દિશાઓ નક્કી કરવામાં પણ મદદ કરે છે.*

vi. **સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન પદ્ધતિ :** *સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન પદ્ધતિ એ એક એવી સંશોધન પદ્ધતિ છે જેમાં ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો પોતાની જાતે પોતાની સમસ્યાઓ અને જરૂરિયાતોને ઓળખીને તેના નિરાકરણ માટેના ઉપાયો સૂચવે છે. આ પદ્ધતિમાં ગ્રામીણ લોકોને સંશોધન પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બનાવવામાં આવે છે. તેઓ માત્ર માહિતીના ગ્રાહક નથી હોતા પરંતુ માહિતીના નિર્માતા પણ બને છે. આ પદ્ધતિ સમાજ કાર્યના ક્ષેત્રમાં ખૂબ જ ઉપયોગી છે કારણ કે તેના દ્વારા સમાજ કાર્યકરો ગ્રામીણ લોકોની વાસ્તવિક જરૂરિયાતોને સમજી શકે છે અને તેમને કેન્દ્રમાં રાખીને વિકાસના કાર્યક્રમોનું આયોજન કરી શકે છે. સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન પદ્ધતિમાં ગ્રામીણ લોકોને વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવે છે જેથી તેઓ પોતાની જાતે ડેટા એકત્ર કરી શકે, તેનું વિશ્લેષણ કરી શકે અને તેના આધારે નિર્ણય લઈ શકે. આ પદ્ધતિમાં સમૂહ ચર્ચા, વ્યક્તિગત મુલાકાત, સર્વેક્ષણ, નકશા બનાવવા, વૃક્ષ આકૃતિઓ બનાવવા વગેરે જેવી વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિના ફાયદા એ છે કે તેના દ્વારા મળતી માહિતી ખૂબ જ વિશ્વસનીય અને પ્રમાણિક હોય છે કારણ કે તે ગ્રામીણ લોકોના પોતાના અનુભવો અને જ્ઞાન પર આધારિત હોય છે. આ પદ્ધતિ ગ્રામીણ લોકોમાં જાગૃતિ*

*ફેલાવવામાં, તેમના આત્મવિશ્વાસ વધારવામાં અને તેમને સશક્ત બનાવવામાં પણ મદદરૂપ થાય છે.*

*સમાજ કાર્યના સંદર્ભમાં, સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન પદ્ધતિનો ઉપયોગ ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક સમસ્યાઓનું નિદાન કરવા, વિકાસના કાર્યક્રમોની યોજના બનાવવા અને તેના અમલીકરણનું મૂલ્યાંકન કરવા માટે કરવામાં આવે છે. આ પદ્ધતિના માધ્યમથી સમાજ કાર્યકરો ગ્રામીણ લોકો સાથે મળીને સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરીને સ્વાયત્ત વિકાસના માર્ગો શોધી શકે છે. ધારો કે એક ગામમાં પાણીની અછતની સમસ્યા છે. સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન પદ્ધતિનો ઉપયોગ કરીને ગામના લોકોને એકત્રિત કરીને તેમની પાસેથી પાણીની અછતના કારણો, તેની અસરો અને શક્ય ઉકેલો વિશે માહિતી મેળવી શકાય છે. આ માહિતીના આધારે ગામના લોકો સાથે મળીને પાણી બચાવવાના અને નવા પાણીના સ્ત્રોત શોધવાના ઉપાયો શોધી શકાય છે.*

*આમ, પ્રાથમિક સ્ત્રોતો સમાજ કાર્ય સંશોધનનો એક મહત્ત્વનો આધાર છે. આ સ્ત્રોતો દ્વારા મેળવેલી માહિતી સચોટ અને વિશ્વસનીય હોય છે અને તેના આધારે વધુ અસરકારક સમાજ કાર્ય કરી શકાય છે. સમાજ કાર્યકરોએ વિવિધ પ્રકારના પ્રાથમિક સ્ત્રોતોનો ઉપયોગ કરીને સમાજની જરૂરિયાતોને સમજવી જોઈએ અને તેના નિરાકરણ માટેના ઉપાયો શોધવા જોઈએ.*

**2. દ્વિતીયિક (ગૌણ) સ્ત્રોતો :**

*દ્વિતીયિક સ્ત્રોત એટલે કે જે માહિતી પ્રાથમિક સ્ત્રોતમાંથી એકત્રિત કરીને બીજા કોઈએ પ્રકાશિત કરી હોય. સરળ શબ્દોમાં કહીએ તો, દ્વિતીયિક સ્ત્રોત એ પ્રાથમિક સ્ત્રોતનું વર્ણન અથવા વિશ્લેષણ છે. ઉદાહરણ તરીકે, કોઈ સમાજશાસ્ત્રીએ ગામડાની જીવનશૈલી પર સંશોધન કર્યું હોય અને તેનું સંશોધનપત્ર કોઈ જર્નલમાં પ્રકાશિત થયું હોય. આ સંશોધનપત્ર એ દ્વિતીયિક સ્ત્રોત છે કારણ કે તે પ્રાથમિક માહિતી (ગામડાના લોકો પાસેથી એકત્રિત કરેલી માહિતી) પર આધારિત છે.*

❖ **દ્વિતીયિક સ્ત્રોતોના ઉદાહરણો :**

(I) **પુસ્તકો અને જર્નલ આર્ટિકલ્સ :** *પુસ્તકો અને જર્નલ આર્ટિકલ્સમાં કોઈ વિષય પર ઊંડાણપૂર્વકનું જ્ઞાન મળે છે. આ સ્ત્રોતોમાં વિષયના વિવિધ પાસાઓનું વિશ્લેષણ કરવામાં આવે છે અને તેના પર વિવિધ દૃષ્ટિકોણ રજૂ કરવામાં આવે છે. તેમાં પ્રકાશિત થતી માહિતી સામાન્ય રીતે વિશ્વસનીય હોય છે કારણ કે તેને પ્રકાશિત કરતા પહેલા વિવિધ તબક્કે ચકાસવામાં આવે છે. ઉપરાંત પુસ્તકો અને જર્નલ આર્ટિકલ્સમાં ઉપયોગમાં લેવાયેલા પ્રાથમિક સ્ત્રોતોના સંદર્ભો આપવામાં આવે છે. જર્નલ આર્ટિકલ્સમાં સંશોધન પદ્ધતિઓ વિશે વિગતવાર માહિતી મળે છે, જે સંશોધકો માટે ઉપયોગી થઈ શકે છે.*

(II) **સરકારી અહેવાલો :** *સરકારી અહેવાલો એવા દસ્તાવેજો છે જે સરકારી એજન્સીઓ દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ અહેવાલોમાં સામાન્ય રીતે સરકારી યોજનાઓ, કાર્યક્રમો, નીતિઓ અને તેમના અમલીકરણના પરિણામો વિશે વિગતવાર માહિતી હોય છે. સમાજ કાર્યના સંદર્ભમાં, સરકારી અહેવાલો સમાજના વિવિધ વર્ગોની સામાજિક અને આર્થિક સ્થિતિ, સુખાકારી અને વિકાસ વિશે મૂલ્યવાન માહિતી પૂરી*

*પાડે છે. આ અહેવાલોમાં વસ્તીની સંખ્યા, વય, લિંગ, શિક્ષણ, વ્યવસાય અને અન્ય સંબંધિત માહિતી હોય છે. તેમજ સામાજિક સમસ્યાઓ, જેમ કે ગરીબી, બેરોજગારી, અશિક્ષણ વગેરે વિશે વિગતવાર માહિતી હોય છે. આરોગ્ય સર્વે ક્ષણના અહેવાલોમાં લોકોના સ્વાસ્થ્ય, રોગચાળા, આરોગ્ય સુવિધાઓની ઉપલબ્ધતા; શિક્ષણ સર્વેક્ષણના અહેવાલોમાં શાળાઓની સંખ્યા, વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકોની સંખ્યા, શિક્ષણનું સ્તર વગેરે વિશે અને આર્થિક સર્વેક્ષણના અહેવાલોમાં રાષ્ટ્રીય આવક, ઉદ્યોગો, રોજગાર, વેપાર વગેરે વિશે માહિતી હોય છે.*

(III) **સમાજશાસ્ત્રીય સર્વેક્ષણો :** *સમાજશાસ્ત્રીય સર્વેક્ષણો એ એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે જેના દ્વારા સમાજના વિવિધ પાસાઓ અંગે માહિતી એકત્રિત કરવામાં આવે છે. આ સર્વેક્ષણોમાં સામાન્ય રીતે મોટી સંખ્યામાં લોકોનો સમાવેશ કરવામાં આવે છે અને તેમના મંતવ્યો, અનુભવો અને વર્તણૂક અંગે માહિતી મેળવવામાં આવે છે. સમાજ કાર્યકરો સમાજશાસ્ત્રીય સર્વેક્ષણોના ડેટાનો ઉપયોગ સમાજની વિવિધ સમસ્યાઓનું નિદાન કરવા, સંશોધન કરવા અને કાર્યક્રમોનું આયોજન કરવા માટે કરી શકે છે.*

(IV) **સમાચારપત્રો અને મેગેઝિન :** *સમાચારપત્રો અને મેગેઝિન દૈનિક ઘટનાઓ, સામાજિક મુદ્દાઓ અને સંશોધન અહેવાલો વિશે માહિતી પ્રદાન કરે છે. સમાજ કાર્યકરો સમાચારપત્રો અને મેગેઝિનમાં પ્રકાશિત થતા સમાચારો અને લેખો વાંચીને સમાજમાં ચાલતા પ્રવાહો અને પરિવર્તનો વિશે જાણકારી મેળવી શકે છે. આ માહિતીનો ઉપયોગ તેઓ સમાજની વિવિધ સમસ્યાઓને સમજવા અને તેના નિરાકરણ માટેના ઉપાયો શોધવા માટે કરી શકે છે.*

(V) **ઈન્ટરનેટ :** *આજના ડિજિટલ યુગમાં ઈન્ટરનેટ માહિતીનો સૌથી મોટો સ્ત્રોત બની ગયું છે. ઈન્ટરનેટ પર સમાજશાસ્ત્રીય સંશોધન અહેવાલો, સરકારી આંકડા, સમાચાર, બ્લોગ્સ અને વિવિધ સંસ્થાઓની વેબસાઈટ્સ પરથી માહિતી મેળવી શકાય છે. ઈન્ટરનેટની મદદથી સમાજ કાર્યકરો સરળતાથી વિશ્વના કોઈપણ ખૂણેથી માહિતી એકત્રિત કરી શકે છે.*

*આમ, દ્વિતીયિક સ્ત્રોતો સમાજ કાર્યના સંશોધનમાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેઓ સંશોધકને વિષય વિશેની પૃષ્ઠભૂમિ જાણકારી પૂરી પાડે છે અને સંશોધન પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવે છે. જો કે, દ્વિતીયિક સ્ત્રોતોનો ઉપયોગ કરતી વખતે સાવચેતી રાખવી જરૂરી છે. સંશોધકે સ્ત્રોતની વિશ્વસનીયતા ચકાસવી જોઈએ અને વિવિધ દ્વિતીયિક સ્ત્રોતોમાંથી મળેલી માહિતીની તુલના કરવી જોઈએ.*

## 5.4 માહિતીના સ્ત્રોતોનું સંશોધનમાં મહત્ત્વ

*સમાજકાર્ય જેવા ક્ષેત્રમાં, માહિતીના સ્ત્રોતોનું મહત્ત્વ વધુ પ્રસ્તુત બને છે. સમાજની વિવિધ સમસ્યાઓનું નિદાન કરવા, તેના કારણો શોધવા અને ઉકેલો શોધવા માટે સચોટ અને વિશ્વસનીય માહિતીની જરૂર પડે છે. સમાજ કાર્યકરોએ સમાજના વિવિધ વર્ગોની જરૂરિયાતોને સમજવા માટે તેમના વિશે વિસ્તૃત માહિતી એકત્રિત કરવી પડે છે. આ માહિતીના આધારે જ તેઓ સમાજ સેવાના કાર્યક્રમોનું આયોજન કરી શકે છે.*

(I) **સમસ્યાનું નિદાન :** *માહિતીના આધારે આપણે કોઈપણ સમસ્યાનું નિદાન કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, જો આપણે કોઈ વિસ્તારમાં ગરીબીની સમસ્યાનું નિરાકરણ લાવવા માંગીએ તો, આપણે પહેલા તે વિસ્તારની આર્થિક સ્થિતિ, રોજગારની તકો, શિક્ષણનું સ્તર વગેરે વિશે માહિતી એકત્રિત કરવી પડશે. આ માહિતીના આધારે જ આપણે ગરીબીના કારણો શોધી શકીશું અને તેના ઉકેલો શોધી શકીશું.*

(II) **સંશોધનને મજબૂત બનાવવું :** *સંશોધનમાં ઉપયોગમાં લેવાતી માહિતી સંશોધનને વધુ વિશ્વસનીય અને પ્રમાણિત બનાવે છે. સચોટ અને વિશ્વસનીય માહિતીના આધારે કરવામાં આવેલ સંશોધનના પરિણામો વધુ વિશ્વાસપાત્ર હોય છે.*

(III) **કાર્યક્રમોનું આયોજન :** *સમાજ કાર્યકરો વિવિધ સમાજ સેવાના કાર્યક્રમોનું આયોજન કરે છે. આ કાર્યક્રમો સફળ બનાવવા માટે સંબંધિત માહિતીનું હોવું ખૂબ જ જરૂરી છે. ઉદાહરણ તરીકે, જો આપણે કોઈ વિસ્તારમાં સ્વાસ્થ્ય સંબંધી જાગૃતિ ફેલાવવા માંગીએ તો, આપણે પહેલા તે વિસ્તારના લોકોના સ્વાસ્થ્ય સંબંધિત મુદ્દાઓ વિશે માહિતી એકત્રિત કરવી પડશે. આ માહિતીના આધારે જ આપણે એક અસરકારક જાગૃતિ અભિયાનનું આયોજન કરી શકીશું. ધારો કે એક સમાજ કાર્યકર ગરીબીની સમસ્યા પર સંશોધન કરવા માંગે છે. આ માટે તેણે સરકારી દસ્તાવેજો, સમાજશાસ્ત્રીય સંશોધન, સમાચારપત્રો અને અન્ય સ્ત્રોતોમાંથી ગરીબી સંબંધિત માહિતી એકત્રિત કરવી પડશે. આ માહિતીના આધારે તે ગરીબીના કારણો, ગરીબોની સ્થિતિ અને ગરીબીનાબૂદી માટેના ઉપાયો વિશે સમજી શકશે. આ માહિતીના આધારે તે ગરીબીનાબૂદી માટે એક કાર્યક્રમનું આયોજન પણ કરી શકશે.*

(IV) **નિર્ણય લેવામાં મદદ :** *માહિતીના આધારે આપણે વધુ સારા નિર્ણય લઈ શકીએ છીએ. સંશોધનમાં પ્રાપ્ત માહિતીના આધારે આપણે સમાજ સેવાના ક્ષેત્રમાં કઈ વ્યૂહરચના અપનાવવી જોઈએ તે નક્કી કરી શકીએ છીએ.*

*આમ, સંશોધનમાં માહિતીના સ્ત્રોતોનું મહત્ત્વ અતિશયોક્તિ કરી શકાય નહીં. સચોટ અને વિશ્વસનીય માહિતી વિના સમાજ કાર્યમાં કોઈપણ પ્રકારનું સંશોધન અધૂરું રહે છે. આથી, સમાજ કાર્યકરોએ સંશોધન માટે માહિતી એકત્રિત કરવાની વિવિધ પદ્ધતિઓ અને તકનીકો વિશે જાણકારી હોવી જરૂરી છે.*

## 5.5 સારાંશ

*સંશોધનની શરૂઆતથી અંત સુધી, દરેક તબક્કે માહિતીની જરૂર પડે છે. સંશોધનના વિષયની પસંદગીથી લઈને સંશોધન પ્રશ્નોના નિર્માણ, સાહિત્ય સમીક્ષા, ડેટા એકત્રીકરણ, વિશ્લેષણ અને અંતે અહેવાલ લેખન સુધી, દરેક તબક્કે માહિતીનો ઉપયોગ થાય છે. સમાજ કાર્યના સંદર્ભમાં માહિતી એક મહત્ત્વપૂર્ણ સાધન છે. સમાજ કાર્યકરો સમાજની વિવિધ સમસ્યાઓનું નિદાન કરવા, સંશોધન કરવા અને કાર્યક્રમોનું આયોજન કરવા માટે માહિતીનો ઉપયોગ કરે છે. માહિતીના આધારે જ સમાજ કાર્યકરો સમાજના વંચિત વર્ગોની જરૂરિયાતોને સમજી શકે છે અને તેમના કલ્યાણ માટે કાર્ય કરી શકે છે. સંશોધનમાં માહિતી એ એક મૂળભૂત ઘટક છે. માહિતી વિના સંશોધન કરવું અશક્ય છે. સંશોધનકારોએ વિવિધ સ્ત્રોતોમાંથી સચોટ અને વિશ્વસનીય માહિતી એકત્રિત કરીને*

*તેનું વિશ્લેષણ કરવું જોઈએ. માહિતીના આધારે જ નવા જ્ઞાનનું નિર્માણ થઈ શકે છે અને સમાજના વિકાસમાં ફાળો આપી શકાય છે.*

## 5.6 તમારી પ્રગતિ ચકાસો

- *વિસ્તારપૂર્વક ઉત્તર લખો.*

1. *માહિતીનો અર્થ જણાવો.*
2. *માહિતીના સ્ત્રોતો વિશે માહિતી આપો.*
3. *માહિતીના સ્ત્રોતોનું સંશોધનમાં મહત્ત્વ વિશે ચર્ચા કરો.*

- *યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તરો આપો.*

1. *'ડેટા' શબ્દનો પ્રથમ અંગ્રેજી ઉપયોગ ______________ના દાયકાનો છે.*
   (અ) 1620 (બ) 1640 (ક) 1660
2. ______________*મુજબ, ડેટા એ "તથ્યો, વિભાવનાઓ અથવા સૂચનાઓનું પ્રતિનિધિત્વ એ ઔપચારિક રીતે સંચાર, અર્થઘટન અથવા મનુષ્યો દ્વારા અથવા સ્વચાલિત માધ્યમો દ્વારા પ્રક્રિયા માટે યોગ્ય છે".*
   *(અ) દર્ખાઈમ (બ) વેબર (ક) હિક્સ*
3. *માહિતીના સ્ત્રોતો મુખ્યત્વે ______________પ્રકારના છે.*
   *(અ) બે (બ) ચાર (ક) છ*
4. ______________ *નિર્દેશ કરે છે કે જ્યારે "કેવી રીતે" અને "શા માટે" પ્રશ્નો પૂછવામાં આવે ત્યારે કેસ સ્ટડી એ પસંદગીની વ્યૂહરચના છે.*
   *(અ) હિક્સ (બ) યીન (ક) ગીડન્સ*
5. *દ્વિતીયિક સ્ત્રોતોના ઉદાહરણો ______________ છે.*
   *(અ) સરકારી અહેવાલો (બ) સર્વેક્ષણો (ક) ઉપર્યુક્ત બંને*

## 5.7 ચાવીરૂપ શબ્દો

| | | | |
|---|---|---|---|
| **1.** | **માહિતી (Data)** | : | *કોઈપણ વસ્તુ, ઘટના અથવા વિચાર વિશેનું જ્ઞાન કે જે આપણને કોઈપણ નિર્ણય લેવામાં મદદ કરે છે.* |
| **2.** | **સ્ત્રોત (Source)** | : | *માહિતી મેળવવાનું સ્થાન અથવા વ્યક્તિ.* |
| **3.** | **તથ્ય (Fact)** | : | *એવું કંઈક જે સાબિત થઈ શકે અને જેના વિશે કોઈ વિવાદ ન હોય.* |
| **4.** | **માહિતીનું સંચાલન (Data Management)** | : | *એકત્રિત કરેલી માહિતીને સંગ્રહિત કરવી, સુરક્ષિત રાખવી અને જરૂર પડ્યે ઉપયોગમાં લેવી.* |
| **5.** | **માહિતીનું વિશ્લેષણ (Data Analysis)** | : | *એકત્રિત કરેલી માહિતીનો અર્થ સમજવા અને તેમાંથી નિષ્કર્ષ કાઢવાની પ્રક્રિયા.* |

## 5.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (બ) 1640
2. (ક) *હિક્સ*
3. (અ) *બે*
4. (બ) *ચીન*
5. (ક) *ઉપર્યુક્ત બંને*

## 5.9 સંદર્ભસૂચિ


1. "data Origin and meaning of data by Online Etymology Dictionary". www.etymonline.com.
2. Hicks, J. O. Management Information Systems : A New perspectives. West Publishing, 1993.
3. Yin, R.K. Case Study Research : Design and Methods (2nded).Sage Publication, 1984, 1994.
4. Young, V. Pauline. Scientific social surveys and research (4th Edition). Prentice Hall of India Limited, New Delhi, 1992.
5. Santra Subhrangsu 'Data : Types and Sources' - https ://ebooks.inflibnet.ac.in/socp3/chapter/data-types-and-sources/

| એકમ - 6 | સંશોધનમાં ગ્રંથાલય |
|---|---|

**-: રૂપરેખા :-**

**6.0 હેતુઓ**

**6.1 પ્રસ્તાવના**

**6.2 સંશોધનમાં ગ્રંથાલયની ઉપયોગિતા**

**6.3 ગ્રંથાલયમાં સામગ્રીની ગોઠવણી**

**6.4 સારાંશ**

**6.5 તમારી પ્રગતિ ચકાસો**

**6.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**6.7 સ્વાધ્યાય**

**6.8 ચાવીરૂપ શબ્દો**

**6.9 સંદર્ભસૂચિ**

## 6.0 હેતુઓ

*વિદ્યાર્થી મિત્રો આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે...*

- *સંશોધન સમસ્યા સંબંધિત પૂર્વે થયેલા અભ્યાસો વિશેની માહિતી કેમ મળી શકે ? પૂર્વે થયેલાં અભ્યાસો કેવી રીતે ઉપયોગી થઈ શકે તે વિશેની જાણકારી મેળવી શકશો.*
- *સામાજિક સંશોધન યોગ્ય રીતે પ્રાથમિક તૈયારી કેવી રીતે કરવી ? શુ કરી શકાય ? કેવી પ્રયુક્તિ પસંદ કરી શકાય વગેરે જેવી બાબતો અંગેનુ જ્ઞાન મેળવી શકશો.*
- *નવી ઉપકલ્પનાઓના નિર્માણમાં ગ્રંથાલયની ભૂમિકા સમજી શકશો.*
- *ગ્રંથાલયમાં રહેલા સંશોધનોના આધારે અન્ય સંશોધકોના અનુભવોનું જ્ઞાન મેળવી શકશો.*
- *સંશોધનમાં ગ્રંથાલયનાં ઉપયોગની સમાજકાર્યમાં જાણકારી મેળવી શકશે.*

## 6.1 પ્રસ્તાવના :

*સામાજિક સંશોધન એક પ્રક્રિયા છે સંશોધકે વિષય પસંદગીથી લઈને સંશોધન કારણો તારવા સુધીની પ્રક્રિયા વૈજ્ઞાનિક છે. સામાજિક સંશોધન મુખ્યત્વે ક્ષેત્રીય પર આધારિત હોય છતા પણ સંશોધનમાં ગ્રંથાલયનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. સંશોધન પોતાના સંશોધક વિષય સંબંધિત ઘણી ખરી માહિતીનું એકત્રીકરણ કરવામાં સંબોધન સંશોધન સાહિત્યની સમીક્ષા કરવામાં અન્ય સંશોધકોના અનુભવો જાણવા સંશોધન માટેની પ્રયુક્તિની પસંદગી કરવામાં વગેરેમાં ઉપયોગી પુરવાર થાય છે.*

*ગ્રંથાલય એ માહિતીનો વિપુલ સ્ત્રોત છે. જેમાંથી સંશોધકને પોતાના વિષય અનુરૂપ તેમજ સંશોધન વિષય સંબંધિત માહિતી ઉપલબ્ધ થાય છે. એટલે સંશોધકે પોતે પણ ગ્રંથાલયમાંથી મળતી માહિતીઓ કેવી રીતે મેળવવી કેવી રીતે ઉપયોગ કરવો એ સંશોધકે શીખી લેવુ જરૂરી છે*

*ગ્રંથાલયમાંથી સંશોધકને પુસ્તકો, સામાયિકો, વર્તમાન પત્રો કે અન્ય દસ્તાવેજી લખાણો વગેરેની માહિતી પોતાના સંશોધનમાં ઉપયોગ કરવાની જરૂરીયાત અનિવાર્ય પણે ઉભી થાય છે. પ્રાથમિક અને ગૌણ માહિતી આધારિત થતા સંશોધન માટે સંશોધને ગ્રંથાલયનો આધાર ગ્રંથાલયની સામાજિક સંશોધનમાં શું ઉપયોગિતા કે મહત્ત્વ છે. તેની સમજ મેળવીએ.*

## 6.2 સંશોધનમાં ગ્રંથાલયનો ઉપયોગ :

*સામાજિક સંશોધનમાં ગ્રંથાલયની ઉપયોગિતા નીચેની ચર્ચા પરથી સ્પષ્ટ રીતે સમજૂતી મેળવી શકે છે.*

### 6.2.1. સંશોધનની પ્રાથમિક તૈયારી માટે ઉપયોગી

*સંશોધકે કોઈપણ વિષયની પસંદગી કરી સંશોધન કાર્ય કરવાનું હોય છે તે સંશોધન વિષયના અનુસંધાનમાં પ્રાથમિક કે પ્રારંભિક તૈયારી કરવા માટે સંશોધકને ગ્રંથાલયની સામગ્રી ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે. પ્રાથમિક તૈયારી વગર કોઈપણ સંશોધન કાર્ય સારી રીતે પૂર્ણ થઈ શકતું નથી. ગ્રંથાલયમાંથી સંશોધકને પોતાના સંશોધન વિષયના અનુસંધાનમાં પાયાની જરૂરી માહિતી મળી રહે છે. જેમ કે કોઈ વ્યક્તિ યુવાનો ઉપર મોબાઈલની અસરો વિષય પર સંશોધન કાર્યકરી રહ્યો હોય તો તે વ્યક્તિને વિષયના સાથે સંકળાયેલી પાયાની માહિતી ગ્રંથાલયમાંથી મળી રહે છે. અને આવી માહિતી મેળવવી ખૂબ જ આવશ્યક છે. જેવા સંશોધકે યુવાન તરીકે કઈ ઉમર સુધીની વ્યક્તિને રાખવી એ અંગેનું પ્રાથમિક જ્ઞાન મળી રહે છે. ટૂંકમાં સંશોધકને પોતાના સંશોધન વિષય (ટાઈટલ)માં લીધેલાં ખ્યાલોની સ્પષ્ટતા કરવામાં ગ્રંથાલય ઉપયોગી સાબિત થાય છે. સંશોધનના શરૂઆતમાંજ આ સ્પષ્ટતા હોવી આવશ્યક માનવામા આવે છે. આથી સંશોધકને સંશોધનની પ્રાથમિક તૈયારી માટે ગ્રંથાલય ઉપયોગી છે.*

### 6.2.2. પૂર્વ થયેલાં સંશોધનની જાણકારી મેળવવા માટે ઉપયોગી

*સંશોધકને પોતાના સંશોધન વિષય માટે અગાઉ થયેલા સંશોધનો અંગેની જાણકારી મેળવવી આવશ્યક છે. જેના લીધે અન્ય સંશોધનમાં પસંદ કરેલ ક્ષેત્રમાં સંશોધન સમસ્યા કેવા પ્રકારની હતી ? અન્ય સંશોધનોમાં અભ્યાસના શુ કારણો જોવા મળે છે ? તેના વિશેની જાણકારી મળી શકે સંશોધકને પોતાના સંશોધન સંબંધિત અન્ય પૂર્વ થયેલાં સંશોધનો ગ્રંથાલય માંથી ઉપલબ્ધ થાય છે આ પ્રકારના સંશોધનથી સંશોધક અમુક પુનરાવર્તિત થતી માહિતીથી દૂર રહી શકે દા.ત. ખેતમજૂર મહિલાઓનો સામાજિક દરજ્જો આ વિષય પર એક જ ક્ષેત્રમાંથી ફરી અન્ય કોઈ સંશોધક સંશોધન કરતાં હોય ત્યારે પૂર્વ થયેલાં અભ્યાસથી સંશોધકને અમુક માહિતીનુ પુનરાવર્તન થતાં અટકી શકે તેમજ ગ્રંથાલયમાંથી આવા અભ્યાસો સરળતાથી પ્રાપ્ત કરી અન્ય સંશોધનોની સમીક્ષા પણ કરી શકાય છે. ટૂંકમાં ગ્રંથાલયના લીધે પૂર્વ થયેલાં સંશોધનની જાણકારી મેળવવામાં સરળતા રહે છે.*

### 6.2.3. સંશોધનની પ્રયુક્તિ નિર્ધારિત કરવામાં ઉપયોગી

*સામાજિક સંશોધનમાં સંશોધકે સંશોધનની સંદર્ભે માહિતીનુ એકત્રીકરણકરવું ખૂબજ આવશ્યક છે સંશોધકને ગ્રંથાલયમાંથી અગાઉ થયેલા સંશોધનો સરળતાથી મળી રહે છે. ગ્રંથાલયમાંથી ઉપલબ્ધ થતા આ સંશોધનો સંશોધકને પોતાના સંશોધન સંબંધિત થયેલા સંશોધનમાં*

*અન્ય સંશોધકે કેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને માહિતી એકત્ર કરેલ છે ? તેમા સંશોધનની શુ મર્યાદાઓ છે ? વધુ વિશ્વસનીય અને તટસ્થ માહિતી મેળવવા કઈ પ્રયુક્તિની પસંદગી કરવી જોઈએ ? વગેરે વિશેની માહિતી મળી રહે છે દા.ત. ''બાળમજૂરોની સામાજિક - સાંસ્કૃતિક સ્થિતિ'' વિષય પર સંશોધન કાર્ય કરવાનું હોય ત્યારે સંશોધકને ગ્રંથાલયમાંથી આ સંબંધિત સંશોધનો માંથી માહિતી હોય તો તેને કઈ પ્રયુક્તિનો ઉપયોગ કરી શકાય તે જાણી શકાય છે. આમ, ગ્રંથાલય સંશોધનની પ્રયુક્તિ નિર્ધારિત કરવામાં ઉપયોગી છે.*

### 6.2.4. નવી ઉપકલ્પનાઓના નિર્માણમાં ઉપયોગી

*ગ્રંથાલય ગ્રંથોનો ભંડાર છે જેમા પુસ્તકો સંશોધનો સામાયિકો વર્તમાન પત્રો સારા પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે. કોઈપણ વ્યક્તિ ગ્રંથાલયમાં વાંચન કરતી હોય એ વખતે ઘણી ખરી ઉપકલ્પનાઓનુ સર્જન થયુ હોય છે સંશોધક સંશોધન વિષય સંદર્ભ ગૌણ માહિતીના એકત્રીકરણ માટે ગ્રંથાલયમાં પુસ્તકોનુ વાંચન કરતા હોય ત્યારે તેમાથી સંશોધકને અન્ય વિષય પર સંશોધન કાર્ય હાથ ધરી શકાય તેવી નવી ઉપકલ્પનાનુ નિર્માણ પણ થાય અને ઘણી વખત સંશોધકનેએ ક્ષેત્રે સંશોધન કરવાની નવી દિશા ખુલ્લી કરી આપે છે. દા.ત. ''નર્મદા બંધથી સ્થળાંતરિત આદિવાસીઓનુ વિસ્થાપન'' આ ક્ષેત્રે સંશોધન કરતા સંશોધક ગ્રંથાલયમાં સ્થળાંતરના પ્રકારો વિશેનુ વાંચન કરી માહિતીએકત્ર કરતા હોય તો તેમાંથી આંતરરાષ્ટ્રિય સ્થળાંતરના કારણો, તેની અસરો વગેરે નવી ઉપકલ્પનાનું નિર્માણ કરે છે આ રીતે ગ્રંથાલય નવી ઉપકલ્યનાઓનું નિર્માણ કરવામાં ઉપયોગી પુરવાર થાય છે.*

### 6.2.5 ગૌણ માહિતી આધારિત સંશોધન માટે ઉપયોગી

*સંશોધન મુખ્યત્વે બે પ્રકારની માહિતીના આધારે થતા હોય છે.*

(i) *પ્રાથમિક માહિતી અને* (ii) *ગૌણ માહિતી જેમાં પ્રાથમિક માહિતી આધારીત સંશોધનો ક્ષેત્રકાર્યથી મળતી માહિતીથી થાય છે, જ્યારે ગૌણ માહિતી આધારીત સંશોધન ગ્રંથાલય મા ઉપલબ્ધ દસ્તાવેજ માહિતીથી થાય છે. ગ્રંથાલયમાંથી ઉપલબ્ધ તેમ માત્ર ક્ષેત્રકાર્ય ઉપર આધારિત સંશોધનો જ મહત્ત્વત્તા અને ઉપયોગી છે. એમ નથી પરંતુ ગ્રંથાલય આધારિત એટલે કે ગૌણ માહિતી આધારીત સંશોધનને પણ એટલા જ મહત્ત્વના અને ઉપયોગી હોય છે. ઘણાખરા સંશોધનો તો માત્ર ગૌણ માહિતી આધારિત જ થતાં હોય છે જેમા ગ્રંથાલય ખૂબ જ ઉપયોગ દા.ત. ''સ્વતંત્રતા ચળવળમાં સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકા'', ''સ્વતંત્રતા પૂર્વે અસ્પૃશ્યતાની સ્થિતિ'વગેરે જેવા ભૂતકાલિન વિષયો અંગેનુ સંશોધન માત્ર ગ્રંથાલયમાં ઉપલબ્ધ દસ્તાવેજી સ્ત્રોતમાંથી જ થાય છે ટૂંકમાં, ગૌણ માહિતી આધારિત સંશોધનો કરવામા ગ્રંથાલયમાં ઉપલબ્ધ દસ્તાવેજો ખૂબ જ ઉપયોગી છે.*

### 6.2.6 ગ્રંથાલયમાં સંગ્રહિત માહિતી સંશોધન માટે ઉપયોગી

*સરકારી અને ખાનગી ક્ષેત્રે થયેલી સંગ્રહિત માહિતીઓ ગ્રંથાલયમાંથી ઉપલબ્ધ બની રહે છે ગ્રંથાલયમાં આવા રેકોર્ડ કે દસ્તાવેજો સંગ્રહિત હોય ગ્રંથાલય એ એવી જગ્યા છે કે જ્યાં મહત્ત્વના દસ્તાવેજ ને સારી રીતે સાચવીને સંગ્રહ કરવામાં આવે છે ગ્રંથાલયમાં સંગ્રહાયેલા આવા દસ્તાવેજો સંશોધન માટે ઉપયોગી છે. સરકાર દ્વારા કે ખાનગી સંસ્થાઓ દ્વારા એકત્ર કરવામાં આવેલી*

*સામાજિક, આર્થિક, રાજકીય આંકડાશાસ્ત્રીય વગેરે માહિતીમાં ગ્રંથાલયમાં સાચવી રાખાયેલી હોય છે અને આવી દસ્તાવેજી માહિતી અમુક વિશ્લેષણાત્મક અભ્યાસ કરવામાં સંશોધકને ઉપયોગી થાય છે. દા.ત. વસ્તી વિષયક માહિતી વિશ્લેષણ કરવા માટે સરકારી કે ખાનગી સંસ્થા દ્વારા એકત્ર કરાયેલી આંકડાવિષયક માહિતી ઉપયોગી પુરવાર થાય છે. ટૂંકમાં ગ્રંથાલયમાં આવી અંગત માહિતી સંશોધન કાર્યમાં છે.*

**6.2.7. સંશોધન સમસ્યા અંગે જ્ઞાન મેળવવા ઉપયોગી**

*ગ્રંથાલયમાં સમસ્યા સંશોધનનું ઘણુંબધું સાહિત્ય ઉપલબ્ધ હોય છે. સંશોધક પોતાના વિષય કે સંશોધન સમસ્યા સંબોધન વિસ્તૃત માહિતી કે જ્ઞાન મેળવવા માટે ગ્રંથાલય પર આધાર રાખવો પડે છે અમુક ચોક્કસ સમસ્યા સંબંધિત થયેલા પૂર્ણ સંશોધનો સંશોધકના જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે આવા સંશોધનોના તારણો એકત્ર કરીને જે તે સમસ્યા વિશે વિસ્તૃત જાણકારી એકત્ર કરીને સંશોધન કરી શકાય છે. અન્ય સંશોધનના તારણો અંગેનું જ્ઞાન સંશોધકને પોતાની સંશોધન સમસ્યાની વિસ્તૃત જાણકારી મેળવવા ઉપયોગી છે આ રીતે ગ્રંથાલય સંશોધકને પોતાની સંશોધન સમસ્યાનું બૃહદ જ્ઞાન પૂરું પાડવામાં ઉપયોગી છે.*

**6.2.8. ક્ષેત્રકાર્ય આધારીત સંશોધનનો પાયો રચવામાં ઉપયોગી**

*મોટાભાગે સામાજિક સંશોધનો ક્ષેત્રકાર્ય પર આધારિત થતા હોય છે. આ સંશોધનમાં સંશોધક પોતાના વિષયક્ષેત્ર કે અભ્યાસક્ષેત્રમાં જઈને પ્રત્યક્ષ માહિતી મેળવે છે, જેમા એવી માહિતી કે, જેનો અન્ય ક્યાંય ઉપયોગ થયો નથી તેવી માહિતી એકત્ર કરવામાં આવે છે તેમ છતા આ પ્રકારના સંશોધન ની પાયાની માહિતી અન્ય કોઈ સંશોધન કે દસ્તાવેજો માંથી મેળવવી આવશ્યક છે સંશોધન માટે આવી માહિતી ગ્રંથાલય માંથી મળે છે એટલે કે ગ્રંથાલય માં રહેલા પૂર્વ સંશોધનો મેગેઝિન, પુસ્તકો વગેરે સંશોધન વિષયની પાયાની માહિતી પુરી પાડે છે જેના થકી સંશોધક પોતાના વિષય સંબંધિત ક્ષેત્રકાર્ય કરી આધારભૂત યથાર્થ અને વિશ્વસનીય માહિતી પ્રાપ્ત કરી શકે છે.*

**6.2.9. અન્ય સંશોધકોના અનુભવ જાણવામાં ઉપયોગી**

*ગ્રંથાલયમાંથી સંશોધકને પોતાના વિષય સંબંધિત સંશોધનો મળી રહે છે જેના સંશોધક પોતાના સંશોધન દરમિયાન થયેલાં અનુભવોનું જાણે હોય છે આ અનુભવ સંશોધન પોતાના સંશોધન માટે ઉપયોગી બને છે અન્ય સંશોધકને માહિતી મેળવવામાં મુશ્કેલી પડી હોય, સંશોધન વિશે યથાર્થ અને વિશ્વસનીય માહિતી મેળવવામાં મુશ્કેલી પડી હોય તો સંશોધક પોતાના સંશોધનમાં એવી ભૂલ ન કરે એટલા માટે ગ્રંથાલયમાંથી ઉપલબ્ધ થતાં અન્ય સંશોધનોના અનુભવો જાણવા માટે ઉપયોગી છે.*

## 6.3 સંશોધનમાં ગ્રંથાલયની ગોઠવણી

**6.3.1 પ્રકાશ અને હવા ઉજાસ :**

*ગ્રંથાલયના આંતરિક વિભાગને પણ કુદરતી પ્રકાશ મળી રહે એ જોવું જોઈએ. એટલા માટે ગ્રંથાલય ભવન ની રચના આપતી વખતે જ કુદરતી પ્રકાશ સંબંધી વિચાર કરી લેવો જોઈએ. સૂર્યકિરણો વાંચન સામગ્રી પર સીધા જ ન પડે તેની સાવચેતી રાખવી આવશ્યક છે. કુદરતી અને*

*કૃત્રિમ પ્રકાશને કેવી રીતે સાંકળી લેવા જોઈએ કે જેમાં ઓછામાં ઓછા કૃત્રિમ પ્રકાશ પર આધારિત રહેવું પડે. ગ્રંથાલયમાં પસંદ કરવામાં આવેલ દીવાલના રંગો અનુકૂળ, નયનપ્રિય, અને વાંચન પ્રવૃત્તિને પોષક હોય એવા રાખવા જોઈએ. પુસ્તકો અને વાચકો ઉભય પક્ષ માટે શુદ્ધ વાયુનો સતત સંચાર આવશ્યક છે. આ માટે પૂરતા પ્રમાણમાં સમાંતર દિશાએ બારી બારણા વેન્ટિલેટર હોવાં જોઈએ. સાથે જ ગ્રંથાલયની જાળવણી અને સંરક્ષણ અને લક્ષમા રાખતા બારીઓ તારની જાળી વાળી હોવી જોઈએ. શુદ્ધ હોવાના પ્રસારથી પુસ્તકોને પણ કીટાણુંઓથી મુક્ત રાખી શકાય છે.*

**6.2.2 વાતાનુકૂલિત :**

*સતત ગરમ વાતાવરણને કારણે પુસ્તકો બરડ થઈ જતા હોય છે, એટલે ગ્રંથાલયમાં સમાંતર ઉષ્ણતામાન સતત જળવાઈ રહે તે આવશ્યક છે. એ માટે ગ્રંથાલય ભવન વાતાનુકૂલિત સુવિધા સાથેનુ હોય તે આવશ્યક છે. સંશોધકો કે સામાન્ય વાચક વર્ગસંથાલયમાં સામગ્રીની ગોઠવણી અને મુલાકાત અને લોકો માટે પણ ગ્રંથાલયમાં અતિ ગરમી ભરેલું વાતાવરણ ન આ એ બાબતો લક્ષમાં લેતાં, ગ્રંથાલય વાતાનુકૂલિત હોવું ખૂબ જ આવશ્યક છે.*

**6.2.3 આંતરિક વિભાગો**

*આંતર વિભાગીય કાર્યક્ષમતા પર આધારિત રહી, ગ્રંથાલય ભવનના જે તે કાર્ય કેન્દ્રો અને સેવા કેન્દ્રની રચના કરાવી જોઈએ, કેવી રીતે એની ગોઠવણી કરવી જોઈએ. ગ્રંથાલયના કાર્યોને બે વિભાગોમાં વહેંચવામાં આવે છે. 1. પ્રત્યક્ષા કાર્ય એટલે કે વાચક સાથે સંપર્કમાં રહીને કરવાનાં કામો 2. પરોક્ષ કાર્ય એટલે કે જ્યાં વાચક સાથે સીધો સંબંધ હોતો નથી. તેમ છતાં આ બંને કાર્યોને સ્પષ્ટત : અલગ બતાવતી રેખા દોરવાનું મુશ્કેલ છે. ગ્રંથાલયના આનાતારિક વિભાગો ખૂબ જ સારી રીતે કાર્યરત હોવા જોઈએ જેથી કરીને મુલાકાત લેનાર વ્યક્તિ ગ્રંથાલયના આંતરિક વિભાગથી સારી રીતે માહિતગાર થઇ શકે. આ બાબતને લક્ષમાં લઈને ગ્રંથાલયના આંતરિક વિભાગોની ગોઠવણી થવી ખૂબ જ આવશ્યક છે.*

**6.3.4 ગર્ભદ્વાર**

*ગ્રંથાલયમાં ગર્ભદ્વારનું વિશેષ મહત્ત્વ રહેલું છે. તે પ્રવેશદ્વાર અને સેવા વિભાગો વચ્ચે માનસિક તાદાત્મ્ય સાધી આપતો અગત્યનો વિભાગ છે. આ વિભાગમાં વિવિધ પ્રકારનાનોટિસ બોર્ડ ઉપર જુદી જુદી માહિતી સાથે ગ્રંથાલયના જુદા જુદા વિભાગોની માહિતી આપવામાં આવે છે. જેથી પ્રવેશ્યા બાદ વાચકને કઈ માહિતી માટે ક્યાં જવાનું છે તે સૌ જાતે જ જાણી લે અને વિશાળ ગ્રંથાલયમાં અટવાઈ ન પડે. આ રીતે ગર્ભદ્વારની ગોઠવણ થયેલી હોવી જરૂરી છે.*

**6.3.5. અનુલય સેવા વિભાગ :**

*આગંતુક વાચકને સામાન્ય અને સંદર્ભ માહિતી યોગ્ય રીતે યોગ્ય કર્મચારી દ્વારા મળી રહે, પુસ્તકોનો યોગ્ય ઉપયોગ થાય તેમજ પ્રથમ વખતના પ્રવેશ સાથે જ ગ્રંથાલય સાથે અસ્મિતાનો એકનાતો બંધાયો એટલા માટે ગ્રંથાલયમાં સૌપ્રથમનો વિભાગ તે અનુલય સેવા વિભાગ છે. આ વિભાગમાં પ્રથમ વખત મુલાકાત કરનારા વાચકોને પણ ગ્રંથાલયમાં અજાણ્યા પણાનો ભાવ ન થાય એ બાબતોને ધ્યાનમાં રાખી, તેની યોગ્ય રીતે ગોઠવણી થવી આવશ્યક છે.*

**6.3.6. ગ્રંથ લેવડ-દેવડ પ્રતિષ્ઠાન :**

*ગ્રંથાલય ભવન નિમણિની યોજનાને આકાર આપતા, આ વિભાગનો સૌપ્રથમ વિચાર કરવો જ રહ્યો. ગ્રંથાલયમાં તેનું સ્થાન મધ્યવર્તી હોવું જોઈએ. જુદા જુદા તાંતણે ગ્રંથાલયના બધા જ વિભાગો સાથે સંકળાયેલ આ વિભાગ મુખ્ય ટ્રાફિક સર્કલ સમાન છે. અહીં બેઠેલો કર્મચારી વધુમાં વધુ વિભાગો અને વાચકો ઉપર સામાન્ય નજર રાખી શકે તેવું તેનું મધ્યમાં સ્થાન હોવું જોઈએ. અવર જવર પર નિયંત્રણ અને ચકાસણી રાખવા તેની આસપાસ વિકેટની યોજના હોવી જોઈએ. ગ્રંથ લેવડદેવડ પ્રતિષ્ઠાન એ ગ્રંથાલયના ખ્ હ્રદય સમાન ગણી શકાય કેમકે ત્યાંથી પુસ્તકોની લેવડ દેવડ થતી હોય છે એટલા માટે આ વિભાગની ગોઠવણ ખૂબ જ સારી રીતે થાય એ અતિ આવશ્યક છે. વાચકોએ પુસ્તકો લેવા માટે અને જમા કરાવવા માટે આ વિભાગનો સંપર્ક સાધવો અનિવાર્ય બની રહે છે.*

**6.3.7. ગ્રંથ ભંડાર :**

*"પુસ્તકો ઉપયોગ માટે છે" એની વિચારસરણીના પ્રાદુર્ભાવ સાથે વાચકને ગ્રંથભંડારમાં પ્રવેશ આપવામાં આવ્યો છે. પ્રવેશ પદ્ધતિના આવિષ્કાર સાથે પુસ્તકોના બંધનો આવરણો દૂર કરવામાં આવ્યા છે. વાચકો સરળતાથી પુસ્તકોની દુનિયામાં ફરી શકે, ખોવાઈ શકે તેવી તેની રચના હોવી જોઈએ. વળી, હવા-ઉજાસ અને પ્રકાશ માટેની સુવિધાની અત્રે વિશેષ જોગવાઈ, વાચક અને પુસ્તક ઉભય પક્ષે અનિવાર્ય બને છે.*

**6.3.8. વાંચનાલય અને વિશેષ વાંચનાલય**

*વાંચનાલય તે વાંચકો માટે મુક્ત હોય છે. જ્યાં સમાજની કોઈપણ વ્યક્તિ ગ્રંથાલય સભ્યપદ મેળવ્યા વગર પણ પ્રવેશી શકતી હોય છે. તે લક્ષમાં રાખતા વાંચનાલય વિભાગ પ્રવેશ દ્વારની નજીકમાં જ રાખવું જોઈએ. વળી ગ્રંથાલયની બહારની બાજુએ અવરજવર કરતાં લોકો તેમાં બેઠેલા વ્યસ્ત વાચકોને જોઈને પોતે વાંચન માટેની પ્રેરણા મેળવી શકે તેવી તેની રચના હોવી જોઈએ. સાર્વજનિક ગ્રંથાલય માટે સુનિયોજિત, આકર્ષક અને આરામદાયક વાંચનાલય આવશ્યક છે. વળી, વાંચનાલયનો ઉપયોગ કરનારાઓની દૈનિક સરેરાશ જેટલા વાચકોના એક તૃતીયાંશ જેટલા વાચકો માટેની બેઠક વ્યવસ્થા ઈચ્છનીય ગણવામાં આવે છે, તથા ગ્રંથાલયના વિકાસ માટે યોગ્ય વિસ્તરણ કરી શકાય તેવી સુવિધા હોવી જોઈએ. ભારતીય માનક સંસ્થા અનુસાર વાંચનાલયના વાચક દીઠ નવ ચોરસ ફુટ જગ્યા આવશ્યક ગણવામાં આવે છે.*

*સાર્વજનિક ગ્રંથાલયનું કાર્ય ફક્ત પાઠ્યક્રમના ગ્રંથો વસાવવાનું નથી, પરંતુ ભારત જેવા દેશમાં વિદ્યાર્થીઓને તેમના રહેઠાણથી ઘણે દૂરના સ્થળે અભ્યાસ અર્થે જવાનું હોય છે. પરિણામે શૈક્ષણિક ગ્રંથાલયોનો અધ્યયનાર્થે ઉપયોગ કરવાનું મુશ્કેલ બને છે. તેથી સાર્વજનિક ગ્રંથાલયોમાં પાઠ્યપુસ્તકોનો વિશિષ્ટ સંગ્રહ અને તેના અધ્યયન માટે વિશેષ વાંચન લઈને સુવિધા માટેની વિચારસરણી અર્વાચીન યુગમાં આકાર લઈ રહી છે, તે સંદર્ભમાં આ વિભાગનું આયોજન કરવાની સુવિધાઓ રાખવી જરૂરી છે.*

**6.3.9 પુસ્તકો અને ગ્રંથોની ગોઠવણી :**

*સંશોધકો અને વાચક વર્ગો માટે ખાસ કરીને પુસ્તકો અનેક ગ્રંથોની ગોઠવણ કેવી રીતે થયેલી છે એ બાબત ખુબ જ મહત્ત્વની છે. જે નીચેની બાબતો દ્વારા વધુ સ્પષ્ટ રીતે જાણી શકાશે.*

**(i) સંદર્ભ પુસ્તકો**

*સામાન્ય રીતે શબ્દકોશ, જ્ઞાનકોશ, વાર્ષિક બુક્સ, ડિરેક્ટરીઝ, બાયોગ્રાફિકલ ડિક્ષનરી વગેરે એવા પ્રકારના સંદર્ભ પુસ્તકો છે કે જેની સંશોધકને પોતાના સંશોધન કાર્યમાં સતત આવશ્યકતા રહે છે આવી સામગ્રીઓ સામાન્ય સ્વરૂપની હોવાથી તેને વિષય સૂચિઓમા સ્થાન મળી શકતું નથી. સંશોધનમાં તેની જરૂરિયાત અનુભવે જ સમજાય છે. આથી આવા સંદર્ભ પુસ્તકો વિશે પણ સમજૂતી મેળવવી આવશ્યક છે. અંગ્રેજી, ગુજરાતી, હિન્દી વગેરે વિવિધ પ્રાદેશિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક કક્ષાનાગ્રંથાલયમાં સામગ્રીની ગોઠવણી અને મુલાકાત શબ્દકોશો ગ્રંથાલયમાં સંગ્રહાયેલા હોય છે. જ્ઞાનકોશોમાના લેખો વિષય અંગે ની સમજૂતી પૂરી પાડવામાં ઉપયોગી બને છે. અમુક નિશ્ચિત જરૂરિયાતવાળી અને વર્તમાન સમયના સંદર્ભની માહિતી વાર્ષિક બુક્સમાંથી મળી ઓ છે.*

**(ii) કાર્ડ કેટલોગ :**

*સામાન્ય રીતે ગ્રંથાલયમાંથી પુસ્તકો શોધવા માટે કાર્ડ કેટલોગ પદ્ધતિનો ઉપયોગ કરીને પુસ્તક શોધવામાં આવતું હોય છે. પુસ્તકના ટાઈટલ પ્રમાણે, લેખકનાનામ પ્રમાણે તેમજ વિષયનાનામ પ્રમાણે તૈયાર કરવામાં આવેલા બધા જ કાળ સૌ પ્રથમ તો આ શબ્દની કક્કાવારી મુજબ ગ્રંથાલયમાં લાંબો ખાનાઓમ ગોઠવવામાં આવતા હોય છે. જેમાં કાર્ડમાં લખેલો પહેલો અથર પુસ્તકનુંનામ અથવા લેખકનાનામનો રાખવામાં આવેલ હોય છે. તેમજ એક જ લેખક દ્વારા લખાયેલા બધા જ પુસ્તકો અને તેના કારણે એક સાથે જ ગોઠવાયેલા હોય છે. આ રીતે તૈયાર થયેલ આખી યાદી અને પુસ્તકોની ગોઠવણને કાર્ડ કેટલોગ પદ્ધતિ તરીકે ઓળખાવી શકાય.*

**(iii) સૂચિઓ અને સંદર્ભ સૂચિઓ :**

*ગ્રંથાલયમાંથી પુસ્તકો શોધવા માટે કાર્ડ કેટલોગ પદ્ધતિ ઉપરાંત સૂચિઓ અને સંદર્ભ સૂચિ ઓ દ્વારા પણ પુસ્તકો ઝડપથી અને સરળતાથી શોધી શકાય છે. સામાયિક સૂચિ, રાષ્ટ્રીય અને વેપારી સૂચિ અને વિશેષ સંદર્ભ સૂચિ મુજબ પુસ્તકોની ગોઠવલ ગ્રંથાલયમાં થયેલી હોય છે. આ વિવિધ સૂચનાઓના આધારે સંશોધક કે વાચક ગ્રંથાલય માંથી પોતાની જરૂરિયાત મુજબનું પુસ્તક મેળવી શકે છે. ઘણી વખત સંદર્ભ તરીકે ઉપયોગી પુસ્તકો સંશોધકને ગ્રંથાલયમાંથી ઉપલબ્ધ થાય છે.*

## 6.4 સારાંશ

*જ્ઞાન અનંત છે, ગતિશીલ છે. જ્ઞાનની ગતિશીલતા એક યા બીજા સ્વરૂપે ગ્રંથસ્થ થતી રહે છે. સમાજજીવન જાહેરજીવન, રાષ્ટ્રિયજીવન, અંગત જીવન વગેરે વિશે બધીજ માહિતીઓ ગ્રંથોમાં સમાવિષ્ટ થાય છે. આ ગ્રંથાલયો સંસ્કૃતિને જીવંત રાખવાનુ પણ મહત્ત્વનુ કાર્ય કરે છે. સમાજ જીવનમાં પરિવર્તન આવતાની સાથે ગ્રંથાલય પ્રત્યેના અભિગમમાં પણ પરિવર્તન આવ્યું છે. એટલે જ વર્તમાન યુગને જ્ઞાન યુગથી ઓળખવામાં આવે છે. ગ્રંથાલય એટલે કોઈપણ જાતના અંકુશ વિના સ્વતંત્રતાપૂર્ણ વાતાવરણમાં વિકાસ સાધવાનુ સાધન ગ્રંથાલયોમા સંગ્રહાયેલી માહિતી સંશોધન ક્ષેત્રે*

*કંતિ લાવવામાં અભૂતપૂર્વ યોગદાન આપી રહ્યુ છે માનવીની જિજ્ઞાસા અને વિચારશક્તિ તેમજ સંશોધન શક્તિના સમન્વયથી જે પ્રક્રિયા થાય છે તેમાંથી જ્ઞાનનો ઘટસ્ફોટ થાય છે, માહિતીનો ઘટસ્ફોટ થાય છે.*

*આમ, ઉપરોક્ત ચર્ચા ઉપરથી જાણી શકાય છે કે ગ્રંથાલયની આંતરિક રચના તેમજ બાહ્ય વાતાવરણને ધ્યાનમાં રાખીને ગ્રંથાલય ભવનનુ નિર્માણ થતું હોય છે. સંશોધક કે સામાન્ય વાચક વર્ગ માટે ગ્રંથાલય સામગ્રીની ગોઠવણી અને મુલાકાત માટે ઉપર્યુક્ત બાબતોને ધ્યાનમાં અત્યંત આવશ્યક છે. ગ્રંથાલયની આંતરિક રચના યોગ્ય રીતે ગોઠવાયેલી હોય તો વાચકો માટે એક પ્રકારનું હકારાત્મક વાતાવરણ પૂરું પાડે છે અને વાચકોને ગ્રંથાલયમાંથી જરૂરી સામગ્રી ઝડપી અને સરળતાથી ઉપલબ્ધ થાય છે. પ્રથમ વખત મુલાકાત લેનાર વ્યક્તિને પણ ગ્રંથાલય નયનરમ્ય અને આકર્ષક લાગે છે.*

## 6.5 તમારી પ્રગતિ ચકાસો

1. *ગ્રંથાલયએ માહિતીનો______________સ્ત્રોત છે*
2. *________________તૈયારી વગર કોઈપણ સંશોધન કાર્ય સારી રીતે પૂર્ણ થઈ શકતું નથી*
3. *ગ્રંથાલયમાં _____________નું વિશેષ મહત્ત્વ રહેલું છે*
4. *પુસ્તકો અને ગ્રંથોની ગોઠવણીમાં___________બાબતો રહેલી છે*

## 6.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. *વિપુલ*
2. *પ્રાથમિક*
3. *ગર્ભદ્વાર*
4. *ત્રણ*

## 6.7 સ્વાધ્યાય

1. *સંશોધનમાં ગ્રંથાલયનો ઉપયોગ સમજાવો.*

   ......................................................................
   ......................................................................
   ......................................................................
   ......................................................................
   ......................................................................
   .................................................................

2. *સંશોધનમાં ગ્રંથાલયની ગોઠવણી વિષે ચર્ચા કરો.*

   ......................................................................
   ......................................................................
   ......................................................................
   ......................................................................

……………………………………………………………………

…………………………………………………………………

## 6.8 ચાવીરૂપ શબ્દો

| | | |
|---|---|---|
| **તાર્કિક** | : | *માન્યતા અને જ્ઞાનના આધાર તરીકે તર્કનો ઉપયોગ કરવાની પદ્ધતિ* |
| **વિશ્લેષણ** | : | *કોઈ ઘટના કે એકમનું વિસ્તૃત માહિતી મેળવતા જે બાબત સામે આવે તે* |
| **સાર્વત્રિક** | : | *સાર્વત્રિક એટલે કે એક ઘટના બીજી ભૌગોલિક પરિસ્થિતિ સાથે જોડવી* |

## 6.9 સંદર્ભસૂચિ


1. Goode&Hatt :(1982), 'Method in Social Research'; Magrao Hill Book.
2. *'સામાજિક સંશોધન પદ્ધતિઓ',* SOCM 30*, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનીવર્સિટી, અમદાવાદ*
3. *ઉચાટ,ડી,એ, 'સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર',*(2023) *સ્વયં પ્રકાશક*
4. *પટેલ, આર.એસ.*(2015)*, 'સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર', અમદાવાદ, જય પબ્લિકેશન*

# એકમ - 7

# ગુણાત્મક અને માત્રાત્મક સંશોધનઃ ગુણાત્મક સંશોધનની રચના પગલાં અને પદ્ધતિઓ

-: રૂપરેખા :-

**7.0 હેતુઓ**

**7.1 પ્રસ્તાવના**

**7.2 ગુણાત્મક અને માત્રાત્મક સંશોધનનો અર્થ**

**7.3 ગુણાત્મક પદ્ધતિના લક્ષણો**

**7.4 ગુણાત્મક સંશોધન પદ્ધતિના પ્રકારો**

**7.5 માત્રાત્મક સંશોધનની વિશેષતાઓ**

**7.6 માત્રાત્મક સંશોધનના કાર્યો અને મહત્ત્વ**

**7.7 માત્રાત્મક સંશોધનની મર્યાદાઓ**

**7.8 સારાંશ**

**7.9 તમારી પ્રગતિ ચકાસો**

**7.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**7.11 સ્વાધ્યાય પ્રશ્નો**

**7.12 ચાવીરૂપ શબ્દો**

**7.13 સંદર્ભસૂચિ**

## 7.0 હેતુઓ

*વિદ્યાર્થી મિત્રો, આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે...*

- *સમાજકાર્ય સંશોધનમાં વિદ્યાર્થીઓ ગુણાત્મક અને માત્રાત્મક(સંખ્યાત્મક) સંશોધન પદ્ધતિ વિષે જાણકારી મેળવશે.*
- *વિદ્યાર્થીઓ ગુણાત્મક સંશોધન પદ્ધતિના લક્ષણો તેમજ ગુણાત્મક સામાજિક સંશોધનમાં સમાવેશ થતી પદ્ધતિ વિષે જાણકારી મેળવી શકશે.*
- *માત્રાત્મક સંશોધનનું મહત્ત્વ અને કાર્ય વિષે જાણકારી મેળવી શકશે.*
- *માત્રાત્મક સંશોધનની વિશેષતાઓ વિષે માહિતગાર થશે.*
- *માત્રાત્મક સંશોધનની મર્યાદાઓ વિદ્યાર્થીઓ સારી રીતે સમજી શકશે.*

## 7.1 પ્રસ્તાવના

*ગુણાત્મક પદ્ધતિ એક એવું વિશિષ્ટ ઉપકરણ છે, જેની મદદથી સંશોધન અભ્યાસની સમસ્યા વિશે ક્રમબદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે, કારણ કે પદ્ધતિનો અભિપ્રાય વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવામાં મદદ પ્રદાન કરે છે. એટલે એનો ઉપયોગ સામાન્યત : વૈજ્ઞાનિક પદ્ધતિને માટે કરવામાં આવે છે, જેનો હેતુ અનુભવજન્ય રીતે યોગ્ય માહિતી વિશે પક્ષપાતરહિત તથા ક્રમબદ્ધ જ્ઞાન પ્રાપ્ત*

*કરીને કાર્યકારણ સંબંધોની જાણકારી મેળવવાનો છે. એજ રીતે માત્રાત્મક સંશોધનમાં મહત્ત્વની બાબત આંકડા સ્વરૂપે મેળવીને તેનું વિશ્લેષણ કરી શકીએ છીએ જેની સચોટ અને યથાર્થ તારણ મેળવી શકાય છે માત્રાત્મક સંશોધનમાં મુખ્યત્વે તુલનાત્મક અને સર્વેક્ષણ છે તેના આધારે સંખ્યાત્મક માહિતીનું વિશ્લેષણ કરવામાં આવે છે. જેમાં માત્રાત્મકનું મહત્ત્વ,કાર્ય, વિશેષતાઓ અને મર્યાદાઓ શું છે તે વિષે સમજૂતી મેળવીશું.*

## 7.2 ગુણાત્મક અને માત્રાત્મક સંશોધનનો અર્થ.

**ગુડે અને હટના** *મતાનુસાર જ્યારે વિજ્ઞાનની આધારભૂત બાબતોને સમાજશાસ્ત્રના ક્ષેત્રમાં લાગુ પાડવામાં આવે છે, તો તેને આપણે પદ્ધતિ કહી શકીએ. લુંડબર્ગના મતાનુસાર વિસ્તૃત અર્થમાં વૈજ્ઞાનિક પદ્ધતિ માહિતીને વ્યવસ્થિત કરીને નિરીક્ષણ, વર્ગીકરણ તેમજ વર્ગીકરણ અને વર્ણન તેમજ એનું અર્થઘટન કરવાનો છે.*

*ઉપર્યુક્ત વ્યાખ્યાથી સ્પષ્ટ થાય છે કે વૈજ્ઞાનિક પદ્ધતિ કોઈ માહિતી અથવા ઘટના વિશે હેતુપૂર્ણ કે વસ્તુનિષ્ઠ રીતે જાણકારી મેળવવાની એક પદ્ધતિ છે તે કોઈ ઘટનાની પાછળ છુપાયેલી માહિતી અથવા ઘટના વિશે વસ્તુનિષ્ઠ રૂપે જાણકારી મેળવવાની એક રીત છે, તે કોઈ પણ ઘટનાની પાછળ છુપાયેલી માહિતી અથવા વાસ્તવિકતાને પ્રાપ્ત કરવાનો એક માર્ગ છે.*

*સમાજશાસ્ત્રમાં ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓને આપણે બે શ્રેણીઓમાં વિભાજિત કરી શકીએ - સામાન્ય પદ્ધતિ અને વિશિષ્ટ પદ્ધતિ. વૈજ્ઞાનિક પદ્ધતિને એક સામાન્ય પદ્ધતિ કહી શકીએ, કારણ કે તે બધા જ વિષયોમાં એકસરખી છે. વિજ્ઞાન પદ્ધતિ સાથે ચાલે છે, વિષયવસ્તુ સાથે નહીં. વિશિષ્ટ પદ્ધતિ અલગ-અલગ વિષયો માટે અલગ-અલગ વિષયવસ્તુ હોય છે તથા તેની પદ્ધતિ પણ અલગ અલગ હોય છે. સમાજશાસ્ત્રમાં અનેક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. ગુણાત્મક સંશોધનનો અભિપ્રાય એવા સંશોધન સાથે છે, જેનો હેતુ કોઈ સામાજિક ઘટનાના ગુણોને ઉજાગર કરવાનો હોય છે.*

*સામાજિક વિજ્ઞાનોમાં ગુણાત્મક તેમજ પરિમાણાત્મક બંને પ્રકારની રીતો અને પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. ગુણાત્મક પદ્ધતિઓ અશુદ્ધ તથા અણઘડ માહિતી વિશ્લેષણની એવી કાર્યપદ્ધતિ અથવા રીતો છે, જેમાં અંકો કરતાં શબ્દો અથવા ચિત્રોને સામેલ કરવામાં આવે છે. આ અશુદ્ધ માહિતી ઐતિહાસિક દસ્તાવેજોના સ્વરૂપમાં પહેલેથી જ વિદ્યમાન હોઈ શકે છે અથવા તેમને મુલાકાતની સંશોધનની પ્રક્રિયા દ્વારા એકત્રિત કરી શકાય છે. ગુણાત્મક સંશોધનમાં માહિતીના સંકલન તથા વિશ્લેષણની પદ્ધતિ એટલી માનવીકૃત અને શુદ્ધ નથી હોતી, જેટલી પરિમાણાત્મક સંશોધનમાં ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિઓમાં મોટા ભાગે સહભાગી અવલોકન અને મુક્ત મુલાકાત પદ્ધતિ જેવી અનૌપચારિક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. ઔપચારિક પદ્ધતિઓમાં સંરચિત મુલાકાત જેવાં લેખિત વિશ્લેષણ તથા વર્ગીકરણનો ઉપયોગ કરવામાં આવે છે.*

*માત્રાત્મક સંશોધન* (Quantitative Research) *એ સંશોધનની એક પદ્ધતિ છે જેમાં સંશોધક સંખ્યાત્મક માહિતી એકત્રિત કરે છે અને આ માહિતીનું પરિચય, વિશ્લેષણ અને માવજત*

*સંખ્યાઓ અને આંકડાઓની મદદથી કરવામાં આવે છે. આ પ્રકારના સંશોધનમાં સામાન્ય રીતે મકસદ પરિબળોની માપણી, દ્રષ્ટિકોણો, અને સંબંધોનું મૂલ્યાંકન કરવો હોય છે.*

- **માત્રાત્મક સંશોધનની વ્યાખ્યા :**

*"માત્રાત્મક સંશોધન એ એવી સંશોધન પદ્ધતિ છે જેમાં આંકડાઓ અને સંખ્યાત્મક માહિતી એકત્રિત કરી, તે માહિતીનું વિશ્લેષણ કરીને પરિણામો સુધી પહોંચવામાં આવે છે. આ પ્રકારના સંશોધનમાં પરીક્ષણ, સર્વે, શ્રેણીબદ્ધ પરિણામો, અને સ્ટેટિસ્ટિકલ ટેકનિક્સનો ઉપયોગ કરવામાં આવે છે."*

## 7.3 ગુણાત્મક સંશોધન પદ્ધતિના લક્ષણો

*ઐતિહાસિક દૃષ્ટિથી ગુણાત્મક પદ્ધતિઓને વ્યાખ્યાત્મક અને પરિમાણાત્મક પદ્ધતિઓને 'વિશ્લેષણાત્મક' માનવામાં આવે છે. સામાજિક વિજ્ઞાનોમાં ગુણાત્મક સંશોધનની શરૂઆત સંશોધનકર્તાઓનાં એવાં યાત્રાવૃત્તાંતો સાથે થઈ છે, જેમાં માનવશાસ્ત્રના ક્ષેત્રમાં અતિ પ્રચલિત સહભાગી અવલોકન પદ્ધતિ અને સમાજશાસ્ત્રમાં અનૌપચારિક મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિઓમાં સામાન્ય સ્વરૂપમાં માહિતી સંકલન ક્ષેત્રકાર્ય, મુલાકાતની પદ્ધતિ, નૃજાતિ લેખન અથવા પ્રજાતીય લેખનની પદ્ધતિઓ પર વધુ ધ્યાન આપવામાં આવતું હતું અને માહિતીના વિશ્લેષણને દ્વિતીયક અથવા ગૌણ મહત્ત્વ આપવામાં આવતું હતું. પરંતુ આજકાલ ગુણાત્મક માહિતીના વિશ્લેષણ પર ન માત્ર વધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે, પરંતુ વિશ્લેષણની કેટલીક વિશ્વસનીય રીતો અને પદ્ધતિઓને વિકસિત કરવામાં આવી છે.*

**ગુણાત્મક સંશોધનમાં અધિકાંશત :** *એક એકમ અથવા કેટલાક એકમોના ગહન અભ્યાસની પદ્ધતિઓ (વૈયક્તિક અભ્યાસ/વિષયવસ્તુ-વિશ્લેષણ) દ્વારા અભ્યાસ કરવામાં આવે છે. કોઈ એક વ્યક્તિગત એકમના તળિયા સુધી જઈને એને સમજવા પોતાની રીતે એક વિશિષ્ટ મહત્ત્વ રાખે છે. આ પ્રકારના સૂક્ષ્મ તેમજ ગહન અભ્યાસની પદ્ધતિઓને સામજિક વિજ્ઞાનોમાં 'સામાજિક સૂક્ષ્મદર્શી' કહેવામાં આવી છે..*

*એક લાબા સમય સુધી એવું માનવામાં આવતું હતું કે આંકડાઓ ખોટા હોઈ શકે છે, જૂઠું બોલી શકાય છે; પરંતુ 1980ના દાયકામાં ઉત્તર આધુનિક આંદોલનના પછીથી એમ પણ કહેવામાં આવ્યું કે શબ્દો અને ચિત્રો પણ ખોટાં હોઈ શકે છે, નકલી અને બનાવટી હોઈ શકે છે અને તેનો ખોટો અર્થ કરવામાં આવી શકે છે અથવા એમની ભ્રામક વ્યાખ્યા કરી શકાય છે) એટલે વિશ્વસનીયતા અને પ્રામાણિક્તા દરેક પ્રકારના સંશોધનની એક મહત્ત્વપૂર્ણ સમસ્યા છે. પરંતુ દુર્ભાગ્યવશ ગુણાત્મક સંશોધનમાં આવ્યું સમસ્યાઓની અવહેલના કરવામાં આવી છે અથવા અત્યંત ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે. આજકાલ આ સમસ્યાઓના નિદાનના સ્વરૂપમાં ગુણાત્મક વિશ્લેષણ હેતુ માટે કમ્પ્યૂટરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.*

*સામાજિક સંશોધકો સમાજજીવનને સમજવા તથા તેની સમજૂતી આપવા માટે પદ્ધતિસર અનુભવજન્ય માહિતી એકત્રિત કરી તેનું વિશ્લેષણ કરે છે. આ એકત્ર કરેલ માહિતી શબ્દો, એકમો અને ફકરા સ્વરૂપની હોય છે, તેથી તેને ગુણાત્મક માહિતી કહેવાય છે. આવી માહિતી એકત્ર કરવા માટે અને તેનું વર્ણન તથા વિશ્લેષણ કરવા માટે જે સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે*

*છે, તેને ગુણાત્મક પદ્ધતિઓ કહે છે. આવી ગુણાત્મક માહિતી નિરીક્ષણ, મુલાકાત દ્વારા મેળવવામાં આવે છે. જે માહિતી લેખિત સામગ્રીના વર્ણનાત્મક સ્વરૂપમાં હોય છે. આવી માહિતીનું સંખ્યાત્મક માહિતીમાં રૂપાંતર કરી શકાય છે.(એથ્નોમેથોડોલૉજી, નિરીક્ષણ પદ્ધતિ, એકમ અભ્યાસ પદ્ધતિ, ઐતિહાસિક અને તુલનાત્મક પદ્ધતિ તથા ક્ષેત્રકાર્ય વગેરે ગુણાત્મક પદ્ધતિઓ છે. ગુણાત્મક પદ્ધતિથી થાં સામાજિક સંશોધનોને ગુણાત્મક સંશોધનો કહે છે.)*

❖ **ગુણાત્મક પદ્ધતિનાં લક્ષણો :**

(1) *ગુણાત્મક પદ્ધતિ ગુણાત્મક માહિતી સાથે સંકળાયેલી છે, જે ગુણાત્મક માહિતી જુદા-જુદા એકમોમાં તેમજ વસ્તુલક્ષી સ્વરૂપે માપી શકાતી નથી. આવી માહિતીઓ ગુણાત્મક સ્વરૂપની હોય છે. તેનું વર્ણન અને વિશ્લેષણ કરી શકાય છે.*

(2) *ગુણાત્મક પદ્ધતિ ગુણાત્મક પરિવર્યો સાથે સંકળાયેલી હોય છે. ગુણાત્મક પરિવર્ત્યાને સંખ્યામાં દર્શાવી શકાતાં નથી તેમજ નિશ્ચિત એકમોમાં માપી શકાતાં નથી તથા તેની ગણતરી થઈ શક્તી નથી. પરંતુ ગુણધર્મ અનુસાર તેનું વર્ણન કરી શકાય છે. આવી ગુણાત્મક પદ્ધતિઓ ગુણાત્મક પરીવર્ત્યી વિશ્લેષણ અને વર્ણન સાથે સંબંધિત છે.*

(3) *ગુણાત્મક પદ્ધતિ સામાજિક સંદર્ભ પર ભાર મૂકે છે. સામાજિક જીવનને સમજવા માટે વિવિધ સામાજિક સંદર્ભો પર ભાર મૂકવામાં આવે છે, જે સામાજિક પરિસ્થિતિના સંદર્ભમાં મહત્ત્વ ધરાવે છે.*

(4) *ગુણાત્મક પદ્ધતિ એકમ અભ્યાસ ઉપર રચાયેલ છે. ગુણાત્મક પદ્ધતિમાં કેટલાક એકમો વિશે સઘન તપાસ કરીને ઊંડાણપૂર્વકની માહિતી એકત્ર કરી તેનું વર્ણન અને વિશ્લેષણ કરવામાં આવે છે. જે એકમ અભ્યાસ અભિગમ પર આધારિત હોય છે. સંશોધક લોકોના જીવન અને સંસ્કૃતિથી નિકટ પરિચય કેળવીને એમની સાથે ઓતપ્રોત થઈ જાય છે તેમજ તેમની વિવિધ ક્રિયાઓનું નિરીક્ષણ કરે છે.*

(5) *ગુણાત્મક પદ્ધતિ( વ્યાપ્તિની તાર્કિક પદ્ધતિ ઉપર રચાયેલ છે. આમાં સંશોધક સંશોધન- પ્રશ્નથી સંશોધનકાર્યનો આરંભ કરે છે અને માહિતી એકત્રિકીકરણની પ્રક્રિયા દરમિયાન અનુભવજન્ય માહિતીના આધારે સિદ્ધાંત વિકસાવે છે, જે આધારસિદ્ધાંત તરીકે ઓળખાય છે. તેની રચના વ્યાપ્તિની તાર્કિક પદ્ધતિ દ્વારા થાય છે, જે ગુણાત્મક સંશોધનને લચીલું બનાવવામાં મદદરૂપ થાય છે. તો કેટલાક સંશોધકો તુલના કરીને સિદ્ધાંતની રચના કરે છે. તેમાં નિરીક્ષણોને લગતા સૈદ્ધાંતિક પ્રશ્નો, માહિતીના ચિંતનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નોના જવાબો મેળવવામાં નવી માહિતીને બંધબેસતી મૂકે છે.*

(6) *ગુણાત્મક પદ્ધતિમાં ક્રમિક ઘટનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આવા સંશોધનમાં નિરીક્ષણ લાંબો સમય સુધી કરવામાં આવે છે. સંશોધન ઘટનાઓના ક્રમનુ નિરીક્ષણ કરે છે અને ઘટનાઓ કઈ રીતે બને છે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. ઘટનાની આંતરક્રિયા અને તેનાં પરિણામોનું નિરીક્ષણ કરીને કાર્યકારણસંબંધોને શોધે છે.*

(7) ગુણાત્મક પદ્ધતિમાં માહિતીનું અર્થઘટન લોકોના દ્રષ્ટિબિંદુથી શરૂ કરે છે. સંશોધક માહિતીનું અર્થઘટન અભ્યાસ હેઠળના લોકોના દૃષ્ટિબિંદુથી કરે છે. લોકોની દૃષ્ટિએ ઘટનાનો અર્થ, તેમનું દૃષ્ટિબિંદુ વગેરેને શોધી કાઢીને માહિતીનું અર્થઘટન કરે છે અને તેને સિદ્ધાંત સાથે સાંકળે છે.

(8) ગુણાત્મક પદ્ધતિના ઉપયોગમાં આત્મલક્ષી પરિબળો પ્રવેશવાની શક્યતા છે. આ પદ્ધતિમાં સંશોધક લાંબા સમય સુધી નિરીક્ષણ અભ્યાસજૂથના એકમોનું કરતો હોય છે. તેથી તેની હાજરીની અસર પડે છે. આવી માહિતીના એકત્રીકરણ અને અર્થઘટન તથા તારણો પર સંશોધકના અંગત વિચારો, માન્યતાઓ અને મૂલ્યોની અસર પડે છે. વળી, સંશોધક જે જુએ છે, સાંભળે છે, યાદ રાખે છે,નોંધ કરે છે, તેમાં કેટલીક માહિતી રહી જાય છે. તેથી અપર્યાપ્તનોંધના આધારે અહેવાલ તૈયાર કરે છે. તેમાં સંશોધકની પ્રામાણિકતાનો પ્રશ્ન ઉદ્દભવે છે. જોકે સંશોધક પ્રમાણભૂતતા જાળવવા માટે માહિતીની ચકાસણી કરે છે. તેની વિશ્વસનીયતા અને યથાર્થતાની ચકાસણી કરે છે. પરંતુ તાલીમબદ્ધ અને અનુભવી સંશોધક નિષ્પક્ષતા કેળવીને માનવ પરિબળોની અસરનેનાબૂદ કરવાનો પ્રયાસ કરે છે અને પોતાનાં અંગત મૂલ્યો, વિચારો, માન્યતાનો પ્રભાવ ન પડે તે માટે સમાન રહે છે.

## 7.4 ગુણાત્મક સંશોધન પદ્ધતિના પ્રકારો

આ પ્રકારની પદ્ધતિઓમાં વિવિધ પ્રકારની માહિતીઓનું ગુણાત્મક અધ્યયન કરવામાં આવે છે. પ્રાચીનકાળમાં પણ ગુણાત્મક પદ્ધતિઓનો ઉપયોગ અભ્યાસ માટે થતો હતો. ગુણાત્મક પદ્ધતિઓનો આધાર તિર્કશાસ્ત્ર છે. વિવિધ ઘટનાઓનું નિરીક્ષણ કરી તર્કશાસ્ત્રની આગમન-નિગમન પદ્ધતિઓના આધારે વિવિધ પ્રકારના તારણો તારવીએ છીએ. ગુણાત્મક પદ્ધતિઓ ઘણે ભાગે સિદ્ધાંત પર આધારિત હોય છે અને એ જ સિદ્ધાંતોનો ઉપયોગ વિવિધ ઘટનાઓમાં થાય છે.

ગુણાત્મક અભ્યાસ વૈયક્તિક અથવા વ્યક્તિ-અભ્યાસ, મુલાકાત, નિરીક્ષણ, ઐતિહાસિક, ગ્રંથાલય અને સંગ્રહાલય પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે. વૈયક્તિક અભ્યાસમાં અમુક(એકમીને પસંદ કરીને અભ્યાસ કરવામાં આવે છે. મુલાકાતમાં સંબંધિત લોકોના અનુભવોને સાંકળવામાં આવે છે. નિરીક્ષણ દ્વારા વિભિન્ન ઘટનાઓનું અવલોકન કરીને નિર્ધારિત નિયમોનું નિર્માણ કરવામાં આવે છે. ઐતિહાસિક તેમજ ગ્રંથાલય પદ્ધતિ દ્વારા અભ્યાસ સાથે સંબંપિત માહિતીને સંકલિત કરીને ઉપયોગી જ્ઞાન મેળવવામાં આવે છે. પુસ્તકમાં રહેલા જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે.

સામાજિક સંશોધનમાં ગુણાત્મક પદ્ધતિઓનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે. એનું કારણ એવું છે કે સામાજિક માહિતી સ્વભાવથી જ અમૂર્ત અને જટિલ હોય છે. આપણે તેને જાણી શકીએ છીએ પણ તેનું નિશ્ચિત માપ બતાવી શકતા નથી. સામાજિકતા, રૂઢિવાદિતા, રહેણીકરણી, સ્તર કેવા ભાવ વ્યક્ત કરે છે તે આપણે જાણી શકીએ છીએ, પરંતુ એનું માપ કેવું છે એનું અનુમાન આપણે કરી શકતા નથી. એ ઘણે ભાગે વ્યક્તિપ્રધાન હોય છે અને વૈષયિક સંશોધન સંભવિત બનતું નથી. આવા કારણોથી જ સામાજિક સંશોધનમાં ગુણાત્મક પદ્ધતિનો ઉપયોગ વધારે થાય છે.

### (1) વૈયક્તિક અભ્યાસ પદ્ધતિ કે વૈયક્તિક અભ્યાસ પદ્ધતિ

*કોઈ એક સામાજિક એકમ વ્યક્તિ, કુટુંબ, સંસ્થા, સાંસ્કૃતિક વર્ગ અથવા સંપૂર્ણ સમૂહજાતિના જીવનની શોધ અને વિવેચન કરવા માટે થાય છે. આમાં આપવામાં આવેલા સામાજિક એકમો કે વિષયો સાથે સંબંધિત જાણકારીને વિવિધ સ્ત્રોતો અથવા અભ્યાસો દ્વારા એકત્રિત કરવામાં આવે છે તથા તેનું નિષ્પક્ષ વિશ્લેષણ કરવામાં આવે છે. આ પદ્ધતિ એક રીતે સામાજિક સૂક્ષ્મદર્શક યંત્ર જેવું કાર્ય કરે છે.*

*ગુણાત્મક વિશ્લેષણના એક એવા સ્વરૂપને વૈયક્તિક અભ્યાસ પદ્ધતિ કહેવામાં આવે છે જેમાં કોઈ એક વ્યક્તિ, ઘટના અથવા સાધનોનો સર્વાંગી અભ્યાસ કરવામાં આવે છે. આ સંશોધન પદ્ધતિને બદલે અધ્યયન-વિશ્લેષણનો એક અભિગમ છે, જે અભ્યાસના કોઈ એક સામાજિક એકમને એની સમગ્રતામાં જોવા ઉપર ભાર મૂકે છે. આ અભિગમનો ઉપયોગ સમાજવિજ્ઞાનો ઉપરાંત કાનૂન, વ્યાપાર, જનસંપર્કનાં સાધનો, જનમત, વહીવટ વગેરે જેવા અનેક ક્ષેત્રોમાં કરવામાં આવે છે. આમાં સંપૂર્ણ વસ્તી અથવા પ્રતિનિધિરૂપ નમૂનાના અભ્યાસની અપેક્ષા કોઈ એક એકમને પોતાની સંપૂર્ણતાના અધ્યયન ઉપર ભાર મૂકે છે. સર્વેક્ષણ સંશોધનની જેમાં એમાં પરિમાણાત્મક વિશ્લેષણને ઓછું મહત્ત્વ આપવામાં આવે છે. સંશોધનના આ પરિપ્રેક્ષ્યમાં ઘટનાઓનો ક્રમ વ્યક્તિઓની પ્રેરણા અને સામાજિક સંશોધનો ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે. માહિતી એકત્રિત કરવા માટે એમાં પ્રાથમિક અને ગૌણ સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવે છે.*

### (2) મુલાકાત પદ્ધતિ

*આ પદ્ધતિની અંદર વિવિધ વ્યક્તિઓ સાથે મળીને પ્રશ્ન કરવામાં આવે છે, જે આપેલી ઘટના અને પરિસ્થિતિઓથી વાકેફ થાય છે તથા તેના પ્રત્યુત્તરોની ત્યાં અથવા પાછળથીનોંધ કરવામાં આવે છે. મુલાકાત એટલે એક વ્યક્તિ અથવા સમૂહની સાથે વિશિષ્ટ પ્રયોજનથી આયોજિત ઔપચારિક વાર્તાલાપની પ્રક્રિયા, સામાજિક સંશોધનની આ પદ્ધતિના સ્વરૂપમાં મુલાકાતનો મુખ્ય આશય સંશોધન સંબંધી માહિતી એકત્રિત કરવાનો હોય છે. આ પદ્ધતિમાં પ્રશ્નોત્તરી દ્વારા ઉત્તરદાતા પાસેથી પ્રાપ્ત માહિતીનું વર્ગીકરણ કરીને વિશ્લેષણનો હેતુ લખવામાં આવે છે. આ સામાન્ય વાર્તાલાપથી અલગ છે, કારણ કે આમાં. ગુણાત્મક સામાજિક સંશોધન વિશિષ્ટ હેતુ માટે નિશ્ચિત પદ્ધતિઓનો ઉપયોગ કરીને આયોજન કરવામાં આવે છે. મુલાકાત વ્યક્તિગત કે સામૂહિક કોઈ પણ સ્વરૂપમાં હોઈ શકે છે. આ પ્રકારથી મુલાકાતમાં પૂછવામાં આવેલા પ્રશ્નોની યાદીને પ્રશ્નાવલિ કહે છે, જે પ્રયોગ દ્વારા અથવા પ્રયોગ વગર પણ મુલાકાત કરી શકાય છે. આવી મુલાકાત રચિત અને અરચિત કહેવાય છે. કોઈ ઘટના વિશેષણનો પૂર્વપરિચય આપીને એના પર સવિસ્તાર મુલાકાત કરવી તેને કેન્દ્રિત મુલાકાત કહે છે. મુલાકાત પદ્ધતિનો સફળ ઉપયોગ મુલાકાત લેનારની કુશળતા પર નિર્ભર રહે છે. મુલાકાતના અન્ય પ્રકારોમાં નિદાનાત્મક, કેન્દ્રિત, સમૂહ, વ્યક્તિગત, સંરચિત, અસંરચિત, ઉપચારાત્મક અને મુલાકાત માર્ગદર્શિકા તેમજ મુલાકાત અનુસૂચિનો સમાવેશ થાય છે.*

### (3) અવલોકન પદ્ધતિ

*આ સૌથી પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ પદ્ધતિ છે. કોઈ સંસ્થા, ઘટના અથવા સમુદાયનો અભ્યાસ કરવા માટે અભ્યાસકર્તા જાતે ક્ષેત્રમાં જઈને વ્યક્તિગત સ્વરૂપથી પ્રગટ થતી વિગતોનો અનુભવ કરીને તેને અંકિત કરે છે અનેનોંધ કરે છે. કોઈ ઘટના અથવા વસ્તુને વ્યવસ્થિત અને સૂક્ષ્મ*

સ્વરૂપથી જોવા-પારખવા તથાનોંધ કરવાની પદ્ધતિને અવલોક્ત કહેવામાં આવે છે. આ ઘટનાઓને ભૌતિક સ્વરૂપમાં જોવાની સાથે સાથે માનસિક સ્વરૂપમાં એને પ્રત્યક્ષ કરવાની એક પદ્ધતિ છે. અવલોકનના વિવિધ પ્રકારોમાં નિયંત્રિત, અનિયંત્રિત, સહભાગી, અસહભાગી તથા અર્ધસહભાગી અવલોકનનો સમાવેશ કરવામાં આવે છે.

સામાજિક વિજ્ઞાનોમાં આ પદ્ધતિનું સ્થાન મહત્ત્વપૂર્ણ છે. ક્ષેત્રકાર્યનો પ્રારંભ અવલોકનથી થયો છે. અવલોકનના આધારે માહિતી એકત્ર કરી શકાય છે. અવલોકનકર્તા ક્રમબદ્ધ રીતે કેટલાક નિશ્ચિત હેતુઓના આધારે કોઈ સામાજિક ઘટનાની ગતિવિધિ તથા સામાજિક સંસ્થાઓનું નિરીક્ષણ કરે છે. વિજ્ઞાનના પ્રયોગોમાં પ્રયોગના આધારે નિરીક્ષણ કરવામાં આવે છે, પરંતુ સામાજિક વિજ્ઞાનોમાં સામાજિક ગતિવિધિઓનું નિરીક્ષણ કરવામાં આવે છે. અવલોકનકર્તા અવલોકનની પ્રક્રિયા અર્થાત્ અવલોકનનો હેતુ, સમય, સ્થાન, એકમોની સંખ્યા વગેરેને વ્યવસ્થિત કરવાનો પ્રયાસ કરે છે. એના માટે અનુસૂચિ અને અન્ય યાંત્રિક ઉપકરણો જેવા કે ટેપરેકર્ડર, કેમેરો, વીડિયો રેકોર્ડિંગ, સ્ટૉપવૉચ વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. કોઈ ઘટનાનો કોઈ પણ પ્રકારના નિયંત્રણનો ઉપયોગ કર્યા વગર સ્વાભાવિક સ્થિતિમાં અભ્યાસ કરવામાં આવે છે, જેને સરળ અવલોકન કહે છે. સહભાગી અવલોકનમાં અભ્યાસકર્તા સમુદાયની વ્યક્તિઓ સાથે હળીમળી જઈ લાંબો સમય એમની વચ્ચે રહીને અભ્યાસ કરે છે. અસહભાગી અવલોકનમાં તે આવું કરતો નથી, પરંતુ બાહ્ય વ્યક્તિ અથવા નિરીક્ષકની જેમ આવે છે. જે કાંઈ જુએ છે એનીનોંધ કરે છે. અર્ધસહભાગી અવલોકનમાં સંશોધક પહેલેથી સમુદાયના જીવનમાં સહભાગી પ્રેક્ષકની જેમ રહે છે. પરંતુ કેટલાક વિશિષ્ટ અવસરો ઉપર બાહ્ય વ્યક્તિની જેમ વ્યવહાર કરે છે, જેનાથી સમૂહનો વાસ્તવિક વ્યવહાર જોઈ શકાય છે.

**(4) ઐતિહાસિક પદ્ધતિ**

આ પદ્ધતિ સામાજિક સંશોધનમાં ખૂબ મહત્ત્વપૂર્ણ છે. સામાજિક ઘટનાઓ સામાજિક શૂન્યમાં નથી હોતી, એટલે એના ભૂતકાળ અને વર્તમાનનું ક્યાંક ક્રમબદ્ધ  લખાણ અવશ્ય હોવું જોઈએ. આ પદ્ધતિના ઉપયોગ માટે દસ્તાવેજો અને લેખોની મૂળ માહિતીને એકત્ર કરવા તથા અતિ સરળતા, સામાન્યીકરણ, કલ્પના તથા મહત્ત્વપૂર્ણ અને સામાન્યમા ભેદ ન પાડવાના દોષથી બચવા માટે બુદ્ધિપર્વક આયોજન કરવું આવશ્યક છે.

આ પદ્ધતિમાં ઐતિહાસિક દસ્તાવેજો તથા અન્ય લેખિત તથા પુરાતત્ત્વીય સ્ત્રોતોનો ઉપયોગ સંશોધનની કાચી માહિતીના સ્વરૂપમાં કરવામાં આવે છે. આ માહિતીને સૈદ્ધાંતિક અને તુલનાત્મક આધાર પર વિશ્લેષણ કરીને સામાન્યીકરણ કાઢવામાં આવે છે. સામાજિક વિજ્ઞાનોમાં આ પદ્ધતિના ઉપયોગનું મુખ્ય પ્રયોજન સામાજિક સંસ્થાઓ, સમુદાયો, સમાજો, સભ્યતાની ઉત્પત્તિ, વિકાસ અને રૂપાંતરણ અથવા પરિવર્તનની સમસ્યાઓનો કાળક્રમાનુસાર અભ્યાસ કરવાનો છે. આ પદ્ધતિ એક બાજુ જૈવિક સિદ્ધાંતો તો બીજી બાજુ ઈતિહાસના દર્શનથી પ્રભાવિત છે. શરૂઆતના સમાજ વૈજ્ઞાનિકો જેવા કે હેનરીમેન, મોર્ગન, ટાઈલર, મેક્લેનેન, બુહલ, વેસ્ટરમાર્ક તથા ઓપનહીમર જેવા વિદ્વાનોએ આ પદ્ધતિનો ઉપયોગ એમના અભ્યાસોમાં કર્યો છે. સામાજિક માનવશાસ્ત્રમાં આ પદ્ધતિના ઉપયોગનું મહત્ત્વ દિનપ્રતિદિન વધતું જાય છે. આ પદ્ધતિ દ્વારા કોઈ સમાજ, સંસ્થા અને સંસ્કૃતિમાં ભૂતકાળમાં થયેલ પરિવર્તનના ક્રમની જાણકારી મળે છે.

*અને તેના આધારે તે સામાજિક સાંસ્કૃતિક તત્ત્વોના વિકાસના સામાન્ય નિયમોને શોધી કાઢે છે. ઐતિહાસિક પૃષ્ઠભૂમિને તૈયાર કરવામાં આ પદ્ધતિ ખૂબ ઉપયોગી છે.*

**(5) પુસ્તકાલય પદ્ધતિ**

*આ પદ્ધતિ લેખિત સામગ્રીના અધ્યયન અને મનન સાથે સંબંધિત છે. આ પદ્ધતિમાં ઐતિહાસિક, તુલનાત્મક સામગ્રી વિશ્લેષણ અથવા સામાન્ય વિશ્લેષણમાંથી કોઈ પણ સ્વરૂપને ગ્રહણ કરી શકે છે. આ પદ્ધતિમાં અભ્યાસ વિષય સાથે સંબંધિત ઉપયોગી અભ્યાસ-સામગ્રીની પસંદગી કરવામાં જેટલી સાવચેતી રાખવી પડે છે, એનાથી વધુ સાવચેતી એ માહિતીનો સાર અંક્તિ કરવા અને તેનું વિશ્લેષણ કરવામાં રાખવી પડે છે. સંશોધન પુસ્તકાલય દ્વારા પૂર્વ પ્રાપ્ત જ્ઞાનલબ્ધિ અને પૂર્વ પ્રાપ્ત માહિતીના આધારે થઈ શકે છે. સંશોધન વિષયમાં અગાઉથી માહિતી મેળવવા તથા ઉપકલ્પનાનું સૈદ્ધાંતિક જ્ઞાન મેળવવા માટે આ પદ્ધતિ ઉપયોગી છે.*

*પુસ્તકાલયમાં સંગૃહીત પુસ્તકો, વિશ્વકોશો, નિબંધો, સંબંધિત ગ્રંથો, પ્રકાશિત સામગ્રી, પત્ર-પત્રિકાઓ, જર્નલ્સ, સામયિકો પણ સંશોધનમાં સહાયક બને છે. વિવિધ સમયમાં જે પણ અભ્યાસો વિદ્વાનો દ્વારા કરવામાં આવ્યા તે બધાનો સંગ્રહ પુસ્તકાલયમાં કરવામાં આવે છે. એટલે કે સંશોધકને જે પ્રકારની માહિતી, જ્ઞાન અને સાહિત્યની જરૂર છે તે તેને ગ્રંથાલયમાંથી મળી જાય છે. પુસ્તકાલય દ્વારા સંગ્રહિત પ્રકાશિત સામગ્રી દ્વારા અગાઉ થયેલા અભ્યાસોમાંથી સંશોધકને પોતાની શોધ તથા સર્વેક્ષણ વિશે જાણકારી મળે છે, આના દ્વારા એ પણ જાણી શકાય છે કે અગાઉ કરવામાં આવેલ અભ્યાસોમાં ક્યા પ્રકારનાં પરીક્ષણો કરવામાં આવ્યાં હતાં એની રૂપરેખા કેવી હતી. પૂર્વે પ્રકાશિત જ્ઞાનના ભંડારથી નવા સર્વેક્ષણની રૂપરેખા નિશ્ચિત કરી શકાતી નથી, પરંતુ નિશ્ચિત દિશા મળે છે. સમયાંતરે થતા અભ્યાસોમાં આવતી મુશ્કેલીઓને આ પદ્ધતિ દ્વારા દૂર કરી શકાય છે. આ પદ્ધતિ માહિતી એકત્ર કરવાની બાબતમાં મદદરૂપ બને છે. આ પદ્ધતિ દ્વારા એકત્ર કરવામાં આવેલી માહિતીને ગૌણ માહિતી તરીકે ઓળખવામાં આવે છે.*

**(6) સંગ્રહાલય પદ્ધતિ**

*આ પદ્ધતિ દ્વારા સામાજિક ઘટનાઓ વિશેના ગુણાત્મક પાસાનો અભ્યાસ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. અજાયબી ભરેલી વસ્તુ, કલાત્મક કારીગરી, પુરાતત્ત્વીય સ્થાનો વિશે એક પરંપરા રહી છે. શરૂઆતમાં આ કાર્ય વ્યક્તિગત સ્તરે કરવામાં આવતું હતું. ત્યાર પછી આ કાર્યને સાર્વજનિક સ્વરૂપ આપવામાં આવ્યું છે. રાજા-મહારાજાઓ, પાદરીઓ, સામંતો અને અન્ય વિદ્વાનોએ સાર્વજનિક સંગ્રહાલયની સ્થાપના કરી છે. અને અનેક સંશોધકોએ કલાત્મક, પ્રાકૃતિક, અજાયબી ભરેલી વસ્તુઓની સાથે સાંસ્કૃતિક કલ્પનાઓને પ્રતિબિંબિત કરી તેનું નિર્માણ કર્યું. આ વસ્તુઓ આદિમ બની ગઈ અને આપણે સભ્ય બન્યા. પ્રાકૃતિક ઈતિહાસના સંગ્રહાલયોમાં આ વસ્તુઓને સંસ્કૃતિના સંદર્ભમાં પ્રદર્શિત કરવામાં આવી છે. અન્ય દેશોની કલાત્મક વસ્તુઓ સંગ્રહાલયમાં રાખવામાં આવે છે, જેનો અભ્યાસ સમાજશાસ્ત્ર અને અન્ય સામાજિક વિજ્ઞાનો કરે છે.*

*આમ, આ તમામ ગુણાત્મક પદ્ધતિઓનો ઉપયોગ કરીને સામાજિક સંશોધન અભ્યાસો કરવામાં આવે છે. સામાજિક ઘટનાઓ સામાન્ય રીતે અમૂર્ત અને ગુણાત્મક પ્રકૃતિની હોય છે.*

*માનવીય ગુણો, વ્યવહારો, મનોવૃત્તિઓ, સંજોગો, અભિરુચિઓ વગેરેનો અભ્યાસ આવી ગુણાત્મક પદ્ધતિઓથી કરી શકાય છે.*

*ગુણાત્મક સંશોધનમાં શોધ અને માહિતીનું સંકલન નિયમિત નથી હોતું. આ પ્રકારની પદ્ધતિમાં વિવિધ રીતના પ્રશ્નો પૂછવામાં આવે છે. આ પ્રકારના સંશોધનમાં પરિણામો સંખ્યા કે આંકડામાં નથી રાખવામાં આવતાં પરંતુ સઘન અભ્યાસ કરીને એના આધારે નિષ્કર્ષો કાઢી શકાય છે. આનાં પરિણામો આંકડામાં પ્રદર્શિત નથી કરી શકાતા એટલે સંખ્યાત્મક વિશ્લેષણનો ઉપયોગ ગુણાત્મક પદ્ધતિઓમાં નથી કરવામાં આવતો. આવી પદ્ધતિઓના ઉપયોગમાં પક્ષપાતની શક્યતા હોય છે, એટલે મેળવેલી માહિતી અપ્રામાણિક અને વિશ્વસનીય હોવાની સંભાવના રહે છે. આમ છતાં પણ સામાજિક સંશોધનના અભ્યાસોમાં ગુણાત્મક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે*

## 7.5 માત્રાત્મક સંશોધનની વિશેષતાઓ

### 1. સામૂહિક અધ્યયન

*સામૂહિક અધ્યયન અંતર્ગત વ્યક્તિગત કે એકમલક્ષી અભ્યાસ નથી થતાં પરંતુ સામૂહિક અભ્યાસ કરવામાં આવે છે. કારણ કે વ્યક્તિગત સ્તર ઉપર સંખ્યાઓના પ્રયોગથી નિષ્કર્ષ કાઢવો એ કઠીન કાર્ય છે. જ્યારે સામૂહિક અધ્યયન કે અભ્યાસનાં આધાર પર મળેલ તારણોનું સામાન્યીકરણ કરીને સામૂહિક રીતે લાગુ પાડી શકાય છે.*

*ઉદાહરણ તરીકે જ્યારે આપણે શહેરીકરણની સંખ્યામાં વધારો અથવા ઘટાડા વિશે વાત કરીએ છીએ, ત્યારે અમારો મતલબ એવરેજ છે અને કોઈ ચોક્કસ સ્થળ અથવા વ્યક્તિ નહીં. તેથી, એવું કહી શકાય કે માત્રાત્મક અભ્યાસ માત્રાત્મક પદ્ધતિ હેઠળ કરવામાં આવે છે અને સરેરાશના આધારે તારણો કાઢવામાં આવે છે.*

### 2. સંખ્યાત્મક અને ગણનાત્મક અભ્યાસ

*આ પદ્ધતિ દ્વારા સંશોધન માટે, તે જરૂરી છે કે ઘટનાને સંખ્યા દ્વારા વ્યક્ત કરી શકાય. સંખ્યાઓ દ્વારા વ્યક્ત ન કરી શકાય તેવી હકીકતોમાં આ પદ્ધતિનો ઉપયોગ કરવો શક્ય નથી. ઉદાહરણ તરીકે, લાગણીઓ, પાત્ર વગેરેનો અભ્યાસ કરવામાં મુશ્કેલી છે, તેમ છતાં આધુનિક સંશોધનમાં, ગુણાત્મક તથ્યોને સંખ્યાત્મક સ્વરૂપમાં ઉજાગર કરવાના પ્રયાસો કરવામાં આવે છે અને આ માટે, યોગ્ય માપદંડો બનાવવામાં આવી રહ્યા છે જે વિગતવાર વર્ણન આપી શકે. આમાં સોશિયોમેટ્રી સૌથી મહત્ત્વપૂર્ણ છે. અહીં એટલું કહેવું પૂરતું છે કે જે તથ્યો સંખ્યા દ્વારા જાહેર ન થઈ શકે તેનું માત્રાત્મક પદ્ધતિથી પૃથ્થકરણ કરી શકાતું નથી.*

### 3. હકીકતલક્ષી અભ્યાસ

*આ પદ્ધતિ હકીકતલક્ષી અભ્યાસ કરવામાં મદદ કરે છે. આ પદ્ધતિ દ્વારા કરવામાં આવેલ અભ્યાસ પ્રમાણમાં વધુ સચોટ છે. આ પદ્ધતિમાં પૂર્વગ્રહ અને ખોટા ઝોક માટે ઓછી જગ્યા છે. વાસ્તવમાં, આવા અભ્યાસોમાં અમારી બાજુથી કંઈપણ ઉમેરી શકાતું નથી. જે આગળ આવે છે તે રજૂ કરવામાં આવે છે. દરેક ઘટના અથવા હકીકત માટે નિર્ધારિત ગુણ છે. આ સંખ્યાઓની*

*મદદથી, સચોટ તારણો મેળવવામાં આવે છે અને આ તારણોના આધારે સામાન્યીકરણ કરવામાં આવે છે.*

## 7.6 માત્રાત્મક સંશોધનના કાર્યો અને મહત્ત્વ

*સામાજીક સંશોધનના અભ્યાસમાં એક સાધન તરીકે માત્રાત્મક નીચેના કાર્યો કરી શકે છે :*

### 1. તથ્યોનું માપન

*સામાજિક સમસ્યાઓ અને ઘટનાઓ સંબંધિત બે પ્રકારની હકીકતો હોઈ શકે છે. પ્રથમ, એવા તથ્યો છે જેનું માપ નિશ્ચિત છે અને તેને પ્રમાણિત તથ્યો કહેવામાં આવે છે. આ પ્રકારના તથ્યો સંખ્યા ઓની મદદથી એકત્રિત કરવામાં આવે છે. અન્ય તે હકીકતો છે જે સાબિત કરી શકાતી નથી. કેટલીક સામાજિક ઘટનાઓ એવી છે કે જેની પ્રકૃતિ અમૂર્ત અને ગુણાત્મક છે. આવી હકીકતોનું માપન માત્રાત્મક પદ્ધતિઓ દ્વારા પણ કરી શકાય છે. આ અંતર્ગત વૈજ્ઞાનિક આધાર આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે, વલણ, પ્રેમ, રુચિઓ વગેરે જેવી અમૂર્ત પરિસ્થિતિઓને માપવા માટે માત્રાત્મક સ્કેલ બનાવવામાં આવે છે. આ અંગે વિવિધ પ્રયોગો કરવામાં આવી રહ્યા છે અને આ અમૂર્ત અને જટિલ તથ્યોને સંખ્યાત્મક રીતે કેવી રીતે વ્યક્ત કરી શકાય તેના પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. તેના બે કાર્યો ખાસ કરીનેનોંધનીય છે - કોઓર્ડિનેટ્સ અને સ્કેલિંગ સિસ્ટમ્સનો ઉપયોગ. કોઓર્ડિનેટ્સ દ્વારા જટિલ ઘટનામાં ફેરફાર સંખ્યા દ્વારા દર્શાવવામાં આવે છે. જ્યારે સ્કેલિંગ સિસ્ટમમાં અમૂર્ત હકીકતોનું સંખ્યાત્મક માપન કરવામાં આવે છે.*

### 2. તથ્યોનું વ્યાખ્યાત્મક વર્ણન

*માત્રાત્મક તારણો સંબંધિત સમસ્યાનું સ્પષ્ટીકરણ વર્ણન કરવામાં મદદ કરે છે. આના આધારે સામાજિક ઘટનાઓનું યોગ્ય અર્થઘટન કરી શકાય છે. જો કોઈ પણ સ્થિતિ અથવા પરિસ્થિતિનું સંખ્યા ઓ દ્વારા વર્ણન કરવામાં આવે તો તે સમજૂતી વધુ સ્પષ્ટ, સરળ અને અસરકારક હશે. જો કોઈપણ ઘટનાઓ માહિતી વિના વર્ણવવામાં આવે છે, તો તે સમજૂતી બનાવટી અને કાલ્પનિક હોઈ શકે છે. ડેટા પર આધારિત વર્ણનને પ્રાયોગિક અને વૈજ્ઞાનિક ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે, બેરોજગારી, ભિખારી વગેરે જેવી સમસ્યાઓની તીવ્રતા જ્યારે આપણે તેમના સંખ્યા ઓ પર નજર કરીએ છીએ ત્યારે દેખાય છે. આ ડેટાની ગેરહાજરીમાં વર્ણન અસ્પષ્ટ અને નિશ્ચિતતા વિનાનું છે.*

### 3.મૂલ્યાંકનમાં ઉદ્દેશતા લાવવી

*જેમ કહેવામાં આવ્યું છે કે સામાજિક ઘટનાઓ અમૂર્ત અને ગુણાત્મક હોય છે. તેથી, આમાં વ્યક્તિત્વ લાવવા માટે, સંખ્યા ઓનો ઉપયોગ એકદમ જરૂરી છે. સામાજિક ઘટનાઓ વિશે વ્યક્તિના પોતાના વિચારો હોય છે. તેથી, તેમની વચ્ચે વધુ પૂર્વગ્રહ અને ખોટા ઝોક છે. માત્રાત્મક પદ્ધતિના ઉપયોગના આધારે, તે ઘટે છે અને મૂલ્યાંકનમાં વ્યક્તિત્વ ઉદ્દભવે છે. આ રીતે, માત્રાત્મક પદ્ધતિ દ્વારા સામાજિક ઘટનાઓના અભ્યાસ અને મૂલ્યાંકનમાં વ્યક્તિત્વ લાવી શકાય છે.*

### 4. તથ્યોનો તુલનાત્મક અભ્યાસ

*આ પદ્ધતિ તે તથ્યોના તુલનાત્મક અભ્યાસની સુવિધા આપે છે. આ સરખામણી સમય, સ્થળ કે હકીકતના આધારે થઈ શકે છે. સંખ્યાત્મક માપનને કારણે સરખામણીનું કાર્ય વધુ સરળ બને છે. ઉદાહરણ તરીકે, અમે બે શહેરોના આરોગ્યની સરખામણી તેમના સરેરાશ મૃત્યુ દરના આધારે કરી શકીએ છીએ. ઇન્ટેલિજન્સ ક્વોશન્ટનો ઉપયોગ બુદ્ધિ માપવા માટે કરી શકાય છે. આ ગુણાંક દ્વારા, વિવિધ વય, લિંગ અને સંસ્કૃતિના લોકોની બુદ્ધિમત્તાની તુલના કરી શકાય છે.*

### 5. ઘટનાઓ અને તથ્યોનું પૂર્વ-અંદાજ લગાવવો

*આના દ્વારા સામાજિક વ્યવહાર અને આવા અનેક તથ્યોનું અનુમાન પણ શક્ય બની શકે છે. જો કે સામાજિક ઘટનાઓ અંગે આગાહી કરવી ખૂબ મુશ્કેલ છે. આ પદ્ધતિના પ્રકાશ અને ઉપયોગથી, સામાજિક ઘટનાઓ વિશે આગાહી કરવાની શક્યતાઓ વધી છે. ચોક્કસ ઘટનાઓ ચોક્કસ પરિસ્થિતિઓમાં થાય છે અને આ પદ્ધતિ દ્વારા, આવનારી પરિસ્થિતિઓ વિશે પૂરતી માહિતી પ્રાપ્ત થાય છે. આ માહિતીના આધારે, ઘટનાઓ વિશે આગાહી કરી શકાય છે. ઉદાહરણ તરીકે, વસ્તી ગણતરીના પ્રકાશનના આધારે, વસ્તીનો પ્રકાર અને કદ વિષયમાં જ્ઞાન મેળવી શકાય છે.*

### 6. સામાજિક તથ્યો વચ્ચે પરસ્પર સંબંધો શોધવા

*સામાજિક તથ્યોમાં પારસ્પરિક સંબંધ - સામાજિક સંશોધનમાં, વિવિધ સામાજિક ઘટનાઓ વચ્ચેના સંબંધો જાણીતા છે. આ સંબંધો કારણભૂત સ્વરૂપમાં હોઈ શકે છે. તે સંખ્યા  ઓ દ્વારા રજૂ કરી શકાતું નથી. પરંતુ માત્રાત્મક  પદ્ધતિઓ દ્વારા આપણે શોધી શકીએ છીએ કે કોઈપણ બે હકીકતોમાં સહ-વિવિધતા છે કે નહીં અને જો વિચલન છે, તો તેનું માપ શું છે. ઉદાહરણ તરીકે, જો કુટુંબના વિઘટનનું કારણ બને તેવા પરિબળોને ઓળખવામાં આવે અને બદલવામાં આવે, તો કુટુંબને વિઘટનથી બચાવી શકાય છે. સંખ્યા  આ કારણ-અને-અસર સંબંધ સ્થાપિત કરવામાં પુષ્કળ મદદ પૂરી પાડે છે.*

### ❖ માત્રાત્મક સંશોધનનું મહત્ત્વ

*માત્રાત્મક સામાજિક સંશોધનમાં વધુ સ્થિરતા અને ચોકસાઈ તરફ દોરી જાય છે. સરકારી વહીવટના કામોમાં આ પદ્ધતિની મદદ લેવામાં આવે છે. દરેક સરકારમાંથી અમુક એવા વિભાગો છે જે સમગ્ર રાજ્યમાં વિવિધ પ્રકારના ડેટા એકત્રિત કરે છે. વર્તમાન સમયમાં રાજ્યના કાર્યોમાં વધારો થવાને કારણે તેનો ઉપયોગ પણ વધી રહ્યો છે.સરકારની નીતિઓ, કાર્યો અને યોજનાઓમાં ડેટા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ આમ તે સ્પષ્ટ થાય છે કે સરકારના કાર્યો કરવા માટે સંખ્યા  નું મહત્ત્વ છે. તે સાર્વત્રિક રીતે સ્વીકૃત છે.*

*વેપારના ક્ષેત્રમાં પણ તેનું મહત્ત્વ વધી રહ્યું છે. સમકાલીન સમાજમાં વેપારનું સ્વરૂપ વધુને વધુ આંતરરાષ્ટ્રીય બની રહ્યું છે. બજાર કિંમતો વગેરે સંખ્યા  ઓ દ્વારા માલના ઉત્પાદન અને માંગનું વિશ્લેષણ કરીને નક્કી કરવામાં આવે છે. વ્યાપાર ક્ષેત્રે માત્રાત્મક  માહિતીના મહત્ત્વ વિશે એમ કહી શકાય કે 'જો અખબારો, સામયિકો, રેડિયો અને અન્ય સંચાર માધ્યમોના અહેવાલો સાથેનો મૂળભૂત જોડાણ માત્ર એક દિવસ માટે દૂર કરવામાં આવે તો વેપાર જગત શક્તિવિહીન બની જશે.*

જો તમામ ઉપલબ્ધ માત્રાત્મક સામગ્રી એક વર્ષ માટે વિશ્વમાંથી લેવામાં આવે, તો પરિણામ આર્થિક અરાજકતા અને વિનાશ હશે.'

આ ઉપરાંત આયોજન ક્ષેત્રે સંખ્યાશાસ્ત્રનું મહત્ત્વ પણ ઘણું જટિલ છે. જે સમાજ અને રાષ્ટ્રની આર્થિક યોજનાઓ યોગ્ય અને વ્યવહારુ હોય તેની સામાજિક અને આર્થિક પ્રગતિ યોગ્ય હોઈ શકે. આ મુદ્દાની ચર્ચા કરતી વખતે ટીપેટે લખ્યું છે કે આયોજન એ આજકાલ એક વ્યવસ્થિત પ્રક્રિયા છે અને ડેટા વિના આયોજનની કલ્પના કરી શકાતી નથી. યોજનાને કોઈપણ સ્તરે ચલાવવા માટે, ડેટા હોવો એકદમ જરૂરી છે. આ ઉપરાંત, યોજનાઓના અમલીકરણ માટે, તેમની સ્થિતિ વિશેની માહિતી સમયાંતરે માત્રાત્મક પદ્ધતિ દ્વારા મેળવી શકાય છે. આ પદ્ધતિનો ઉપયોગ કર્યા વિના આયોજન અવૈજ્ઞાનિક બની જાય છે અને તેની સફળતા શંકાસ્પદ રહે છે.

બેંકો, વીમા કંપનીઓ અને રેલવેના કામમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. સંખ્યા ઓના આધારે બેંકો અંદાજ લગાવે છે કે કેટલી રકમ સુરક્ષિત રાખવી જોઈએ અને ચોક્કસ સમયે કેટલી લોન આપવી જોઈએ. વીમા કંપનીઓ મૃત્યુ દર અને અકસ્માત દર અનુસાર પ્રીમિયમ દરો નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે. રેલવેમાં વિવિધ પ્રકારના ડેટાને જોઈને રેલવે ટિકિટ વધારી શકાય છે. મુસાફરી કરતા મુસાફરોના સંખ્યા ને ધ્યાનમાં રાખીને નવી ટ્રેનોની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

સામાજિક અભ્યાસ માટે પણ આની ખાસ જરૂર છે. કોઈપણ સમસ્યાનો અભ્યાસ ડેટા વિના મુશ્કેલ બની જાય છે. તે અભ્યાસોને શ્રેષ્ઠ ગણવામાં આવે છે, જેમાં ડેટાના આધારે સામાન્યીકરણ કરવામાં આવે છે. આમ તે સ્પષ્ટ થાય છે કે સામાજિક સંશોધકો માટે માત્રાત્મક પદ્ધતિઓનું વિશેષ મહત્ત્વ છે.

સમાજશાસ્ત્રીય સંશોધનમાં, સામાજિક ઘટનાઓનો અભ્યાસ કરવા માટે માત્રાત્મક પદ્ધતિઓનો ઉપયોગ વધી રહ્યો છે. સમાજશાસ્ત્રીય તથ્યોને માત્રાત્મક સ્વરૂપમાં રજૂ કરવાનો વિરોધ હોવા છતાં, સામાજિક સંશોધકોએ તેનો ઉપયોગ સ્વીકાર્યો છે. તેનો ઉપયોગ સમાજશાસ્ત્રીય અભ્યાસમાં વૈજ્ઞાનિક પદ્ધતિ તરીકે થાય છે. ઓગબર્ને કહ્યું છે કે સંખ્યા શાસ્ત્રી તેની નિશ્ચિતતા સુનિશ્ચિત કરીને સમકાલીન જ્ઞાનના વિકાસમાં મદદ કરે છે. સમાજશાસ્ત્રને લઈને વિવિધ પ્રકારની ટીકાઓ કરવામાં આવે છે. એવું કહેવાય છે કે વર્તમાન તબક્કે સમાજશાસ્ત્રે તેની વિભાવનાઓ, વિષય વિસ્તાર, મૂલ્યાંકન પદ્ધતિઓ અને તાર્કિક ટીકાઓ પરના પરીક્ષણોનો આધાર રાખવો જોઈએ. સંખ્યા ઓના આધારે સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો બનાવવી જોઈએ જેથી કરીને તેઓ વાસ્તવિકતાને રજૂ કરી શકે.

વર્નાલ્ડે લખ્યું છે કે માત્રાત્મક પદ્ધતિનો ઉપયોગ અન્ય પદ્ધતિઓનો વિરોધ કરતું નથી, પરંતુ તે તેમને મદદ કરે છે.બર્ગે તો ત્યાં સુધી કહ્યું છે કે માત્રાત્મક પદ્ધતિ વિના સર્વેક્ષણ પદ્ધતિનું કોઈ અસ્તિત્વ નથી. વર્જીસે એમ પણ કહ્યું છે કે વૈજ્ઞાનિક અભ્યાસમાં તેના ઉપયોગની ખૂબ જ જરૂર છે.

## 7.7 માત્રાત્મક પદ્ધતિની માર્યાદાઓ.

સામાજિક સંશોધનમાં માત્રાત્મક પદ્ધતિઓના ઉપયોગમાં સૌથી મોટો અવરોધ એ સામાજિક ઘટનાની પ્રકૃતિ છે. સામાજિક ઘટના પ્રકૃતિમાં ગુણાત્મક હોય છે, જ્યારે માત્રાત્મક

*તકનીકો પ્રકૃતિમાં માત્રાત્મક હોય છે. પરંતુ તેમની કેટલીક ગંભીર મર્યાદાઓ રહેલી છે.જેને દૂર કરવી અસંભવ છે. પી.વી.યંગે સંખ્યાત્મક ત્રુટીઓની વિવેચના પ્રસ્તુત કરી છે.*

- **ત્રણ પ્રકારની મર્યાદાઓનો ઉલ્લેખ કર્યો છે-**

*અપૂર્ણ અને અનિશ્ચિત તથ્યો - આ અંતર્ગત તેણે નીચેની ભૂલોનો ઉલ્લેખ કર્યો છે-*

1. *અપૂરતી હકીકતો.*
2. *બિનપ્રતિનિધિત્વ નમૂના.*
3. *બાતમીદારો દ્વારા ઈરાદાપૂર્વક ખોટી હકીકતો આપવી.*
4. *નબળા અવલોકન અને બેદરકારીને કારણે અનિશ્ચિત તથ્યોનો સંગ્રહ.*
5. *માપવાના એકમોમાં અવિશ્વસનીયતા.*

**2. ટેકનિકલ ભૂલો - આ હેઠળ નીચેની ભૂલો તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે -**

*૧. ગાણિતિક પ્રક્રિયાઓમાં ભૂલો કરવી.*
*૨. ભૂલભરેલા સૂત્રોનો ઉપયોગ.*
*૩. નકલ કરવામાં ભૂલો.*

**3. ખામીયુક્ત સમજૂતી - સામાન્ય રીતે સમજાવતી વખતે નીચેની ખામીઓ આ હેઠળ આવે છે-**

1. *મહત્ત્વપૂર્ણ પરિબળોની અવગણના.*
2. *નકારાત્મક પુરાવા છોડીને.*
3. *કારણ સંબંધ સ્થાપિત કરવામાં ભૂલ કરવી.*
4. *અનુપમ તથ્યોની સરખામણી કરવા.*
5. *બહુ ઓછા એકમોના આધારે સામાન્યીકરણ કરવું.*
6. *પૂર્વગ્રહયુક્ત અર્થઘટનમાં સ્પષ્ટતાઓને વિકૃત કરવી.*

*સામાન્ય રીતે, તેની મર્યાદાઓની પણ નીચેની રીતે ચર્ચા કરી શકાય છે-*

1.*તે માત્રાત્મક અભ્યાસ માટે જ ઉપયોગી છે. આંકડાકીય પદ્ધતિઓ માત્રાત્મક ઘટનાના આંકડાકીય અભ્યાસ માટે મૂળભૂત રીતે ઉપયોગી છે. આ હેઠળ ગુણાત્મક ઘટનાઓની ચર્ચા કરવામાં આવતી નથી.*

2.*તે ઊંડા અભ્યાસ માટે અયોગ્ય છે. સામાજિક સમસ્યાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવે છે, કારણ કે આ ઘટનાઓ ખૂબ જ જટિલ હોય છે અને એક સાથે અનેક પરિબળો તેમને પ્રભાવિત કરે છે. આ સિવાય સામાજિક પ્રસંગો ચોક્કસ હોય છે અને તેમાં સાર્વત્રિકતાનો પણ અભાવ હોય છે. તેથી, આંકડાકીય પદ્ધતિ દ્વારા ઊંડો અભ્યાસ શક્ય નથી.*

3.*આંકડાઓ દ્વારા વ્યક્તિગત એકમોનો અભ્યાસ શક્ય નથી. આ અંતર્ગત સમૂહ અભ્યાસ કરવામાં આવે છે. બાહ્ય સંજોગો તેનું એકમાત્ર કારણ નથી. પરંતુ માનવીય લાગણીઓનો સામૂહિક રીતે અભ્યાસ કરવો શક્ય નથી.*

4. આ પદ્ધતિમાં પ્રમાણીકરણનો અભાવ છે. ભૌતિક વસ્તુઓ હંમેશા એકસરખી જ હોય છે, પરંતુ મનુષ્ય, સમાન હોવા છતાં, આંતરિક રીતે અસમાન છે. ભૌગોલિક પરિસ્થિતિઓ, ભાષા, સંસ્કૃતિ, રિવાજો, પરંપરાઓ વગેરેમાં તફાવત તેના વર્તનને પ્રભાવિત કરે છે. આ કારણોસર, સામાજિક ઘટનાઓ ચોક્કસ માપ આપી શકાતી નથી. સ્કફૈંહ્રીિએ સામાજિક ઘટનાઓને માપવાના ઉપયોગનો સખત વિરોધ કર્યો છે.

5. માત્ર નિષ્ણાતો તેનો ઉપયોગ કરી શકે છે. માત્ર આંકડાશાસ્ત્રીઓ જ આ પદ્ધતિ દ્વારા પરિણામો અને તારણો મેળવી શકે છે. જો સંશોધક પૂરતો કુશળ ન હોય, તો કેટલાક પરિણામો આંકડાકીય પદ્ધતિઓ દ્વારા મેળવવામાં આવે છે.

ઉપરોક્ત મર્યાદાઓ હોવા છતાં, એ વાતને નકારી શકાય નહીં કે સામાજિક વિજ્ઞાનના સંશોધનમાં આ પદ્ધતિનું વિશેષ મહત્ત્વનું સ્થાન છે અને તેનો ઉપયોગ દિવસેને દિવસે વધી રહ્યો છે. આ પદ્ધતિનો ઉપયોગ કર્યા વિના, સમકાલીન સંશોધન માત્ર મુશ્કેલ જ નહીં પણ અશક્ય પણ લાગે છે.

## 7.8 સારાંશ

સામાજિક સંશોધનમાં મહત્ત્વની પદ્ધતિ તરીકે ગુણાત્મક અને માત્રાત્મક (સંખ્યાત્મક)નો ઉપયોગ થાય છે. ગુણાત્મક સંશોધનમાં અધિકાંશત : એક એકમ અથવા કેટલાક એકમોના ગહન અભ્યાસની પદ્ધતિઓ (વૈયક્તિક અભ્યાસ/વિષયવસ્તુ-વિશ્લેષણ) દ્વારા અભ્યાસ કરવામાં આવે છે. સામાજિક વિજ્ઞાનોમાં ગુણાત્મક તેમજ પરિમાણાત્મક બંને પ્રકારની રીતો અને પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. ગુણાત્મક પદ્ધતિઓ અશુદ્ધ તથા અણઘડ માહિતી વિશ્લેષણની એવી કાર્યપદ્ધતિ અથવા રીતો છે, જેમાં અંકો કરતાં શબ્દો અથવા ચિત્રોને સામેલ કરવામાં આવે છે. આ અશુદ્ધ માહિતી ઐતિહાસિક દસ્તાવેજોના સ્વરૂપમાં પહેલેથી જ વિદ્યમાન હોઈ શકે છ. આ એકમમાં તેના લક્ષણો અને પદ્ધતિ તેમજ માત્રાત્મક સંશોધન પદ્ધતિની મર્યાદા દ્વારા બને સંશોધનની તુલના અને સ્પષ્ટ સમજ મળે છે.

## 7.9 તમારી પ્રગતિ ચકાસો

1. સૌથી પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ પદ્ધતિ કઈ છે ?
A. ઐતિહાસિક B. અવલોકન C. વિષય વસ્તુ ङ. એકપણ નહિ

2. ગુણાત્મક સંશોધનના કેટલા પ્રકાર છે ?
A. 6 B.7 C.8 D. 9

3. સામાજિક સમસ્યાઓ અને ઘટનાઓ સંબંધિત કેટલા પ્રકારની હકીકતો છે ?
A. એક B. ત્રણ C. બે D. ચાર

4. માત્રાત્મક સંશોધન પદ્ધતિના ઉપયોગમાં સૌથી મોટો અવરોધ કયો છે ?
A. સામાજિક ઘટનાની પ્રકૃતિ
B. સામાજિક ઘટનાની વિકૃતિ
C. સામાજિક સંબંધિત પ્રકૃતિ

D. એકપણ નહિ

## 7.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. અવલોકન
2. 6
3. બે
4. સામાજિક ઘટનાની પ્રકૃતિ

## 7.11 સ્વાધ્યાય લેખન

1. ગુણાત્મક સંશોધનનો અર્થ આપી ? ગુણાત્મક સંશોધન પદ્ધતિના પ્રકારોની વિસ્તૃત સમજૂતી આપો ?
2. ગુણાત્મક સંશોધનની વ્યાખ્યા આપી ? તેના લક્ષણોની સમજૂતી આપો ?
3. માત્રાત્મક સંશોધનનો અર્થ આપી તેની વિશેષતાઓની ચર્ચા કરો ?
4. માત્રાત્મક સંશોધનની મર્યાદાઓ જણાવો ?

## 7.12 ચાવીરૂપ શબ્દો

| | | |
|---|---|---|
| **1. ગુણાત્મક સંશોધન** | : | ઉદ્દેશ્ય, વ્યવહાર, અનુભવો, દ્રષ્ટિકોણ અને ઘટનાઓના ગાઢ અને ઊંડી સમજૂતી મેળવવાનો હોય છે. |
| **2. માત્રાત્મક સંશોધન** | : | માત્રાત્મક સંશોધન પદ્ધતિમાં માહિતી આંકડાકીય સ્વરૂપે મેળવવામાં આવે છે. |
| **3. સામાજિક તથ્ય** | : | સામાજિક હકીકત, સમાજના કાયદા, પ્રથાઓ, માન્યતાઓ, રીવાજો, ભાષા, સંસ્કૃતિ અને સામાજિક માળખા જેવા તત્ત્વોને દર્શાવે છે. |
| **4. મૂલ્યાંકન** | : | એવી પ્રક્રિયા જેની મારફતે કોઈપણ કાર્ય, યોજના, પ્રક્રિયા અથવા પરિણામનું મૂલ્ય,ગુણવત્તા, કાર્યક્ષમતા કે પ્રભાવશીલતા નક્કી કરવામાં આવે છે. |

## 7.13 સંદર્ભ સૂચિ


1. Goode & Hatt :(1982), 'Method in Social Research', Magrao Hill Book.
2. 'સામાજિક સંશોધન પદ્ધતિઓ',(2022), ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનીવર્સિટી, અમદાવાદ
3. ઉચાટ,ડી,એ, 'સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર',(2023) સ્વયં પ્રકાશક
4. દવે, હર્ષિદા, (2014), 'ગુણાત્મક સામાજિક સંશોધન', અમદાવાદ : અનડા પ્રકાશન.
5. પટેલ, આર.એસ.(2015), 'સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર', અમદાવાદ : જય પબ્લિકેશન
6. શાહ,એ.જી.દવે, જે.કે. (2005), 'સમાજશાસ્ત્રીય સંશોધન પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ', અમદાવાદ, અનડા પ્રકાશન.

# સમાજકાર્યમાં સ્નાતક (Bachelor of Social Work - BSW)
## BSWR-401 સમાજકાર્યમાં સંશોધન પદ્ધતિઓ (Research Methods in Social Work)
## વિભાગ – 2 સામાજિક સંશોધનની પ્રયુક્તિઓ અને પદ્ધતિઓ

**નિદર્શન (Direction)**

| | |
|---|---|
| **પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય** | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** | અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**સંપાદક (Editor)**

| | |
|---|---|
| **ડૉ. સંજય પટેલ** | BSW & MSW કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**સહ-સંપાદક (Editor)**

| | |
|---|---|
| **શ્રી આશિષ વસાવા** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** | BSW & MSW કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **ડૉ. જયેશ પરમાર** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **ડૉ. શિલ્પા રાજ્યગુરુ** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **શ્રી કરણસિંહ પરમાર** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**વિષય સમિતિ (Subject Committee)**

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** | અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **ડૉ. સંજય પટેલ** | BSW & MSW કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **પ્રો.(ડૉ.) મગનભાઈ પરમાર** | અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, પારુલ યુનિવર્સિટી, વડોદરા |
| **પ્રો.(ડૉ.) ભાવના મહેતા** | અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા |
| **ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** | BSW & MSW કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**વિષય પરામર્શન (Subject Review)**

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) જે. સી. પટેલ** | અધ્યક્ષ (નિવૃત્ત), સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**લેખન (Writing)**

| | |
|---|---|
| **શ્રી આશિષ વસાવા** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **ડૉ. જયેશ પરમાર** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **ડૉ. શિલ્પા રાજ્યગુરુ** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** | BSW & MSW કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**ભાષા પરામર્શન (Language Review)**

**પ્રિ. ઘનશ્યામ ગઢવી** નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા

**પ્રકાશક (Publisher)**

**કુલસચિવ** ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**પ્રકાશન વર્ષ :** 2024 (પ્રથમ આવૃત્તિ)

**ISBN NO:** 978-93-5598-541-5

**: સર્વાધિકાર સુરક્ષિત :**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

## વિભાગ – 2

## સામાજિક સંશોધનની પ્રયુક્તિઓ અને પદ્ધતિઓ

### વિભાગીય પરિચય

વિદ્યાર્થીમિત્રો, સમાજકાર્યના આ પાઠ્યક્રમમાં સામુદાયિક સંગઠન અને ક્રિયા અંગેની બાબતો જુદા-જુદા BSWR-401 પાઠ્યક્રમને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં બીજા સામાજિક સંશોધનની પ્રયુક્તિઓ અને પદ્ધતિઓ વિભાગ (સામાજિક સંશોધનની પ્રયુક્તિઓ અને પદ્ધતિઓ)માં એકમ –10 થી 18 નો સમાવેશ કરવામાં આવ્યો છે.જેમાં પ્રકરણ દસમાં સામાજિક સંશોધનના સોપાનો જેમાં Steps of Social Research) એ તે પગલાં છે, જે સંશોધક એપ્રુવિડ કરે છે જ્યારે તેઓ સામાજિક પ્રશ્નો અને સમસ્યાઓના મૌલિક, વૈજ્ઞાનિક અને વ્યવહારૂક રીતે અભ્યાસ કરે છે. દરેક સોપાન વિધાનાત્મક, સરળ, અને અનુકૂળ રીતે તપાસ માટે એક માર્ગદર્શિકા હોય છે.પ્રકરણ અગિયારમાં સર્વેક્ષણનો અર્થ અને મર્યાદા સર્વેક્ષણ એ માહિતી મેળવવાની પદ્ધતિ છે, જેમાં વિશિષ્ટ મુદ્દાઓ, વૃત્તિઓ, અથવા પરિસ્થિતિઓ વિશે માનવ ગ્રાહકો અથવા લાભાર્થીઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવે છે. આ પદ્ધતિનો ઉપયોગ મૌખિક, લખાણ, અથવા ક્વેશનેર ફોર્મેટમાં પ્રશ્નો પૂછવાની રીતે થાય છે. આ પદ્ધતિ સામાન્ય રીતે સામાજિક, આરોગ્ય, આર્થિક, અને જાહેર નીતિ સંશોધનમાં ઉપયોગ થાય છે, જ્યાં સંશોધક સામૂહિક દ્રષ્ટિથી વિશિષ્ટ રીતે જવાબો મેળવતા હોય છે.અને સમગ્ર માહિતી પ્રકરણમાં આપવામાં આવી છે.પ્રકરણ બારમાં સમષ્ટિનો અર્થ અને પ્રકારો જેમાં આભ્યાસ દરમિયાન સમષ્ટિ એટલે શું અને તેના કેટલા પ્કારો છે તે અંગે સ્પષ્ટતાઓ છે.પ્રકરણ તેર અંગે વાત કરીએ તો નિદર્શ અને નિદર્શનનો અર્થ અને પ્રકારો અંગેની ચર્ચાઓ આ પ્રકરણમાં છે,પ્રકરણ ચૌદ અંગે નિરીક્ષણનો અર્થ, લક્ષણો અને પ્રકારો જેમાં નિરિક્ષણ પદ્ધતિ એટલે શું?અને તેની ખાસિયતો અને નિરિક્ષણના પ્રકારો અને તેની ચણાવટ તેમાં છે વળી, પ્રકરણ પંદર અંગે વાત કરીએ નિરીક્ષણની ઉપયોગીતા અને મર્યાદાઓ અંગે વિસ્તૃત માહિતી છે. નિરીક્ષણ એ સંશોધન પદ્ધતિ છે જેમાં સંશોધક વ્યક્તિઓ, પ્રકૃતિ, પરિસ્થિતિઓ, અને ઇવેન્ટ્સને યોગ્ય રીતે જોઈને અને નોંધણી કરીને માહિતી એકત્રિત કરે છે. આ પદ્ધતિમાં સંશોધકને પોતાનું દૃષ્ટિકોણ તથા વિચાર આપવાનું હોય છે, જ્યારે તે અન્ય લોકોના વર્તન અને પ્રવૃત્તિઓનો અવલોકન કરે છે. પ્રકરણ સોળમાં પ્રશ્નાવલી અર્થ, લક્ષણો, પ્રકારો, મહત્વ અને મર્યાદાઓ જેમાં પ્રશ્નાવલી અંગેની સમગ્ર ચર્ચાઓ અને માહિતી આપવામાં આવી છે.પ્રકરણ સત્તર માં મુલાકાતનો અર્થ, લક્ષણો અને પ્રકારો, મુલાકાતની ઉપયોગીતાઓ અને મર્યાદાઓ, મુલાકાત અનુસૂચી અને પ્રશ્નાવલી વચ્ચેનો સંબંધ અંગે સમગ્ર ચર્ચાઓ કરવામાં આવી છે, જયારે પ્રકરણ અઢારમાં માહિતીનું વિશ્લેષણ, વર્ગીકરણ અને અર્થઘટન માહિતીનું વિશ્લેષણ, વર્ગીકરણ અને અર્થઘટન એ સંશોધનમાં એ મહત્વપૂર્ણ પગલાં છે, જે સંશોધકને એકઠી કરેલી માહિતીમાંથી અર્થપૂર્ણ અને ઉપયોગી માહિતી મેળવવામાં મદદ કરે છે. આ પ્રક્રિયાઓ વૈજ્ઞાનિક રીતે અનુસંધાનનું સંકલન અને સમજૂતી કરવા માટે જરૂરી છે. જેની સમગ્ર માહિતી આ પાઠ્યક્રમમાં આપવામાં આવી છે,જે સમાજકાર્યના અભ્યાસમાં ઉપયોગી થશે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**BSWR-SEM-4**
**BSWR – 401 : સમાજકાર્યમાં સંશોધન પદ્ધતિઓ**

## વિભાગ – 2 : સામાજિક સંશોધનની પ્રયુક્તિઓ અને પદ્ધતિઓ


| | | | |
|---|---|---|---|
| 1. | એકમ - 8 | મિશ્ર પદ્ધતિ સંશોધન : મિશ્ર પદ્ધતિઓના ઘટકો, જથ્થાત્મક અને ગુણાત્મક સંશોધનની પ્રક્રિયા | 83 |
| 2. | એકમ - 9 | સર્વેક્ષણનો અર્થ અને મર્યાદા | 94 |
| 3. | એકમ - 10 | નિદર્શ, નિદર્શન અને સમષ્ટિ | 107 |
| 4. | એકમ - 11 | સંશોધનમાં સંશોધન પ્રવિધિ - નિરીક્ષણ અને સમાજકાર્ય | 120 |
| 5. | એકમ - 12 | સંશોધનમાં સંશોધન પ્રવિધિ – પ્રશ્નાવલી, મુલાકાત અને અનુસૂચિ | 148 |
| 6. | એકમ - 13 | સંશોધનમાં સંશોધન પ્રવિધિ - વૈયક્તિક અભ્યાસ અને સમાજકાર્ય | 165 |
| 7. | એકમ - 14 | મૂળભૂત આંકડાકીય ખ્યાલો તથા માહિતીનું વિશ્લેષણ, વર્ગીકરણ અને અર્થઘટન | 175 |

| એકમ - 8 | મિશ્ર પદ્ધતિ સંશોધન : મિશ્ર પદ્ધતિના ઘટકો, સંખ્યાત્મક અને ગુણાત્મક સંશોધનની પ્રક્રિયા |
|---|---|

**-: રૂપરેખા :-**

**8.0 હેતુઓ**

**8.1 પ્રસ્તાવના**

**8.2 મિશ્ર પદ્ધતિ સંશોધન અને મિશ્ર પદ્ધતિના ઘટકો**

**8.3 સંખ્યાત્મક અને ગુણાત્મક અર્થ લક્ષણો**

**8.4 સંખ્યાત્મક અને ગુણાત્મક સંશોધનની પ્રક્રિયા**

**8.5 સારાંશ**

**8.6 તમારી પ્રગતિ ચકાસો**

**8.7 ચાવીરૂપ શબ્દો**

**8.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**8.9 સ્વાધ્યાય**

**8.10 સંદર્ભસૂચિ**

## 8.0 હેતુઓ

*આ એકમના અભ્યાસ કર્યા બાદ તમે,*

- *મિશ્ર પદ્ધતિ સંશોધન વિશે સમજી શકશો.*
- *મિશ્ર પદ્ધતિના ઘટકો જાણી શકશો.*
- *સંખ્યાત્મક અને ગુણાત્મક સંશોધનની પ્રક્રિયા સમજી શકશો.*

## 8.1 પ્રસ્તાવના

*મિશ્ર પદ્ધતિ સંશોધન* (Mixed Methods Research) *એ સંશોધન માટેની એવી પદ્ધતિ છે જેમાં સંખ્યાત્મક* (Quantitative) *અને ગુણાત્મક* (Qualitative) *સંશોધન પદ્ધતિઓને સંયોજિત કરીને વધુ સમગ્ર અને ઊંડાણપૂર્વક માહિતી મેળવવામાં આવે છે. સંખ્યાત્મક તત્ત્વો* (Quantitative Elements) : *આ તત્ત્વો ડેટાનું માપ, આંકડાકીય વિશ્લેષણ, અને વિશિષ્ટ હિસ્સાને ચોક્કસપણે પરિમાણ કરવાનું કાર્ય કરે છે. ઉદાહરણ : સર્વે, પ્રયોગો, આંકડાકીય પરીક્ષણ વગેરે. ગુણાત્મક તત્ત્વો* (Qualitative Elements) : *આ તત્ત્વો વસ્તુંની ગહન સમજ માટે છે જ્યાં ડેટા શબ્દોમાં, વર્તનમાં, અને વર્ણનાત્મક સંદર્ભમાં હોય છે. ઉદાહરણ : ઈન્ટરવ્યૂ, ફોકસ ગ્રુપ, કિસ્સા અધ્યયન વગેરે.*

## 8.2 મિશ્ર પદ્ધતિ સંશોધન અને મિશ્ર પદ્ધતિના ઘટકો

*મિશ્ર સંશોધન પદ્ધતિ એ સંશોધનની એક રીત છે જેમાંથી ગુણાત્મક અને માત્રાત્મક બંને પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિનો ઉપયોગ સંશોધન સમસ્યાનું વ્યાપક અને ઊંડાણપૂર્વકનું સમજણ મેળવવા માટે થાય છે. મિશ્ર પદ્ધતિઓ જટિલ સંશોધન પ્રશ્નો માટે અસરકારક છે જ્યાં એક પદ્ધતિ એકલાં પૂરતી માહિતી પૂરી પાડતા નથી. મિશ્ર સંશોધન પદ્ધતિ જટિલ મુદ્દાઓને વધુ સારી રીતે સમજવા માટે એક મહત્ત્વપૂર્ણ અભિગમ છે. ગુણાત્મક અને માત્રાત્મક ડેટાને સંકલિત કરીને, સંશોધકો વધુ ઊંડાણપૂર્વકની સમજણ અને વ્યાપક નિષ્કર્ષો મેળવી શકે છે, જે એકલ પદ્ધતિના અભાવને દૂર કરે છે.*

**મિશ્ર પદ્ધતિના ઘટકો :**

1. *સંખ્યાત્મક સંશોધન*
2. *ગુણાત્મક સંશોધન*

**મિશ્ર પદ્ધતિના લક્ષણો :**

**1. ગુણાત્મક અને માત્રાત્મક પદ્ધતિઓનું સંયોજન :**

- *ગુણાત્મક સંશોધન : માનસિકતા, અનુભવ અથવા વિચારોને સમજવા માટે અહેવાલ, આ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.*
- *માત્રાત્મક સંશોધન : આંકડાઓ અને સંખ્યાઓ પર આધારિત માહિતી એકત્રિત અને વિશ્લેષણ કરવા માટે સર્વે, પ્રયોગો અથવા આંકડાકીય વિશ્લેષણનો ઉપયોગ કરે છે.*

**2. અનુક્રમણિક અથવા સમકક્ષ દરખાસ્ત :**

- *અનુક્રમણિક ડિઝાઈન : એક પ્રકારના ડેટાનું એકત્રણ અને વિશ્લેષણ પહેલા કરવામાં આવે છે, ત્યારબાદ બીજું પ્રકારનું ડેટાનું એકત્રણ થાય છે.*
- *સમકક્ષ દરખાસ્ત : બંને પ્રકારના ડેટાનું એકસાથે એકત્રણ થાય છે, પરંતુ પ્રત્યેકનો વિશ્લેષણ અલગ કરવામાં આવે છે.*

## 8.3 સંખ્યાત્મક અને ગુણાત્મક સંશોધન અર્થ અને લક્ષણો

*આ પ્રકારનું સંશોધન એ સંખ્યાત્મક માપન પર આધારિત છે. અભ્યાસ હેઠળની ઘટના કે જેનું માપન પ્રમાણિત સાધનો જેવાં કે પ્રશ્નાવલિઓ, કસોટીઓ, સંશોધનિકાઓ વડે કરીને મોટા નમૂના પાસેથી સંખ્યા સ્વરૂપે માહિતી મેળવાય છે. સંખ્યાત્મક સંશોધનોમાં મુખ્યત્વે 'સંખ્યા' કેન્દ્રમાં છે. સંખ્યાત્મક માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરીને સંશોધન હેઠળની ઘટનાના સંદર્ભમાં પરિણામો મેળવાય છે. સંખ્યાત્મક સંશોધન નિગમનાત્મક, અનાત્મલક્ષી, કેન્દ્રિત અને પરિણામલક્ષી હોય છે. સામાન્યત : ચલો વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરવામાં ઉપયોગી એવાં આ સંશોધનો પ્રમાણમાં ઝડપથી હાથ ધરી શકાય છે તેમ જ પ્રાપ્ત પરિણામો વ્યાપવિશ્વને લાગુ પાડી શકાય છે. નીચે માત્રાત્મક સંશોધનની કેટલીક વ્યાખ્યાઓ આપવામાં આવી છે :*

1. **ક્લિફર્ડ વૂડસન :** *"માત્રાત્મક સંશોધન તે પ્રક્રિયા છે, જે સંખ્યાત્મક ડેટા એકત્રિત કરે છે અને તે ડેટાને વિશ્લેષણ કરી નિષ્કર્ષ પર પહોંચે છે."*
2. **મેક મિલન અને શુમર્ચર :** *"માત્રાત્મક સંશોધન એ પદ્ધતિશાસ્ત્ર છે, જે આંકડાકીય મીઠાશ સાથે પદ્ધતિમાત્ર તથ્યોને અભ્યાસ કરવા માટે રચાયેલ છે."*
3. **ક્રેસવેલ :** *"માત્રાત્મક સંશોધન એ સંગ્રહિત અને વિશ્લેષિત ડેટા પર આધારિત છે, જે પરિમાણાત્મક માપન અને આંકડાકીય મોડલનો ઉપયોગ કરે છે."*
4. **કેરોલ બૌમન :** *"માત્રાત્મક સંશોધન એ સંખ્યાત્મક ડેટાને સૂચવે છે, જેનો ઉપયોગ સંબંધોને માપવા અને ભૂતકાળના આકરાઓ અને પ્રત્યાઘાતોની આગાહી માટે થાય છે."*

*માત્રાત્મક સંશોધન એ વ્યવસ્થિત તપાસનો સંદર્ભ આપે છે જે કોઈ ચોક્કસ ઘટના વિશે વિશ્લેષણ, મોડેલ અને તારણો કાઢવા માટે સંખ્યાત્મક ડેટા અને માત્રાત્મક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. આ પ્રકારના સંશોધનમાં ઘણીવાર નીચેના ઘટકોનો સમાવેશ થાય છે :*

1. **ડેટા કલેક્શન :** *વિવિધ પદ્ધતિઓ જેમ કે સર્વેક્ષણો, પ્રયોગો અથવા વર્તમાન ડેટાસેટ્સ દ્વારા આંકડાકીય માહિતી એકત્ર કરવી.*
2. **આંકડાકીય વિશ્લેષણ :** *ડેટાનું અર્થઘટન કરવા માટે આંકડાકીય તકનીકોનો ઉપયોગ કરવો. આમાં વર્ણનાત્મક આંકડા, અનુમાનિત આંકડા, રીગ્રેસન વિશ્લેષણ અને વધુનો સમાવેશ થઈ શકે છે.*
3. **મોડેલિંગ :** *ડેટાની અંદરના સંબંધોને રજૂ કરવા માટે ગાણિતિક અથવા કોમ્પ્યુટેશનલ મોડલ્સ બનાવવા. આનો ઉપયોગ ઘણીવાર પરિણામોની આગાહી કરવા અથવા અંતર્ગત પેટર્નને સમજવા માટે થાય છે.*
4. **પરિણામોનું અર્થઘટન :** *નિષ્કર્ષ મેળવવા માટે તારણોનું વિશ્લેષણ, જેમાં પૂર્વધારણા પરીક્ષણ અને પરિણામોના મહત્ત્વનું મૂલ્યાંકન સામેલ હોઈ શકે છે.*
5. **રિપોર્ટિંગ :** *પરિણામોને અસરકારક રીતે સંચાર કરવા માટે સંશોધનનાં તારણોને ઘણીવાર આલેખ, ચાર્ટ અને કોષ્ટકો દ્વારા રજૂ કરવા.*

*આંકડાકીય સંશોધનનો ઉપયોગ સામાન્ય રીતે અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પ્રાકૃતિક વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં થાય છે, જ્યાં પરિમાણપાત્ર ડેટા જટિલ મુદ્દાઓની આંતરદષ્ટિ પ્રદાન કરી શકે છે. સંખ્યાત્મક સંશોધન સાંકેતિક ગણતરીને બદલે સંખ્યાત્મક અંદાજ દ્વારા ગાણિતિક સમસ્યાઓ ઉકેલવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ અને તકનીકોની શ્રેણીને સમાવે છે. તે એન્જિનિયરિંગ, ભૌતિકશાસ્ત્ર,નાણા અને કમ્પ્યુટર વિજ્ઞાન સહિત વિવિધ ક્ષેત્રોમાં વ્યાપકપણે લાગુ થાય છે.*

### ❖ સંખ્યાત્મક સંશોધનના લક્ષણો :

*માત્રાત્મક સંશોધન* (Quantitative Research) *એ એવું સંશોધન છે જેમાં ડેટાને માપવા અને આંકડાકીય પદ્ધતિઓ દ્વારા વિશ્લેષણ કરવામાં આવે છે. તેની મુખ્ય લક્ષણો નીચે મુજબ છે :*

1. **માપન અને આંકડાકીય આકારણ** : *સંશોધનમાં માપન માટે ચોક્કસ અને ચોક્કસ આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. આંકડાઓને સંખ્યાત્મક રૂપમાં એકત્રિત કરવામાં આવે છે.*
2. **ઉદ્દેશપૂર્વકતા** : *માત્રાત્મક સંશોધન ઉદ્દેશ આધારિત હોય છે, જેમાં વ્યક્તિગત મતભેદો અથવા ભાવનાઓની અસર ન હોય.*
3. **સંકલન પદ્ધતિઓ** : *સર્વે, પ્રયોગો, અવલોકન અથવા માપનના સાધનો દ્વારા ડેટા એકત્રિત થાય છે.*
4. **ઉત્કલ્પનાનું પરીક્ષણ** : *અગાઉથી નક્કી કરેલી હિપોથેસિસનું પરીક્ષણ કરવાનું મુખ્ય લક્ષ્ય હોય છે.*
5. *વિશ્લેષણ માટે આંકડાશાસ્ત્રનો ઉપયોગ : આંકડાશાસ્ત્ર* (Statistics)*નો ઉપયોગ કરીને ડેટાનું વિશ્લેષણ થાય છે.*
6. **પ્રતિનિધિત્વ અને સામાન્યીકરણ** : *મોટાભાગના માત્રાત્મક સંશોધનોમાં નમૂનાના આધારે સામાન્ય જનસંખ્યાના વલણો નક્કી કરવા પ્રયત્ન થાય છે.*
7. **ફોર્મલ ડેટા પ્રસ્તુતિ** : *પરિણામો ગ્રાફ, ચાર્ટ, ટેબલ, અથવા આંકડાકીય રીતે રજૂ થાય છે.*
8. **નિયંત્રણ અને પુનરાવર્તનક્ષમતા** : *સંશોધનમાં ભેદજાળવા માટે પરિસ્થિતિઓ પર નિયંત્રણ રાખવામાં આવે છે. પરિણામો પુનરાવર્તિત* (reproducible) *હોય છે.*
9. **વિસ્તૃત નમૂનાકીય આકારણ** : *મોટા પાયે નમૂનાનું સંકલન થાય છે જેથી પરિણામોને વધુ માન્યતા મળે.*
10. **સ્પષ્ટતા અને સચોટતા** : *આંકડાઓના આધારે પરિણામો સ્પષ્ટ અને સચોટ હોય છે.*

*સંખ્યાત્મક અને ગુણાત્મક એમ બંને પ્રકારનાં સંશોધનોની આગવી વિશિષ્ટતા છે, ખામીઓ છે અને લાભો પણ છે. વળી, બંનેનો સમન્વય કરી શકાય છે, કારણ કે બંને કંઈ એકબીજાનાં વિરોધી નથી. બંનેનો સમન્વય કરવાથી પ્રાપ્ત પરિણામોની આંતરિક અને બાહ્ય પ્રમાણભૂતતા વધે છે, એટલે કે પ્રાપ્ત તારણોનું સાચાપણું વધે છે તેમ જ તેની વ્યાપકતા પણ વધે છે. તેમ જ તેમાં સમાવિષ્ટ વિવિધ ઘટકોની અસર પણ ચકાસી શકે છે.* (4) *શબ્દો તેમ જ સંખ્યાનું મહત્ત્વ સમજીને તેનો યથોચિત ઉપયોગ કરી શકે છે.*

*સંખ્યાત્મક અને ગુણાત્મક સંશોધનોમાં જુદાપણું છે. તેમને હાથ ધરવાની બાબતમાં ઘણો તફાવત છે. સંશોધકની ભૂમિકાના સંદર્ભમાં પણ આ મને પ્રકારનાં સંશોધનો અલગ પડે છે. કેટલીક બાબતોના આધારે આ બંને પ્રકારનાં સંશોધનોને તપાસતાં એવું લાગે છે કે આ બંને પ્રકારનાં સંશોધનો એકબીજાની વિરુદ્ધ છે. પરંતુ આ બંને સંશોધનો જ છે, સંશોધન- પ્રશ્નોના ઉત્તરો મેળવવાની સંશોધન પ્રક્રિયા જ છે.*

- **ગુણાત્મક સંશોધન**

*ગુણાત્મક સંશોધન ગુણાત્મક અભ્યાસ પર આધારિત છે. અભ્યાસ હેઠળની ઘટના કે જેનું બિનપ્રમાણિત સાધનો જેવાં કે ક્ષેત્રનોંધ, દસ્તાવેજો, સહભાગી અવલોકન, મુક્ત મુલાકાત વગેરે વડે અભ્યાસ હેઠળની ઘટના અંગેનાના નમૂના પાસેથી વિસ્તૃત શાબ્દિક માહિતી મેળવાય છે. અહીં*

'શબ્દ' કેન્દ્રમાં છે. ગુણાત્મક સંશોધનોમાં કુદરતી પરિસ્થિતિમાં ઘણાં ચલ અંગે બહુપદ્ધતિય રીતે વિસ્તૃત અને શાબ્દિક માહિતી એકત્ર કરવામાં આવે છે, જેનું અર્થઘટનાત્મક પૃથક્કરણ કરીને અભ્યાસ હેઠળની ઘટનાને લગતી ઊંડી સમજ મેળવવામાં આવે છે. આ પ્રકારનું સંશોધન આગમનાત્મક, આત્મલક્ષી, સમગ્રલક્ષી અને પ્રક્રિયાલક્ષી હોય છે.

સામાન્યત : વિશિષ્ટ પરિસ્થિતિ, સંસ્થા, સમાજ, લોકોના જૂથ વગેરેના અભ્યાસમાં ઉપયોગી એવા આ અભ્યાસો કારણો, અર્થઘટનો અને ફલિતાર્થો પર ભાર મૂકે છે. પ્રમાણમાં વધુ સમય લાગે છે તેમ જ પ્રાપ્ત પરિણામોની સામાન્યીકૃતતા ઓછી હોય છે. વ્યક્તિઅભ્યાસ, ઐતિહાસિક, તાત્ત્વિક, ઘટનાકીય, નૃવંશશાસ્ત્રીય વગેરે ગુણાત્મક સંશોધનની પદ્ધતિઓ છે.

ગુણાત્મક સંશોધનનો ઉદ્દભવ સામાજિક સંશોધનોમાંથી થયેલો છે. માનવસંસ્કૃતિના અભ્યાસ માટે ગુણાત્મક સંશોધનોનો બહોળો ઉપયોગ થતો હોવાને કારણે ઘણીવાર તેને માનવજાતિ શાસ્ત્રીય કે માનવવંશ શાસ્ત્રીય સંશોધન પણ કહે છે. કેટલાક સંશોધકો 'માનવજાતિ શાસ્ત્રીય' અને 'ગુણાત્મક' આ બે પદોને એકબીજાનાં પર્યાય ગણે છે, જ્યારે કેટલાક માનવજાતિશાસ્ત્રને ગુણાત્મક સંશોધનોનો એક પ્રકાર ગણે છે.

ગુણાત્મક સંશોધન (Qualitative Research) એ સંશોધનનો એવો પ્રકાર છે જે ગુણવત્તાયુક્ત ડેટા અથવા માહિતીને વિશ્લેષિત કરે છે. તે મુખ્યત્વે માણસના વર્તન, અનુભવો, મતો, ધારણાઓ અને સામાજિક પ્રત્યાઘાતને સમજવા પર કેન્દ્રિત હોય છે. આ સંશોધનનો ઉપયોગ સંજ્ઞાત્મક અને વર્ણનાત્મક ડેટાને એકઠું કરવા માટે થાય છે, જેને રાશિગત રીતે માપવું મુશ્કેલ હોય છે. ગુણાત્મક સંશોધનની કેટલીક વ્યાખ્યાઓ નીચે દર્શાવવામાં આવી છે :

1. **કરસ્વેલ** - ગુણાત્મક સંશોધન એ એક વ્યવસ્થિત પ્રક્રિયા છે જેમાં સંશોધક માનવ અનુભવો, સંજ્ઞાઓ અને વ્યવહારો વિશે ડેટા એકત્ર કરે છે, તેનો વિશ્લેષણ કરે છે અને અર્થઘટન કરે છે.
2. **ડેન્ઝિન અને લિંકોલ્ન** - "ગુણાત્મક સંશોધન એ એક પ્રકારનું ક્રિયાપ્રધાન અભિગમ છે જે વૈજ્ઞાનિક પદ્ધતિઓના ઉપયોગ દ્વારા સામાજિક વિશ્વના અર્થઘટન માટે કાર્ય કરે છે."
3. **બોડગેન અને ટેલર**- ગુણાત્મક સંશોધન એ સામાજિક પરિબળોને સમજવા માટેના ગુણવત્તાયુક્ત દ્દષ્ટિકોણોનું સમૂહ છે, જેનો હેતુ લોકોને તેમના દુનિયાના દ્રષ્ટિકોણથી સમજવા માટે છે."
4. **પેટ્ટન** :- "ગુણાત્મક સંશોધન એ એક નમનશીલ અભિગમ છે, જેમાં લોકો અને તેમના વર્તન અને અનુભવ વિશે ઊંડાણપૂર્વક માહિતી મેળવવા માટે લવચીક પદ્ધતિઓનો ઉપયોગ થાય છે."
5. **માઈલ્સ અને હબર્મેન** : "ગુણાત્મક ડેટા એ મુખ્યત્વે શબ્દો છે, માળખાગત નહીં પરંતુ વર્ણનાત્મક અને અર્થપૂર્ણ હોય છે, જે સંશોધકને વ્યાખ્યાની સમજણ આપવા માટે મદદ કરે છે."

સંખ્યાત્મક સંશોધનોની તુલનામાં ગુણાત્મક સંશોધનો હાથ ધરવાં સહેલાં છે, પરંતુ અનુભવે જણાયું છે કે આંકડા સ્વરૂપે પ્રાપ્ત માહિતીનું સંશ્લેષણ, પૃથક્કરણ અને અર્થઘટન પ્રમાણમાં

*સરળ અને અનાત્મલક્ષી બને છે, જ્યારે શબ્દોમાં વર્ણનાત્મક સ્વરૂપ પ્રાપ્ત માહિતી પ્રમાણમાં જટિલ, આત્મલક્ષી અને પ્રત્યેક સંશાધન માટે આગવી છે.*

*શાબ્દિક માહિતીને વર્ગીકૃત કરી તેનું વિશ્લેષણ અને પ્રાપ્ત વિગતનું સંશ્લેષણ કરવું એ ગુણાત્મક સંશોધન છે. કોઈ સામાજિક ઘટનાને તપાસવા માટે આગમનાત્મક અને અર્થઘટનાત્મક અભિગમનો પદ્ધતિસર વિનિયોગ એટલે ગુણાત્મક સંશોધન. જે સંશોધનોમાં સંખ્યા કે પરિમાણ હોતાં નથી પણ શાબ્દિક વર્ણન હોય છે તેને ગુણાત્મક સંશોધનો કહેવાય છે.*

*ગુણાત્મક સંશોધન એ માહિતીના ગુણાત્મક પૃથક્કરણનું એવું શાસ્ત્ર/વિજ્ઞાન છે કે જેમાં તપાસ હેઠળની ઘટનાનું આસપાસના સંદર્ભને ધ્યાનમાં લઈ સૂક્ષ્મ વર્ણન અને ઊંડાણપૂર્વક અર્થઘટન કરવામાં આવે છે. ગુણાત્મક સંશોધનમાં અભ્યાસ હેઠળની બાબતના સંદર્ભમાં કુદરતી/નૈસર્ગિક પરિસ્થિતિમાં ઘણાં ચલો અંગેની લાંબા સમય સુધી વિસ્તૃત માહિતી મેળવવામાં આવે છે.*

❖ **ગુણાત્મક સંશોધનની સંકલ્પના :**

- *ગુણાત્મક સંશોધનમાં તપાસ હેઠળના લોકો દ્વારા અનુભવાયેલી હોય કે તેમની પરિસ્થિતિને રજૂ કરતી હોય તેવી વર્ણનાત્મક માહિતી તેમની પાસેથી મેળવીને તપાસવામાં આવે છે.*

- *અભ્યાસ હેઠળની પરિસ્થિતિ કે ઘટના અંગે સમગ્રલક્ષી અને ઊંડાણપૂર્વક સમજ મેળવવા માટે બહુપદ્ધતીય અભિગમ દ્વારા વિસ્તૃત અને વર્ણનાત્મક માહિતીના એકત્રીકરણ અને પૃથક્કરણને ગુણાત્મક સંશોધન કહે છે. અભ્યાસ હેઠળની બાબત અંગે ઊંચી/ઊંડી સમજણ વિકસાવવા માટે તે "શું છે" ની સાથે "શા માટે છે"નો પણ સમાવેશ કરવામાં આવે છે.*

- *ગુણાત્મક સંશોધન દ્વારા (1) કુદરતી સહજ પરિસ્થિતિમાં પાત્રોના લાંબા સમય સુધીનાં અવલોકન અને મુક્ત મુલાકાત દ્વારા તથા (2) સાહિત્ય/દસ્તાવેજો કે પદાર્થોમાંથી સંખ્યાને બદલે વિસ્તૃત શાબ્દિક વર્ણન સ્વરૂપે એકત્ર કરેલી માહિતીનું અર્થઘટનાત્મક વિશ્લેષણ કરીને પાત્રોના પોતાના દ્રષ્ટિકોણથી માનવવર્તનની ઊંડી સમજ મેળવવામાં આવે છે.*

❖ **ગુણાત્મક સંશોધનનાં લક્ષણો**

- *આ પ્રકારનું સંશોધન કુદરતી-સહજ/સ્વાભાવિક પર્યાવરણમાં હાથ ધરવામાં આવે છે. આયોજનબદ્ધ, સંશોધક-નિયંત્રિત કે કૃત્રિમ- પરિવેશને બદલે નૈસર્ગિક પરિવેશ જરૂરી છે. એટલે કે અહીં પ્રાકૃતિક અભિગમ મહત્ત્વનો છે, જેના વડે અભ્યાસ હેઠળની બાબતોનો જે છે તે કુદરતી સ્વરૂપમાં અભ્યાસ કરવામાં આવે છે.*

- *આ સંશોધનો વર્ણનાત્મક સ્વરૂપ ધરાવે છે. એકત્ર કરાતી માહિતી સંખ્યા કે આંકડા કરતાં વિશેષત : શાબ્દિક વર્ણનના સ્વરૂપમાં હોય છે.*

- *ગુણાત્મક સંશોધન એ માહિતીના ગુણાત્મક અર્થઘટનનું શાસ્ત્ર છે; કારણ કે અહીં અભ્યાસ હેઠળની ઘટનાનું સૂક્ષ્મ વર્ણન અને ઊંડાણપૂર્વકનુ અર્થઘટન કરવામાં આવે છે. અર્થ-સમજ એ ગુણાત્મક સંશોધનની અગત્યની લાક્ષણિકતા છે.*

- *આ પ્રકારનાં સંશોધન માટે સમગ્રલક્ષી અભિગમનો ઉપયોગ કરવામાં આવે છે, કારણ કે અહીં અભ્યાસ હેઠળની ઘટનાના સંદર્ભમાં ઘણીબધી બાબતોને આવરી લેવામાં આવે છે.*

- *અહીં વ્યક્તિની ક્રિયા-પ્રતિક્રિયાને તેના પોતાના સામાજિક સંદર્ભમાં સમજવામાં આવે છે. આ માટે વ્યક્તિના સામાજિક જીવનનાં વિવિધ પાસાંઓનું સૂક્ષ્મતમ અવલોકન કરવામાં આવે છે તેમ જ તેમની સામાજિક ક્રિયાઓ અને કાર્યોના સંદર્ભમાં તપાસ કરવામાં આવે છે. આથી આ પ્રકારના અભ્યાસ એથ્નોગ્રાફી તરીકે પણ ઓળખાય છે.*

- *પૂરી અને ઊંડાણપૂર્વકની તપાસ કરવા માટે અહીં અભ્યાસ હેઠળની પરિસ્થિતિ, ઘટના કે લોકો સાથે સીધો અને ગાઢ (ખૂબ જ નજીકનો) સંપર્ક રાખવામાં આવે છે. આ માટે સહભાગી પરીપ્રક્ષ્યનો ઉપયોગ મહત્ત્વનો બને છે.*

- *આ પ્રકારનું સંશોધન માત્ર સિદ્ધાંત કે શાસ્ત્ર પર આધાર રાખતું નથી પરંતુ અનુભવનિષ્ઠ માહિતી પર આધાર રાખે છે. કેટલીક વાર અભ્યાસ હેઠળની બાબતના સંદર્ભમાં સંબંધિત સ્થળ પરની વિસ્તૃતનોંધ લેવાની હોવાથી ઘણી વાર આ પ્રકારના સંશોધનને 'ક્ષેત્રીય સંશોધન' પણ કહે છે.*

- *અહીં સંશોધન કરતી વખતે સંશોધક અને તપાસ હેઠળની ઘટના એમ બંનેનાં મૂલ્યો અને માન્યતાઓને ધ્યાનમાં લેવાનું જરૂરી બને છે. અહીં એવું મનાય છે કે મૂલ્યમુક્ત વિજ્ઞાન જેવું હોતું*

- *ગુણાત્મક સંશોધન એ કોઈ એક સંશોધન પદ્ધતિ નથી, પરંતુ પદ્ધતિઓનો સમૂહ છે. અભ્યાસ હેઠળની ઘટનાની સમગ્રલક્ષી અને ઊંડાણપૂર્વક સમજ મેળવવા માટે વિવિધ પ્રકારની પદ્ધતિઓ અને માહિતી એકત્ર કરવાના વિવિધ રસ્તાઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે* (1) *પ્રત્યક્ષ સહભાગી અવલોકન,* (2) *જરૂરી દસ્તાવેજોનું એકત્રીકરણ,* (3) *ઊંડાણપૂર્વકની વિસ્તૃત અનૌપચારિક મુક્ત મુલાકાત, વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે.*

- *ગુણાત્મક સંશોધન બહુપાસીય અભિગમ ધરાવે છે, કારણ કે અહીં તપાસ હેઠળની સમસ્યાના સંદર્ભમાં ઘણી બધી બાબતો અંગેની માહિતી વિવિધ પદ્ધતિઓ દ્વારા મેળવવામાં આવે છે.*

## 8.4 સંખ્યાત્મક અને ગુણાત્મક સંશોધનની પ્રક્રિયા

*સંખ્યાત્મક* (Quantitative) *અને ગુણાત્મક* (Qualitative) *સંશોધન બંનેમાં ડેટા એકઠા કરવાનો અને તેનો વિશ્લેષણ કરવાની પ્રક્રિયા અલગ હોય છે. પરંતુ બંનેના મુખ્ય લક્ષ્ય એ છે કે તે સશક્ત પરિણામો માટે વધુ સ્પષ્ટતા અને સમજણ પ્રદાન કરે છે.*

- **સંખ્યાત્મક સંશોધનની પ્રક્રિયા :**

1. **સંશોધન પ્રશ્નની વ્યાખ્યા :** *સંખ્યા અને આંકડા પર આધારિત સંશોધન માટે, તમે સૌપ્રથમ પરિપ્રેક્ષ્ય બનાવો છો અને એક ચોક્કસ સંશોધન પ્રશ્ન વ્યાખ્યાયિત કરો છો.*

2. **ડેટા સંગ્રહ :** *સંખ્યાત્મક સંશોધન માટે, આંકડાઓ સંગ્રહવા માટે વિવિધ સાધનો જેવા કે સર્વે, પ્રયોગો, પત્રક, ટેલિફોન ઈન્ટરવ્યૂ, વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે.*

3. **ડેટાનો વિશ્લેષણ :** *આંકડાશાસ્ત્રના પદ્ધતિઓ જેવી કે માથેટિકલ મોડલિંગ, પેરામેટ્રિક અનેનોન-પેરામેટ્રિક ટેસ્ટિંગ, અને આંકડાઓના માધ્યમથી વિશ્લેષણ કરવામાં આવે છે.*

4. **પરિણામોનો પ્રતિસાદ :** *ડેટા પર આધારિત તારણો અને સંશોધનના પરિણામોને રજૂ કરો. આમ, સંશોધન પ્રશ્ન પર નિશ્ચિત જવાબ આપો.*

5. **રિપોર્ટિંગ :** *તમારા સંશોધનના પરિણામોને લેખિત અથવા પ્રસ્તુતિના રૂપમાં સંક્ષિપ્ત અને સુવિશાળ રીતે પ્રસ્તુત કરો.*

- **ગુણાત્મક સંશોધનની પ્રક્રિયા :**

**1. સંશોધન પ્રશ્નની પસંદગી :** *ગુણાત્મક સંશોધનનો આરંભ વ્યાવસાયિક, સંસ્કૃતિ, અનુભવ, અને અન્ય માનવ પરિપ્રેક્ષ્યના પ્રશ્નોથી થાય છે. સંશોધન પ્રશ્નો સામાન્ય રીતે વધુ ખુલ્લા અને વ્યાપક હોય છે.*

**2. સંશોધન પદ્ધતિની પસંદગી :** *ગુણાત્મક સંશોધનમાં તમે અભ્યાસ, કિસ્સા અભ્યાસ, ગહન ઈન્ટરવ્યૂ, પ્રવૃત્તિ અવલોકન, અથવા ફોકસ જૂથો જેવી પદ્ધતિઓ પસંદ કરી શકો છો.*

3. *ડેટા સંગ્રહ : ગુણાત્મક સંશોધનમાં, સંશોધક સંખ્યાબંધ પ્રવૃત્તિઓના આધારે લોકોની ટિપ્પણીઓ, ચર્ચાઓ, મંતવ્યો, અનુભવ અને નમૂનાઓ એકત્ર કરે છે.*

**4. ડેટાનું વિશ્લેષણ :** *સંશોધક કોડિંગ,* Thematic Analysis, *અથવા ગ્રાઉન્ડેડ થિયરી* (Grounded Theory) *જેવી પદ્ધતિઓનો ઉપયોગ કરીને ડેટાનો વિશ્લેષણ કરે છે. આ પદ્ધતિઓમાં, સંશોધક દરેક વિગતને અનુસાર જૂથમાં દલિલ આપે છે અને અભિપ્રાયોને પદ્ધતિથી ગોઠવે છે.*

**5. પરિણામો અને તારણ :** *ગુણાત્મક સંશોધનમાં, પ્રાપ્ત માહિતી, અનુભવ અને માન્યતાઓ પર આધારિત અનુકૂળ અથવા વિખૂટા પરિણામો આપેલા પ્રશ્નનો જવાબ આપે છે.*

**6. અહેવાલલેખન :** *પરિણામોને વિગતવાર અને માનવ અનુભવના દષ્ટિકોણથી રજૂ કરવામાં આવે છે. આમાં સંશોધક સંશોધનના દષ્ટિકોણ, પદ્ધતિ અને પરિણામોને સ્પષ્ટ કરે છે.*

- **સંખ્યાત્મક અને ગુણાત્મક સંશોધન વચ્ચે તફાવત :**

| તફાવત | સંખ્યાત્મક સંશોધન | ગુણાત્મક સંશોધન |
|---|---|---|
| *લક્ષ્ય* | *આંકડાઓને માપવું, પ્રમાણ અને અનુમાન કરવું* | *અનુભવો અને મંતવ્ય સમજવું* |
| *ડેટા પ્રકાર* | *સંખ્યાબદ્ધ (આંકડાઓ)* | *વિશિષ્ટ (કહાણીઓ, અનુભવો, દષ્ટિ)* |
| *વિશ્લેષણ પદ્ધતિ* | *આંકડાશાસ્ત્ર, સીટિસ્ટિકલ મોડલિંગ* | *કોડિંગ, વિષય વિશ્લેષણ, અનુમાન* |
| *પરિણામો* | *સંખ્યાબદ્ધ પરિણામ, ગણનાત્મક* | *વર્ણનાત્મક, વિશ્લેષણાત્મક* |

| | અનુમાન | પરિણામ |
|---|---|---|
| પ્રયોગો/ઉદાહરણ | સર્વે, પ્રયોગો, પરીક્ષણ | ઈન્ટરવ્યૂ, કેસ અભ્યાસ, અવલોકન |

*આ રીતે, બંને પદ્ધતિઓના વિશિષ્ટ ઉદ્દેશો અને પ્રક્રિયાઓ છે, પરંતુ તે પરિપ્રેક્ષ્ય, પદ્ધતિ અને અનુકૂળ પરિણામોને લગતા છે.*

## 8.5 સારાંશ

*મિશ્ર પદ્ધતિ સંશોધન એ સંશોધનની તે રીત છે જેમાં સંખ્યાત્મક* (Quantitative) *અને ગુણાત્મક* (qualitative) *બંને પદ્ધતિઓનો સંયોજન કરવામાં આવે છે. આ પદ્ધતિ સંશોધનના વિવિધ પાસાઓને વધુ વ્યાપક રીતે સમજવા માટે ઉપયોગમાં લેવાય છે. સંખ્યાત્મક પદ્ધતિ ડેટાના આંકડાકીય વિશ્લેષણ પર આધારિત હોય છે, જેનાથી પ્રમાણભૂત અને માપનીય પરિણામો મળે છે. ગુણાત્મક પદ્ધતિ વ્યક્તિગત અનુભવો, ભાવનાઓ અને પ્રેરણાઓ પર ભાર મૂકે છે, જેનાથી સંશોધનના વિષયની ઊંડાણપૂર્વક સમજ મળે છે. મિશ્ર પદ્ધતિમાં બંને પદ્ધતિઓના ગુણોને જોડવામાં આવે છે, જેથી વધુ સંતુલિત અને મજબૂત નિષ્કર્ષો પ્રાપ્ત થાય છે, સાથે જ સંશોધન પ્રક્રિયા વધુ સચોટ અને સંદર્ભ સમૃદ્ધ બને છે.*

## 8.6 તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન**-1 *: મિશ્ર પદ્ધતિ સંશોધન કયા પ્રકારના ડેટાનો સમાવેશ કરે છે ?*

(a) *માત્ર સંખ્યાત્મક* (b) *માત્ર ગુણાત્મક*
(c) *સંખ્યાત્મક અને ગુણાત્મક બન્ને* (d) *ફક્ત પ્રાથમિક ડેટા*

**પ્રશ્ન**-2 *: મિશ્ર પદ્ધતિ સંશોધનનું મુખ્ય લક્ષણ શું છે ?*

(a) *માત્ર એક પ્રકારના ડેટાનું ઉપયોગ* (b) *સંખ્યાત્મક અને ગુણાત્મક ડેટાનું સંકલન*
(c) *માત્ર પરિમાણાત્મક મડેલ્સ* (d) *ફક્ત બાહ્ય તથ્યોનો ઉપયોગ*

**પ્રશ્ન**-3 *: સંખ્યાત્માંક સંશોધનનો મુખ્ય હેતુ શું છે ?*

(a) *ડેટા કરતાં થીમ શોધવી* (b) *નમૂનાઓમાં પ્રમાણ શોધવું*
(c) *સાભ્યાસિક મંતવ્યો* (d) *વિષયવસ્તુઓનું અર્થઘટન*

**પ્રશ્ન**-4 *: ગુણાત્મક સંશોધન કઈ પદ્ધતિ પર આધારિત છે ?*

(a) *મર્યાદિત રુચિ* (b) *લોજીક અને પરિમાણ*
(c) *આધ્યાત્મિક સમજ* (d) *આંકડાકીય પરીક્ષણ*

**પ્રશ્ન**-5 *: કયા પ્રકારની પદ્ધતિમાં "તુલનાત્મક અભિગમ" ઉપયોગ થાય છે ?*

(a) *ગુણાત્મક* (b) *સંખ્યાત્મક*

(c) *મિશ્ર પદ્ધતિ* (d) *પાયલોટ અભ્યાસ*

## 8.7 ચાવીરૂપ શબ્દો

**1. સંશોધન** : *સંશોધન એ વિજ્ઞાનની શાખા છે, જે કંઈક નવા જ્ઞાનની શોધ, માહિતીના સંકલન અને પુરાવા આધારિત વિશ્લેષણ માટેની કાર્યપ્રણાલીને સંકેત આપે છે. તે વિવિધ મુદ્દાઓનું ઉકેલ લાવવા અથવા નવી સમજણ બનાવવા માટે નિયમિત અને સંયોજનબદ્ધ રીતે કરવામાં આવે છે.*

**2. પદ્ધતિ** : *સંશોધન માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે, જેમાં પ્રમાણભૂત માહિતી સંકલિત કરવા માટે આંકડાશાસ્ત્ર અને વિવેચનાત્મક અભિગમ સમાવિષ્ટ છે. મુખ્યત્વે બે પ્રકારની પદ્ધતિઓ, માત્રાત્મક (સંખ્યાત્મક) અને ગુણાત્મક પદ્ધતિઓ, વિસ્તૃત અભ્યાસ માટે વપરાય છે.*

**3.માત્રાત્મક સંશોધન** : *માત્રાત્મક સંશોધન આંકડાકીય ડેટા અને ગણિત પર આધારિત છે. તેમાં મૂલ્યાંકન માટે માપદંડો અથવા સ્કેલનો ઉપયોગ થાય છે અને સર્વે, પ્રયોગો અથવા આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ વડે ભૌતિક ડેટાને વિશ્લેષિત કરવામાં આવે છે. આ પદ્ધતિ માપનને સુગમ બનાવે છે અને મોટા નમૂનાને આવરી લે છે.*

**4.ગુણાત્મક સંશોધન** : *ગુણાત્મક સંશોધન શબ્દ પર આધારિત છે અને ઈન્સાનના અનુભવો, વિચારધારા અને ધારણાઓને ઊંડાણપૂર્વક સમજવામાં મદદ કરે છે. તે મૌખિક ઈન્ટરવ્યૂ, કેઝ સ્ટડી, અને અવલોકન જેવી પદ્ધતિઓ દ્વારા કરવામાં આવે છે, જે વ્યક્તિગત અને લવચીક અભિગમ માટે પ્રખ્યાત છે.*

## 8.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. c) *સંખ્યાત્મક અને ગુણાત્મક બન્ને*
2. b) *સંખ્યાત્મક અને ગુણાત્મક ડેટાનું સંકલન*
3. b) *નમૂનાઓમાં પ્રમાણ શોધવું*
4. c) *આધ્યાત્મિક સમજ*
5. c) *મિશ્ર પદ્ધતિ*

## 8.9 સ્વાધ્યાય

1. *ગુણાત્મક સંશોધનોની વ્યાખ્યાઓ આપી તેને સમજાવો.*

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

2. *ગુણાત્મક સંશોધનોનાં લક્ષણો વર્ણવો.*

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

3. *સંખ્યાત્મક સંશોધનોના સંદર્ભમાં ગુણાત્મક સંશોધનોનાં મહત્ત્વનાં ચાર લક્ષણો સ્પષ્ટ કરો.*

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

4. *ગુણાત્મક સંશોધનની પ્રક્રિયા સમજાવો.*

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

…………………………………………………………………

## 8.10 સંદર્ભસૂચિ


1. *'શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર', ડી.કે.ઉચાટ, ડૉ.દિનેશચંદ્ર.એ.ઉચાડ પ્રકાશક, રાજકોટ*-2021
2. *'સંશોધન પદ્ધતિ', પ્રા.ડૉ.એલ.આર.યાજ્ઞિક, પ્રા. ડૉ.બી.ડી.ઢીલા, પ્રા.ડૉ.કે.બી.ચોથાણી – અમદાવાદ અક્ષર પબ્લિકેશન* – 2004
3. 'सामाजिक अनुसंधान एव सर्वेक्षण, प्रकाश नारायण नाटाली', पॉइन्टर पबलिशर-2007
4. *'સંશોધન પદ્ધતિ શાસ્ત્ર',* Dr.R.S. Patel - *જય પબ્લિકેશન.* 2015
5. 'रिशर्च मेथोड़ोलोजी' – डॉ.बी.एम्.जेन – रिसर्च पब्लिकेशन .
6. 'शोध प्रविधि',डॉ गणेश पायुडे, अरुला प्पुन्दे – राधा पब्लिकेशन – 2007

**એકમ - 9**

# સર્વેક્ષણનો અર્થ અને મર્યાદાઓ

**-: રૂપરેખા :-**

**9.0** **હેતુઓ**

**9.1.** **પ્રસ્તાવના**

**9.2** **સર્વેક્ષણની વ્યાખ્યા અને અર્થ :**

**9.2.1.સામાજિક સર્વેક્ષણની વ્યાખ્યા**

**9.2.2.સર્વેક્ષણમાં તબક્કાઓ**

**9.2.3.સર્વેક્ષણનું આયોજન**

**9.3.** **સર્વેક્ષણના પ્રકારો**

**9.4** **સર્વેક્ષણની મર્યાદાઓ**

**9.5** **સારાંશ**

**9.6.** **ચાવીરૂપ શબ્દો**

**9.7.** **તમારી પ્રગતિ ચકાસો.**

**9.8.** **સંદર્ભસૂચિ**

## 9.0 હેતુઓ

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે....*

- *સર્વેક્ષણની વ્યાખ્યા અને અર્થ સમજી શકશો.*
- *સામાજિક સર્વેક્ષણની વ્યાખ્યા વિશે સમજશો.*
- *સર્વેક્ષણના તબક્કાઓ વિશે માહિતગાર થશો.*
- *સર્વેક્ષણનું આયોજન જાણશો.*
- *સર્વેક્ષણના પ્રકારો વિશે સમજશો.*
- *સર્વેક્ષણની મર્યાદાઓ જાણશો.*

## 9.1 પ્રસ્તાવના

*'સર્વે' શબ્દનો ઉપયોગ જ્ઞાનની ઘણી શાખાઓમાં થાય છે જેમ કે ભૂગોળ, ભૂસ્તરશાસ્ત્ર, એન્જિનિયરિંગ અને સામાજિક વિજ્ઞાન. આ શબ્દનો ઉપયોગ વિવિધ વિજ્ઞાનમાં અલગ-અલગ સંદર્ભમાં થતો આવ્યો છે. કોઈપણ શાસ્ત્રના ઉદ્દભવ અને વિકાસમાં સંશોધન પદ્ધતિઓની મહત્ત્વની ભુમિકા કહી શકાય. દરેક શાસ્ત્રને વિજ્ઞાનનું સ્વરૂપ આપનાર સંશોધન પદ્ધતિઓ હોય છે. સંશોધનના માધ્યમથી સર્જન પામતું જ્ઞાન કે તથ્યો વિજ્ઞાનની પાયાની લાક્ષણીકતા છે. સંશોધન પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત કરેલ તારણો કે તથ્યો જેતે વિજ્ઞાનના વિકાસની મહત્ત્વની બાબત છે. ભૂગોળમાં, આ શબ્દનો ઉપયોગ સપાટીની લાક્ષણિકતાઓ જાણવા માટે, ભૂસ્તરશાસ્ત્રમાં સપાટી પર દટાયેલી વસ્તુઓની તપાસ કરવા માટે અને સિવિલ એન્જિનિયરિંગમાં જમીન માપણી વગેરે*

*માટે થાય છે. સામાજિક વિજ્ઞાનમાં સર્વે શબ્દનો પ્રારંભિક ઉપયોગ ઓગણીસમી અને વીસમી સદીમાં ઘણી સામાજિક સમસ્યાઓના સંદર્ભમાં થયો, ખાસ કરીને ગરીબી અભ્યાસ (સમાજશાસ્ત્ર), આધુનિક અભિપ્રાય મતદાન (રાજકીય વિજ્ઞાન), શહેર આયોજન (જાહેર વહીવટ) , માર્કેટ રિસર્ચ (બિઝનેસ મેનેજમેન્ટ), આ સિવાય યુનિવર્સિટીઓ અને કેન્દ્રીય અને પ્રાંતીય સરકારો દ્વારા પ્રમોટ કરાયેલા ઘણા સંશોધન પ્રોજેક્ટ્સમાં તે વિવિધ અર્થમાં કરવામાં આવ્યું છે. ભારતની વસ્તી ગણતરી ઉપરાંત, વિભાગ સામાજિક જીવનના ઘણા વિષયો પર 'નેશનલ સેમ્પલ સર્વે'નું આયોજન કરતું રહે છે.*

## 9.2 સર્વેક્ષણની વ્યાખ્યા અને અર્થ

*સરળ શબ્દોમાં, સર્વેનો અર્થ થાય છે કે ઘટના વિશે જાતે નિરીક્ષણ કરીને માહિતી મેળવવી. સર્વેક્ષણ શબ્દ અંગ્રેજી શબ્દ સર્વેનું હિન્દી સંસ્કરણ છે. અંગ્રેજી શબ્દ સર્વે બે શબ્દોથી બનેલો છે : સર્વે એ બે શબ્દોનું સંયોજન હોય તેવું લાગે છે – 'સર'* (sur or sor) *તથા વિયર* (veeir or vor)*નો બનેલો છે. 'સર' ઉપર અને વિયર એટલે જોવું. તેથી સર્વેનો અર્થ થાય છે 'જુઓ' અથવા બહારથી જોવું. આમ, સર્વેનો શાબ્દિક અર્થ ઉપરછલ્લી રીતે જોવાનો છે. તેથી, સર્વેક્ષણનો અર્થ એ છે કે ઉપરથી અથવા બહારથી કોઈપણ ઘટના અથવા પરિસ્થિતિને જોવી અથવા તેનું અવલોકન કરવું અથવા તેની ઝાંખી કરવી. ચોક્કસ હેતુ માટે અવલોકન, તપાસ અથવા બારીકાઈથી નિરીક્ષણ કરવાની પ્રક્રિયાને સર્વેક્ષણ કહેવામાં આવે છે.*

*"ચોક્કસ હેતુ માટે અવલોકન કરવાની, તપાસવાની અથવા બારીકાઈથી નિરીક્ષણ કરવાની પ્રક્રિયાને સર્વેક્ષણ કહેવામાં આવે છે." - ઓક્સફર્ડ યુનિવર્સલ ડિક્શનરી* (1955 :2092)

*વ્હીટની* (F.L. Whitney) *અનુસાર- "સામાજિક સંશોધન હેઠળ, સર્વે શબ્દનો ઉપયોગ વિશેષ અર્થમાં થાય છે. આ સંદર્ભમાં, સર્વેક્ષણ એ એક સહયોગી પ્રક્રિયા છે જેમાં એક અથવા વધુ સંશોધન પદ્ધતિઓ દ્વારા વિવિધ સાધનોની મદદથી તથ્યો અને ડેટા એકત્રિત કરવામાં આવે છે."*

*"સમુદાયના સમગ્ર જીવન અથવા તેના કોઈપણ પાસાઓ જેવા કે શિક્ષણ, આરોગ્ય વગેરે વિશે વ્યવસ્થિત, અનુક્રમિક અને વિગતવાર હકીકતોના સંગ્રહ અને વિશ્લેષણને સર્વેક્ષણ કહેવામાં આવે છે."***-ફેયરચાઈલ્ડ ડિક્શનરી ઓફ સોશિયોલોજી (1955 :293)**

*"સર્વેક્ષણ એ વાસ્તવિક માહિતી મેળવવાના હેતુથી કરવામાં આવેલું જટિલ અવલોકન છે." -* **વેબસ્ટર ડિક્શનરી (1977 :1837)**

**સમાજશાસ્ત્રના શબ્દકોશ** *મુજબ, "સર્વેક્ષણ એ સમુદાયના સમગ્ર જીવન અથવા શિક્ષણ, આરોગ્ય અને મનોરંજન વગેરે જેવા જીવનના કોઈપણ પાસાઓ સાથે સંબંધિત તથ્યોનો સંગ્રહ અને વિશ્લેષણ છે."*

*"સર્વેક્ષણ એ સામાજિક સંસ્થા, જૂથ અથવા વિસ્તારની વર્તમાન પરિસ્થિતિનું વિશ્લેષણ, સ્પષ્ટીકરણ અને પ્રસારણ કરવાનો વ્યવસ્થિત પ્રયાસ છે."*

**ઈ.ઉ. બર્ગેસ (1916)** *એ સર્વેક્ષણની વ્યાખ્યા કરતી વખતે લખ્યું છે કે, "સર્વેક્ષણ એ સમુદાયની પરિસ્થિતિઓ અને જરૂરિયાતોનો વૈજ્ઞાનિક અભ્યાસ છે જે સામાજિક પ્રગતિનો રચનાત્મક કાર્યક્રમ બનાવવાના હેતુથી હાથ ધરવામાં આવે છે."*

*સર્વેક્ષણનો ઉપયોગ એટલા વ્યાપક સ્તરે કરવામાં આવ્યો છે કે તેની કોઈ સાર્વત્રિક વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. ઉપર દર્શાવેલ વ્યાખ્યાઓ પરથી તે સ્પષ્ટ છે કે સર્વેક્ષણ એ માત્ર સમસ્યા સાથે સંબંધિત તથ્યોનો સંગ્રહ છે.*

### 9.2.1.સામાજિક સર્વેક્ષણની વ્યાખ્યા

**પી.વી. યંગ (1953)***ના મતે "કોઈપણ પ્રચલિત અથવા તાત્કાલિક સામાજિક-પેથોલોજીકલ પ્રકૃતિની પરિસ્થિતિઓમાં સુધારણા માટે રચનાત્મક કાર્યક્રમો બનાવવાના ઉદ્દેશ સાથે સામાજિક સર્વેક્ષણો હાથ ધરવામાં આવે છે."*

**કેલોગના મતે-** *"સામાજિક સર્વેક્ષણો સામાન્ય રીતે સરકારી પ્રયાસો તરીકે ગણવામાં આવે છે જે વૈજ્ઞાનિક પદ્ધતિઓ સાથે તે સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરે છે જે એટલી હદે ગંભીર હોય છે કે તે લોકોના અભિપ્રાયને જાગૃત કરી શકે અને તેને ઉકેલવા માટે પ્રયાસ કરવાની ઈચ્છા પેદા કરી શકે."*

**બર્ગેસ -** *"સામાજિક વિકાસની રચનાત્મક યોજના રજૂ કરવા માટે સમુદાયનું સર્વેક્ષણ કરવામાં આવે છે અને તેની પરિસ્થિતિઓ અને જરૂરિયાતોનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવામાં આવે છે.*

**લ્યોન અને અલ** *"ઘણી સંશોધન સમસ્યાઓ માટે વ્યક્તિગત ઈન્ટરવ્યૂ અને અન્ય પદ્ધતિઓ દ્વારા કાર્યરત તથ્યોના સંગ્રહની જરૂર છે. આ પ્રકારના અભ્યાસને ઘણીવાર સર્વેક્ષણ કહેવામાં આવે છે."*

**બોગાર્ડસ -** *"સર્વે એ ચોક્કસ સમુદાયના રહેવા અને કામ કરવાની પરિસ્થિતિઓને લગતી હકીકતોનો સંગ્રહ છે."*

**સિન પાઓ યંગ -** *"સામાજિક સર્વેક્ષણ એ સામાન્ય રીતે લોકોના જૂથની રચના, પ્રવૃત્તિઓ અને રહેવાની પરિસ્થિતિઓની તપાસ છે."*

**પી.વી. યંગ -** *"સર્વે સમાજની વર્તમાન અને તાત્કાલિક સમસ્યાઓના સુધારણા અને સારવાર માટે રચનાત્મક યોજનાઓની રચના સાથે સંબંધિત છે, જેની ચોક્કસ ભૌગોલિક મર્યાદાઓ છે અને તેની ચોક્કસ સામાજિક અસર અને મહત્ત્વ છે. આ પરિસ્થિતિઓને માપી શકાય છે અને તુલના આદર્શ તરીકે સ્વીકારી શકાય તેવી પરિસ્થિતિઓ સાથે કરી શકાય છે."*

*"સામાજિક સર્વેક્ષણ એ એક પ્રક્રિયા છે જેના દ્વારા સમુદાયની રચના અને પ્રવૃત્તિઓના સામાજિક પાસા અંગે તથ્યો એકત્રિત કરવામાં આવે છે."* **-અબ્રામ્સ**

*"સામાજિક સર્વેક્ષણ, ટૂંકમાં, વૈજ્ઞાનિક અને વ્યવસ્થિત રીતે ચોક્કસ હેતુઓ માટે ચોક્કસ સામાજિક પરિસ્થિતિ અથવા સમસ્યા અથવા વસ્તીનું વિશ્લેષણ કરવાની માત્ર એક પદ્ધતિ છે."* - **મોર્સ.**

### 9.2.2.સર્વેક્ષણમાં તબક્કાઓ

*સર્વેક્ષણની પ્રક્રિયા એ વૈજ્ઞાનિક સંશોધનની વિવિધ પ્રવૃત્તિઓની વ્યાપક યોજના છે. સર્વેક્ષણની આ યોજનાને 'સર્વે ડિઝાઈન' કહેવામાં આવે છે. આ ડિઝાઈનના ઘણા તબક્કાઓ છે જેનું સામાજિક સંશોધનના પ્રકરણમાં વિગતવાર વર્ણન અને વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જે નીચે મુજબ છે.*

- *મોઝર અને કાલ્ટને સર્વેક્ષણ આયોજનના ત્રણ મુખ્ય તબક્કાઓનું વર્ણન કર્યું છે :*
  1. *પ્રારંભિક અભ્યાસ*
  2. *મુખ્ય આયોજન વિચારણા*
  3. *પૂર્વ-પરીક્ષણ અને પૂર્વ-મોજણી.*

*મોર્સ, પાર્ટન અને ઓપેનહેમ વગેરે જેવા કેટલાક અન્ય લેખકોએ પણ સર્વેની પ્રક્રિયા અથવા આયોજનને પોતપોતાની રીતે વર્ણવ્યું છે. આ બધાના વર્ણનના આધારે, સર્વેક્ષણ પ્રક્રિયાને ચાર તબક્કામાં વિભાજિત કરવામાં આવેલ છે.*

a. *સર્વેક્ષણ હાથ ધરવું*
b. *ફિલ્ડ વર્ક* (*તથ્યોનો સંગ્રહ*)
c. *તથ્યોનું વર્ગીકરણ અને વિશ્લેષણ*
d. *સામાન્યીકરણ અને અહેવાલ લેખન,*

- *સિન પાઓ યાંગે સર્વેક્ષણની સમગ્ર પ્રક્રિયામાં ચાર મુખ્ય પગલાં આપ્યા છે :*
  1. *સર્વેક્ષણનું આયોજન,*
  2. *તથ્યોનો સંગ્રહ,*
  3. *તથ્યોનું વિશ્લેષણ અને*
  4. *રજૂઆત તારણો.*

*તદ ઉપરાંત તેમણે સર્વેક્ષણ યોજનામાં નીચેની સાત બાબતોનો સમાવેશ કર્યો હતો.*

i. *હેતુ નક્કી કરો*
ii. *સર્વેક્ષણ આયોજન ટીમની રચના*
iii. *ક્ષેત્ર નક્કી કરો*
iv. *કામનું સમયપત્રક અને બજેટ બનાવવું*
v. *અભ્યાસ પદ્ધતિઓની પસંદગી*
vi. *કર્મચારીઓ અને ફિલ્ડ કામદારોની પસંદગી અને તાલીમ*
vii. *સર્વેક્ષણ માટે સમુદાયને તૈયાર કરવું*

### 9.2.3.સર્વેક્ષણનું આયોજન

*સર્વેક્ષણ કરવા માટે નીચેની પ્રક્રિયાઓનોંધપાત્ર છે-*

## 1. સમસ્યા અથવા વિષયની પસંદગી

*સામાજિક સર્વેક્ષણનું આ સૌથી અગત્યનું પાસું છે. સંશોધકે અભ્યાસ માટે સમસ્યા કે વિષય પસંદ કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે-*

- *સમસ્યાની પસંદગી સર્વેક્ષણ કરનારની રુચિ અનુસાર હોવી જોઈએ જેથી કરીને તે સંપૂર્ણ સમર્પણ અને સખત મહેનત સાથે કામ કરે.*
- *સર્વેક્ષણ કરનારને સમસ્યા અંગે પર્યાપ્ત જ્ઞાન હોવું જોઈએ. વિષયની જાણકારી સાથે જ આયોજનબદ્ધ રીતે સર્વે કરી શકાય છે.*
- *સમસ્યાની પસંદગી સામાજિક પરિસ્થિતિઓ અને સંસાધન મર્યાદાઓને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ.*
- *સૈદ્ધાંતિક હેતુઓ તેમજ વ્યવહારિક ઉપયોગિતા અથવા જાહેર હિતના સંદર્ભમાં સમસ્યાની પસંદગી કરવી જોઈએ.*
- *અભ્યાસ વિષયની પસંદગી કર્યા પછી, સર્વેક્ષણના હેતુઓ નક્કી કરવા જરૂરી બને છે. સ્પષ્ટ હેતુઓના આધારે જ સર્વેક્ષણની રચના શક્ય છે. અભ્યાસ માટેના સાધનો, કાર્યપદ્ધતિ વગેરે અંગેના નિર્ણયો હેતુઓ અનુસાર જ લઈ શકાય છે.*

## 2. ક્ષેત્ર નક્કી કરવું

*સર્વેક્ષણની કામગીરી શરૂ કરતા પહેલા, તે નક્કી કરવું જરૂરી છે કે કયા ક્ષેત્રમાંથી માહિતી એકત્રિત કરવાની છે. એવું જરૂરી નથી કે સર્વે માત્ર વિશાળ વિસ્તાર પર જ કરવામાં આવે. વિસ્તાર નક્કી કરવા માટે ઘણા આધારો હોઈ શકે છે, જેમ કે આર્થિક, ભૌગોલિક, વસ્તી વિષયક, વહીવટી, સામાજિક, સાંસ્કૃતિક, પ્રાણીશાસ્ત્ર વગેરે. વિસ્તારની પસંદગી હકીકતોની પ્રકૃતિ, સ્થાનિક લાક્ષણિકતાઓ વગેરે જેવા ઘણા પરિબળો પર આધાર રાખે છે.*

## 3. તથ્યો આધારિત માહિતી

*સંશોધન વિષયના વિવિધ એકમો અથવા પાસાઓ કે જેના વિશે તથ્યો એકત્રિત કરવાના છે તે સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરવા જોઈએ. યોગ્ય વ્યાખ્યાના અભાવને લીધે, આવશ્યક પાસાઓ છોડી દેવામાં આવે અથવા બિનજરૂરી પાસાઓનો સમાવેશ કરવામાં આવે તેવી શક્યતા છે. સર્વેક્ષણ સંબંધિત એકમો અથવા શરતોને સ્પષ્ટ અને યોગ્ય રીતે વ્યાખ્યાયિત કરીને જ સાચી હકીકતો અને માહિતી એકત્રિત કરી શકાય છે.*

## 4. પૂર્વ તૈયારી કરવી

*અભ્યાસ માટે એકમોની પસંદગી કરી તેને વ્યાખ્યાયિત કર્યાબાદ વિસ્તાર નક્કી થઈ ગયા પછી પ્રારંભિક તૈયારીઓ ખૂબ જરૂરી છે. વિષય સંબંધિત ઉપલબ્ધ સાહિત્યનો અભ્યાસ કરવો અને તથ્યોથી વાકેફ થવાથી મોજણીકર્તાને યોગ્ય પદ્ધતિઓ પસંદ કરવામાં મદદ મળી શકે છે. પ્રારંભિક તૈયારી ઊભી થઈ શકે તેવી મુશ્કેલીઓ અંગે આગોતરી જાણકારી આપશે અને તેને ઉકેલવામાં સરળતા રહેશે. આ ઉપરાંત, નિષ્ણાતો અને ક્ષેત્રના અન્ય લોકો સાથે અનૌપચારિક સંપર્ક કરવો અને તેમના દ્રષ્ટિકોણને જાણવું પણ મદદરૂપ થઈ શકે છે. આ માહિતીના સ્ત્રોતો વિશે પણ માહિતી આપે છે. પ્રાથમિક તૈયારીઓ વિના સર્વેક્ષણની કામગીરીની સફળતા શંકાસ્પદ છે.*

### 5. નમૂનાની પસંદગી

*નમુનાની પસંદગી સર્વેક્ષણ હાથ ધરવાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. મર્યાદિત સંસાધનો અને સમય સાથે, સમુદાય એકમોનું સર્વેક્ષણ કરવું શક્ય નથી. અભ્યાસની સફળતા માટે નમૂનાના સિદ્ધાંત અનુસાર પ્રતિનિધિ એકમોની પસંદગી કરવી જરૂરી છે. નમૂના એવો હોવો જોઈએ કે તે સમગ્ર સમુદાયનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરી શકે. નમૂનામાં એકમોની સંખ્યા પૂરતી હોવી જોઈએ જેથી કરીને નમૂના પ્રતિનિધિ બની શકે.*

### 6. સંશોધન પદ્ધતિની પસંદગી

*અભ્યાસને ધ્યાનમાં રાખીને યોગ્ય સંસોધન પદ્ધતિની પસંદગી કરવી ખૂબ જરૂરી છે. કોઈપણ અભ્યાસમાં, અભ્યાસની પદ્ધતિઓ, તકનીકો અને સાધનો જેટલા વધુ યોગ્ય હશે, તેટલા વધુ તારણો ઉદ્દેશોને અનુરૂપ હશે. તેમની પસંદગી અભ્યાસ વિષય, ક્ષેત્ર, સમય, પૈસા અને કુશળ કામદારો પર આધારિત છે. અભ્યાસ માટે કઈ પદ્ધતિ યોગ્ય છે તે અભ્યાસની પ્રકૃતિ, તેના અવકાશ અને માહિતી આપનારાઓ પર આધાર રાખે છે.*

### 7. સાધનોની(પ્રયુક્તિ) પસંદગી

*સર્વેક્ષણમાં વસ્તુઓ એકત્રિત કરવા માટે કયા સાધનો (દા.ત. પ્રશ્નાવલિ, ઈન્ટરવ્યૂ, અનુસૂચિ વગેરે)નો ઉપયોગ કરવામાં આવશે તે નક્કી કર્યા પછી, તે સાધનો તૈયાર કરવામાં આવે છે. અભ્યાસમાં આ સૂચિત સાધનોનો ઉપયોગ કરતા પહેલા, પૂર્વ-પરીક્ષણ દ્વારા સાધનોની યોગ્યતાની પુષ્ટિ કરવી જરૂરી છે. પૂર્વ-પરીક્ષણ પછી, અભ્યાસના સાધનોમાં જરૂરિયાત મુજબ ફેરફાર કરીને અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે.*

## 9.3 સર્વેક્ષણના પ્રકારો

### 1. સેન્સસ સર્વે

*આ સર્વે દેશમાં વસ્તી સંબંધિત માહિતી મેળવવા માટે કરવામાં આવે છે. આપણા દેશમાં સરકાર દર દસ વર્ષે આ પ્રકારનો સર્વે કરે છે.*

### 2. એડહોક સર્વેક્ષણ

*જ્યારે કોઈ સમસ્યા અંગે તાત્કાલિક માહિતી મેળવવાની જરૂરિયાત અનુભવાય છે, આ પ્રકારના સર્વે હાથ ધરવામાં આવે છે.*

### 3. નમૂના સર્વેક્ષણ

*આ સર્વે ત્યારે હાથ ધરવામાં કરવામાં આવે છે જ્યારે સર્વેનો વિસ્તાર કે સમુદાય ખૂબ મોટો હોય. ત્યારે તે વિસ્તાર કે સમુદાયમાંથી કેટલાક પ્રતિનિધિ એકમોની નમૂના તરીકે પસંદગી કરીને સર્વે કરવામાં આવે છે.*

**4. ગ્રામીણ સર્વેક્ષણ**

*ગ્રામીણ સમુદાયની સમસ્યાઓને ધ્યાનમાં રાખીને જે સર્વે કરવામાં આવતા હોય તેને ગ્રામીણ સર્વેક્ષણ કહે છે.*

**5. શહેરી સર્વેક્ષણ**

*શહેરી જીવન સાથે સંબંધિત ઘટનાઓ અને સમસ્યાઓ પર હાથ ધરવામાં આવેલા સર્વેને શહેરી સર્વેક્ષણ કહેવામાં આવે છે.*

**6. માત્રાત્મક સર્વેક્ષણ –**

*વર્તમાન સમયમાં, માત્રાત્મક સર્વેક્ષણો વધી રહ્યા છે. આ પ્રકારના સર્વેક્ષણમાં સંખ્યાત્મક (આંકડાકીય) માહિતી એકત્રિત કરવા માટે પ્રશ્નો પૂછવામાં આવે છે. આ પ્રકારના સર્વેક્ષણમાં સામાન્ય રીતે સંખ્યાઓ, જથ્થાઓ, ગુણાંકો અથવા દરો અને આંકડાઓનો ઉપયોગ કરીને માહિતી એકત્રિત કરવામાં આવે છે.*

**7. ગુણાત્મક સર્વેક્ષણ**

*આ પ્રકારના સર્વેક્ષણમાં સંશોધક વ્યક્તિના અભિપ્રાય, અનુભવ, લાગણીઓ, વિચારો અને વલણોની ઊંડાણથી માહિતી મેળવવાનો પ્રયાસ કરે છે.*

**8. સરકારી સર્વેક્ષણ**

*સરકારી સર્વેક્ષણ સરકાર દ્વારા હાથ ધરવામાં આવે છે. તેનો મુખ્ય હેતુ અનેક ક્ષેત્રોમાં ચોક્કસ, વિશ્વસનીય અને કાર્યક્ષમ માહિતી મેળવવાનો છે, જે પરિસ્થિતિઓ અને જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવામાં મદદરૂપ બને. સરકાર તેના સ્વતંત્ર સર્વે વિભાગ દ્વારા અથવા તેના કોઈપણ વિભાગ હેઠળ સર્વે કરે છે.*

**9. બિન-સરકારી સર્વેક્ષણ**

*વ્યક્તિઓ અને બિન-સરકારી સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણને બિન-સરકારી સર્વેક્ષણ કહેવામાં આવે છે. આ સર્વે અત્યંત મર્યાદિત વિસ્તારમાં કરવામાં આવે છે. આ પ્રકારના સર્વેક્ષણો સરકાર સિવાયની સંસ્થાઓ, એજન્સીઓ, ઉદ્યોગો, સંશોધકોએ, અથવા નફો અને સામાજિક કાર્ય માટે કાર્યરત સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવે છે.*

**10. પાયલોટ સર્વે**

*આ સર્વે મોટા પ્રમાણમાં સંપૂર્ણ સર્વે શરૂ કરતાં પહેલાં એક નમૂના* (sample) *અથવાનાના ગ્રૂપ પર પરીક્ષણ તરીકે કરવામાં આવે છે. જ્યારે કોઈ યોજનાને અમલમાં મૂકતા પહેલા પ્રયોગ તરીકે તેનું સર્વેક્ષણ કરવામાં આવે છે, ત્યારે તેને પાયલોટ સર્વે કહે છે.*

**11. પુનરાવર્તિત સર્વે**

*ક્ષેત્ર, વિષય, અથવા સંદર્ભ પર સમય આધારિત એકથી વધુ વાર સર્વેક્ષણ હાથ ધરવામાં આવે છે. સામાજિક ઘટનાઓ ગતિશીલ છે. તેથી, એક જ ઘટનાનો એકથી વધુ વખત સર્વે કરવો જરૂરી બને છે. આમ, એક જ ઘટનાનું અનેક વખત સર્વેક્ષણને પુનરાવર્તિત સર્વેક્ષણ કહેવાય છે.*

**12. ટેલીફોન સર્વેક્ષણ**

*સર્વેક્ષણ માટે ઘણીવખત ટેલીફોનનો ઉપયોગ સાધન અથવા પદ્ધતિ તરીકે કરવામાં આવે છે. આ પદ્ધતિમાં ઉત્તરદાતાઓ સાથે ટેલીફોન પર સંપર્ક કરવામાં આવે છે અને સર્વેક્ષણની સમસ્યાને લગતી વ્યક્તિગત તથા સામાજિક હકીકતો વિષે માહિતી આપવા માટે તેને વિનંતી કરવામાં આવે છે.*

## 9.4 સર્વેક્ષણની મર્યાદાઓ

*સર્વેક્ષણની કેટલીક ખામીઓ છે. જે નીચે પ્રમાણે છે.*

**1. નાણા અને સમયની મર્યાદા**

*સર્વેક્ષણ પદ્ધતિમાં ઘણાનાણા ખર્ચવામાં આવે છે. સર્વેક્ષણમાં માહિતી એકત્રિત કરવા માટે, ઈન્ટરવ્યૂઅરનું મહેનતાણું, મુસાફરી ભથ્થું, સાધનસામગ્રીની પ્રિન્ટીંગ જેમ કે પ્રશ્નાવલિનું સમયપત્રક વગેરે અને અન્ય તકનીકી સામગ્રી, સ્ટેશનરી વગેરે પરનાણાં ખર્ચવાના રહેશે. આ પદ્ધતિમાં સર્વેક્ષણ કાર્યનો વ્યાપ વિશાળ છે. સર્વેક્ષણોમાં ઘણો સમય લાગે છે કારણ કે સમગ્ર પ્રક્રિયા લાંબી અને જટિલ હોય છે. આમ, સર્વેક્ષણમાંનાણા અને સમયની વધુ જરૂર પડતી હોય છે. તેથી સર્વેક્ષણમાં વિશ્વસનીયતા જોવા મળતી નથી.*

**2. મર્યાદિત ક્ષેત્ર**

*સામાજિક સર્વેક્ષણ હેઠળ અભ્યાસ કરવામાં આવેલ ઘટનાઓ અને સમસ્યાઓનો અવકાશ મર્યાદિત છે (અભ્યાસનું મર્યાદિત ક્ષેત્ર). આના દ્વારા બહુપક્ષીય સમસ્યાઓનો અભ્યાસ કરી શકાતો નથી. તેવી જ રીતે અમૂર્ત અને ભાવનાત્મક ઘટનાઓનો અભ્યાસ પણ આ પદ્ધતિ દ્વારા શક્ય નથી. સર્વેયર દ્વારા દરેક સામાજિક સમસ્યા અથવા ઘટનાને લગતી હકીકતો એકત્રિત કરવા પર ભાર મૂકવામાં આવે છે. આ સ્થિતિમાં સામાજિક સર્વેક્ષણની ઉપયોગિતા આપોઆપ ઘટી જાય છે. ઉદાહરણ તરીકે, રાજકીય પરિસ્થિતિઓનો સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા અભ્યાસ કરવામાં આવતો નથી. આ પદ્ધતિ મોટે ભાગે તબીબી સમસ્યાઓ સુધી મર્યાદિત છે. આમ આ પદ્ધતિનો વ્યાપ વિશાળ નથી.*

**3. સપાટી પરની માહિતીઓ**

*સામાન્ય રીતે સર્વેક્ષણ દ્વારા પ્રાપ્ત માહિતી ઉપરછલ્લી કે છીછરી હોય છે. તેના આધારે ગહન માહિતીઓ પ્રાપ્ત થઈ શકતી નથી. આથી જ કરલિંગર* (2000) *કહે છે* "Survey information ordinarily does not penetrate very deeply below the surface" *સર્વેક્ષણ*

*સંશોધન વિસ્તૃત ભલે હોય પરંતુ ગહન નથી હોતું. પરંતુ આ પ્રકારની મર્યાદા દરેક સર્વેક્ષણમાં નથી પણ જોવા મળતી.*

**4. સર્વેક્ષણ સાધનોની રચનાની મુશ્કેલી**

*સર્વેક્ષણ સંશોધનની એક મુશ્કેલી એ પણ છે કે તેમાં સર્વેક્ષણ સાધન તરીકે પ્રશ્નાવલિ તથા અનુસૂચિની રચના કરવાની હોય છે. એક સારી પ્રશ્નાવલિ કે અનુસૂચિની રચના કરવી એક કઠિન કાર્ય છે. તેના માટે ટેકનિકલ જ્ઞાન હોવું જરૂરી છે. તેના વગર સારી પ્રશ્નાવલિ કે અનુસૂચિની રચના શક્ય નથી.*

**5. કુશળ સર્વેક્ષણ સંશોધકનો અભાવ**

*સર્વેક્ષણ સંશોધનમાં એક વ્યાવહારિક મુશ્કેલી એ પણ છે કે આ સંશોધનને યોગ્ય રીતે સંચાલિત કરવા માટે કુશળ તથા સક્ષમ સંશોધનકર્તાની જરૂર પડે છે. કારણ કે અહીં પ્રશ્નાવલિ તથા અનુસૂચિની રચના કરવાની હોય છે. મુલાકાતનો ઉપયોગ કરવાનો હોય છે તથા માહિતીનું આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ કરવાનું હોય છે. આથી સર્વેક્ષક માટે જરૂરી છે કે તે કસોટી-રચનાના સિદ્ધાતોથી પરિચિત હોય, મુલાકાતના વિવિધ પાસાથી માહિતગાર હોય તથા માહિતીના વિશ્લેષણ માટે પ્રાચલિય તથા અપ્રાચલિય આંકડાશાસ્ત્રીય પદ્ધતિથી પરિચિત હોય. પરંતુ આ પ્રકારના કુશળ તથા સમર્થ સંશોધનકર્તા બહુ ઓછા હોય છે. આવી સ્થિતિમાં સર્વેક્ષણ દ્વારા પ્રાપ્ત માહિતીઓની વિશ્વસનીયતા સહજ રીતે ઘટી જાય છે તથા ભવિષ્યવાણી યથાર્થતા સીમિત બની જાય છે.*

**6. નિમ્ન વિશ્વસનીયતા અને માન્યતા**

*સામાજિક સર્વેક્ષણમાં નમૂના લેવાનું પક્ષપાતી છે. તેથી, પસંદ કરેલ એકમો સમગ્ર બ્રહ્માંડનું પ્રતિનિધિત્વ કરતા નથી. કેટલાંય અભ્યાસો* (Cartwright, 1949; withey, 1952) *થી સાબિત થયું છે કે સર્વેક્ષણ સંશોધનની વિશ્વસનીયતા ઓછી જોવા મળે છે. જુદા-જુદા સમયે કોઈ ઘટના કે વિષય સાથે સંબંધિત સર્વેક્ષણ માહિતીઓમાં સ્થિરતા તથા સુસંગતતા બહુ ઓછી જોવા મળે છે. આ રીતે સર્વેક્ષણ સંશોધનથી પ્રાપ્ત માહિતીઓના આધારે ભવિષ્યવાણી અથવા આગાહી કરવી કઠિન હોય છે. કારણ એ છે કે તેમાં ભવિષ્યવાણી યથાર્થતા અથવા આગાહી સૂચક યથાર્થતા બહુ ઓછી જોવા મળે છે.*

**7. ઈતિહાસને મહત્ત્વ નથી**

*ખાસ કરીને સામાજિક જીવનના પરિવર્તનો માપવા કે તપાસવા માટે ઈતિહાસનો અભ્યાસ અનિવાર્ય બની રહે છે. ઈતિહાસને સમજ્યા વગર પ્રવર્તમાન સમયમાં સામાજિક પરિવર્તનની દિશા અને દશા સમજી શકાતી નથી. અને આ પ્રકારના અભ્યાસોમાં માત્ર સામાજિક સર્વેક્ષણ પદ્ધતિ બિનઉપયોગી બની રહે છે.*

**8. આત્મલક્ષીતા**

*સર્વેક્ષણ સંશોધનમાં વસ્તુલક્ષીતા કરતાં આત્મલક્ષીતા વધુ જોવા મળે છે. ખાસ કરીને પ્રશ્નાવલિ સર્વેક્ષણ, મુલાકાત સર્વેક્ષણ વગેરે આત્મલક્ષી હોય છે. એ બાબતની સંભાવના હંમેશા રહે*

*છે કે ઉત્તરદાત્તા સાચી વાતને છુપાવીને ખોટી માહિતી આપી દે. આવી સ્થિતિમાં પ્રાપ્ત પરિણામ ખોટા હોવાની સંભાવના વધી જાય છે.*

## 9.5 સારાંશ

*સમાજ જીવનનો અભ્યાસ કરવા માટે સર્વેક્ષણ પદ્ધતિ ખૂબ જ ઉપયોગી નીવડે છે. સામાજિક વિજ્ઞાન હોય કે પ્રાકૃતિક વિજ્ઞાન બનેમાં સંશોધનો સમાજના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપે છે. સર્વેક્ષણના ઉપયોગથી ભૂતકાળ, વર્તમાન તેમજ ભવિષ્યને લગતી ભૌગોલિક ઘટનાઓનો ખ્યાલ મેળવી શકાય છે; કોઈપણ પ્રદેશમાંની વિવિધ પ્રાકૃતિક તથા સાંસ્કૃતિક બાબતોને યોગ્ય પ્રમાણમાપના નકશા કે આકૃતિઓમાં તેમનાં સાચાં સ્થાનો પર દર્શાવવાની પદ્ધતિ એ સર્વેક્ષણ છે. સામાજિક વિજ્ઞાનોમાં સંશોધન માટે સર્વેક્ષણની જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે તો સંશોધના હેતુઓ વધારે તથ્યાત્મક બની રહે છે. સંશોધનની મર્યાદાઓને ઘટાડવા માટે સંખ્યાત્મક અને ગુણાત્મક એમ બંને પદ્ધતિઓનો ઉપયોગ કરવાથી સંશોધન સમાજ ઉપયોગી બની રહે છે.*

## 9.6 ચાવીરૂપ શબ્દો

**સર્વે** : *સર્વેનો અર્થ થાય છે કે ઘટના વિશે જાતે નિરીક્ષણ કરીને માહિતી મેળવવી.*

**સર્વેક્ષણ** : *ચોક્કસ હેતુ માટે અવલોકન, તપાસ અથવા બારીકાઈથી નિરીક્ષણ કરવાની પ્રક્રિયા એટલે સર્વેક્ષણ.*

**સામાજિક સર્વેક્ષણ** : *સામાજિક સર્વેક્ષણ એ વ્યાખ્યાયિત હેતુઓ માટે સામાજિક પરિસ્થિતિ, સમસ્યા અથવા વસ્તીનું વૈજ્ઞાનિક અને વ્યવસ્થિત વિશ્લેષણ કરવાની પદ્ધતિ છે.*

## 9.7 તમારી પ્રગતિ ચકાસો.

1. *સર્વેક્ષણ શબ્દ અંગ્રેજી શબ્દ સર્વેનું __________ સંસ્કરણ છે.*
   A. *હિન્દી* B. *ગુજરાતી* C. *સંસ્કૃત*

2. *ચોક્કસ હેતુ માટે અવલોકન કરવાની, તપાસવાની અથવા બારીકાઈથી નિરીક્ષણ કરવાની પ્રક્રિયાને શું કહે છે ?*
   A. *સર્વેક્ષણ* B. *સર્વે* C. *નિદર્શન*

3. *"સામાજિક સંશોધન હેઠળ, સર્વે શબ્દનો ઉપયોગ વિશેષ અર્થમાં થાય છે. આ સંદર્ભમાં, સર્વેક્ષણ એ એક સહયોગી પ્રક્રિયા છે જેમાં એક અથવા વધુ સંશોધન પદ્ધતિઓ દ્વારા વિવિધ સાધનોની મદદથી તથ્યો અને ડેટા એકત્રિત કરવામાં આવે છે." આ વિધાન કોનું છે.*
   A. *વ્હીટની* B. *બર્ગેસ* C. *બોગાર્ડસ*

4. *"સામાજિક વિકાસની રચનાત્મક યોજના રજૂ કરવા માટે સમુદાયનું સર્વેક્ષણ કરવામાં આવે છે અને તેની પરિસ્થિતિઓ અને જરૂરિયાતોનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવામાં આવે છે. આ વિધાન કોનું છે.*

A. *બર્ગેસ* B. *બોગાર્ડસ* C. *વ્હીટની*

5. *"સામાજિક સર્વેક્ષણ એ સામાન્ય રીતે લોકોના જૂથની રચના, પ્રવૃત્તિઓ અને રહેવાની પરિસ્થિતિઓની તપાસ છે." સર્વેક્ષણની આ વ્યાખ્યા કોણે આપી છે.*

   A. *સિન પાઓ યંગ* B. *વ્હીટની* C. *બોગાર્ડસ*

6. *મોઝર અને કાલ્ટને સર્વેક્ષણ આયોજનના મુખ્ય કેટલા તબક્કાઓનું વર્ણન કર્યું છે :*

   A. *ત્રણ* B. *બે* C. *ચાર*

7. *સિન પાઓ યાંગે સર્વેક્ષણની સમગ્ર પ્રક્રિયામાં મુખ્ય કેટલા પગલાં આપ્યા છે :*

   A. *ચાર* B. *ત્રણ* C. *બે*

8. *નીચેનામાંથી કયો સર્વેક્ષણનો પ્રકાર છે.*

   A. *સેન્સસ સર્વે* B. *નમૂના સર્વેક્ષણ* C. A *અને* B *બને*

❖ **જવાબો.**

1. A. *હિન્દી*
2. A. *સર્વેક્ષણ*
3. A. *વ્હીટની*
4. A. *બર્ગેસ*
5. A. *સિન પાઓ યંગ*
6. A. *ત્રણ*
7. A. *ચાર*
8. C. A *અને* B *બને*

- **સ્વાધ્યાય માટેના પ્રશ્નો**

1. *સર્વેક્ષણની વ્યાખ્યા અને અર્થ સમજાવો.*

   ..................................................................................
   ..................................................................................
   ..................................................................................
   ..................................................................................
   ................................................................................

2. *સામાજિક સર્વેક્ષણની વ્યાખ્યા આપો.*

   ..................................................................................
   ..................................................................................
   ..................................................................................
   ..................................................................................
   ................................................................................

3. *સર્વેક્ષણના તબક્કાઓ જણાવો.*

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
…………………………………………………………………

4. *સર્વેક્ષણનું આયોજન સમજાવો.*

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
…………………………………………………………………

5. *સર્વેક્ષણના પ્રકારો દર્શાવો.*

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
…………………………………………………………………

6. *સર્વેક્ષણ પદ્ધતિની મર્યાદાઓ સમજાવો.*

……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
……………………………………………………………………
…………………………………………………………………

## 9.8 સંદર્ભસૂચિ


1. Ackoff, R.L, The Design of Social Research, University of Chicago Press.
2. Ritzer George (2011) Sociological Theory, Tata McGraw Hill Education Private Limited, New Delhi.
3. Jupp Victor (2006) The Sage Dictionary Social Research M[a]hods, SAGE Publication, London.
4. Clough Peter and Nutbrown Cathy (2002) a student's guide to METHODOLOGY Justifying Enquiry, SAGE Publication, London.
5. Chapman, D., Dictionary of Sociology (ed). D. Mitchell (1968 :189).
6. Hsin Pao Yang, Facts Findings with Rural People, (1955 :3).
7. Hymen, Herbert, Survey Design and Analysis : Principles, Cases and Procedures, Glencoe, Free Press (1960 :66-71).
8. Young, P.V., 'Scientific Social Surveys and Research', Asia Publishing House, Bombay, (1960).

9. Swanborn Peter G. (2010) 'Case Study Research What, Why and How ?' SAGE Publication, London.
10. Young Pauline V. (1956) Scientific Social Surveys and Research, Prentice-Hall of India Private Limited, New Delhi. (Third edition)
11. Jhon Scott And Gordan Marshall(2009) 'Oxford Dictionary of sociology', Oxford University Press, New York.
12. Jupp Victor (2006) 'The Sage Dictionary Social Research Methods', SAGE Publication, London.
13. Work Ruth , Meryer Michal (2009) 'Method of Critical Discourse Analysis', SAGE.
14. Olvier Paul, (2008) 'Writing your Thesis', SAGE.
15. Olvier Paul, (2010) 'Understanding The Research Process', SAGE.
16. Gilbert Nigel (2006) 'From Postgraduate to Social Scientist', A guide to key Skills, SAGE.
17. Young Pauline V. (1956) 'Scientific Social Surveys and Research', Prentice-Hall of India Private Limited, New Delhi. (Third edition)
18. 'Clough Peter and Nutbrown Cathy (2002) a student's guide to Methodology Justifying Enquiry, SAGE Publication, London.
19. 'सामाजिक सर्वेक्षण एवं अनुसंधान' (Social Survey and Research) राम आहूजा 2020 रावत पब्लिकेशन्स जयपुर नई दिल्ली बैंगलोर गुवाहाटी कोलकाता
20. 'रिसर्च मैथ्डोलॉजी तकनीक तथा उपकरण' Research Methodology Techniques and Tools 2018 डॉ. देवेन्द्र पाल सिंह तोमर विश्वभारती पब्लिकेशन्स नई दिल्ली-110 002
21. *રાવત હરિકૃષ્ણ* (2007) *'સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર', રાવત પબ્લીકેશન,*

| એકમ - 10 | નિદર્શ, નિદર્શન અને સમષ્ટિ |
|---|---|

-: રૂપરેખા :-

**10.0** ઉદ્દેશો

**10.1** પ્રસ્તાવના

**10.2** નિદર્શ

**10.2.1** નિદર્શનો અર્થ

**10.2.2** નિદર્શની પ્રક્રિયા

**10.3** નિદર્શન

**10.3.1** નિદર્શનનો અર્થ

**10.3.2** નિદર્શનના પ્રકારો

**10.4** સમષ્ટિ; અર્થ અને વ્યાખ્યા

**10.5** સમષ્ટિના પ્રકારો

**10.6** સારાંશ

**10.7** તમારી પ્રગતિ ચકાસો

**10.8** ચાવીરૂપ શબ્દો

**10.9** સંદર્ભસૂચિ

## 9.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે…*

- *નિદર્શનો અર્થ સમજી શકશો.*
- *નિદર્શની પ્રક્રિયા વિશે જાણશો.*
- *નિદર્શનનો અર્થ સમજી શકશો.*
- *નિદર્શનના પ્રકારો વિશે જાણશો.*
- *સમષ્ટિનો અર્થ અને તેના પ્રકારો વિશે જાણકારી મેળવશો.*

## 10.1 પ્રસ્તાવના

*જો અભ્યાસ હેઠળ સમષ્ટિના તમામ એકમોનો અભ્યાસ કરવો શક્ય ન હોય તો, સમષ્ટિનું પ્રતિનિધિત્વ કરતા કેટલાક એકમોને પસંદ કરીને અભ્યાસ કરવામાં આવે છે, જેને નિદર્શ કે સેમ્પલ અભ્યાસ કહેવામાં આવે છે. આવા અભ્યાસના તારણોને અભ્યાસ હેઠળની સમગ્ર સમષ્ટિને લાગુ પડતા હોય છે. જેને સામાન્યીકરણ કહેવામાં આવે છે. નિદર્શનો ખ્યાલ સામાજિક સર્વેક્ષણ પદ્ધતિ સાથે જોડાયેલ છે. જ્યારે સમષ્ટિના તમામ એકમો પાસેથી માહિતી મેળવીને અભ્યાસ હાથ ધરવામાં આવે છે ત્યારે તેને સેન્સસ સર્વે કહેવામાં આવે છે, પરંતુ અમુક સંજોગોમાં સમય અનેનાણાંના અભાવે અભ્યાસ હેઠળની સમગ્ર સમષ્ટિ માંથી અમુક એકમોને નિદર્શન તરીકે પસંદ કરવામાં આવે*

*છે અને અભ્યાસના તારણો સમગ્ર સમષ્ટિને લાગુ પડે છે. આવા અભ્યાસને નિદર્શ કે સેમ્પલ સર્વેક્ષણ કહેવામાં આવે છે. જો સંશોધક તેના સંશોધનને વાસ્તવિક તથ્યો સુધી લઈ જવા માંગે છે, તો યોગ્ય અને વૈજ્ઞાનિક રીતે દર્શાવી શકાય તેવા નિદર્શની પસંદગી કરવી ફરજિયાત છે. સમાજનો મૂળ પ્રકૃતિ ગુણાત્મક છે, આવા અભ્યાસમાં નમૂનાઓ પસંદ કરવા જોઈએ જે યોગ્ય રીતે પ્રતિનિધિત્વ ધરાવતા હોય અને સમગ્ર સમાજની સામાજિક-સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ જાળવી રાખે. જેથી અભ્યાસના મૂળ ઉદ્દેશો પૂરા થાય. આમ, નમૂનાને યોગ્ય રીતે પસંદ કરવા માટે, સંશોધક નમૂનાની પસંદગીના વૈજ્ઞાનિક પાસાઓથી પરિચિત હોવા જરૂરી છે.*

## 10.2 નિદર્શ

*નિદર્શ એટલે સમષ્ટિના એકમોનો અમુક ભાગ. નિદર્શ પસંદ કરવાની સમગ્ર કાર્યપ્રણાલીને 'નિદર્શન' કહેવામાં આવે છે. નિદર્શનનો હતુ સમષ્ટિના ભાગરૂપ અમુક એકમોને નમૂના તરીકે લઈને તેના અભ્યાસ દ્વારા સમષ્ટિની લાક્ષણિકતાઓ જાણવાનો છે. એટલે કે 'ભાગ'ના અભ્યાસ દ્વારા 'સમગ્ર'* (Whole) *વિશે જાણકારી મેળવવી તે નિદર્શનનો મુખ્ય હેતુ છે. નિદર્શ પાછળ રહેલી સમજ સામાન્ય બુદ્ધિનો જ એક ભાગ છે અને આપણા રોજબરોજના જીવનમાં આપણે જાણ્યે-અજાણ્યે અનેક વખત નિદર્શનનો ઉપયોગ કરીએ છીએ. દા.ત., રાંધવા મૂકેલ ખીચડી ચઢી ગઈ છે કે નહીં તે જાણવા માટે ગૃહિણીઓ ખીચડીનો નમૂનો તપાસે છે; બજારમાં ચોખાની ખરીદી કરવા ગયેલાં ગ્રાહક ચોખાના કોથળામાંથી નમૂનો તપાસે છે – આ બંને દ્રષ્ટાંતો રોજબરોજના અનુભવમાં આપણે જાણ્યે-અજાણ્યે નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરતા હોવાનું દર્શાવે છે. આવી જ રીતે આપણા સામાજિક જીવનમાં પણ અજાણપણે નિદર્શનનો ઉપયોગ થતો હોય છે.*

### 10.2.1 નિદર્શનો અર્થ

*"સમગ્ર અભ્યાસ માટે જરૂરી લક્ષણોનું પ્રતિનિધિત્વ ધરાવતોનાનો ભાગ, સમગ્રમાંથી પ્રતિનિધિત્વ રહે તે રીતે કેટલાક એકમો પસંદ કરવાની પદ્ધતિ. આ બંનેને નિદર્શન તરીકે ઓળખવામાં આવે છે. સમગ્રના બધા એકમોનો અભ્યાસ કરવાને બદલે કેટલાક પ્રતિનિધિત્વરૂપ એકમોનો અભ્યાસ કરવાથી સમય, શક્તિ તથા ખર્ચ બચે છે. નિદર્શન અભ્યાસના તારણો સમગ્રને લાગુ પડે છે". (જોષી વિધુત :*2016 *:*71)

**મુલર અને શુસલરના મતે** *સમષ્ટિનો ગમે તે ભાગ એ નિદર્શ નથી પરંતુ સમષ્ટિના જે ભાગને સમષ્ટિની લાક્ષણિકતાઓ દર્શાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે તે ભાગને નિદર્શ કહેવાય. એટલે કે આંકડાવિષયક પદ્ધતિએ કાઢેલો નિદર્શ આખા સમૂહનું (સમષ્ટિનું) પ્રતિનિધિત્વ ધરાવે છે. (સમાજશાસ્ત્રીય સંશોધન પદ્ધતિઓ - જે.કે.દવે પૃ.*47)

**વોકર અને લેવ***નોંધે છે, સમષ્ટિ વિશે માહિતી મેળવવાના હેતુથી એ સમષ્ટિમાંથી પસંદ કરેલા એકમોના સમૂહને નિદર્શ કહેવાય.*

*નિદર્શ એટલે સમગ્રના એક ભાગરૂપનાનો નમૂનો. આ નમૂનાને આંકડાશાસ્ત્રમાં સેમ્પલ-નિદર્શ કહેવામાં આવે છે.*

*નિદર્શ એટલે અભ્યાસ હેઠળની સમષ્ટિમાંથી યોગ્ય એકમોને સેમ્પલ તરીકે પસંદ કરી અભ્યાસ કરે છે, જેને નિદર્શ અભ્યાસ કહે છે. સંશોધન અભ્યાસ માટે પસંદગી પામેલા એકમોને નિદર્શ તરીકે ઓળખવામાં આવે છે. આ એકમો મેળવવાની રીત કે પ્રયુક્તિને નિદર્શન તરીકે ઓળખવામાં આવે છે.*

**ગૂડે અને હટ્ટ** *કહે છે, સમષ્ટિનું પ્રતિનિધિત્વ ધરાવતોનાનો નમૂનો એટલે નિદર્શ.*

*દા.ત. એક વર્ગખંડમાં* 100 *વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અહીં* 100 *વિદ્યાર્થીઓનો બનેલો વર્ગખંડ એક સમગ્ર છે. તેમાંથી અભ્યાસ માટે પદ્ધતિસર રીતે* 40 *વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવે તો અહીં આ* 40 *વિદ્યાર્થીઓ* 100 *વિદ્યાર્થીઓના બનેલા વર્ગખંડ જેવા સમગ્રનુંનાનું પ્રતિનિધિત્વ સૂચિત કરે છે, જેને નિદર્શ કહેવાય. એટલે અહીં નિદર્શ* 40 *વિદ્યાર્થીરૂપ એકમોનું બનેલું છે.*

### 10.2.2 નિદર્શની પ્રક્રિયા

*નિદર્શ પદ્ધતિથી થતા અભ્યાસોમાં નિદર્શ પ્રાપ્ત કરવાની પ્રક્રિયા ગણી મહત્ત્વની છે. યોગ્ય રીતે નિદર્શની પસંદગી કરવામાં ન આવે તો અભ્યાસમાં ઘણી સમસ્યાઓ સર્જાય છે, માટે અભ્યાસના તથ્યો કે વાસ્તવિક તારણો સુધી પહોચવાની પ્રક્રિયામાં નિદર્શન પસંદગી ઘણી મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. નિદર્શન યોગ્ય કદ અને સમષ્ટિનું પ્રતિનિધિત્વ કરતું હોવું જોઈએ. આમ યોગ્ય નિદર્શ પસંદગી માટે નિદર્શનની યોગ્ય પ્રક્રિયામાંથી પસાર થવું અનિવાર્ય છે. યોગ્ય નિદર્શ પ્રાપ્ત કરવા માટે નિદર્શન પ્રક્રિયાના ત્રણ તબક્કાઓમાંથી પસાર થવું પડે, એક સમષ્ટિ, બીજું સેમ્પલ ફ્રેમ અને ત્રીજું નિદર્શ. ઉદાહરણ તરીકે સુરત શહેરી વિસ્તારની સરકારી શાળાઓના શિક્ષકોનો અભ્યાસ કરવો હોયતો સર્વ પ્રથમ તેની સમષ્ટિ નક્કી કરવી પડે, ત્યારબાદ એની વિશેષતાઓને ધ્યાનમાં રાખી સેમ્પલિંગ ફ્રેમ નક્કી કરવી અને અંતિમ તબક્કામાં યોગ્ય કદવાળું નિદર્શ પસંદ કરી અભ્યાસ હાથ ધર્યો કહેવાય.*

- *નિદર્શ* (Sample)*માં સામાન્ય રીતે નીચે દર્શાવેલી બાબતોનો સમાવેશ થઈ શકે છે.*
- *વ્યક્તિઓ* (*સ્ત્રીઓ, પુરુષો, બાળકો વગેરે*)
- *એકમો* (*સંસ્થાઓ, પાનના ગલ્લા વગેરે*)
- *ઘટનાઓ* (*અકસ્માત, આત્મહત્યા, બળાત્કાર વગેરે*)
- *નિદર્શન પ્રક્રિયામાં ત્રણ પગથિયા મહત્ત્વના છે.*

1. Population
2. Sampling Frame
3. Sample

*ઉદાહરણ તરીકે.....*




*આકૃતિ પ્રમાણે જોઈએ તો, સુરત શહેરી વિસ્તારની માધ્યમિક શાળાઓમાં દસ હજાર શિક્ષકોનોકરી કરે છે આ દસ હજાર આપણા અભ્યાસની સમષ્ટિ થઈ. આ અભ્યાસની સમષ્ટિમાંથી અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી એક હજાર શિક્ષકોની એક સેમ્પલિંગ ફ્રેમ તૈયાર કરી તેમાંથી 50 ટકા એટલેકે 500 શિક્ષકોને નિદર્શ તરીકે પસંદ કરી શકાય. આ 500 શિક્ષકો પાસેથી અભ્યાસને અનુરૂપ માહિતી પ્રાપ્ત કરી જે તારણો આવે તેને અભ્યાસની સમષ્ટિના સર્વે દસ હજાર શિક્ષકોને લાગુ પાડી સામાન્યીકરણ કરી શકાય છે.*

*બીજું ઉદાહરણ જોઈએ તો, વ્યક્તિના લોહીનું ગ્રુપ જાણવા માટે ડૉક્ટર વ્યક્તિના શરીરમાંથી લોહીનાં થોડાં ટીપાં લઈને લોહીનું ગ્રુપ તપાસે છે. એ જ રીતે લોહીમાં કયા રોગના જંતુ છે તે જાણવા લોહીનાં અમુક ટીપાંની તપાસ કરે છે. અહીં વ્યક્તિના શરીરમાં રહેલું સમગ્ર લોહી સમષ્ટિ છે અને તપાસ માટે ઉપયોગમાં લીધેલા લોહીનાં ટીપાં નિદર્શ છે.*

## 10.3 નિદર્શન

*કોઈપણ સંશોધક સમગ્ર સમાજ, સમુદાય અથવા સમગ્રનો અભ્યાસ કરી શકતો નથી. તેથી, કેટલાક ભાગો અને સમગ્રના એકમો પસંદ કરવા જરૂરી બને છે અને વૈજ્ઞાનિક સંશોધનમાં આ કાર્યને શક્ય બનાવે છે તે પગલાને સેમ્પલિંગ કહેવામાં આવે છે. સેમ્પલિંગ ટેકનિકનો ઉપયોગ કરીને, સંશોધક માત્ર અમુક એકમો અથવા સંપૂર્ણ ભાગને પસંદ કરીને તેના સમય અનેનાણાંની બચત કરે છે જે સમગ્રનું પ્રતિનિધિત્વ કરે છે, પરંતુ સમગ્ર અભ્યાસ પણ ઓછા "યત્નો સાથે કરવામાં આવે છે.*

### 10.3.1 નિદર્શનનો અર્થ

*નિદર્શન એ સમગ્રનો એકનાનો ભાગ અથવા અપૂર્ણાંક છે જે સમગ્રનું પ્રતિનિધિત્વ કરે છે અને જેમાં સમગ્રની મૂળભૂત લાક્ષણિકતાઓ જોવા મળે છે. આપણે રોજિંદા જીવનમાં નિદર્શનનો ઉપયોગ કરીએ છીએ, જ્યારે આપણે ચોખા, ઘઉં કે અન્ય કોઈ વસ્તુ ખરીદવા બજારમાં જઈએ*

*છીએ, ત્યારે આપણે સૌ પ્રથમ તેનો નમૂનો જોઈએ છીએ. તે નમૂના પરથી જ આપણે ચોખા, ઘઉં કે અન્ય વસ્તુઓની આખી થેલીની ગુણવત્તાનો અંદાજ લગાવી શકીએ છીએ. આ નમૂનાને જ નિદર્શન કહેવામાં આવે છે. તેથી, સેમ્પલિંગ એ એવી ટેકનિક છે કે જેના દ્વારા સમગ્રના માત્ર એક ભાગને અવલોકન કરીને સમગ્ર ભાગને જાણી શકાય છે.*

**ફેરચાઈલ્ડે** *સમાજશાસ્ત્રના જ્ઞાનકોશમાં નિદર્શનની વ્યાખ્યા આપતા જણાવે છે કે, " નિદર્શન (આંકડાકીય) એ પ્રક્રિયા અથવા પદ્ધતિ છે જેના દ્વારા ચોક્કસ વસ્તીમાંથી ચોક્કસ સંખ્યામાં વ્યક્તિઓ, વિષયો અથવા અવલોકનો કાઢવામાં આવે છે."*

**બોગાર્ડસે** *લખ્યું છે કે, "સેમ્પલિંગ ટેકનિક એ પૂર્વ-નિર્ધારિત યોજના અનુસાર એકમોના જૂથમાંથી ચોક્કસ ટકાવારી પસંદ કરવાની છે."*

*સ્નેડેકોર અને કોક્રને લખ્યું છે કે, "માત્ર થોડા પાઉન્ડ કોલસાની તપાસના આધારે, કોલસાની આખી ટ્રેન કાં તો સ્વીકારવામાં આવે છે અથવા નકારી કાઢવામાં આવે છે.*

*નિદર્શન એટલે એક વિશાળ સમગ્રમાંથી પદ્ધતિસર રીતે નિદર્શ પસંદ કરવાની એક પ્રક્રિયા.*

*લોરેન્સ અને ન્યુમેન નિદર્શનનો અર્થ આપતાનોંધે છે તેમ નિદર્શન, સંશોધન અભ્યાસમાં સમાવિષ્ટ કરવા માટે પદ્ધતિસર રીતે કિસ્સાઓ (વ્યક્તિઓ, કુટુંબો, ગામો, શહેરો, સંગઠનો) પસંદ કરવાની એક પ્રક્રિયા છે. આથી સ્પષ્ટ થશે કે સમગ્ર કે સમષ્ટિમાંથી અભ્યાસ માટે પદ્ધતિસર રીતે પસંદ કરેલા કિસ્સાઓની પસંદગી કરવા માટેની પ્રક્રિયાને નિદર્શન કહેવાય.*

*સી.આર. કોઠારીનોંધે છે તેમ સમષ્ટિમાંથી પસંદ કરેલાં ઉત્તરદાતાઓ (કિસ્સાઓ) નિદર્શ રચે છે અને પસંદ કરવાની પ્રક્રિયાને નિદર્શન કહેવાય. આ નિદર્શના સર્વેક્ષણને 'સેમ્પલ સર્વે' કહેવામાં આવે છે.*

### 10.3.2 નિદર્શનના પ્રકારો

*કોઈપણ સંશોધન હાથ ધરતા પહેલા જો સંશોધન ડિઝાઈન તૈયાર કરવામાં આવે તો સમગ્ર સંશોધન પ્રક્રિયામાં ચોક્કસ માર્ગદર્શન મળી રહે છે. સંશોધન વિવિધ તબક્કાઓમાંથી પસાર થાય છે. સંશોધન પ્રશ્નની પસંદગીથી શરૂ કરીને અભ્યાસનો અહેવાલ લખવા સુધી, સંશોધનની પ્રક્રિયા વિવિધ તબક્કાઓમાંથી પસાર થતી રહે છે, જેમાંથી મહત્ત્વનો તબક્કો અભ્યાસની સમષ્ટિમાંથી નિદર્શની પસંદગી કરવાનો તબક્કો છે. યોગ્ય રીતથી નિદર્શની પસંદગી કરવાથી સંશોધન પોતાના ધ્યેયમાં ફલીભૂત થાય છે. સંશોધનમાં નિદર્શ પસંદગીની કેટલીક રીતો છે. જેને સંભાવનાત્મક અને બિનસંભાવનાત્મક નિદર્શનની રીતો તરીકે ઓળખવામાં આવે છે. નિદર્શન માટે સમગ્રમાંથી અમુક એકમોની પસંદગી કરતી વખતે મુખ્ય બે શક્યતાઓ રહેલી છે.*

- *સમગ્રના બધાં જ એકમોને નિદર્શનમાં સમાવિષ્ટ થવાની સમાન તક ન મળે.*
- *સમગ્રના બધાં જ એકમોને નિદર્શનમાં સમાવિષ્ટ થવાની સમાન તક મળે.*

*આ બે શક્યતાઓને ધ્યાનમાં રાખીને બે પ્રકારોમાં વિભાજિત કરવામાં આવે છે. એક સંભાવનાત્મક નિદર્શન અને બીજું બિનસંભાવનાત્મક નિદર્શન.*

*સંભાવનાત્મક નિદર્શન એવા પ્રકારનું નિદર્શન છે કે જેમાં સમગ્રના બધા જ એકમોને નિદર્શનમાં પસંદગી પામવાની સમાન તક પ્રાપ્ત થાય છે.*

*બિનસંભાવનાત્મક નિદર્શનમાં સમગ્રના બધા જ એકમોને નિદર્શનમાં સમાવિષ્ટ થવાની સમાન તક પ્રાપ્ત થતી નથી. આ પ્રકારના નિદર્શનમાં સમગ્રના દરેક એકમની પસંદગીની ચોક્કસ સંભાવના હોતી નથી."* (*જોષી વિદ્યુત* :2016 :71-72)

*સામાજિક સંશોધનમાં નિદર્શનના મુખ્ય બે પ્રકારો દ્વારા સમજવામાં આવે છે.*

1. *સંભાવનાત્મક નિદર્શન*
2. *બિનસંભાવનાત્મક નિદર્શન*

*નિદર્શનના પ્રકારો*

| *સંભાવનાત્મક નિદર્શન* | *બિનસંભાવનાત્મક નિદર્શન* |
|---|---|
| *સાદું યદ્દચ્છ નિદર્શન* | *હેતુપૂર્વકનું નિદર્શન* |
| *ઝૂમખાં યદ્દચ્છ નિદર્શન* | *સ્નો બોલ ટેકનિક* |
| *સ્તરિત યદ્દચ્છ નિદર્શન* | *અકસ્માતે પ્રાપ્ત થતું નિદર્શન* |
| *સુવ્યવસ્થિત યદ્દચ્છ નિદર્શન* | *ક્વૉટા નિદર્શન* |

**1. સંભાવનાત્મક નિદર્શન**

*અભ્યાસ હેઠળની સમષ્ટિનાં તમામ એકમોને નિદર્શમાં પસંદગી પામવાની સમાન તક આપતી નિદર્શન પ્રાપ્તિની પ્રક્રિયા એટલે સંભાવનાત્મક નિદર્શનની રીત. આ પ્રકારના નિદર્શનમાં સંશોધક અભ્યાસ હેઠળની સમષ્ટિ કે સમગ્રથી પરિચિત હોય છે. સંભાવના શબ્દના અર્થ પ્રમાણે સમષ્ટિ કે* Population*ના તમામ એકમોને નિદર્શમાં સમાવેશ પામવાની સમાન તક કે સંભાવના હોય તેને સંભાવનાત્મક નિદર્શન કહેવામાં આવે છે. ઉ.દ.. લકી ડ્રૉ થાય છે ત્યારે ડ્રૉની તમામ ટિકિટોમાંથી કેટલાકની પસંદગી થાય છે. પરંતુ ટિકિટ લેનારા સૌને નસીબવંતા બનવાની સમાન તક મળે છે. પરંતુ આ પ્રકારના નિદર્શનમાં વ્યક્તિઓ કે એકમોની સંપૂર્ણ અને સારી યાદી હોય તો જ* Sampling Frame*માંથી પ્રતિનિધિયુક્ત નિદર્શ પ્રાપ્ત થઈ શકે. સંભાવનાત્મક નિદર્શનની રીતે અભ્યાસને અનુરૂપ નિદર્શ એકમો પ્રાપ્ત કરવાની કેટલીક રીતો કે પ્રકારો નીચે મુજબ છે.*

**I. સાદું યદ્દચ્છ નિદર્શન (Simple random sampling)**

*નિદર્શ કે નમૂનો પસંદ કરવાની આ સાદી પણ સ્વીકૃત રીત છે. સંશોધન માટે પસંદગી પામેલ સમષ્ટિનાં તમામ એકમોને નિદર્શમાં પસંદગી પામવાની સમાન તક આપતી હોય તેને સાદું યદચ્છ નિદર્શન કહેવામાં આવે છે.આ પ્રકારના નિદર્શનમાં સમષ્ટિના પ્રત્યેક એકમને જ નહીં; પરંતુ, સમષ્ટિના સંભવિત તમામ નમૂનાને પસંદ પામવાની સરખી તક પ્રાપ્ત થાય છે. અહી સમષ્ટિનાં તમામ એકમોને નંબર આપી તેની ચિઠ્ઠી બનાવવામાં આવે છે, 1, 2, 3, 4, 5, 6, 7 એમ દરેકને નંબર આપવામાં આવે છે. પછી અહીં સંશોધક બધી જ સ્લીપોને ભેળવી દે છે પછી*

*તેમાંથી જેટલા ઉત્તરદાતાઓની પસંદગી કરવાની હોય તેટલી સ્લીપો-કાપલીઓ ઉપાડે છે. કાપલીમાં જે નંબર આવે છે તે નંબરની ઉત્તરદાતા તરીકે પસંદગી કરવામાં આવે છે જે નિદર્શ બને છે. સાદું યર્દચ્છ નિદર્શન મેળવવા માટે 'લકી-ડ્રો' ની રીતે પણ નિદર્શ મેળવી શકાય છે.*

### II. ઝૂમખાં યર્દચ્છ નિદર્શન (cluster random Sampling)

*સામાન્ય રીતે ઝુમખો એટલે કાયમી જૂથ. આ જૂથ રાજ્ય, જીલ્લો, તાલુકો, ગામ, શહેર કે વોર્ડ પણ હોઈ શકે છે. આ જૂથ શાળા, ઓફિસ, મિલ કે કારખાનું હોઈ શકે છે. ઉ.હ. જો અમદાવાદ શહેરના સંયુક્ત કુટુંબોનો અભ્યાસ કરવો હોય તો અમદાવાદ શહેર કેટલા વોર્ડમાં વહેંચાયેલું છે તેની યાદી તૈયાર કરવામાં આવે છે. વોર્ડએ ઝુમખું છે. વોર્ડની યાદીમાંથી સાદા કે પદ્ધતિસરના નિદર્શન વડે ઝૂમખાંની પસંદગી કરવામાં આવે છે.*

### III. સ્તરિત યર્દચ્છ નિદર્શન (Stratified random Sampling)

*'સ્તરિત' એટલે સમષ્ટિમાં જોવા મળતા વિવિધ સ્તરો કે વિભાગોની ગોઠવણી. ઉ.હ. કૉલેજના* 5000 *વિદ્યાર્થીઓને જ્ઞાતિ, ધર્મ કે લિંગના આધારે જુદા જુદા સ્તરોમાં વિભાજન કરવું. એ.સી, એસ.ટી, ઓબીસી કે સામાન્ય શ્રેણીઓમાં વિદ્યાર્થીઓને વિભાજન કરી પ્રત્યેક સ્તરમાંથી સમાન પ્રમાણમાં* (10 *ટકા*) *નિદર્શની યર્દચ્છ પસંદગી કરવી. આમ કરવાથી અભ્યાસ હેઠળના વિદ્યાર્થીઓ કે સમષ્ટિની જ્ઞાતિ આધારિત વિવિધતાને નિદર્શમાં સમાવી શકાય. તેને કારણે આપણું નિદર્શન પૂર્વગ્રહરહિત, પ્રતિનિધિત્વવાળું તેમજ ચોક્કસ બની શકશે. બીજું ઉદાહરણ જોઈએ તો, આપણે ગુજરાત યુનિવર્સીટીમાં સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો અભ્યાસ કરવા માંગતાં હોયતો સમષ્ટિનાં તમામ એકમોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. જેમકે આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ. જુદાજુદા સ્તરમાં વિભાજિત એકમોમાંથી સરખા પ્રમાણમાં નિદર્શ પસંદ કરવાની પ્રયુક્તિ એટલે સ્તરીત યર્દચ્છ નિદર્શન.*

### IV. સુવ્યવસ્થિત યર્દચ્છ નિદર્શન (Systematic random sampling)

*સાદું યદરછ નિદર્શન ઉપયોગી હોવા છતાં તેમાં કેટલીક મર્યાદાઓ છે. તેમાં માનવીય ભૂલોને કારણે સમષ્ટિનું પ્રતિનિધિત્વ જળવાઈના શકે એવું બને. વળી તેમાં તમામ એકમોને સમાન તકના પણ મળે. આ કારણે નિદર્શ પૂર્વગ્રહવાળું બની શકે. આ પ્રકારના નિદર્શનમાં જે ઉત્તરદાતાની પસંદગી કરવાની છે. તેને નંબર આપી દેવામાં આવે છે. દા.ત. એક કંપનીમાં* 1000 (*એક હજાર*) *કર્મચારીઓ છે. આ કર્મચારીઓ* 100 *કર્મચારીઓની પસંદગી કરવાની છે તો તે સમયે કર્મચારીઓની યાદીમાંથી* 1, 2, 3, 4, 5, 6, 7, 8, 9, 10, 11, 12, *એમ બધા કર્મચારીઓની યાદીમાંથી દરેક દસમુંનામ એટલે* 10*મું,* 20*મું,* 30*મુંનામ પસંદ કરીને કુલ ઉત્તરદાતાની પસંદગી કરી શકાય.*

## 2. બિનસંભાવનાત્મક નિદર્શન

*સંશોધક અભ્યાસ માટેના નિદર્શની પસંદગી યર્દચ્છ રીતેના કરતાં પોતાની રીતે હેતુપૂર્વક કરે તેને બિન સંભાવનાત્મક નિદર્શન કહેવાય. સમષ્ટિના બધા એકમોને નિદર્શમાં પસંદગી પામવાની સમાન તક ન મળતી હોય ત્યારે તેવા નિદર્શનને બિન સંભાવનાત્મક નિદર્શન કહેવામાં આવે છે. આ પ્રકારના નિદર્શનમાં સામાન્ય રીતે મોટી સંખ્યાના ઉત્તરદાતાઓ કે નિદર્શ પસંદ કરવાની*

*આવશ્યકતા હોતી નથી. બીજા સંદર્ભમાં જોઈએ તો મોટા પાયા પરના સર્વેક્ષણ કે જેમાં સેંકડો હજારોની સંખ્યામાં નિદર્શ લેવાના હોય ત્યાં બિનસંભાવનાત્મક નહીં પરંતુ સંભાવનાત્મક નિદર્શનની અનિવાર્યતા રહે છે. બિનસંભાવનાત્મક નિદર્શનમાં નીચે મુજબના પ્રકારોનો સમાવેશ થાય છે, જેની વિગતે ચર્ચા નીચે મુજબ કરવામાં આવી છે.*

### I. હેતુપૂર્વકનું નિદર્શન (Purposive Sampling)

*આ પદ્ધતિનાનામ પ્રમાણે તેમાં હેતુ કેન્દ્રસ્થાને રહેલ છે. સામાજિક સંશોધનમાં માહિતી મેળવવા માટે ઉત્તરદાતાની પસંદગી જ્યારે હેતુપૂર્વક (અભ્યાસના હેતુને ધ્યાનમાં રાખી) કરવામાં આવે તેને હેતુપૂર્વકનું નિદર્શન કહેવામાં આવે છે. એક ઉદાહરણ દ્વારા તેને સમજીએ. અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ભણવામાં પડતી મુશ્કેલીઓ અંગે અભ્યાસ કરવો હોય અને આપણા વર્ગમાં અનુસૂચિત જનજાતિના 40 વિદ્યાર્થીઓ હોય તો એમાંથી કોઈ પણ પાંચ છોકરાઓ અને પાંચ છોકરીઓને ઉત્તરદાતા બનાવીએ ત્યારે આ પસંદગીને હેતુપૂર્વકની પસંદગી કે નિદર્શન કહેવાય. આ રીતે નિદર્શન કરવાથી સમૂહનું પ્રતિનિધિત્વ જળવાય (છોકરાઓ અને છોકરીઓ બંનેનો સમાવેશ) અને પસંદગી પણ સરળ અને યદેચ્છ થઈ શકે. આ પદ્ધતિમાં ઉત્તરદાતાની પસંદગી અને તેની વિશ્વસનીયતા ખૂબ મહત્ત્વની છે.*

### II. સ્નો બોલ ટેકનિક (Snowball techniqe)

*'સ્નો બોલ' એટલે બરફનો ગોળો. જેમ બરફના ટુકડાઓ એકબીજામાં ભેગા થઈ એક ગોળાનું સ્વરૂપ લઈ લે છે તેમ સ્નોબોલ ટેકનીકથી પ્રાપ્ત કરવામાં આવતું નિદર્શ પણ અભ્યાસના હેતુઓને તપાસવામાં ઘણું ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ સમુદાયમાં રહેતા હોવા છતાં એમની વિશિષ્ટ લાક્ષણિકતાઓને કારણે સરળતાથી શોધી શકાય તેમ ન હોય ત્યારે સ્નોબોલ ટેકનિકથી નિદર્શ મેળવી શકાય છે. અભ્યાસ હેઠળની વ્યક્તિઓ આપણી આસપાસ અસ્તિત્વ ધરાવતી હોય પરંતુ તેઓની વિશિષ્ટ લાક્ષણિકતાઓને પરિણામે જાહેરમાંના આવી શકે ત્યારે તેઓને ઉત્તરદાતા તરીકે પસંદ કરવા 'સ્નો બોલ ટેકનિક' ઉપયોગમાં લેવાય છે. સંશોધનના કેટલાંક મુદ્દાઓ એવા છે કે જેમાં માહિતી મેળવવાની એક વ્યક્તિથી શરૂઆત થાય અને પછી પાછળથી તેમાંનામોનું ઉમેરણ થતું જાય અને ઉત્તરદાતાની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય એમ બને છે.આપણે એચ.આઈ.વી.ગ્રસ્ત વ્યક્તિઓ, સેક્સ વર્કર, વ્યંઢળો, સજાતીય સંબંધો ધરાવતા પુરૂષો અને સ્ત્રીઓ એવા સામાજિક સમૂહોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો હોય તો 'સ્નો બોલ ટેકનિક' મહત્ત્વની સાબિત થઈ શકે છે.*

### III. અકસ્માતે પ્રાપ્ત થતું નિદર્શન (Accidental Sample)

*બિન સંભાવનાત્મક નિદર્શનમાં નિદર્શની સંખ્યા પ્રમાણમાં મયાર્દિત હોય છે. સંશોધક કોઈ સંશોધન પ્રશ્ન અંગે વિચારી રહ્યો હોય અને અચાનક આકસ્મિક પરિસ્થિતિમાં તેને અભ્યાસને અનુરૂપ એકમ કે ઉત્તરદાતા પ્રાપ્ત થાય અને એની પાસેથી માહિતી મેળવી અભ્યાસ કરેતો આ રીતે" મેળવેલ નિદર્શની રીતને આકસ્મિક નિદર્શનની રીત કહેવામાં આવે છે. એક ઉદાહરણ લઈએ. શાળા-કૉલેજમાં કે સરકારી કચેરીઓમાં ધૂમ્રપાન કરવાની મનાઈ હોય છે. આ કારણે હવે ધૂમ્રપાન કરનારાઓના પ્રમાણમાં ઘટાડોનોંધાતો જાય છે. જો આપણને કૉલેજમાં કે અન્ય જાહેર સ્થળોએ ધૂમ્રપાન કરતી વ્યક્તિઓ અકસ્માતે મળી જાય તો તેઓને ધૂમ્રપાન અંગે સવાલો પૂછી તેમની*

*પાસેથી માહિતી એકત્ર કરી શકાય. આ રીતે આપણને આશરે* 20 *ઉત્તરદાતાઓ અકસ્માતે મળી જાય અને તેમનો અભ્યાસમાં સમાવેશ કરીએ તો તેને* (Accidental Sample) *કહેવાય. બીજું ઉદાહરણ.. જેમકે કોઈ સંશોધક રૂપજીવનીના સામાજિક જીવન અને સમસ્યાઓનો અભ્યાસ અંગે વિચારતો હોય અને અચાનક એક દિવસ તેને કોઈ સ્થળે રૂપજીવની (સેક્સવર્કર) મળી જાય અને તેને સંશોધન કરવાનો વિચાર આવે અને તે સેક્સવર્કર (રૂપજીવની) પાસેથી તેમના સમાજજીવન અને સમસ્યાઓ વિશે માહિતી પ્રાપ્ત કરી અભ્યાસ કરે તો, આ પ્રકારે નિદર્શ પ્રાપ્ત કરે તેને આકસ્મિક નિદર્શન કહેવામાં આવે છે. આ પ્રકારે મળતા નિદર્શને આકસ્મિક નિદર્શનની રીત તરીકે ઓળખવામાં આવે છે.*

### IV. ક્વૉટા નિદર્શન (Quata Sample)

*અંગ્રેજી શબ્દ 'ક્વૉટા'નો અર્થ થાય છે. 'પ્રમાણ', સંશોધક જ્યારે કોઈ સંશોધન માટે સરખા પ્રમાણમાં નિદર્શ પ્રાપ્ત કરે તેને ક્વોટા નિદર્શન કહેવાય. ચોક્કસ પ્રમાણમાં ઉત્તરદાતાઓ કે એકમોને પસંદ કરીએ તેને 'ક્વૉટા નિદર્શન' કહેવાય. એક ઉદાહરણ દ્વારા સમજીએ. સંશોધક અનુસ્નાતક કક્ષાએ ભણતા ઈતિહાસના વિદ્યાર્થીઓનો અભ્યાસ કરવા માંગતો હોય, અને જુદાજુદા વિષયોમાંથી અમુક નક્કી કરેલ નિશ્ચિત પ્રમાણ મુજબનું નિદર્શ મેળવે તેને ક્વોટા નિદર્શ કહેવામાં આવે છે. જેમકે ઈતિહાસના* 20 *વિદ્યાર્થીઓ અને* 20 *વિદ્યાર્થિનીઓ નિદર્શ તરીકે પસંદ કરે તેમ દરેક વિષયોમાંથી વીસ- વીસ વિદ્યાર્થીઓ પસંદ કરી અભ્યાસ કેરે તેને ક્વોટા નિદર્શ કહેવામાં આવે છે, અને આ રીતે પસંદ કરવાની રીતને ક્વોટા નિદર્શન તરીકે ઓળખવામાં આવે છે.*

## 10.4 સમષ્ટિ; અર્થ અને વ્યાખ્યા

*સમષ્ટિ ત્રણ બાબતો પર આધાર રાખે છે એક ભૌગોલિક, બીજું એકમો, જૂથો કે વ્યક્તિઓ અને ત્રીજું એકમોની ખાસિયતો. સમષ્ટિના દરેક એકમોનો અભ્યાસ ઘણો સમય અનેનાણા માંગી લે છે, આવા સંજોગોમાં સંશોધન શક્ય બનાવવા નિદર્શની પસંદગી કરી અભ્યાસ કરવામાં આવે છે, જેમાં સમષ્ટિના કદને સીમિત કરી તેમાંથી મેળવેલા તારણો સમગ્ર સમષ્ટિને લાગુ પાડવામાં આવે છે. જેને સામાન્યીકરણ કહેવામાં આવે છે. સમષ્ટિ અને નિદર્શનો ખ્યાલ સામાજિક સર્વેક્ષણ સાથે સંકળાયેલ છે. સંશોધક પોતાના અનુભવ, સાહિત્ય સમિક્ષા અનેઅભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી અભ્યાસ હેઠળની સમષ્ટિ નક્કી કરતો હોય છે.*

*સમષ્ટિ એટલે જે ભૌગોલિક વિસ્તારના એકમોનો અભ્યાસ કરવાનો હોય તે તેમામ એકમો અભ્યાસની સમષ્ટિ કહેવાય છે. સમષ્ટિનો ખ્યાલ સેન્સસ સર્વેના ખ્યાલ સાથે સંકળાયેલ છે. ભારતમાં દર દશ વર્ષે થતી વસ્તીગણતરીમાં ભારતના દરેક કુટુંબો પાસેથી માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે આ અભ્યાસમાં દરેક ભારતીય કુટુંબો અભ્યાસની સમષ્ટિ કહેવાય છે. આમ અભ્યાસ હેઠળના તમામ એકમો એટલે અભ્યાસની સમષ્ટિ,*

Oxford Dictionary of Sociology *મુજબ 'સમષ્ટિમાં કુલ ઉત્તરદાતાઓ એટલે કે નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં રહેતા એકમોને સમષ્ટિમાં સમાવેશ થાય છે સમષ્ટિનો ખ્યાલ વસ્તીશાસ્ત્રીય અને આંકડાકીય છે. નિદર્શ દ્વારા થતા અભ્યાસોને આધારે તેના તારણો સમષ્ટિને લાગુ પાડવામાં આવે છે, એટલેકે સામાન્યીકરણ કરવામાં આવે છે."* (John Scott And Gordon Marshall :2009 :579)

## 10.5 સમષ્ટિના પ્રકારો

*સમષ્ટિના પ્રકારો નીચે મુજબ છે.*

1. *ગ્રામીણ અને શહેરી સમષ્ટિ.*
2. *લિંગ અથવા જાતિને આધારે સમષ્ટિ.*
3. *વયજૂથને આધારે સમષ્ટિના પ્રકારો*
4. *ગુણાત્મક અને સંખ્યાત્મક સમષ્ટિ.*

1. *ગ્રામીણ અને શહેરી સમષ્ટિ.*

*ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં રાખીને ગ્રામીણ અને શહેરી સમષ્ટિ એવા બે પ્રકારો પાડી શકાય છે. જેમકે ગ્રામીણ સમાજમાં ગરીબ કુટુંબોનો અભ્યાસ જેવા અભ્યાસોની સમષ્ટિ ગ્રામીણ સમષ્ટિ તરીકે ઓળખી શકાય. તેવી જ રીતે સુરત શહેરમાં વસવાટ કરતા ભિક્ષુકોનો અભ્યાસ આવા અભ્યાસોની સમષ્ટિ શહેરી સમષ્ટિ તરીકે ઓળખી શકાય છે.*

**2. લિંગ અથવા જાતિને આધારે સમષ્ટિ**

*વિશાળ ક્ષેત્રમાં સંશોધન કરવા માટે ઉત્તરદાતાઓની જાતિને ધ્યાનમાં રાખીને સમષ્ટિના પ્રકાર પાડી શકાય છે. અભ્યાસના ઉત્તરદાતાઓ મહિલાઓ કે પુરુષો છે તેના આધારે સમષ્ટિના પ્રકારો પાડી શકાય. જેમકે અમદાવાદ શહેરમાં કઈ જાતિના લોકો સૌથી વધુ વસવાટ કરે છે તેને જાતિ આધારિત સમષ્ટિ મુજબ પ્રકારો પાડી શકાય.*

**3. વયજૂથને આધારે સમષ્ટિના પ્રકારો**

*સંશોધક પોતાના અભ્યાસના ઉદ્દેશોને ધ્યાનમાં રાખી વયજૂથ મુજબ સમષ્ટિના પ્રકારો પાડી શકે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, આધુનિક સમયમાં તરુણોની સમસ્યાઓના અભ્યાસો, યુવાનો અને વૃધ્ધોની સમસ્યાના અભ્યાસો વગેર વયજૂથને કેન્દ્રમાં રાખીને સમષ્ટિના પ્રકારો પાડી શકાય છે.*

**4. ગુણાત્મક અને સંખ્યાત્મક સમષ્ટિ.**

*ગુણાત્મક માહિતી મેળવવાના હેતુથી થતા અભ્યાસની સમષ્ટિનું સ્વરૂપ ગુણાત્મક સમષ્ટિ તરીકે ઓળખાય છે. જેમકે પ્રેમ, હુંફ, લાગણી, દયા- ભાવના, સહકાર, મુલ્યો, સંસ્કારો, વગેરેની સમષ્ટિ ગુણાત્મક સમષ્ટિનો પ્રકાર છે. તેવી જ રીતે સંખ્યાત્મક માહિતી મેળવવાના હેતુથી થતા અભ્યાસોની સમષ્ટિનું સ્વરૂપ સંખ્યાત્મક સમષ્ટિ તરીકે ઓળખી શકાય. જેમકે વયજૂથ, ઉંમર, આવક-જાવક, બુદ્ધિઆંક, વજન વગેર સંખ્યાત્મક માહિતી મેળવવાના હેતુથી થતા અભ્યાસોની સમષ્ટિ સખ્યાત્મક સમષ્ટિનો પ્રકાર કહી શકાય.*

## 10.6 સારાંશ

*જ્યારે કોઈપણ સંશોધક કોઈપણ ક્ષેત્રમાં અભ્યાસ હાથ ધરતો હોય છે, ત્યારે તેને કેટલીક પદ્ધતિઓની પસંદગી કરવી ખૂબજ આવશ્યક બની રહે છે. કયા સમયે કઈ પદ્ધતિ ઉપયોગી બની શકશે તેનું જ્ઞાન પણ તેની પાસે હોવું જરૂરી છે. કેમકે સમય, શ્રમ અને પૈસાની દ્રષ્ટીએ સમગ્રનો અભ્યાસ કરવો સંશોધક માટે શક્યના હોય તેવા સંજોગોમાં તેણે જુદી જુદી ટેકનિક, પદ્ધતિનો*

ઉપયોગ કરીને અભ્યાસ કરવાનો હોય છે. કેટલું સેમ્પલ પસંદ કરવું, કેવી રીતે કરવું તેની પ્રાથમિક જાણકારી સંશોધક પાસે હોવી ખૂબ જરૂરી છે. પ્રસ્તુત એકમમાં આપણે નિદર્શ, નિદર્શન અને સમષ્ટિ વિશે વિસ્તૃત માહિતીનો અભ્યાસ કર્યો. જે નવા સંશોધકોને જુદા જુદા ક્ષેત્રોમાં અભ્યાસ કરવા માટે ઉપયોગી બની રહે છે.

## 10.7 તમારી પ્રગતિ ચકાસો

1. નિદર્શનો અર્થ સમજાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
....................................................................

2. નિદર્શની પ્રક્રિયા સમજાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
....................................................................

3. નિદર્શનનો અર્થ સમજાવી તેના પ્રકારોની સવિસ્તૃત સમજૂતી આપો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
....................................................................

4. સમષ્ટિનો અર્થ આપી તેના પ્રકારો સમજાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
....................................................................

### ❖ વૈકલ્પિક પ્રશ્નો

1. ________નો ખ્યાલ સામાજિક સર્વેક્ષણ પદ્ધતિ સાથે જોડાયેલ છે.
   A. નિદર્શ B. સમષ્ટિ C. જથ્થો

2. ________ એટલે સમષ્ટિના એકમોનો અમુક ભાગ.

A. *નિદર્શ* B. *સમષ્ટિ* C. *નિદર્શન*

3. *સમષ્ટિ વિશે માહિતી મેળવવાના હેતુથી એ સમષ્ટિમાંથી પસંદ કરેલા એકમોના સમૂહને નિદર્શ કહેવાય. આ વિધાન કોનું છે ?*
   A. *વોકર અને લેવ* B. *ગૂડે અને હટ્ટ* C. *ફેરચાઈલ્ડે*

4. *સમષ્ટિનું પ્રતિનિધિત્વ ધરાવતોનાનો નમૂનો એટલે નિદર્શન. આ વ્યાખ્યા કોની છે.*
   A. *ગૂડે અને હટ્ટ* B. *ફેરચાઈલ્ડે* C. *વોકર અને લેવ*

5. *નિદર્શન પ્રક્રિયામાં કેટલા પગથિયા મહત્ત્વના છે.*
   A. *ત્રણ* B. *બે* C. *ચાર*

6. ________ *એટલે એક વિશાળ સમગ્રમાંથી પદ્ધતિસર રીતે નિદર્શ પસંદ કરવાની એક પ્રક્રિયા.*
   A. *નિદર્શન* B. *સમષ્ટિ* C. *નિદર્શ*

**જવાબો**

1. A. *નિદર્શ*
2. A. *નિદર્શ*
3. A. *વોકર અને લેવ*
4. A. *ગૂડે અને હટ્ટ*
5. A. *ત્રણ*
6. A. *નિદર્શન*

## 10.8 ચાવીરૂપ શબ્દો

**નિદર્શ** : *નિદર્શ એટલે સમષ્ટિના એકમોનો અમુક ભાગ.*

**નિદર્શન** : *સમગ્ર સમુદાયમાંથી આંકડાશાસ્ત્રીય પદ્ધતિથી પસંદ કરેલાનાના સમૂહોના ઘટકોનો અભ્યાસ કરી તે વડે સમગ્ર સમુદાય વિશે તારણો કાઢવાની રીત તે નિદર્શન.*

**સમષ્ટિ** : *સમષ્ટિ એટલે જે ક્ષેત્રની જે ઘટનાનો અભ્યાસ કરવાનો હોય તે ક્ષેત્રમાં સમાવિષ્ટ થતી એ બધી જ ઘટનાઓનો સમગ્ર જથ્થો.*

## 10.9 સંદર્ભ સૂચિ


1. Olvier Paul, (2010) Understanding The Research Process, SAGE.
2. Olvier Paul, (2008) Writing your Thesis, SAGE.
3. JHON SCOTT AND GORDAN MARSHALL (2009) Oxford Dictionary of sociology, Oxford University Press, Ne York.
4. Young Pauline V. (1956) Scientific Social Surveys and Research, Prentice- Hall of India Private Limited, New Delhi, Third edition)
5. Ahuja Ram (2012) Research M$^{a}$hods, Rawat Publication, Jaipur.
6. Jupp Victor (2006) Qhe Sage Dictionary Social Research M$^{a}$hods, SAGE Publication, London.

7. Clough P$^{a}$er and Nutbrown Cathy (2002) a student's guide to METHODOLOGY Justifying Enquiry, SAGE Publicatiain, London.
8. Swanborn Peter G (2010) Case Study Research What, Why and How ? SAGE Publication, London,
9. Burawoy Michael (2007) The Future of Sociology, Sociological Bulletin, Volume 56, number 3, September-December 2007, Articles, Page No-339 to 354. INDIAN SOCIOLOGICAL SOCIETY.
10. *રાવત હરિકૃષ્ણ* (2007) *'સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર', રાવત પબ્લિકેશન, જયપુર,* (*હિન્દી*)
11. *રાવત એચ.કે., 'પ્રારંભિક સામાજિક શોધ'* (1985) *નેશનલ પબ્લિશીંગ હાઉસ, નવી દિલ્લી.* (*હિન્દી*)
12. *જાની ગૌરાંગ, 'સામાજિક સંશોધન નિદર્શન અને સર્વેક્ષણ'* (2017) *માતૃભાષામાં સમાજશાસ્ત્ર અભિયાન.*
13. *તોમર રામબિહારીસિંહ, 'સામાજિક સંશોધન'* (1970) *શ્રીરામ મેહર કંપની, આગરા.* (*હિન્દી*)
14. *મુખર્જી રવીન્દ્રનાથ, 'સામાજિક સર્વેક્ષણ અને શોધ'* (1972) *સરસ્વતી સદન, દિલ્લી.* (*હિન્દી*)
15. *શાહ વિમળ પી.* (1990) *'સંશોધન ડીઝાઈન', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.*
16. (*જોષી વિદ્યુત* (1997) *પારિભાષિક કોશ : સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.*
17. *શુક્લ દિનેશ, સમાજ વિજ્ઞાનો 'નીતિવિજ્ઞાનો બનશે ?, અર્થાત, જાન્યુઆરી-માર્ચ,અપ્રિલ-જૂન* 2001*, ગ્રંથ-*20 *: અંક;* 1-2*,* (*લેખ-પેજ નંબર-*20 *થી* 25) *સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત.*
18. *રાવત હરિકૃષ્ણ* (2202) *'સમાજશાસ્ત્ર વિશ્વકોશ' , રાવત પબ્લિકેશન, જયપુર.* (*હિન્દી*)
19. *'સામાજિક સંશોધન પદ્ધતિઓ', એ.જી. શાહ અને જે. કે. દવે, અનડા પ્રકાશન, અમદાવાદ-*2008-09
20. *'શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર' ડી.એ. ઉચાટ, સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ. અમદાવાદ-*2009
21. *'સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર',ડો. આર. એસ. પટેલ, જય પબ્લિકેશન, અમદાવાદ-*2015

**LINK**

*ગુજરાતી વિશ્વકોષ*

https ://gujarativishwakosh.org/ *નિદર્શન-સિદ્ધાંત* -theory-of-sampling- *અને-ન* /

| એકમ - 11 | સામાજિક સંશોધન અને સમાજકાર્ય સંશોધન |
|---|---|

-: રૂપરેખા :-

**11.0 હેતુઓ**

**11.1 પરિચય**

**11.2 માધ્યમો અને માહિતી એકત્ર કરવાની પદ્ધતિઓ**

**11.3 નિરીક્ષણ અર્થ, વ્યાખ્યાઓ**

**11.5 નિરીક્ષણના લક્ષણો**

**11.6 નિરીક્ષણના પ્રકારો**

**11.7 નિરીક્ષણની મર્યાદાઓ**

**11.8 નિરીક્ષણનો ઉપયોગ અને મહત્વઃ**

**11.9 સારંશ**

**11.10 તમારી પ્રગતિ તપાસવા માટેના જવાબો**

**11.11 સ્વાધ્યાય**

## 11.0 હેતુઓ :

*વિદ્યાર્થી મિત્રો આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે...*

- *નિરીક્ષણના સામાજિક સંશોધન સંબંધિત અર્થ અને તેની વિશેષતા જાણી શકાશે.*
- *સામાજિક શોધમાં વિજ્ઞાની નિરીક્ષણ પ્રક્રિયાની માહિતી મેળવી શકે છે.*
- *સામાજિક શોધમાં પ્રયોજિત નિરીક્ષણના પ્રકારો વિશે માહિતી મેળવી શકાશે.*
- *સામાજિક શોધમાં નિરીક્ષણની ભૂમિકા સમજી શકે છે.*

## 11.1 પરિચય :

*સામાજિક વિજ્ઞાનના સંદર્ભમાં નિરીક્ષણ પદ્ધતિ કોઈ નવી રીત નથી. પ્રાકૃતિક વિજ્ઞાનમાં આ પ્રવિધિનો ઉપયોગ સાર્વત્રિક રૂપથી જોઅવા મળે છે., અને વિજ્ઞાનના ક્ષેત્રમાં તેનો પ્રયોગ અને સંશોધન કરવું જોઈએ.*

*માનવ દ્વારા વ્યક્તિની આસપાસના પર્યાવરણના પ્રાકૃતિક જ્ઞાનની સમીક્ષા પણ પ્રાપ્ત થાય છે. માનવીના પાસના સામાજિક પર્યાવરણ સંહિત જ્ઞાનનો વધુ ભાગ નિરીક્ષણનું પરિણામ છે. આ પાઠને વાંચ્યા પછી તમે આ જાણો છો કે દૈનિક જીવનમાં અને વિજ્ઞાનના સંદર્ભમાં પણ નિરીક્ષણ, સંશોધનની મુખ્ય પદ્ધતિ તરીકે આ પદ્ધતિને સમજવાનું, જાણવાનું છે. સામાજિક વિજ્ઞાનમાં તો આ ટેક્નોલોજીનો ઉપયોગ શરુ થયો જ છે., પરંતુ પ્રાકૃતિક વિજ્ઞાનમાં પણ તેનો ઉપયોગ થાય છે.*

*ગુડે અને હટની સમીક્ષાઓ વિજ્ઞાનના આધારને માનતા લખે છે., "વિજ્ઞાન સમીક્ષાથી શરુ થાય છે. અને તેની તપાસ માટે અંતઃકરણ જરૂરી છે. " સમાજશાસ્ત્રના જન્મદાતા ઓગસ્ટ કૉમ્ટ જ્યારે સમાજશાસ્ત્રની રૂપરેખાનું નિર્માણ કરી રહ્યાં છે., ત્યારે તેમણે પણ આ અનુભવ કર્યો છે. કે જો સમાજશાસ્ત્રને વિજ્ઞાનનો દરજ્જો આપવો હોય તો તેની સમીક્ષા-નિરીક્ષણ દ્વારા તેના વિષયનું નિર્માણ કરવું જોઈએ. તેમના ઉત્તરાધિકારીના રૂપમાં માનનારા સમાજશાસ્ત્રી ઈમાઈલ દુર્ખીમીએ તેમનું પુસ્તક 'દ રૂલ્સ ઓફ સોશિયોલોજિકલ મેથડ્સ' માં તથ્યોના વૈજ્ઞાનિક સમીક્ષા પર પણ ભાર મૂક્યો છે.*

## 11.2 માધ્યમો અને માહિતી એકત્ર કરવાની પદ્ધતિઓ:

*સમસ્યાના આંકડાકીય અભિગમમાં પ્રથમ પગલું એ ડેટાના આંકડાકીય તથ્યોનો સંગ્રહ છે. આ ડેટા અંતિમ આંકડાકીય તારણો અને ગુણવત્તા માટે કાચો માલ છે. ડેટા તારણો પર ખૂબ અસર કરશે. આમ, આ પ્રક્રિયાને ખૂબ જ મહત્વ આપવું જોઈએ અને તથ્યો ભેગા કરતી વખતે દરેક સંભવિત સાવચેતી રાખવી જોઈએ.*

*આ પ્રકરણમાં ડેટા અને ડેટાના સંગ્રહ માટે અનુસરવામાં આવતા જરૂરી પગલાઓની ચર્ચા કરવામાં આવી છે. બે પ્રકારના આંકડાકીય ડેટા છે. જેમ કે પ્રાથમિક ડેટા અને સેકન્ડરી ડેટા. પ્રાથમિક ડેટા તે છે. જે તપાસકર્તા હાથમાં ચોક્કસ પૂછપરછના હેતુ માટે ઉદ્દભવે છે. આમ, જો શિક્ષણની નવી પદ્ધતિ પ્રત્યે વિદ્યાર્થીઓના પ્રતિભાવનો અભ્યાસ કરવાની ઈચ્છા હોય અને જો સંશોધક અથવા તેના સંશોધન કાર્યકર દ્વારા સંબંધિત હકીકતો એકત્રિત કરવામાં આવે, તો આવી માહિતીને પ્રાથમિક માહિતી તરીકે ઓળખવામાં આવશે. તેનાથી વિપરિત, ગૌણ ડેટા તે છે. જે તપાસકર્તા પોતે નથી, પરંતુ તે કોઈ બીજાના રેકોર્ડમાંથી મેળવે છે. આમ, જો કોઈ વ્યક્તિ વિવિધ પ્રદેશોની હવામાન સ્થિતિનું પૃથ્થકરણ કરવાની ઈચ્છા ધરાવતું હોય, તો કોઈ વ્યક્તિ હવામાન વિભાગના રેકોર્ડમાંથી જરૂરી માહિતી મેળવી શકે છે. આ ડેટાને સેકન્ડરી ડેટા કહેવામાં આવશે. એ નોંધવું જોઇએ કે જે ડેટા એક વ્યક્તિ માટે પ્રાથમિક જોવામાં આવે છે. તે બીજી વ્યક્તિ માટે ગૌણ ગણી શકાય. ઉપરોક્ત ઉદાહરણમાં, હવામાન વિભાગ માટે હવામાન ડેટા પ્રાથમિક હશે, પરંતુ જે વ્યક્તિ વધુ સંશોધન માટે આ ડેટાનો ઉપયોગ કરે છે. તેના માટે આ ડેટા ગૌણ છે. ભારતીય સંદર્ભમાં,નીચેના કેટલાક સ્ત્રોતો છે. જે વિવિધ સામાજિક અને આર્થિક પાસાઓથી સંબંધિત ગૌણ ડેટા પૂરા પાડે છે. :* (i) *કેન્દ્ર સરકાર દ્વારા વાર્ષિક ધોરણે જારી કરવામાં આવતો ભારતનો આંકડાકીય અમૂર્ત, (2) રાજ્ય દ્વારા વાર્ષિક ધોરણે જારી કરાયેલા વિવિધ રાજ્યોનો આંકડાકીય અમૂર્ત આર્થિક અને આંકડાકીય સંસ્થાઓ,* iiii) *ભારતના નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન દ્વારા ત્રિમાસિક જારી કરાયેલ સર્વેક્ષણ,* (iv) *સમગ્રનો માસિક સૂચકાંક*

*લેબર બ્યુરો, ભારત સરકાર અને* (v) R.B.I. *દ્વારા માસિક જારી કરાયેલ વેચાણ કિંમતો માસિક*

*ભારતીય રિઝર્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવેલ બુલેટિન*

## 11.3 નિરીક્ષણનો અર્થ અને વ્યાખ્યાઓ :

*નિરીક્ષણ શબ્દ અંગ્રેજી ભાષાનો શબ્દ* Observation *'નિરીક્ષણ' નો સમાનર્થી છે., જેનો અર્થ નિરીક્ષણ, અર્થાત્- કાર્ય કારણ અને પારસ્પારિક શિક્ષણને સાંકળીને કારણથી ઘટિત થયેલ ઘટનાનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવું.*

**પ્રો.ગુડે** *અનુસાર સંશોધન નિરીક્ષણથી પ્રારંભ થાય અને ફરી તપાસ માટે અંતિમ સ્વરૂપે નિરીક્ષણ પર જ નજર કરવામાં આવે તોજ વાસ્તવમાં કોઈ વિજ્ઞાનની કોઈ પણ ઘટનાને સ્વીકારી નથી શકતી.*

**સી.એ. મોઝર** *દ્વારા તમારું પુસ્તક 'સર્વે મેથડ્સ ઈન સોશિયલ ઈનવેસ્ટીગેશન'માં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. કે નિરીક્ષણમાં કાન અને વાણીના આખોના ઉપયોગની સ્વતંત્રતા પર વિશ્વાસ કરવામાં આવે છે. અર્થાત્, તે કોઈ પણ ઘટનાને વાસ્તવિક રૂપે જોઈ શકે છે. શ્રીમતી પી.વીયંગ તેમની કૃતિ "સાંઈફિક સોશિયલ સર્વેજ એંડ રિસર્ચ" માં જણાવ્યું છે. કે "નિરીક્ષણ આંખો દ્વારા સમૂહ વ્યવહાર અને વ્યાપક સામાજિક સંસ્થાઓ સાથે તમામ પ્રકારની રચના કરવા માટે અલગ યુનિટ્સ નું અધ્યયન કરવાની વિચારસરણી પદ્ધતિના સ્વરૂપમાં પ્રયુક્ત થઈ શકે છે. "*

**યંગ** *લખે છે. કે "અવલોકન પોતે જ ઘટનાઓ બનાવતી વખતે તેમના ઘટસ્ફોટના સમયે પણ તમારી આંખો દ્વારા તમે જાણ કરી શકો છો." ઈનફ્લેઈંગ્સમાંનીચેની બાબતો પર ભાર મૂકવામાં આવ્યો છે.* (**1**) *નિરીક્ષણ ઘટના ઘટનાઓ અને વ્યવહારોથી ન થાય, ઉદાહરણ તરીકે અથવા પોતે જ ઘટના બને છે.* (**2**) *નિરીક્ષકકર્તાની ઘટના ઘટેલી છે. તે જ જરૂરી છે. તે તે જ જોઈ શકે છે.* (**3**) *નિરીક્ષણ ને વિચાર કરો અથવા સમજી શકાય તે રીતે નક્કી કરવામાં આવે છે. નિરીક્ષણ*

*ટુકમાં કહેવાય કે,વ્યક્તિઓ આંખોથી જોવે ત્યારે તે ઘટનાને નિરીક્ષણ કહેવાય છે. સંશોધક પોતાનાં વિષય અનુસંધાને જે કાઈ જોવે,સમજે અને જાણે તેને આપડે નિરીક્ષણ કહીએ છિએ,જ્ઞાનેદ્રીય દ્વારા માહિતી પ્રાપ્ત કરવાની એક રીત જેને નિરીક્ષણ કહેવાય.*

*ઉપરોક્ત વ્યાખ્યાઓનું અભ્યાસ કરવાથી તે સ્પષ્ટ થાય છે. કે એક નિરીક્ષણ પદ્ધતિ પ્રાથમિક સામગ્રી (પ્રાથમિક માહિતી) માટે સંગ્રહની વાસ્તવિક રીત છે. નિરીક્ષક તાપ્ય તે પદ્ધતિ દ્વારા આંખો દ્વારા નવા પ્રાથમિક બાબતોનો વિચારપૂર્વક વર્ણન કરવામાં આવે છે.*

## 11.4. નિરીક્ષણ પ્રક્રિયાઃ

1. **માનવીય હેતુનો સંપૂર્ણ ઉપયોગ :** *જો કે નિરીક્ષણમાં અહી કાન અને શક્તિનો ઉપયોગ પણ કરે છે., પરન્તુ અહી કાનનો ઉપયોગ અપેક્ષાકૃત કમ હતો. આંખોનો ઉપયોગ ઉપર વધુ ભાર મુકવામાં આવે છે. અર્થાત્, નિરીક્ષકર્તા જે પણ દેખાતો હોય છે. - તે સંકલિત કરે છે.*

2. **ઉદ્દેશપૂર્ણ અને સૂક્ષ્મ સમીક્ષા :** *સમીક્ષા સામાન્ય નિરીક્ષણથી અલગ હતી. અહી દરેક સમયે જ કંઈક નથી શોધાતું ; પરન્તુ વૈજ્ઞાનિક દષ્ટિકોણથી તેની સમીક્ષા નથી કરી શકાય.,પરંતુ*

*વિજ્ઞાની સમીક્ષાનો એક નિશ્ચિત હેતુ હતો અને તે જ ઉદ્દેશની વિચારધારા સમાજ વૈજ્ઞાનિક રીતે સામાજિક ઘટનાઓનું નિરીક્ષણ કરે છે.*

3. **પ્રત્યક્ષ અભ્યાસ :** *માત્ર પદ્ધતિ તે દર્શાવે છે. કે તે શોધકર્તા સ્વયં જ સંશોધન ક્ષેત્રની તપાસ કરે છે., અને વાંછિત સૂચનાઓ દર્શાવે છે., એટલે કે આ પદ્ધતિ કોઈ ઘટના કે પરિસ્થિતિનો પ્રત્યક્ષ આભ્યાસ કરે છે.*

4. **કાર્ય-કારણ જાણવાનું :** *સામાન્ય નિરીક્ષણમાં કાર્ય કારણ ઘટનાઓ પર જોતા હોય છે., સાંપ્રત વિદ્વાનોની સમીક્ષાઓ ઘટનાઓ વચ્ચેના કાર્ય-કારણ સાથે સાંકળીને શોધે છે. તેમના આધાર પર સિદ્ધાન્તોનો બનાવી શકાય છે.,*

5. **નિષ્પક્ષતા :** *નિરીક્ષણમાં નિરીક્ષણ કર્ત્તા પોતાની આંખોથી ઘટનાઓ બનતી જોવે છે. માટે પરિણામ નિષ્પક્ષ હોય છે.,અને એટલેજ નિરીક્ષણ પદ્ધતિ સંશોધનમાં ઉપયોગી અને નિષ્પક્ષ પદ્ધતિ માનવામાં આવે છે.*

6. **સમૂહ વ્યવહારના અભ્યાસ :** *સામાજિક સંશોધનમાં જે પ્રકારથી વ્યક્તિ વ્યવહારનું અધ્યયન કરવા માટે 'વ્યવસાયિકતા અભ્યાસ પદ્ધતિ' શ્રેષ્ઠ માનવામાં આવે છે. તેજ રીતે સમુહમાં વ્યવહારોને સમજવા માટે આ સાંકેતિક નિરીક્ષણ ઘટનાઓ વચ્ચેની શોધ-કાર્ય-કારણ દ્વારા તેમના આધાર પર સિદ્ધિઓનું નિર્માણ થઈ શકે છે. તે રીતે સંશોધન કરવામાં આ પદ્ધતિ ઉપયોગી છે.*

### 11.4 .1 નિરીક્ષણ –વૈજ્ઞાનિક વિષય :

*નિરીક્ષણમાં માનવ જ્ઞાનનો સંપૂર્ણ ઉપયોગ થાય છે. જો કે અહીં આ ટેકનોલોજીમાં જ્ઞાનેદ્રિય શક્તિનો પણ ઉપયોગ કરે છે. પરન્તુ અપેક્ષાકૃત તેનો ઉપયોગ ઓછો હતો. વિશિષ્ટ આંખો ના પ્રયોગના મહત્વનો સમાવેશ થાય છે. નિરીક્ષણ જે કાઈ પણ જોઈ શકતો નથી તે માહિતી અહીં ભેગી થાય છે. નિશ્ચિત ઉદદેશ્ય અને સૂક્ષ્મતા કાળજીપૂર્વક નિરીક્ષણમાં નિરીક્ષણ કરો આ રીતે તે સામાન્ય નિરીક્ષણથી અલગ છે. દરેક મનુષ્ય સદૈવ કંઈક ન જોઈ શકે છે. પરન્તુ વૈજ્ઞાનિક જ્ઞાન થી તેનું નિરીક્ષણ નથી કરી શકાતું. નિરીક્ષણનો ખાસ ઉદ્દેશ હોય છે., અને તે સૂક્ષ્મ અને ગહન પણ હોય છે.*

*પ્રત્યક્ષતાના આધાર પર નિરીક્ષણની મુખ્ય વિષયો આ છે. કે તે તપાસી શકે છે. કે સંશોધનકર્તા સ્વંય જ સંશોધન કેન્દ્રમાં જાય છે. અને નિરીક્ષણ આંકડનો સંગ્રહ કરે છે. અને તે જ પ્રત્યક્ષ અભ્યાસ કરે છે.*

### 11.4 .2 નિરીક્ષણ :

*વર્ણનાત્મક સમાજશાસ્ત્રીય સંશોધનમાં નિરીક્ષણ પદ્ધતિએ મહત્વનું સ્થાન મેળવ્યું છે. તે માહિતી સંગ્રહની સૌથી નોંધપાત્ર અને સામાન્ય તકનીક છે. પ્રશ્નાવલીનું વિશ્લેષણ પ્રતિભાવો લોકો શું વિચારે છે. અને કરે છે. તેની સાથે સંબંધિત છે., જેમ કે તેઓ કાગળ પર શું મૂકે છે. તે દર્શાવે છે. ઈન્ટરવ્યુમાંના પ્રતિભાવો લોકો સાથે વાતચીતમાં શું વ્યક્ત કરે છે. તેના દ્વારા પ્રગટ થાય છે. ઈન્ટરવ્યુ લેનાર નિરીક્ષણ વિવિધ પરિસ્થિતિઓ અને પ્રવૃત્તિઓમાં પોતાની જાતને અભિવ્યક્ત*

*કરતી વખતે તેઓને ક્રિયામાં જોઈને લોકો શું વિચારે છે. અને કરે છે. તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે.*

*નિરીક્ષણ એ એવી પ્રક્રિયા છે. જેમાં એક અથવા વધુ વ્યક્તિઓ અમુક વાસ્તવિક જીવનની પરિસ્થિતિમાં શું થઈ રહ્યું છે. તેનું નિરીક્ષણ કરે છે. અને તેઓ કેટલીક આયોજિત યોજનાઓ અનુસાર સંબંધિત ઘટનાઓને વર્ગીકૃત અને રેકોર્ડ કરે છે. તેનો ઉપયોગ નિયંત્રિત અથવા અનિયંત્રિત પરિસ્થિતિમાં વ્યક્તિઓના સ્પષ્ટ વર્તનનું મૂલ્યાંકન કરવા માટે થાય છે. તે સંશોધનની એક પદ્ધતિ છે. જે યોગ્ય પરિસ્થિતિઓમાં વ્યક્તિના બાહ્ય વર્તન સાથે વ્યવહાર કરે છે.*

**પી.વી. યંગ,** *"નિરીક્ષણ એ આંખ દ્વારા વ્યવસ્થિત અને ઈરાદાપૂર્વકનો અભ્યાસ છે., જે તે સમયે સ્વયંસ્ફુરિત ઘટનાઓ બને છે. નિરીક્ષણનો હેતુ સમજવાનો છે. જટિલ સામાજિક ઘટનાઓ, સંસ્કૃતિની પેટર્ન અથવા માનવ આચરણમાં નોંધપાત્ર આંતર સંબંધિત તત્વોની પ્રકૃતિ અને હદ"*

*આ વ્યાખ્યા પરથી સ્પષ્ટપણે સમજાય છે. કે નિરીક્ષણ એ આંખની મદદથી વ્યવસ્થિત રીતે જોવાનું છે. તેનો ઉદ્દેશ સ્વયંભૂ બનતી ઘટનાઓ વચ્ચેના મહત્વપૂર્ણ પરસ્પર સંબંધોને શોધવાનો અને ઘટના અથવા પરિસ્થિતિના નિર્ણાયક તથ્યોનું અન્વેષણ કરવાનો છે. તેથી તે સ્પષ્ટપણે, દૃશ્યમાન છે. કે નિરીક્ષણ માત્ર એક રેન્ડમ સમજણ નથી, પરંતુ નિર્ણાયક તથ્યો પર નજીકથી નજર છે. તે પરિસ્થિતિના નોંધપાત્ર તથ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો આયોજિત, હેતુપૂર્ણ, વ્યવસ્થિત અને ઈરાદાપૂર્વકનો પ્રયાસ છે.*

**Oxford Concise Dictionary** *અનુસાર, "નિરીક્ષણનો અર્થ થાય છે. સચોટ નિહાળવું, કારણ અને અસર અથવા પરસ્પર સંબંધોના સંદર્ભમાં પ્રકૃતિમાં બનતી ઘટનાઓને જાણવી".*

*આ વ્યાખ્યા બે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રથમ, નિરીક્ષણ માં નિરીક્ષક ઘટનાના તથ્યો વચ્ચેના કારણ-અસર સંબંધોને શોધવા માંગે છે. બીજું હકીકતો નિરીક્ષક દ્વારા ચોકસાઈપૂર્વક, કાળજીપૂર્વક જોવામાં આવે છે. અને રેકોર્ડ કરવામાં આવે છે.*

## 11.5 નિરીક્ષણની લાક્ષણિકતાઓ :

*નિરીક્ષણ પદ્ધતિ એ માહિતી એકત્ર કરવા માટે વપરાતી વૈજ્ઞાનિક તકનીક છે. તે શેરીમાં પુરુષોના કેઝ્યુઅલ નિરીક્ષણ થી અલગ છે. દરેક કેઝ્યુઅલ નિરીક્ષણ એ સંશોધન નિરીક્ષણ નથી. વધુ વિશિષ્ટ રીતે, વૈજ્ઞાનિક નિરીક્ષણ નીચેની લાક્ષણિકતાઓનું પાલન કરવું આવશ્યક છે.*

### 1. નિરીક્ષણ એક વ્યવસ્થિત પદ્ધતિ છે. :

*નિરીક્ષણ અવ્યવસ્થિત કે બિનઆયોજિત નથી. નિરીક્ષણ સમયગાળાની લંબાઈ, તેમની વચ્ચેનો અંતરાલ, અવલોકનોની સંખ્યા, અવલોકનોનો વિસ્તાર અથવા પરિસ્થિતિ અને નિરીક્ષણ માટે વપરાતી વિવિધ તકનીકોનું કાળજીપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. ઘણી વખત પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે વ્યવસ્થિત વ્યવસ્થાપન હોય છે. જો વિશેષ પરિબળોનો અભ્યાસ કરવો હોય, ઉદાહરણ તરીકે પ્રામાણિક વર્તન, રમતવીરની ભાવના, નેતૃત્વના ગુણો વગેરેનો અભ્યાસ.*

**2. નિરીક્ષણ ચોક્કસ છે. :**

*તે માત્ર માનવ વર્તનના સામાન્ય પાસાઓ માટે આસપાસ જોવાનું નથી. તેના બદલે તે કુલ પરિસ્થિતિના તે વિશિષ્ટ પાસાઓ પર નિર્દેશિત છે. જે સ્ટેન્ડથી નોંધપાત્ર હોવાનું માનવામાં આવે છે.*

*અભ્યાસના હેતુનો મુદ્દો : સામાન્ય માણસ કોઈ ઘટના અથવા ઘટનાનું નિરીક્ષણ કરતી વખતે શું મહત્વપૂર્ણ છે. તેની વારંવાર અવગણના કરી શકે છે., પરંતુ વૈજ્ઞાનિક નિરીક્ષકે કેટલીક ચોક્કસ બાબતો માટે જોવું જોઈએ. વસ્તુઓ જે તેના અભ્યાસના હેતુને અનુરૂપ છે. જેથી તેના સમય, પૈસા અને નિરીક્ષણ માટેના પ્રયત્નોનું સાધન થાય.*

**3. નિરીક્ષણ ઉદ્દેશ છે. :**

*નિરીક્ષણ શક્ય હોય ત્યાં સુધી ઉદ્દેશ અને પૂર્વગ્રહથી મુક્ત હોવું જોઈએ. તે સામાન્ય રીતે પૂર્વધારણા દ્વારા માર્ગદર્શન આપવું જોઈએ. નિરીક્ષણ કે નૈતિક તટસ્થતા જાળવવી જોઈએ. તેણે વિચારવું જોઈએ ચકાસવા માટે કંઈક તરીકે પૂર્વધારણા. પરંતુ તે જ સમયે તેણે લવચીક વલણ જાળવવું જોઈએ, જેથી જ્યારે આવા વિચલન અનિવાર્ય જણાય ત્યારે તે તેની મૂળ યોજનામાંથી ભટકી શકે.*

**4. નિરીક્ષણ માત્રાત્મક છે. :**

*જો કે ઘણી મહત્વપૂર્ણ ઘટનાઓનું પરિમાણ કરી શકાતું નથી, તેમ છતાં અવલોકનોની ચોકસાઈ વધારવા અને તેમના વિશ્લેષણને સરળ બનાવવા માટે કેટલાક માધ્યમોનો ઉપયોગ કરવો લગભગ અનિવાર્ય બની જાય છે. ગુણવત્તાને પણ જથ્થામાં રૂપાંતરિત કરવી જોઈએ, કારણ કે ગુણાત્મક ડેટા વ્યક્તિલક્ષી હોય છે. અને જથ્થાત્મક એક ઉદ્દેશ હોય છે. અને વધુ ઉદ્દેશ રીતે અર્થઘટન કરી શકાય છે.*

**5. નિરીક્ષણ એ આંખોની બાબત છે. :**

*પી.વી. યંગ ટિપ્પણી કરે છે. કે નિરીક્ષણ એ આંખ દ્વારા વ્યવસ્થિત અને ઈરાદાપૂર્વકનો અભ્યાસ છે. એક નિરીક્ષક તે ડેટા એકત્ર કરે છે. જે તેણે પોતાની આંખોમાં જોયો છે. દ્વારા માહિતી એકત્ર કરી રહી છે.*

*આંખો એ કદાચ સામાજિક સંશોધનમાં માહિતી સંગ્રહની સૌથી વિશ્વસનીય તકનીક છે.*

*વૈયક્તિક અભ્યાસ સંશોધન પદ્ધતિ એ એક ગુણાત્મક સંશોધન પદ્ધતિ છે., જે સંશોધકને કોઈ વિશિષ્ટ વ્યક્તિ, જૂથ, ઘટના અથવા સંજોગની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે મદદ કરે છે. આ પદ્ધતિનો ઉપયોગ સામાન્ય રીતે મનોવિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, શિક્ષણ અને વ્યવસાય સંશોધનમાં થાય છે.*

- **વૈયક્તિક અભ્યાસ સંશોધન પદ્ધતિના અર્થ અને વ્યાખ્યાઓ**

*વૈયક્તિક અભ્યાસ સંશોધન પદ્ધતિ એ એક એવી પદ્ધતિ છે., જેમાં સંશોધક કોઈ વિશિષ્ટ એકમ અથવા ઘટકને ધ્યાનમાં રાખીને તેનું ઊંડાણપૂર્વક મૂલ્યાંકન કરે છે. વ્યક્તિ અભ્યાસ પદ્ધતિથી વ્યાપક વિષયો પર વિગતવાર જાણકારી મેળવી શકાય છે., જે બીજી પદ્ધતિઓમાં શક્ય નથી.*

*વૈયક્તિક અભ્યાસ એ સમાજકાર્યની એક તકનીક છે., જે વ્યક્તિની વ્યક્તિગત જરૂરિયાતો અને તેમના વર્તનને સમજવા અને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પદ્ધતિના મૂળભૂત તત્ત્વોનીચે મુજબ છે. :*

- *દરેક વ્યક્તિની પરિસ્થિતિ અને સમસ્યાઓ અનન્ય હોય છે. આ પદ્ધતિમાં સામાજિક કાર્યકર્તા વ્યક્તિની વિશિષ્ટ જરૂરિયાતો, તેમના જીવનનો ઇતિહાસ અને તેમને પ્રભાવિત કરનારા તત્ત્વો સમજે છે.*
- *વ્યક્તિના જીવન, તેમના વર્તન, લાગણીઓ અને સમસ્યાઓને સંજોગો મુજબ નોંધવામાં આવે છે.*
- *સમયગાળામાં વ્યક્તિ સાથે સંબંધ બાંધવામાં આવે છે., જેથી તેઓ મુશ્કેલીઓમાં મદદ માટે વિશ્વાસ સાથે કાર્યકર્તા તરફ આગળ આવે.*
- *જેમ કે કાઉન્સેલિંગ, મનોવિજ્ઞાનિક ટેકનિકો, માનસિક ટેકો અને વ્યવહાર સુધારવા માટે માર્ગદર્શન આપવામાં આવે છે.*

❖ **વ્યાખ્યા:**

- **યિન (Yin, 1984):** *" વૈયક્તિક અભ્યાસ એ એક એવી પદ્ધતિ છે., જેનાથી એક જ સંજોગમાં એક અથવા અનેક ઘટનાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી શકાય છે., ખાસ કરીને જ્યાં સંજોગો અને ઘટનાઓ વચ્ચેના સંબંધો જટિલ હોય."*
- **ક્રેસવેલ (Creswell, 2013):** *" વૈયક્તિક અભ્યાસ એ એવા સંશોધન અભિગમનો એક રૂપ છે., જેમાં કોઈ વ્યક્તિ, ઘટના, સમયકાળ અથવા સ્થળના વ્યાપક અને*

*ઊંડાણપૂર્વકના વિશ્લેષણ માટે એક જ સંજોગમાં એક એકમનો અભ્યાસ કરવામાં આવે છે. "*

- *વૈયક્તિક અભ્યાસ એટલે કોઈક એક ખાસ સામાજિક એકમના સઘન અભ્યાસ તરીકે દથવિ છે., પછી ભલે તે એક વ્યક્તિ વિશેષ, પરિવાર, સંસ્થાન, સાંસ્કૃતિક જૂથ અથવા સમગ્ર સમાજ વર્ણન હોઈ શકે.* - **P. V. Young.**
- *"કેસ સ્ટડી એ વ્યક્તિગત એકમ (એટલે કે વ્યક્તિ, જૂથ અથવા ઘટના) નું સઘન વિશ્લેષણ છે. જે સંદર્ભના સંબંધમાં વિકાસલક્ષી પરિબળો પર ભાર મૂકે છે. "* **બેન્ટ ફ્લાયબેસ, (2011).**

*આમ, વૈયક્તિક અભ્યાસનો મૂળ અભિગમ કોઈ એક વસ્તુ, સ્થિતિ, વ્યક્તિ, સામાજિક સંસ્થા, વિદ્યાલય, સમાજ અથવા સાંસ્કૃતિક જૂથના તમામ પાસાઓને આવરવા સાથે સંબંધ છે.*

### ❖ વ્યક્તિ અભ્યાસ સંશોધન પદ્ધતિના ખાસ તત્ત્વો :

- **ઊંડાણપૂર્વક અભ્યાસ :** *આ પદ્ધતિનો મુખ્ય ઉદ્દેશ કોઈ એક વ્યક્તિ કે ઘટકના સંદર્ભમાં તેની તમામ બાજુઓને ઉકેલવા અને સમજીને વિવેચન કરવાનો હોય છે.*
- **પ્રકૃતિક સંજોગો :** *વ્યક્તિ અભ્યાસ સામાન્ય રીતે પ્રકૃતિક અથવા સજીવ સંજોગોમાં અભ્યાસ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.*
- **ગહન અને વિશિષ્ટ માહિતી :** *આ પદ્ધતિથી સંબંધિત માહિતી ખૂબ જ વિસ્તૃત અને જટિલ હોઈ શકે છે., જેને તેનામાંથી વૈશ્વિક સમજૂતિ મેળવવી સહજ બની રહે છે.*

### ❖ વ્યક્તિ અભ્યાસ પદ્ધતિના લક્ષણો :

*વ્યક્તિ અભ્યાસમાં કોઈ એક એકમનો અભ્યાસ કરવામાં આવે છે., નહીં કે કોઈ વ્યક્તિનો અભ્યાસ. અહીં વિષયવસ્તુ એક એકમ કે ઘટના સ્વરૂપે હોય છે. અભ્યાસ હેઠળના એકમના તમામ પાસાંઓને આવરી ગહન અને વિસ્તૃત અભ્યાસ કરવામાં આવે છે. તેના માટે આવશ્યક માહિતી વ્યક્તિ, એકમ અથવા તેનાથી સંબંધિત વ્યક્તિઓ અને સંસ્થાઓમાંથી એકત્રિત કરવામાં આવે છે. આ પદ્ધતિમાં સંખ્યાત્મક કરતાં ગુણાત્મક અભિગમનો વિશેષ ઉપયોગ કરવો પડે છે. તેમાં સંખ્યાત્મક તથ્ય પણ હોઈ શકે પરંતુ તેનું વર્ણનાત્મક વિવરણ કરવામાં આવે છે. તે વૈજ્ઞાનિક સંશ્લેષણનો વિશિષ્ટ ગુણ ધરાવે છે. તપાસ હેઠળના એકમના વર્તન તરાહનો પ્રત્યક્ષ અભ્યાસ કરવામાં આવે છે.*

- **વિશિષ્ટ અને ઊંડાણપૂર્વકનું અવલોકન :** *આ પદ્ધતિ અંતર્ગત સંશોધક દ્વારા કોઈ ચોક્કસ વ્યક્તિ, જૂથ અથવા ઘટના પર ફોકસ કરવામાં આવે છે. અને તેની સંપૂર્ણ વિગતો મેળવવા પ્રયત્ન થાય છે.*
- **વાસ્તવિક જીવનના સંજોગોમાં અભ્યાસ :** *સંશોધન વાસ્તવિક જીવનના પરિપ્રેક્ષ્યમાં કરવામાં આવે છે. જેનાથી સંજોગોને યોગ્ય રીતે સમજવા અને અભ્યાસને બિનમૂલ્યવાન બનાવવામાં મદદ મળે છે.*
- **ઘણા સ્ત્રોતોનો ઉપયોગ :** *વ્યક્તિ અભ્યાસમાં વિશિષ્ટ માહિતી એકઠી કરવા માટે ઈન્ટરવ્યુ, દસ્તાવેજો, અવલોકન, અને વિવિધ આકૃતિઓનો ઉપયોગ થાય છે.*

- **સમય સાથે અભ્યાસઃ** *કેટલાક કિસ્સામાં, આ અભ્યાસ લાંબા સમય માટે કરવામાં આવે છે., જેથી સમય સાથેના ફેરફારોને પણ ધ્યાનમાં લેવામાં આવે.*

❖ **વ્યક્તિ અભ્યાસ પદ્ધતિના તબક્કાઃ**

- **પ્રશ્નો અથવા ઉત્કલ્પના રચવી :** *સૌથી પહેલાં સંશોધક તે પ્રશ્નો અથવા ઉત્કલ્પના નિર્ધારિત કરે છે. જે પરિક્ષણ કરવાનો હોય છે.*
- **વ્યક્તિની પસંદગી :** *સંશોધન માટે યોગ્ય વ્યક્તિ અથવા જૂથ પસંદ કરવામાં આવે છે.*
- **માહિતી એકત્ર કરવી :** *વિવિધ સ્ત્રોતો દ્વારા માહિતી એકત્ર કરવામાં આવે છે., જેમ કે ઈન્ટરવ્યુ, દસ્તાવેજો, અવલોકન વગેરે.*
- **માહિતીનું વિશ્લેષણઃ** *એકત્રિત માહિતીનું વિશ્લેષણ કરીને તેમાંથી નિકાલ મેળવવામાં આવે છે.*
- **નિષ્કર્ષ અને અહેવાલ :** *અંતે સંશોધક દ્વારા સંશોધનના પરિણામોનું નિષ્કર્ષ અને સંશોધન અહેવાલ તૈયાર કરવામાં આવે છે.*

❖ **વ્યક્તિ અભ્યાસ પદ્ધતિના ફાયદાઃ**

- *કોઈ ચોક્કસ ઘટના અથવા વ્યક્તિની ઊંડાણપૂર્વક સમજૂતી મળે છે.*
- *નવા સિદ્ધાંતો અને હાઈપોથિસિસ વિકસિત કરી શકાય છે.*
- *વાસ્તવિક સંજોગો અને વ્યવહારને સમજવા માટે મદદરૂપ થાય છે.*

❖ **વ્યક્તિ અભ્યાસમાં માહિતી એકત્રીકરણના ઉપકરણો :**

*વ્યક્તિ અભ્યાસ પદ્ધતિમાં માહિતી એકત્રીકરણ માટેનીચેના ઉપકરણો તથા પ્રયુક્તિઓનો પ્રયોગ કરવામાં આવે છે. :*

- *અવલોકનપત્રો,*
- *મુલાકાત પત્ર*
- *પ્રશ્નાવલિઓ,*
- *ઓળખયાદી,*
- *મૂલ્યાંકન પત્રક,*
- *ડાયરી*
- *પ્રમાણપત્ર,*
- *સાક્ષાત્કાર નોંધો,*
- *પ્રકાશિત સ્થિતિ,*
- *આત્મકથા નોંધ,*
- *પ્રગતિ નોંધો,*
- *વાર્ષિક અહેવાલો,*
- *રોજનીશી*

❖ **સમાજકાર્ય :**

*સમાજકાર્ય એક વ્યાવસાયિક ક્ષેત્ર છે., જેનું મુખ્ય ધ્યેય વ્યક્તિઓ, પરિવાર, સમુદાય અને સમાજને સુધારવા અને સંવર્ધન આપવા માટે વિવિધ સેવાઓ અને પ્રોગ્રામનો ઉપયોગ કરીને તેમને સંકલન માટે મદદ કરવી છે.*

- **વ્યક્તિગત અને સામુહિક સેવા :** *સામાજિક કાર્યકર્તા વ્યક્તિગત સાથે સાથે સમુદાયના સ્તરે પણ કામ કરે છે. તેઓ વિમુક્ત આદિવાસીઓ, ગરીબો, બાળકો, મહિલા વગેરે માટે સેવાઓ પ્રદાન કરે છે.*
- **સમાજમાં સુધારણા :** *સમાજકાર્યમાં પરિવર્તન લાવવાની તકનિકો અને યોજના શામેલ હોય છે. આ કાર્યમાં આરોગ્ય, શિક્ષણ, માનસિક આરોગ્ય, આર્થિક વિકાસ, વગેરે ક્ષેત્રોને આવરી લેવાય છે.*
- **મુલ્ય અને આદર્શો :** *સમાજકાર્યમાં માનવ અધિકાર, સામાજિક ન્યાય, ગૌરવ અને વ્યક્તિગત જાગૃતિ જેવા મૂલ્યો મહત્વપૂર્ણ છે.*

*વ્યક્તિ અભ્યાસ સામાજિક માહિતીને વ્યવસ્થિત કરવાની પદ્ધતિ છે. જેનાથી અભ્યાસની સામાજિક વિષયવસ્તુના વૈકલ્પિક ગુણોનો સંરક્ષણ થાય. બીજી રીતે એમ કહી શકાય કે આ એક સામાજિક એકમનો સમગ્ર રીતે અભ્યાસ કરવાની પદ્ધતિ છે.*

*વ્યક્તિ અભ્યાસ એ ગુણાત્મક વિશ્લેષણનું એવું સ્વરૂપ છે. કે જેમાં કોઈ એક વ્યક્તિ, એક પરિસ્થિતિ, ઘટના, સંસ્થા, કોઈ એક વિચાર કે વિચારધારા કે કોઈ સામાજિક જૂથ, સંસ્થા કે સંસ્થાના કાર્યની ઊંડાણપૂર્વક અને સંપૂર્ણ તપાસ કરવામાં આવે છે. સંશોધન હેઠળ એકમોના દરેકે દરેક પાસાંઓનો ઝીણવટ ભર્યો અભ્યાસ કરી તેનું વિષયવસ્તુ વિશ્લેષણ કરી તેના પરથી અર્થઘટનો તારવવામાં આવે છે.*

*આમ, વ્યક્તિ અભ્યાસનો વિષયવસ્તુ કોઈ એક વ્યક્તિ, સંસ્થા, સંસ્કૃતિ, સમૃદ્ધ, સમુદાય, ઔદ્યોગિક એકમ, નગર, રાષ્ટ્ર, જિલ્લો, એક સામ્રાજ્ય અથવા કોઈક ઐતિહાસિક ક્રમ હોઈ શકે છે. તે તેનાથી સંબંધિત તમામ પાસોને આવરી તેનું પૃથક્કરણ કરી તેને સુવ્યવસ્થિત કરી તેનું સવિસ્તાર વર્ણન કરે છે.*

❖ **વ્યક્તિ અભ્યાસના પદ્ધતિના સોપાનો :**

1. *સમસ્યાની પસંદગી : હેતુઓ અને સમસ્યાકથનનું અને હેતુઓ તથા અભ્યાસ પ્રશ્નોનું નિર્ધારણ*
2. *એકમ (Case)ની પસંદગી : સમસ્યા સ્તર કે સ્થિતિને વ્યાખ્યાયિત કરી યોગ્ય પદ્ધતિથી એકમની પસંદગી*
3. *માહિતી એકત્રીકરણ*
4. *કારણભૂત જવાબદાર પરિબળોનું નિદાન*
5. *ઉપચારાત્મક કાર્યક્રમ અને અનુકાર્ય*
6. *અહેવાલ લેખન*

સૌપ્રથમ સંશોધનક્ષેત્રની પસંદગી કરી તે સમસ્યાઓની ઓળખ કરવામાં આવે છે. અને તે પરથી સંશોધન શીર્ષક નક્કી કરવામાં આવે છે. સમસ્યાની વ્યાખ્યા કર્યા પછી તે સમસ્યા સંબંધિત કોઈક એવો એમ પસંદ કરે છે. જે ઘટનાનું પૂરેપુરું પ્રતિનિધિત્ત્વ ધરાવતો હોય.અભ્યાસ સંબંધિત માહિતી એકત્રિત કરવા તે સંશોધન પત્રો, દસ્તાવેજો, અવલોકનો, આત્મકથા, રોજનીશી વગેરે જેવા ઉપકરણોનો ઉપયોગ કરે છે. મેળવેલ માહિતી પરથી સમસ્યા સંબંધિત જવાબદાર કારણોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરી કારણભૂત પરિબળોનું નિદાન કરે છે.

નિદાન પછી દેખીતી રીતે ઉપચારાત્મક કાર્યક્રમ ઘડવામાં આવે છે. અને તેનો એકમ પર નિર્ધારિત સમય સુધી અમલ કરવામાં આવે છે. ઉપચારાત્મક કાર્યક્રમ પછી અનુકાર્ય દરમિયાન ઉપચારની સફળતાનું મૂલ્યાંકન કરવામાં આવે છે. જો યોગ્ય સુધારનો અભાવ વર્તાય તો ઉપચારાત્મક કાર્યક્રમમાં ફેરફાર કરી ફરીથી તેનો અમલ કરી મૂલ્યાંકન કરવામાં આવે છે.

અંતે સમગ્ર કાર્યક્રમ અને પ્રક્રિયાનો અહેવાલ સ્વરૂપે રજૂઆત કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે. કે વ્યક્તિ અભ્યાસ કોઈ એક વ્યક્તિ, સંસ્થા, સમાજ, સાંસ્કૃતિક જૂથ વગેરેને એક એકમ સ્વરૂપે અભ્યાસ કરવામાં આવે છે. આ સાથે અભ્યાસના ઉદ્દેશ, સ્થિતિ, સમસ્યા અને સ્તર પણ અલગ અલગ હોઈ શકે છે. તેથી વ્યક્તિ અભ્યાસના સોપાનો તદ્દનુસાર બદલાઈ પણ શકે છે.

### ❖ વ્યક્તિ અભ્યાસ પદ્ધતિમાં ધ્યાનમાં રાખવાની બાબતો :

- આ પદ્ધતિનો ઉપયોગ કરતા પહેલાં સમસ્યાના દરેક પાસાઓને સ્પષ્ટતાથી વ્યાખ્યાયિત કરવી જોઈએ અને પછી સામાન્ય, અસામાન્ય અથવા વિશિષ્ટ કોઈપણ એકમની પસંદગી કરવી.
- ઓછામાં ઓછા એકમો પસંદ કરી એકમોની સંખ્યા નક્કી કરવી જોઈએ.
- પૃથક્કરણનું ક્ષેત્ર નક્કી કરવું જોઈએ. સમસ્યાના વિવિધ પાસાઓ તથા વર્તમાનમાં કઈ સમસ્યાઓનું નિદાન આવશ્યક છે. તે વિચારી લેવું જોઈએ.
- સમસ્યાના પ્રેરક ઘટકોનો અભ્યાસ આવશ્યક હોવાથી વર્તમાન પરિસ્થિતિ માટે ઉત્તરદાયી ઘટકોનો અભ્યાસ કરવો જોઈએ.
- એકત્રિત તથ્યો અને સૂચનોનું પૃથક્કરણ કરી નિષ્કર્ષ કાઢવો.

### ❖ વ્યક્તિ અભ્યાસ પદ્ધતિનું મહત્વ :

- આ અભ્યાસ દ્વારા મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી ઉત્કલ્પનાઓને નિર્ધારણ કરી શકાય છે.
- આ પદ્ધતિ દ્વારા એકમના સમગ્ર પાસાઓનું ગહન અધ્યયન શક્ય છે. તથા આંતરસૂઝ વિકસે છે.
- આ પદ્ધતિ દ્વારા અનુસૂચિ, પ્રશ્નાવલિ વગેરે તૈયાર કરી શકાય છે.
- આ પદ્ધતિ વિવિધ એકમોને, વિવિધ સમૂહો (જૂથો)માં વિભાજિત કરવામાં મદદરૂપ થાય છે. તથા બાહ્ય તેમજ આંતરિક એમ બંને પાસાઓનું અવલોકન કરી શકાય છે.
- સંશોધક એકમના સંદર્ભમાં વ્યક્તિગત અનુભવ પ્રાપ્ત કરે છે.
- કારકીર્દી માર્ગદર્શન માટે અત્યંત ઉપયોગી છે.
- નિદાનાત્મક તેમજ ઉપચારાત્મક મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં અત્યંત ઉપયોગી છે. તે પાત્રને તેના સમગ્ર વાતાવરણમાં સમજવાનો પ્રયત્ન કરે છે.

❖ **વ્યક્તિ અભ્યાસ પદ્ધતિની મર્યાદાઓ :**

- *આ પદ્ધતિ દ્વારા મેળવેલ તારણો અમુક જ એકમ પર આધારિત હોય છે.*
- *તેમાં પૂર્વગ્રહોની શક્યતા વધી જાય છે.*
- *અનુકૂળ હોય તેવા એકમોથી અભ્યાસ હાથ ધરાય છે. તેથી તેની સ્વીકૃતિ ઘટે છે.*
- *તેમાં પસંદ થતા એકમો વિશિષ્ટ હોય તો પ્રતિનિધિત્ત્વ ધરાવતા એકમો પસંદ થતા નથી.*
- *અન્ય પદ્ધતિ કરતાં, આ પદ્ધતિ સમય અને ખર્ચની દષ્ટીએ મોંઘી છે.*
- *તેમાં ઊંડાણ છે., પણ વ્યાપકતા નથી.*
- *અભ્યાસ હેઠળના પરિબળો કયા પુસ્તક સંબંધિત છે. તે નક્કી કરવું મુશ્કેલ બને છે.*
- *એકમની પરિસ્થિતિઓ તુલનાક્ષમ હોતી નથી.*
- *આ પદ્ધતિમાં સંશોધનના પક્ષે હેતુલક્ષીતા લાવવી મુશ્કેલ છે. કોઈને કોઇ સ્વરૂપે આત્મલક્ષીતા આવી જવાની સંભવના રહે છે.*

## 13.3 તમારી પ્રગતિ ચકાસો

**1**. *સંશોધનના મુખ્ય પ્રકાર કેટલા છે. ?*

A) 2
B) 3
C) 4
D) 5

**2**. *વૈયક્તિક અભ્યાસ સંશોધનનો મુખ્ય હેતુ શું છે. ?*

A. *નવા સિદ્ધાંતોની શોધ*
B. *વ્યક્તિગત સમસ્યાઓનું નિદાન*
C. *વ્યાવસાયિક વિકાસ*
D. *સામૂહિક સમસ્યાઓનું નિરાકરણ*

**3**. *સંશોધનમાં ડેટા એકત્રિત કરવા કઈ પદ્ધતિ વધુ ઉપયોગી છે. ?*

A) *પ્રશ્નાવલિ*
B) *મુલાકાત*
C) *દસ્તાવેજોનું વિશ્લેષણ*
D) *સર્વે*

**4**. *સંશોધન પ્રક્રિયાનો પ્રથમ પગલું કયું છે. ?*

A) *માહિતી એકત્ર કરવી*
B) *સંશોધન પ્રશ્ન બનાવવો*
C) *ડેટાનું વિશ્લેષણ કરવું*
D) *અહેવાલ તૈયાર કરવો*

**5**. *સંશોધન પદ્ધતિઓમાંના કયા પ્રકારનું અભ્યાસ "કેસ સ્ટડી" તરીકે ઓળખાય છે. ?*

A) *વિશ્લેષણ આધારિત અભ્યાસ*
B) *કાર્ય આધારિત અભ્યાસ*

C) વલણ આધારિત અભ્યાસ

D) વ્યક્તિગત કિસ્સાનો અભ્યાસ

**6**. સંશોધન પ્રણાલીની પસંદગીમાં કયા તત્વને મહત્વ આપવામાં આવે છે. ?

A) સંશોધનના હેતુ

B) નિષ્ણાતોનું મંતવ્ય

C) પાત્રતાનો દર

D) સમયમાં કાપ

## 13.4 સારાંશ

વૈયક્તિક અભ્યાસ સંશોધન માટે અત્યંત ઉપયોગી પદ્ધતિ છે., જો કે તે ચોક્કસ વિષય અને પરિસ્થિતિઓ માટે વધુ યોગ્ય છે. વ્યક્તિ અભ્યાસ સંશોધન પદ્ધતિ સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને સમાજકાર્ય ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ સાધન છે. આ પદ્ધતિ વ્યક્તિઓના જીવન, અનુભવ અને સામાજિક પરિસ્થિતિઓને ઊંડાણપૂર્વક સમજવા અને વિશ્લેષણ કરવા માટે ઉપયોગમાં લેવાય છે. વ્યક્તિ અભ્યાસ પદ્ધતિથી વ્યક્તિઓના વર્તન, મૂલ્યો અને માનસિકતા પર પ્રકાશ પાડવામાં મદદ મળે છે., જે સમૂહના સમુદાય અને સમાજ માટે મહત્વપૂર્ણ માહિતી પ્રદાન કરે છે.

સમાજકાર્યના ક્ષેત્રમાં આ પદ્ધતિ દ્વારા સેવાકાર્યકર્તાઓ લોકોને વધુ સારી રીતે સમજવા અને તેમની જરૂરિયાતો, સમસ્યાઓ તથા મનોવ્યથા સાથે જોડાયેલા મુદ્દાઓની મૂલ્યાંકન કરવામાં મદદરૂપ થાય છે. આ અભિગમ થકી, સામાજિક સંસ્થાઓ અને સેવાકાર્યકર્તાઓ પરિવર્તન લાવવા અને લોકોના જીવનમાં સકારાત્મક સુધારો લાવવા માટે અસરકારક રીતે કામ કરી શકે છે.

આ પદ્ધતિથી મળતી વિગતોનીતિ નિર્માણ, સમુદાય વિકાસ અને વ્યક્તિગત સેવા પ્રદાનમાં ઉપયોગી થાય છે. તેથી, વ્યક્તિ અભ્યાસ સંશોધન પદ્ધતિ સમાજકાર્યમાં પરિવર્તન લાવવા અને માનવ કલ્યાણ માટે ઉપયોગી સાધન રૂપ છે., જે સમાજ માટે ગૌરવમય યોગદાન આપે છે.

## 13.5 ચાવીરૂપ શબ્દો

**1.વ્યક્તિ** : વર્તનના તત્ત્વોનો સમાવેશ થાય છે. કોઈ પણ એકલ વ્યક્તિ કે વ્યક્તિગત સત્ત્વ. આમાં વ્યક્તિના વ્યક્તિત્વ, સ્વભાવ, આચાર,

**2.અભ્યાસ** : જાણકારી પ્રાપ્ત કરવા માટેનું આયોજન, જેમ કે વિધેય, વિષય, અથવા સ્પષ્ટ ક્ષેત્રનો અભ્યાસ. નવા જ્ઞાન કે કૌશલ્ય મેળવવા માટેનું પ્રયત્ન, જેનાથી વ્યક્તિને ભવિષ્યમાં વધુ સમર્થતા પ્રાપ્ત થાય.

**3.પદ્ધતિ** : કોઈ કાર્ય પૂર્ણ કરવા માટે અનુસરવાની પ્રણાલી, પ્રક્રિયા અથવા વિચારસરણી. પદ્ધતિઓ કોઈ ચોક્કસ ઉદ્દેશ હાંસલ કરવા માટે ક્રમબદ્ધ રીતે અનુસરાયેલી કાર્યવાહી છે.

**4.સંશોધન** : કોઈ નવી માહિતી શોધવા, પ્રશ્નોના જવાબ મેળવવા, અથવા જાણીતી માહિતીને વધુ ઊંડાણમાં સમજવા માટેનું પદ્ધતિસર કાર્ય. સંશોધન દ્વારા વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, અને માનવજાતની વિવિધ બાબતોમાં નવી સમજણ

અને જ્ઞાન મેળવવામાં આવે છે.

**5.સમાજકાર્ય** : *સમાજમાં અથવા સમુદાયમાં અસામાન્ય સ્થિતિમાં મદદ અને સેવા આપવા માટેનું કાર્ય. આ ક્ષેત્રમાં, માનવ કલ્યાણ, સહાય અને પરિવર્તન લાવવા માટે વિવિધ પદ્ધતિઓ અને અભિગમોનો ઉપયોગ થાય છે.*

**6.સંશોધન પદ્ધતિ** : *માહિતી અને ડેટા મેળવવા, વિશ્લેષણ કરવા અને સાંસ્કૃતિક અથવા વૈજ્ઞાનિક પ્રશ્નોના જવાબ મેળવવા માટેની પદ્ધતિશ્રેણી. આ પદ્ધતિઓમાં ગુણાત્મક અને પરિમાણાત્મક, બંને પ્રકારની પદ્ધતિઓનો સમાવેશ થાય છે., જેમ કે સર્વે, અભિપ્રાય, અને પ્રયોગ.*

**7.સમાજકાર્ય સંશોધન** : *સમાજકાર્ય સંશોધનએ સામાજિક કાર્ય ક્ષેત્રમાં સંશોધનની વિશિષ્ટ શાખા છે., જેમાં સામાજિક સમસ્યાઓના ઉકેલ માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. સંશોધકનીતિઓ, પ્રોગ્રામ્સ, અને પ્રથા* (Practices)*નું મૂલ્યાંકન કરે છે., જેથી વ્યક્તિગત, જૂથ, અને સમુદાય સ્તરે અસરકારક પ્રતિસાદો વિકસાવવામાં આવે.*

**8.સામાજિક સમસ્યાઓ** : *એ એવી પરિસ્થિતિઓ, ઘટનાઓ, અથવા પરિસ્થિતિઓ છે., જે સામાજિક રીતે અનુકૂળ અથવા સ્વીકાર્ય ન હોય અને જે લોકો માટે અસ્વીકાર્ય, નુકસાનકારક અથવા ખતરો ધરાવતી હોય છે. આ સમસ્યાઓ સમાજના વ્યૂહાત્મક ભાગોમાં અસંતુલન અથવા અન્યાય પેદા કરે છે. સામાન્ય રીતે, સમાજમાં આવતા કટોકટી અથવા અન્યાય, અશાંતિ અને અસંતોષને સામાજિક સમસ્યાઓ તરીકે માનવામાં આવે છે.*

## 13.6 તમારી પ્રગતિ તપાસોના જવાબ

**1**. B) 3

**2**. B) *વ્યક્તિગત સમસ્યાઓનું નિદાન*

**3**. B) *મુલાકાત*

**4**. B) *સંશોધન પ્રશ્ન બનાવવો*

**5**. D) *વ્યક્તિગત કિસ્સાનો અભ્યાસ*

**6**. A) *સંશોધનના હેતુ*

## 13.7 સ્વાધ્યાય

1. *વૈયક્તિક અભ્યાસ અને સમાજકાર્યનો મુખ્ય ઉદ્દેશ શું છે. ?*

   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ...............................................................

2. *વૈયક્તિક અભ્યાસમાં ક્યા પ્રકારના ડેટાનો ઉપયોગ થાય છે. ?*

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.....................................................................

3. *સમાજકાર્ય સ્વાધ્યાયમાં સંશોધનકર્તાની ભૂમિકા શું હોય છે. ?*

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.....................................................................

4. *વૈયક્તિક અભ્યાસ અને સમાજકાર્યમાં  તફાવત શું છે. ?*

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.....................................................................

## 13.8 સંદર્ભસૂચિ


1. सामाजिक अनुसंधान एव सर्वेक्षण, प्रकाश नारायण नाटाली –पॉइंन्टर पबलिशर- **2007**
2. *'સંશોધન પદ્ધતિ શાસ્ત્ર'* - Dr.R.S. Patel - *જય પબ્લિકેશન.* **2015**
3. रिशर्च मेथोड़ोलोजी –डॉ.बी.एम्.जेन –रिसर्च पब्लिकेशन .
4. शोध प्रविधि,डॉ गणेश पायुडे, अरुला प्पुन्दे –राधा पब्लिकेशन –**2007**
5. *'સમાજકાર્યમાં સંશોધન પદ્ધતિઓ' - ડો. ચંદ્રકાંત બારોટ*
6. *'સમાજકાર્યઃ સિદ્ધાંતો અને પદ્ધતિઓ' - ડો. નરેન્દ્ર જોષી*
7. *'સમાજ સંશોધન પદ્ધતિઓ' - પ્રફુલભાઈ શાહ*
8. *'ગામ વિકાસ અને સમાજ કાર્ય' - ડો. હેમંત ઠાકર*
9. *'સામાજિક કામકાજના કિસ્સા અભ્યાસ' - ડો. હિરલ પટેલ*
10. *'સમાજકાર્ય અને સંશોધન' - નીતિન શાહ*

| એકમ - 14 | મૂળભૂત આંકડાકીય ખ્યાલો તથા માહિતીનું વિશ્લેષણ, વર્ગીકરણ અને અર્થઘટન |
|---|---|

-: રૂપરેખા :-

**14.0** ઉદ્દેશો

**14.1** પ્રસ્તાવના

**14.2** આંકડાશાસ્ત્રની વ્યાખ્યા

**14.3** મૂળભૂત આંકડાકીય ખ્યાલો

**14.4** માહિતીનું વિશ્લેષણ

**14.5** માહિતીનું વર્ગીકરણ

**14.6** માહિતીનું અર્થઘટન

**14.7** સારાંશ

**14.8.** તમારી પ્રગતિ ચકાસો

**14.9** ચાવીરૂપ શબ્દો

**14.10** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**14.11** સંદર્ભસૂચિ

## 14.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો, આ એકમને સમજ્યા બાદ તમે,*

- *આંકડાશાસ્ત્રની વ્યાખ્યા અને મૂળભૂત આંકડાકીય ખ્યાલો વિશે માહિતી મેળવી શકશો.*
- *માહિતી વિશ્લેષણની સમજૂતી મેળવશો.*
- *માહિતીનું વર્ગીકરણ જાણી શકશો.*
- *માહિતી અર્થઘટન વિશે ચર્ચા કરી શકશો.*

## 14.1 પ્રસ્તાવના

*આપણે જીવનના દરેક ક્ષેત્રમાં અંકડાઓથી ઘેરાયેલા છીએ. હવામાનના અહેવાલોથી લઈને ક્રિકેટના સ્કોર, રાજકીય સર્વેક્ષણોથી લઈને આર્થિક વૃદ્ધિના આંકડા સુધી, આંકડાઓ આપણને આસપાસની દુનિયાને સમજવામાં મદદ કરે છે. આંકડાશાસ્ત્ર એ એક વિજ્ઞાન છે. જેના દ્વારા આપણે સંખ્યાત્મક માહિતીને એકત્રિત કરીએ છીએ, તેનું વિશ્લેષણ કરીએ છીએ અને તેના પરથી નિષ્કર્ષ કાઢીએ છીએ. સમાજ કાર્યના ક્ષેત્રમાં, આંકડાશાસ્ત્રનો ઉપયોગ સમાજની વિવિધ સમસ્યાઓનું મૂલ્યાંકન કરવા, સંશોધન કરવા અને સમાજ કલ્યાણની યોજનાઓ બનાવવા માટે કરવામાં આવે છે.*

*આ એકમમાં, આપણે મૂળભૂત આંકડાકીય ખ્યાલોથી પરિચિત થઈશું. આપણે જોઈશું કે કેવી રીતે આંકડાકીય માહિતીને એકત્રિત કરવામાં આવે છે., તેનું વર્ગીકરણ કેવી રીતે કરવામાં આવે છે. અને તેનું વિશ્લેષણ કેવી રીતે કરવામાં આવે છે. આ આંકડાકીય જ્ઞાન સમાજ કાર્યના*

*વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો માટે ખૂબ જ ઉપયોગી છે. આ જ્ઞાનની મદદથી, તમે સમાજની વિવિધ સમસ્યાઓનું વધુ સારી રીતે મૂલ્યાંકન કરી શકશો અને તેના ઉકેલ માટે વધુ અસરકારક યોજનાઓ બનાવી શકશો.*

## 14.2 આંકડાશાસ્ત્રની વ્યાખ્યાઃ

*આંકડાશાસ્ત્ર એ એક વિજ્ઞાન છે. જે ડેટા એકત્ર કરવા, વર્ગીકરણ કરવા, વિશ્લેષણ કરવા અને તેના પરથી નિષ્કર્ષો કાઢવાની પદ્ધતિઓનો અભ્યાસ કરે છે. આ નિષ્કર્ષોનો ઉપયોગ વિવિધ ક્ષેત્રોમાં, જેમ કે સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ચિકિત્સા અને વ્યવસાયમાં નિર્ણય લેવા માટે થાય છે.*

*સ્ટેટિસ્ટિક શબ્દ* 1589 *માં ઇટાલિયન વિદ્વાન ગિરોલામો ઘિલીની* (Girolamo Ghilini) *દ્વારા રાજ્ય વિશેના તથ્યો અને માહિતીના સંગ્રહના સંદર્ભમાં રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ આ વિજ્ઞાનના આધુનિક ઉપયોગમાં, સંખ્યાત્મક માહિતીના સંગ્રહ તરીકે આ શબ્દનો ઉપયોગ* 1749*માં જર્મન ગોટફ્રાઈડ આઈચેનવોલે* (Gottfried Achenwall) *શરૂ કર્યો હતો. યુરોપમાં આંકડાઓ ધરાવતું સૌથી પહેલું લેખન* 1663*નું છે., જેમાં જ્હોન ગ્રાન્ટ* (John GrAu. nt) *દ્વારા બિલ્સ ઓફ મોર્ટાલિટી પર કુદરતી અને રાજકીય અવલોકનો પ્રકાશિત કરવામાં આવ્યા હતા.*

*આંકડાઓને ગણિતની શાખા અથવા પેટા-ક્ષેત્ર તરીકે વર્ણવી શકાય છે. જે મુખ્યત્વે સંસ્થા સાથે તેમજ સંખ્યાઓના જૂથનું વિશ્લેષણ અને અર્થઘટન કરે છે.* (Aron, Aron and Coups, **2009**). *સરળ શબ્દોમાં, આંકડાઓને "માહિતીનું વર્ગીકરણ, આયોજન અને વિશ્લેષણ કરવાનું વિજ્ઞાન" તરીકે વર્ણવી શકાય છે. (કિંગ એન્ડ મિનિયમ,* 2008 *પૃષ્ઠ* 3*).*

*આંકડાઓના સ્વરૂપને સમજવા માટે મોહંતી અને મિશ્રા* (Mohanty and Misra: 2016*) નીચેના મુદ્દાઓને પ્રકાશિત કરે છે. :*

- *આંકડાઓને એક એવું વિજ્ઞાન કહી શકાય જેમાં સામાજિક ઘટનાઓ સાથે સંબંધિત તથ્યોનું અવલોકન, રેકોર્ડ અને ગણતરી કરવામાં આવે છે.*
- *ડેટાનું સંગઠન, તેનું વર્ગીકરણ અને વિશ્લેષણ એ આંકડાઓમાં સામેલ પ્રક્રિયાઓ છે.*
- *આંકડાઓની મદદથી વિવિધ ઘટનાઓ અને ઘટનાઓનું વર્ણન, સમજાવી અને સરખામણી કરી શકાય છે.*
- *આંકડાઓની મદદથી વૈજ્ઞાનિક તપાસનું વ્યવસ્થિત અર્થઘટન અને અનુમાન કરી શકાય છે.*

## 14.3 મૂળભૂત આંકડાકીય ખ્યાલો

*સમાજ કાર્ય સંશોધનમાં આંકડાકીય ખ્યાલો એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ખ્યાલોની મદદથી આપણે સંગ્રહિત માહિતીનું વિશ્લેષણ કરી શકીએ છીએ અને સમાજની વિવિધ સમસ્યાઓને સંબંધિત પેટર્ન અને વલણોને સમજી શકીએ છીએ. આજે આપણે કેટલાક મૂળભૂત આંકડાકીય ખ્યાલો જેવા કે વસ્તી, નિદર્શ, પરિમાણ, આંકડાકીય અને પરિવર્ત્યી વિશે વિસ્તૃત ચર્ચા કરીશું.*

1. **વસ્તી (Population) :** *વસ્તીને સરળ શબ્દોમાં કહીએ તો, તે એક ચોક્કસ સમયે, ચોક્કસ સ્થળે અથવા ચોક્કસ પરિસ્થિતિમાં રહેતા વ્યક્તિઓનો સમૂહ છે. જેના વિશે આપણે માહિતી એકત્રિત કરવા માંગીએ છીએ. ઉદાહરણ તરીકે, જો આપણે ગુજરાત રાજ્યના તમામ કિશોરોની માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ વિશે સંશોધન કરી રહ્યા હોઈએ, તો ગુજરાત રાજ્યના તમામ કિશોરો આપણી વસ્તી બનશે.*

2. **નિદર્શ (Sample) :** *નિદર્શ એટલે કે કુલ વસ્તીના એક નાના ભાગને પસંદ કરવાની પ્રક્રિયા. સમાજ કાર્યના સંશોધનમાં, કુલ વસ્તીને સંપૂર્ણપણે અભ્યાસ કરવી હંમેશા શક્ય ન હોતી. આથી, આપણે કુલ વસ્તીનું પ્રતિનિધિત્વ કરતા એક નાના ભાગને પસંદ કરીએ છીએ અને તેના પર અભ્યાસ કરીએ છીએ. આ પસંદ કરેલ નાના ભાગને જ નિદર્શ કહેવાય છે. ઉદાહરણ તરીકે, જો આપણે એ જાણવા માંગીએ છીએ કે કોઈ શહેરના તમામ કિશોરોની કઈ સમસ્યાઓ છે., તો આપણે શહેરના તમામ કિશોરોને સર્વે કરવાને બદલે, તેમાંથી એક નાનો ભાગ એટલે કે નિદર્શને પસંદ કરીને તેમને સર્વે કરીશું.*

3. **પરિમાણ (Parameter) :** *પરિમાણ એટલે કે કુલ વસ્તીનું કોઈ ગુણધર્મ. ઉદાહરણ તરીકે, કુલ વસ્તીની સરેરાશ ઉંમર, કુલ વસ્તીમાં પુરુષોનું પ્રમાણ વગેરે. ઉદાહરણ તરીકે, જો કોઈ સંશોધક આપેલ વર્ષમાં ભારતમાં નવા જન્મેલા શિશુઓનું સરેરાશ વજન જાણવા માંગે છે., તો તેને એક પરિમાણ તરીકે ઓળખી શકાય છે. કારણ કે તે આપેલ વર્ષમાં ભારતમાં જન્મેલા તમામ નવજાત શિશુઓના વજનનું વર્ણન કરે છે.*

4. **આંકડાકીય (Statistic) :** *આંકડાકીય એટલે કે નિદર્શનું કોઈ ગુણધર્મ. ઉદાહરણ તરીકે, નિદર્શની સરેરાશ ઉંમર, નિદર્શમાં પુરુષોનું પ્રમાણ વગેરે. આંકડાકીયનો ઉપયોગ કરીને આપણે પરિમાણ વિશે અનુમાન લગાવી શકીએ છીએ. આંકડાકીયને સામાન્ય રીતે રોમન અક્ષરોથી દર્શાવવામાં આવે છે.*

5. **પરિવર્ત્યો : (Variable) :** *પરિવર્ત્ય એટલે કે જેની કિંમત બદલાતી રહે છે. તેવી કોઈ વસ્તુ અથવા ગુણધર્મ. ઉદાહરણ તરીકે, વ્યક્તિની ઉંમર, લિંગ, શિક્ષણ વગેરે. પરિવર્ત્યો બે પ્રકારના હોય છે. :*

   **(I) માત્રાત્મક પરિવર્ત્યોઃ જે** *પરિવર્ત્યોની કિંમતો સંખ્યાઓમાં દર્શાવી શકાય છે., તેને માત્રાત્મક પરિવર્ત્યો કહેવાય છે. ઉદાહરણ તરીકે, વ્યક્તિની ઉંમર, વજન વગેરે.*

   **(II) ગુણાત્મક પરિવર્ત્યો :** *જે પરિવર્ત્યોની કિંમતો શબ્દોમાં દર્શાવવામાં આવે છે., તેને ગુણાત્મક પરિવર્ત્યો કહેવાય છે. ઉદાહરણ તરીકે, લિંગ, જાતિ, વગેરે.*

*આ મૂળભૂત આંકડાકીય ખ્યાલોને સમજવાથી સમાજ કાર્યના સંશોધનમાં આપણને ઘણી મદદ મળે છે. આ ખ્યાલોનો ઉપયોગ કરીને આપણે સંશોધનના ડેટાનું વિશ્લેષણ કરી શકીએ છીએ અને સમાજની વિવિધ સમસ્યાઓને સંબંધિત પેટર્ન અને વલણોને સમજી શકીએ છીએ.*

## 14.4 માહિતીનું વિશ્લેષણ

*સમાજ કાર્યમાં, માહિતી એક મૂલ્યવાન સંપત્તિ છે. આપણે સમાજની વિવિધ સમસ્યાઓને સમજવા, તેનું નિરાકરણ લાવવા અને કાર્યક્રમોની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા માટે વિવિધ સ્રોતોમાંથી માહિતી એકત્રિત કરીએ છીએ. પરંતુ આ માહિતીનો અર્થ ફક્ત એકત્રિત કરવાથી થતો નથી. આ માહિતીને સમજવા અને તેના આધારે નિષ્કર્ષ કાઢવા માટે આપણે માહિતીનું વિશ્લેષણ કરવું પડે છે. માહિતીનું વિશ્લેષણ એ એક પ્રક્રિયા છે. જેમાં આપણે એકત્રિત કરેલી માહિતીનું વર્ણન કરીએ છીએ, તેની તુલના કરીએ છીએ અને તેના આધારે નિષ્કર્ષ કાઢીએ છીએ. આ વિશ્લેષણ આપણને સમાજની વિવિધ સમસ્યાઓને સંબંધિત પેટર્ન અને વલણોને સમજવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, કોઈ સમાજ કાર્યકર એ જાણવા માગે છે. કે કોઈ ચોક્કસ વિસ્તારમાં ગરીબીનું પ્રમાણ કેટલું છે. આ માટે તેઓ આ વિસ્તારના લોકો પાસેથી આવક સંબંધિત ડેટા એકત્રિત કરશે અને પછી આ ડેટાનું વિશ્લેષણ કરીને ગરીબીનું પ્રમાણ નક્કી કરશે.*

*સામાજિક કાર્યના સંદર્ભમાં, માહિતીનું વિશ્લેષણ ઘણા મોખરા પ્રયાસો માટે માર્ગદર્શક બની શકે છે., જેમ કે સમુદાયના વલણો અને જરૂરિયાતોની ઓળખાણ કરવી,નીતિનિયમોની અસર માપવી, અને નવા કાર્યક્રમોની સુજાવાત્મક રચના કરવી. માહિતીના સુનિશ્ચિત અને વ્યવસ્થિત સંચાલનથી, સામાજિક કાર્યકરોને યુદ્ધ સ્તરે અસરકારક નિર્ણયો લેવામાં મદદ મળે છે. આ પ્રક્રિયા માત્ર ડેટાને વાંચવા અથવા તેનો સાદો અભ્યાસ કરવાનું કામ નથી; તે ડેટાના અર્થઘટન અને ઉપયોગ માટે વિશેષ વિવેચનક્ષમતા લાવે છે. માહિતીના વિશ્લેષણમાં નમૂનાની પસંદગી, માહિતીના શ્રેણીકરણ, અને તેના આધારે પરિણામોની વ્યાખ્યા કરવાની પ્રક્રિયાઓ સામેલ છે. આ વિઘ્નને પરમાણુ સ્તરે અનુસરવું એ માત્ર સંશોધનકાર માટે જ નહીં પરંતુ સંબંધિત સમુદાય માટે પણ મહત્વપૂર્ણ છે., કારણ કે તે વિજ્ઞાન આધારિત અહેવાલો અને પગલાંઓ સુધી પહોંચવામાં મદદરૂપ થાય છે.*

❖ **માહિતીના વિશ્લેષણની પ્રક્રિયામાં સામાન્ય રીતેનીચેના પગલાંઓ શામેલ હોય છે. :**

1. **ડેટાનું વર્ણન :** *આ પગલામાં આપણે એકત્રિત કરેલા ડેટાનું સારાંશ રજૂ કરીએ છીએ. આમાં ડેટાની કેન્દ્રીય વલણ (મધ્યસ્થ, મધ્યક, બહુલક) અને વિખેરણ (વિચલન, વિચરણ, પ્રમાણિત વિચલન)નું વર્ણન કરવું શામેલ છે.*

2. **ડેટાની તુલના :** *આ પગલામાં આપણે વિવિધ જૂથો અથવા ચલોના ડેટાની તુલના કરીએ છીએ. ઉદાહરણ તરીકે, આપણે પુરુષો અને સ્ત્રીઓના ડેટાની તુલના કરી શકીએ છીએ અથવા વિવિધ વય જૂથોના ડેટાની તુલના કરી શકીએ છીએ.*

3. **પૂર્વધારણાઓનું પનિરીક્ષણ :** *આ પગલામાં આપણે સંશોધન પહેલાં બનાવેલી પૂર્વધારણાઓનું પનિરીક્ષણ કરીએ છીએ. આ માટે આપણે આંકડાકીય પનિરીક્ષણોનો ઉપયોગ કરીએ છીએ.*

4. **નવા સિદ્ધાંતોનું વિકાસ :** *જો આપણા ડેટાથી પૂર્વધારણાઓ નકારવામાં આવે તો આપણે નવા સિદ્ધાંતો વિકસાવી શકીએ છીએ.*

*માહિતીનું વિશ્લેષણ કરવા માટે વિવિધ આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાય છે. આ પદ્ધતિઓનો પસંદગી ડેટાના પ્રકાર અને સંશોધન પ્રશ્નો પર આધારિત હોય છે. ઉદાહરણ તરીકે, જો આપણે બે જૂથોના સરેરાશને તુલના કરવા માગીએ તો આપણે ̇-પનિરીક્ષણનો ઉપયોગ કરી શકીએ છીએ. જો આપણે બે ચલો વચ્ચેનો સંબંધ જાણવા માગીએ તો આપણે સહસંબંધ વિશ્લેષણનો ઉપયોગ કરી શકીએ છીએ. માહિતીનું વિશ્લેષણ એક જટિલ પ્રક્રિયા છે. અને તેમાં આંકડાકીય જ્ઞાનની જરૂર પડે છે. વિશ્લેષણ પ્રક્રિયા દરમિયાન તટસ્થતા, પ્રમાણિકતા, અને પારદર્શિતાના નિયમોનું પાલન કરવું અગત્યનું છે., જેથી માહિતીના મૂલ્યને સંરક્ષિત રાખી શકાય. આ પદ્ધતિ સામાજિક અનેનીતિગત સુધારણા માટેનો આધારબિંદુ બની શકે છે., જે સમાજ માટે લાંબા ગાળાના લાભો પૂરાં પાડે છે. માહિતીનું વિશ્લેષણ એક જટિલ પ્રક્રિયા છે. અને તેમાં આંકડાકીય જ્ઞાનની જરૂર પડે છે.*

## 14.5 માહિતીનું વર્ગીકરણ

*સંશોધન એ એક વ્યાપક પ્રક્રિયા છે. જેમાં વિવિધ સ્ત્રોતોમાંથી મોટી માત્રામાં માહિતી એકઠી કરવામાં આવે છે. આ માહિતીને અર્થપૂર્ણ અને ઉપયોગી બનાવવા માટે, તેનું વર્ગીકરણ કરવું અત્યંત જરૂરી છે. સંશોધનમાં માહિતીનું વર્ગીકરણ એ એક વ્યવસ્થિત પ્રક્રિયા છે. જેના દ્વારા માહિતીને વિવિધ કેટેગરીમાં વહેંચવામાં આવે છે. જેથી કરીને તેનો સરળતાથી અભ્યાસ અને વિશ્લેષણ કરી શકાય. માહિતીનું વર્ગીકરણ સંશોધનના વિષય અને ઉદ્દેશો પર આધારિત હોય છે. ઉદાહરણ તરીકે, એક સામાજિક સંશોધન પ્રોજેક્ટમાં, માહિતીને લિંગ, વય, જાતિ, શિક્ષણ, આવક વગેરે જેવા વિવિધ ચલોના આધારે વર્ગીકરણ કરી શકાય છે. આ વર્ગીકરણ દ્વારા, સંશોધક વિવિધ સમૂહો વચ્ચેના તફાવતો અને સમાનતાઓનું વિશ્લેષણ કરી શકે છે.*

*માહિતીનું વર્ગીકરણ એટલે વિવિધ માહિતીને તેમની સમાનતા અને તફાવતોના આધારે જૂથોમાં વહેંચવાની પ્રક્રિયા. આ વર્ગીકરણ વિવિધ માપદંડો પર આધારિત હોઈ શકે છે., જેમ કે વિષય, સમય, સ્થળ, લેખક વગેરે. ઉદાહરણ તરીકે, એક સામાજિક કાર્યકર જે ગરીબી પર સંશોધન કરી રહ્યો છે., તેણે એકત્રિત કરેલી માહિતીને આવકના સ્તર, શિક્ષણ, વય વગેરે જેવા પરિબળોના આધારે વર્ગીકૃત કરી શકે છે. આમ, માહિતી વર્ગીકરણનો અર્થ છે. માહિતીને એના લક્ષણો, સ્વરૂપ અને ઉપયોગના આધારે વિવિધ શ્રેણીઓમાં વહેંચવાનું કાર્ય. આ પ્રક્રિયા દ્વારા માહિતીનું સંયોજન સરળ બને છે. અને તે સચોટ સંશોધન પરિણામો માટે ઉપયોગી બને છે. માહિતી વર્ગીકરણમાં પ્રથમ પગલું સંબંધિત ડેટાને એકત્રિત કરવાનું હોય છે., જ્યાં સ્રોતોની વિશિષ્ટતા અને પ્રામાણિકતાને ધ્યાનમાં રાખવામાં આવે છે. માહિતીને વર્ગીકૃત કરતી વખતે તે પ્રકાર, પદ્ધતિ અને આકારના આધારે શ્રેણીમાં વહેંચાય છે., જેમ કે લક્ષણ આધારિત, ભૂમિકા આધારિત, અથવા સમયગાળા આધારિત શ્રેણીકરણ.*

❖ **માહિતીનું વર્ગીકરણ કરવાની ઘણી રીતો છે. તેમાંથી કેટલીક મુખ્ય રીતો છે. :**

**(I) વર્ણનાત્મક વર્ગીકરણ :** *આમાં માહિતીને તેની વિશિષ્ટ લાક્ષણિકતાઓના આધારે વર્ગોમાં વહેંચવામાં આવે છે. ઉદાહરણ તરીકે, લોકોને તેમના લિંગ, ઉંમર, શિક્ષણ, વગેરેના આધારે વર્ગોમાં વહેંચી શકાય છે.*

**(II) સંખ્યાત્મક વર્ગીકરણ :** *આમાં માહિતીને તેના માત્રાત્મક મૂલ્યોના આધારે વર્ગોમાં વહેંચવામાં આવે છે. ઉદાહરણ તરીકે, લોકોને તેમની આવકના આધારે ઉચ્ચ, મધ્યમ અનેનીચી આવકવાળા વર્ગોમાં વહેંચી શકાય છે.*

**(III) કાલાનુક્રમિક વર્ગીકરણ :** *આમાં માહિતીને તેના થયાના ક્રમ અનુસાર વર્ગોમાં વહેંચવામાં આવે છે. ઉદાહરણ તરીકે, કોઈ ઐતિહાસિક ઘટનાઓને કાલાનુક્રમિક ક્રમમાં ગોઠવી શકાય છે.*

**(IV) ભૌગોલિક વર્ગીકરણ :** *આમાં માહિતીને તેના ભૌગોલિક સ્થાનના આધારે વર્ગોમાં વહેંચવામાં આવે છે. ઉદાહરણ તરીકે, કોઈ દેશના વિવિધ રાજ્યોમાં રહેતા લોકોને તેમના રાજ્યના આધારે વર્ગોમાં વહેંચી શકાય છે.*

*માહિતીનું વર્ગીકરણ કરવા માટે વિવિધ સાધનોનો ઉપયોગ કરી શકાય છે., જેમ કે સ્પ્રેડશીટ્સ, ડેટાબેઝ અને વિશિષ્ટ સોફ્ટવેર. આ સાધનો આપણને માહિતીને વ્યવસ્થિત રાખવા, તેનું વિશ્લેશણ કરવા અને તેમાંથી નવા સંબંધો શોધવામાં મદદ કરે છે.*

❖ *માહિતી વર્ગીકરણમાં મુખ્યત્વે બે પ્રકારની માહિતી હોય છે. : પ્રાથમિક માહિતી* (Primary Data) *અને દ્વિતીય માહિતી* (Secondary Data).

**1**. *પ્રાથમિક માહિતીઃ આ માહિતી સંશોધક દ્વારા સાબિતી માટે તાજી રીતે એકત્રિત કરવામાં આવે છે., જેમ કે સર્વે, પ્રશ્નાવલી, મોક ઈન્ટરવ્યુ અથવા ક્ષેત્ર અભ્યાસ. ઉદાહરણ તરીકે, શહેરના કચરા વ્યવસ્થાપન અંગે લોકોની મતોની જાણ કરવા માટેની સર્વે માહિતી.*

**2**. *દ્વિતીય માહિતીઃ આ માહિતી અગાઉથી પ્રકાશિત કે એકત્રિત થયેલી હોય છે., જેમ કે સરકારી અહેવાલો, પુસ્તકાલયના ગ્રંથો, અને ઈન્ટરનેટ પર ઉપલબ્ધ ડેટા. ઉદાહરણ તરીકે, ભારતમાં આરોગ્ય સેવા સંબંધિત* 2021*ના રાષ્ટ્રીય અહેવાલ.*

*વિશ્વસનીયતા જાળવવા માટે પ્રાથમિક અને ગૌણ સ્રોતો અલગથી વર્ગીકૃત કરવામાં આવે છે. પ્રાથમિક સ્રોતો પ્રમાણભૂત અને પ્રત્યક્ષ માહિતી પૂરી પાડે છે., જ્યારે ગૌણ સ્રોતો અનુસંધાન માટે આધારભૂત હોય છે. વર્ગીકરણની પ્રક્રિયા સંશોધનના વિવિધ તબક્કાઓમાં મદદરૂપ બને છે., જેમ કે પરિણામોનું વિશ્લેષણ, અભિપ્રાયનું નિર્માણ અને તથ્યાધારિત પ્રતિપાદન. આ ઉપરાંત, માહિતીના વર્ગીકરણ દ્વારા સંશોધનમાં બિનજરૂરી અથવા અપુરતી માહિતી દૂર થાય છે., જેથી નમૂનાની ચોકસાઈ અને વિગતશીલતા જળવાઈ રહે. સંશોધનમાં માહિતી વર્ગીકરણ એક શાસ્ત્રીય અને કાર્યક્ષમ પદ્ધતિ છે., જે સંશોધકને ગહન અને સંશ્લેષણાત્મક અભિગમ અપનાવવા માટે આધાર પૂરો પાડે છે.*

*આ ઉપરાંત, માહિતીનું વર્ગીકરણ સંસ્થાકીય, ભૌગોલિક, આર્થિક, અને સામાજિક માળખાના આધારે પણ થઈ શકે છે. ઉદાહરણ તરીકે, વિવિધ એનજીઓ દ્વારા કરાયેલા સેવા પ્રદાનના વર્ગીકરણને આર્થિક તથા સામાજિક માળખા પર આધારિત બનાવી શકાય છે. સંશોધનમાં માહિતી વર્ગીકરણ માત્ર માહિતીના સંચયને ગોઠવવા માટે જ ઉપયોગી નથી, પરંતુ તે માહિતીને ઊંડાણથી વિશ્લેષિત કરવા અને ઉકેલો શોધવામાં પણ સહાયરૂપ બને છે. ઉદાહરણ તરીકે, શહેરી*

*અને ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા પર સંશોધન કરતી વખતે, સંશોધનકાર ફાળો ધરાવતા બધા પરિબળોને અલગ-અલગ વર્ગોમાં વિભાજિત કરી શકાય છે., જેમ કે આરોગ્ય કેન્દ્રોની સંખ્યા, સ્ટાફની ઉપલબ્ધતા, અને દર્દીઓના પ્રતિભાવ. આ વર્ગીકૃત માહિતી સંશોધનના પરિણામો માટે સ્પષ્ટતા લાવે છે. અનેનીતિગત સુધારાઓ માટે માર્ગદર્શક તરીકે કામ કરે છે. વર્ગીકરણ માહિતીને વ્યવસ્થિત બનાવે છે., જેનાથી તેને સમજવામાં સરળતા રહે છે. ઉપરાંત વિવિધ વર્ગોની માહિતીની તુલના કરવામાં સરળતા રહે છે. માહિતીનું વિશ્લેષણ કરવામાં અને માહિતીમાંથી અર્થપૂર્ણ નિષ્કર્ષ કાઢવામાં માહિતીનું વર્ગીકરણ મદદ કરે છે.*

## 14.6 માહિતીનું અર્થઘટન

*સંશોધન એટલે પદ્ધતિશીલ અને વૈજ્ઞાનિક રીતે માહિતી એકત્રિત કરવાનો અને તેને યોગ્ય રીતે વિશ્લેષણ કરીને એમાંથી અર્થઘટન કરવાનો અભિગમ. સંશોધનમાં માહિતીનો યોગ્ય અર્થઘટન એ ખૂબ મહત્વનો ભાગ છે., કેમકે આ તબક્કામાં જ સંશોધક એ માહિતીનો અર્થ કાઢીને તેના પરથી નવી નિશ્ચિતતાઓ, વિચારધારા અને દિશાઓ રજૂ કરે છે. એ સામાન્ય રીતે પ્રશ્નના આધાર પર પરિપ્રેક્ષ્ય તૈયાર કરવામાં મદદ કરે છે. સંશોધનમાં માહિતીનું અર્થઘટન કરવાની પ્રક્રિયા એ માત્ર સંખ્યાઓ અને આંકડા પર આધારિત નથી, પરંતુ તે માનવ સ્વભાવ, સંસ્કૃતિ, સામાજિક મંચ અને અર્થવ્યાખ્યાઓનું પણ માનસિક ચિંતન છે. ઉદાહરણ તરીકે, જો એક સંશોધક ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓની શિક્ષણ સ્તરે અવરોધો પર સંશોધન કરે છે., તો તે માત્ર આંકડાકીય માહિતી પ્રદાન કરતાં વધુ મહત્વપૂર્ણ છે. તે માહિતીનો અર્થઘટન કરવું જોઈએ, જેમ કે મહિલાઓના શૈક્ષણિક અવરોધોના સાંસ્કૃતિક, સામાજિક અને ધાર્મિક દ્રષ્ટિકોણોથી શું અર્થ ઊભો થાય છે.*

*માહિતીનું અર્થઘટન એ એક જટિલ પ્રક્રિયા છે. જેમાં આપણે એકત્રિત કરેલી માહિતીને ગોઠવીએ છીએ, વિશ્લેષણ કરીએ છીએ અને તેના પરિણામોને સમજીએ છીએ. આ પ્રક્રિયામાં આપણે આંકડાકીય પદ્ધતિઓ, ગુણાત્મક વિશ્લેષણ અને સૈદ્ધાંતિક જ્ઞાનનો ઉપયોગ કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, જો આપણે કોઈ વિશિષ્ટ સમુદાયમાં આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા અંગે સંશોધન કરી રહ્યા હોઈએ, તો આપણે એકત્રિત કરેલા ડેટાનું વિશ્લેષણ કરીને જોઈ શકીએ કે આ સમુદાયમાં કઈ પ્રકારની આરોગ્ય સેવાઓની અછત છે. અને શા માટે. આ વિશ્લેષણના આધારે આપણે આ સમુદાયની આરોગ્ય સેવાઓને સુધારવા માટેના સંભવિત ઉકેલો સૂચવી શકીએ છીએ.*

❖ **માહિતીનું અર્થઘટન કરતી વખતે, આપણેનીચેના પરિબળોને ધ્યાનમાં રાખવા જોઈએઃ**

**(I) સંદર્ભઃ** *આપણે એકત્રિત કરેલી માહિતીને તેના સંદર્ભમાં સમજવી જોઈએ. ઉદાહરણ તરીકે, જો આપણે કોઈ વિશિષ્ટ સમયગાળા અથવા સ્થાન માટેનો ડેટા એકત્રિત કર્યો હોય, તો આપણે તે ડેટાનું અર્થઘટન કરતી વખતે તે સમયગાળા અથવા સ્થાનની વિશિષ્ટ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખવી જોઈએ.*

**(II) પૂર્વગ્રહઃ** *આપણે એ વાતની જાગૃત રહેવું જોઈએ કે આપણા પોતાના પૂર્વગ્રહો આપણા અર્થઘટનને પ્રભાવિત કરી શકે છે. આથી, આપણે એકત્રિત કરેલી માહિતીનું વસ્તુનિષ્ઠ વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ.*

**(III) સૈદ્ધાંતિક માળખું:** *આપણે એકત્રિત કરેલી માહિતીને સમજવા માટે સૈદ્ધાંતિક માળખાનો ઉપયોગ કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, જો આપણે કોઈ સામાજિક સમસ્યા અંગે સંશોધન કરી રહ્યા હોઈએ, તો આપણે તે સમસ્યાને સમજવા માટે સંબંધિત સામાજિક સિદ્ધાંતોનો ઉપયોગ કરી શકીએ છીએ.*

*માહિતીનું અર્થઘટન એ એક સર્જનાત્મક પ્રક્રિયા છે. જેમાં આપણે એકત્રિત કરેલી માહિતીને નવા અને અર્થપૂર્ણ રીતે જોડી શકીએ છીએ. આ પ્રક્રિયા દ્વારા આપણે નવા જ્ઞાનનું નિર્માણ કરી શકીએ છીએ અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકીએ છીએ. માની લો કે એક સંશોધક એ જાણવા માંગે છે. કે કોઈ નવી શિક્ષણ પદ્ધતિ વિદ્યાર્થીઓના અભ્યાસ પર કેવો પ્રભાવ પાડે છે. આ માટે તેણે એક જૂથના વિદ્યાર્થીઓને નવી પદ્ધતિથી અને બીજા જૂથના વિદ્યાર્થીઓને જૂની પદ્ધતિથી ભણાવ્યા. પછી તેણે બંને જૂથોના વિદ્યાર્થીઓના પરિણામોની તુલના કરી. આ ડેટાનું વિશ્લેષણ કરીને તેણે નિષ્કર્ષ કાઢ્યો કે નવી શિક્ષણ પદ્ધતિથી વિદ્યાર્થીઓના અભ્યાસમાં સુધારો થયો છે. આ ઉદાહરણમાં, સંશોધકે તુલનાત્મક વિશ્લેષણ કરીને ડેટાનું અર્થઘટન કર્યું. બીજું એક ઉદાહરણ દ્વારા સમજીએ, માની લો કે એક સમાજ કાર્યકર એ જાણવા માંગે છે. કે કોઈ નવી સમાજસેવા કાર્યક્રમ ગરીબ પરિવારો પર કેવો પ્રભાવ પાડે છે. આ માટે તેણે એક જૂથના ગરીબ પરિવારોને નવી સેવા કાર્યક્રમમાં સામેલ કર્યા અને બીજા જૂથના ગરીબ પરિવારોને ન સામેલ કર્યા. પછી તેણે બંને જૂથોના પરિવારોની આર્થિક સ્થિતિ અને જીવનધોરણની તુલના કરી. આ ડેટાનું વિશ્લેષણ કરીને તેણે નિષ્કર્ષ કાઢ્યો કે નવી સમાજસેવા કાર્યક્રમથી ગરીબ પરિવારોની આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે. આ ઉદાહરણમાં, સમાજ કાર્યકરે સરખામણીનું વિશ્લેષણ કરીને ડેટાનું અર્થઘટન કર્યું.*

*સંશોધનમાં માહિતીનું અર્થઘટન એ એક જટિલ પરંતુ મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. આ પ્રક્રિયા દ્વારા આપણે એકત્રિત કરેલી માહિતીને સમજી શકીએ છીએ અને સંશોધન પ્રશ્નના જવાબો મેળવી શકીએ છીએ. સમાજ કાર્ય જેવા ક્ષેત્રમાં, માહિતીનું અર્થઘટન આપણને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં મદદ કરી શકે છે.*

## 14.7 સારાંશ

*આંકડાશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો અને તેમાંથી મેળવાતી માહિતીનું વિશ્લેષણ, વર્ગીકરણ અને અર્થઘટન સમાજકાર્યના ક્ષેત્રમાં અનિવાર્ય મહત્વ ધરાવે છે. આ પ્રક્રિયાઓ કોઈપણ સામાજિક સમસ્યાનું નિરાકરણ શોધવામાં માર્ગદર્શન આપે છે. આંકડાઓના સચોટ વિશ્લેષણથી સામાજિક સમસ્યાઓના મુખ્ય કારણો શોધી શકાય છે. અને તેમના નિકાલ માટે શ્રેષ્ઠનીતિઓ ઘડવામાં મદદ મળે છે. વર્ગીકરણ એક એવી પ્રક્રિયા છે. જે આંકડાઓને યોગ્ય સ્વરૂપમાં ગોઠવીને તેને સરળ અને ગૂણવત્તાયુક્ત બનાવે છે. અર્થઘટન આ વિશ્લેષણોનો અર્થ ઊંડાણપૂર્વક સમજવાની ક્રિયા છે., જેનીતિ-નિર્માણમાં અને જાહેરનીતિ વ્યવસ્થામાં મહત્વની ભૂમિકા ભજવે છે. સામાજિક કાર્ય ક્ષેત્રે આંકડાશાસ્ત્રનો ઉપયોગ માત્ર સંખ્યાઓની ગણતરીમાં મર્યાદિત નથી, પરંતુ તે વિવિધ સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિબળોને હકીકત તરીકે રજૂ કરવામાં મદદરૂપ થાય છે. આંકડાકીય ખ્યાલોના આ આધારે તૈયાર થયેલ માહિતીએ સંશોધન અને વિકાસ માટે નવી દિશા આપે છે. આંકડાકીય માહિતીનું વિશ્લેષણ કરવામાં દક્ષતા પ્રાપ્ત થવાથી પ્રશ્નોની ઊંડાણપૂર્વક સમજ અને*

*ઉપચારાત્મક પગલાં ઉઠાવવામાં સરળતા થાય છે. આમ, આ પ્રક્રિયાઓ આધુનિક સામાજિક અભિગમને વધુ કાર્યક્ષમ, સંવેદનશીલ અને અસરકારક બનાવવા માટે સક્રિય રીતે યોગદાન આપે છે.*

## 14.8 તમારી પ્રગતિ ચકાસો

- *વિસ્તારપૂર્વક ઉત્તર લખો.*

**1.** *મૂળભૂત આંકડાકીય ખ્યાલો વિશે માહિતી આપો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**2.** *માહિતી વિશ્લેષણની સમજૂતી દર્શાવો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**3.** *માહિતીનું વર્ગીકરણ જણાવો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**4.** *માહિતી અર્થઘટન વિશે ચર્ચા કરો.*

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

- **યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તરો આપો.**

**1.** *સ્ટેટિસ્ટિક શબ્દ* ____________*વર્ષમાં ઈટાલિયન વિદ્વાન ગિરોલામો ઘિલીની* (Girolamo Ghilini) *દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો*

*(અ)* 1579 *(બ)* 1589 *(ક)* 1599

**2.** *યુરોપમાં આંકડાઓ ધરાવતું સૌથી પહેલું લેખન* ____________ *વર્ષનું છે.*

*(અ)* 1663 *(બ)* 1673 *(ક)* 1683

**3.** *માહિતીના વિશ્લેષણની પ્રક્રિયામાં સામાન્ય રીતે ___________ શામેલ હોય છે.*

*(અ) ડેટાનું વર્ણન* *(બ) ડેટાની તુલના* *(ક) ઉપર્યુક્ત બંને*

**4.** *માહિતી વર્ગીકરણમાં મુખ્યત્વે ___________ પ્રકારની માહિતી હોય છે.*

*(અ) પ્રાથમિક માહિતી* *(બ) દ્વિતીય માહિતી* *(ક) ઉપર્યુક્ત બંને*

**5.** ___________ *એટલે પદ્ધતિશીલ અને વૈજ્ઞાનિક રીતે માહિતી એકત્રિત કરવાનો અને તેને યોગ્ય રીતે વિશ્લેષણ કરીને એમાંથી અર્થઘટન કરવાનો અભિગમ.*

*(અ) તર્ક* *(બ) સંશોધન* *(ક) ઉપકલ્પના*

## 14.9 ચાવીરૂપ શબ્દો

1. **આંકડા (Data) :** *કોઈપણ વિષય અંગે એકત્રિત કરવામાં આવેલી માહિતીને આંકડા કહેવાય છે. આ માહિતી ગુણાત્મક અથવા પરિમાણાત્મક હોઈ શકે છે.*
2. **આંકડાશાસ્ત્ર (Statistics):** *આંકડાનો સંગ્રહ, વર્ગીકરણ, વિશ્લેષણ અને અર્થઘટન કરવાની પદ્ધતિને આંકડાશાસ્ત્ર કહેવાય છે.*
3. **પરિવર્ત્ય/ચલ (Variable) :** *આંકડામાં કોઈપણ એવી લાક્ષણિકતા કે જેના મૂલ્યમાં ફેરફાર થઈ શકે છે. તેને ચલ કહેવાય છે. ઉદાહરણ તરીકે, વય, લિંગ, આવક વગેરે.*
4. *આવૃત્તિ વિતરણ* (Frequency Distribution) : *ચલના વિવિધ મૂલ્યો અને તે મૂલ્યોની વારંવાર આવવાની સંખ્યાને દર્શાવતો કોષ્ટક અથવા આલેખને આવૃત્તિ વિતરણ કહેવાય છે.*
5. **સહસંબંધ (Correlation) :** *બે ચલો વચ્ચેના સંબંધને સહસંબંધ કહેવાય છે. સહસંબંધ ધન અથવા ઋણ હોઈ શકે છે.*

## 14.10 સંદર્ભસૂચિ


1. Aron and Aron (2009). Statistics for Psychology (5th ed). New Delhi: Pearson Howell, D. (2009).Statistical M[a]hods for Psychology (7th ed.). Wadsworth.

2. Best, J. W and Kahn, J. V. (1999). Research in Education. New Delhi: Prentice Hall of India Pvt. Ltd. for information on research designs.

3. BruneAu., Quentin (2022). States and the Masters of Capital: Sovereign Lending, Old and New. Columbia University Press. ISBN 978-0231555647.

4. E. W., King, B. M., & Bear, G. (2001). Statistical reasoning in psychology and education. Singapore: John-Wiley.

5. Kerlinger, Fred, N. (1995). Foundations of Behavioural Research. Bangalore: Prism Books Pvt. Ltd. for information on research, research designs, types of research and m[a]hods of data collection.

6. King, Bruce. M; Minium, Edward. W. (2008). Statistical Reasoning in the Behavioural Sciences. Delhi: John Wiley and Sons, Ltd.

7. Mangal, S. K. (2002). Statistics in psychology and Education. new Delhi: Phi Learning Private Limited.

8. Mohanty, B and Misra, S. (2016). Statistics for Behavioural and Social Sciences. Delhi: Sage.

9. Ostasiewicz, Walenty (2014). “The emergence of statistical science”. Śląski Przegląd Statystyczny. 12 (18): 76–77. doi:10.15611/sps.2014.12.04.

10. Veeraraghavan, V and Sh[a]govekar, S. (2016). Textbook of Param[a]ric and Nonparam[a]ric Statistics. Delhi: Sage.

11. Willcox, Walter (1938) “The Founder of Statistics”. Review of the International Statistical Institute 5(4): 321–328. JSTOR 1400906

## 14.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**1**. *(બ)* 1589

**2**. *(અ)* 1663

**3**. *(ક) ઉપર્યુક્ત બંને*

**4**. *(ક) ઉપર્યુક્ત બંને*

**5**. *(બ) સંશોધન*

******************